નીરવ® પ્રકાશન
એજ્યુકેશનલ પબ્લિશર્સ
29, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ-1
ફોન નં. (ઓ) : 079-25352172, 25353572
E-mail : info@niravprakashan.com

EDCP-1204
અભ્યાસક્રમમાં ભાષા
Language Across the Curriculum
સેમેસ્ટર-I

નીરવ®

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના જૂન-2016 ના નવા સુધારેલા અભ્યાસક્રમ અનુસાર બી.એડ્.ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

સેમેસ્ટર-I

EDCP-1204

અભ્યાસક્રમમાં ભાષા

Language Across the Curriculum

બી.એડ્.

રીપ્રિન્ટ આવૃત્તિ
2021

લેખક
ડૉ. સ્મિતા દિવ્યેશ ત્રિવેદી

નીરવ® પ્રકાશન

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના
જૂન-2016ના નવા સુધારેલા અભ્યાસક્રમ અનુસાર
બી.એડ્.ના વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

Semester – I

EDCP - 1204

અભ્યાસક્રમમાં ભાષા

Language Across the Curriculum

રીપ્રિન્ટ આવૃત્તિ : 2021 ₹ 170/-

:: લેખક ::

ડો. સ્મિતા દિવ્યેશ ત્રિવેદી

એસોસિએટ પ્રોફેસર

શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન,

અમદાવાદ.

નીરવ® પ્રકાશન

:: પ્રકાશક ::

નીરવ પી. શાહ

નીરવ® પ્રકાશન

એજ્યુકેશનલ પબ્લિશર્સ

29, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ-1.

ફોન નં. : (079) 25352172, 25353572

E-mail : info@niravprakashan.com

₹ 170/-

:: ચેતવણી ::

આ પુસ્તકના લખાણ કે તેના કોઈપણ ભાગનો તેમજ શૈલી, ગોઠવણી તથા રજૂઆતનો બીજા કોઈપણ પાઠ્યપુસ્તક, ગાઈડ, મેગેઝિન, સજેશન, કસોટીપત્ર, પેમ્ફલેટ્સ, ઝેરોક્ષ કે અન્ય કોઈપણ પ્રકારના સ્વરૂપે છાપતાં કે ઉપયોગ કરતાં પહેલાં લેખકશ્રીની લેખિત પૂર્વ મંજૂરી મેળવવી ખાસ આવશ્યક છે.

:: પ્રકાશકની નોંધ ::

નીરવ પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પ્રકાશનમાં શક્ય તેટલી ચોક્સાઈ રાખી વિષયને ન્યાય આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આમ છતાં, કોઈ સંભવિત ત્રુટિ કે હકીકત દોષ રહી ગયેલાં હોય તો તેને કારણે પરીક્ષાનાં પરિણામો તેમજ અન્ય કોઈ બાબતો અંગે લેખક / પ્રકાશકની કોઈ જવાબદારી રહેતી નથી.

:: ગ્રાફિક્સ ::

મૌર્ય ગ્રાફિક્સ

44 - 45, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે,

રીલિફ રોડ, અમદાવાદ-1.

..અર્પણ..

મારાં સર્વ ગુરુજનોને

જેઓએ

મને ધીરજ પૂર્વક કક્કો ઘૂંટાવ્યો,

શબ્દોને સમર્થ બનાવ્યાં,

અભિવ્યક્તિને સુદ્રઢ કરી,

અને

વિચાર અને કલ્પનાને સર્જનશીલતાની ઉડાન

આપવા માટે પ્રેરિત કરી...

..આમુખ..

NCTEના માર્ગદર્શન અનુસાર સમગ્ર દેશમાં શિક્ષક-પ્રશિક્ષણનો અભ્યાસક્રમ બે વર્ષનો કરવામાં આવ્યો. અભ્યાસક્રમના આ માળખાંમાં શિક્ષકની તાલીમ વધુ સઘન અને વાસ્તવિક બને એવા કેટલાક નવા વિષયોને દાખલ કરવામાં આવ્યાં. એમાં **'અભ્યાસક્રમમાં ભાષા' (Language Across Curriculum)** વિષયને એક પ્રશ્નપત્ર તરીકે સ્થાન મળ્યું. જેમાં એ મુદ્દા પર ભાર મૂકવામાં આવ્યો છે કે ભાષાનો વિકાસ કોઈપણ વિષય શીખવા માટે પાયારૂપ છે, અને ભાષાનું શિક્ષણ આપવાની જવાબદારી માત્ર ભાષા શિક્ષકની નથી. કેટલાક અભ્યાસીયોએ ટાંકીને જણાવ્યું છે કે ભારતના વિદ્યાર્થીઓની વાચન ક્ષમતા નબળી છે, અને ભારતમાં શિક્ષણના માધ્યમની ભાષા મહદ્ અંશે અંગ્રેજી બનતી જાય છે, એટલે ઘરમાં પ્રાદેશિક કે માતૃભાષા અને શાળામાં દ્વિતીય (હિન્દી કે અંગ્રેજી) ભાષા થકી અધ્યયન કરવાનું બને છે. બદલાતાં આ સંજોગોમાં પ્રશિક્ષણાર્થીઓ શિક્ષણની સાંપ્રત પરિસ્થિતિને સમજે તે જરૂરી છે. ગણિત, વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન જેવા વિષયોમાં ભાષા થકી સંકલ્પનાઓનો અર્થબોધ કેવી રીતે કરાવી શકાય તે વિશે શિક્ષકે શીખવું પડશે. એ માટે કેવી પ્રયુક્તિઓ અજમાવી શકાય તે માટે મંથન કરવું પડશે.

એક બાજુ માતૃભાષાના અસ્તિત્ત્વ સામે જોખમો તોળાઈ રહ્યા છે, ગુજરાતી ભાષાની પોતાની અસ્મિતા જોખમમાં મૂકાઈ રહી હોય તેવું લાગી રહ્યું છે. એ સંજોગોમાં બાળક માતૃભાષાને ગૌરવ પૂર્વક શીખે, અન્ય ભાષાઓ પણ આદરપૂર્વક શીખે તેવું વાતાવરણ સર્જવાની જરૂરિયાત છે. વર્ગખંડો બહુભાષી બન્યા છે. એકથી વધુ ભાષા આવડે તો વિવિધ સંસ્કૃતિ અને વૈશ્વિક સ્તરે આંતરક્રિયા કરવાનું સરળ બને છે. આમ, શિક્ષકે પોતે પણ વિવિધ ભાષાઓ સાથે પોતાની જાતને સંલગ્ન કરવી પડશે. શિક્ષક પાસેની અપેક્ષાઓ વિસ્તરી છે. આ ભૂમિકાને કેન્દ્રમાં રાખીને આજના બહુભાષી સમાજમાં શિક્ષકે અધ્યાપન કરવાનું છે અને વિદ્યાર્થીના વિકાસમાં સાચા અર્થમાં સહયોગી બનવાનું છે.

આ પ્રશ્નપત્રના લેખન કાર્ય દરમિયાન ભાષા અને ભાષાના કર્મને સમજવાની નવી દ્રષ્ટિ પ્રાપ્ત થઈ. વિશ્વભરમાં અનેક સંશોધકો, શિક્ષકો, પ્રાધ્યાપકો, ભાષાવિદ્રો, મનોવિજ્ઞાનીઓ જે રીતે કાર્ય કરી રહ્યા છે તે ખરેખર પ્રશંસનીય અને વંદનીય છે. ભાષા, તેનું કાર્ય, ભાષાનો વિકાસ, ભાષાના કૌશલ્યો, બહુભાષિતા, લુપ્ત થતી ભાષાઓ, અધ્યયન માટે માધ્યમની ભાષા કઈ હોવી જોઈએ, વર્ગખંડમાં ભાષાનો ઉપયોગ, ભાષાના સિધ્ધાંતો વગેરે અનેક વિષયો પર અપાર સંશોધનો થયાં છે અને થઈ રહ્યાં છે. એમના સંશોધનોએ શિક્ષણને નવી દ્રષ્ટિ પૂરી પાડી છે. ટેક્નોલૉજીના વિકાસ થકી ઈન્ટરનેટે દુનિયાને આંગળીઓના વેઢાં પર લાવીને મૂકી દીધી છે. જ્ઞાન પળભરમાં હાથવગું બન્યું છે. આ ક્ષેત્રમાં જે લોકોએ પણ કાર્ય કર્યું છે, અને એમના જ્ઞાનને ઈન્ટરનેટ પર વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવ્યું છે, તે સર્વનો હું હૃદયપૂર્વક ઋણ સ્વીકાર કરું છું, કેમ કે તે માહિતી વગર આ પુસ્તક લખવાનું મારે માટે શક્ય ન બન્યું હોત. ખોજ કરતાં કરતાં એવો પણ અહેસાસ થયો કે ગુજરાતી ભાષામાં બહુ સાહિત્ય ઉપલબ્ધ બનતું નથી, તેમ છતાં વેબગુર્જરી, રીડ ગુજરાતી ડૉટ. કૉમ, માતૃભાષા અભિયાન, સાહિત્ય સેતુ, વિકિપિડિયા જેવી કેટલીક વેબસાઈટ પ્રયત્નશીલ છે, તેમાં પ્રકાશિત થયેલા લેખોના લેખકો પ્રત્યે પણ અનુગ્રહ વ્યક્ત કરું છું. કદાચ પ્રકરણોમાં નામ સાથે ઉલ્લેખ ન થયો હોય તો ક્ષમા યાચું છું, પણ સંદર્ભસૂચિમાં વેબસાઈટની યાદી મૂકી છે, જે વાચકોને વિશેષ વાંચન માટે લાભદાયી નિવડશે.

ગુજરાત વિદ્યાપીઠ દ્વારા માર્ચ 2015માં બે વર્ષના અભ્યાસક્રમ અંગે એક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાંથી આમંત્રિત પ્રાધ્યાપકો અને આચાર્યો સાથે સંવાદ કરવાનું બન્યું, એમાંથી સમજની એક ભૂમિકા તૈયાર થઈ. આ વિષય પર વધુ સઘન ચિંતન કરવામાં મારાં સ્વજનો અને મિત્રોએ સર્ચ લાઈટ તરીકે કાર્ય કરીને મને સહયોગ આપ્યો છે. ડૉ. કલ્પેશભાઈ પાઠક, આચાર્ય અને ડિન, આઈઆઈટીઈ, ગાંધીનગર સાથેની ચર્ચાએ મને આ વિષય અંગેની સ્પષ્ટ સમજ કેળવવામાં પાયાની ભૂમિકા ભજવી આપી હતી. પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં આ જ વિષય પર સેમિનારમાં ભાગ લેવાનું બન્યું, એ ઘટનાએ મને સાચા અર્થમાં આ વિષયને શીખવામાં એક

વિદ્યાર્થી બનાવી દીધી. એ માટે પ્રિ. ડૉ.એ.ડી. શાહ અને આયોજકોનો આભાર માનું છું. એ પછી નીરવભાઇ સાથેની વાતચીતમાં આ પુસ્તક લખવાનું બન્યું, એમાં જે સમય વીત્યો, એ આ વિષયને જાણવા, સમજવા અને આનંદવામાં વિકસતો રહ્યો. વિખ્યાત ભાષાવિદ્ ડૉ. અરવિંદ ભાંડારી સાહેબનો તેઓના અમૂલ્ય સૂચનો અને માર્ગદર્શન બદલ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. લખતાં લખતાં, સાથી પ્રાધ્યાપકો ડૉ. સવિતાબહેન ડામોર, ડૉ. રમીલાબહેન સાલ્વી અને ડૉ. દીપિકાબહેન રાઠોડ સાથે મારાં વિચારો વહેંચતી, એમાં વધુ ઊંડું અધ્યયન થતું ગયું. આ સર્વ લોકોનો આભાર માનીશ તો તેઓને ગમશે પણ નહીં, પણ સ્નેહપૂર્વક મારો આનંદ જરૂર પ્રગટ કરું છું.

મારી કૉલેજના પૂર્વ આચાર્ય અને મારાં ગુરુવર્ય શ્રીમતી ડૉ.યશોમતીબહેન પટેલને વંદન સાથે સમરું છું. તેમજ પૂર્વ આચાર્ય ડૉ. મીનાબહેન અમીનનું સ્મરણ કરું છું અને વર્તમાન આચાર્ય શ્રી ડૉ. રોહિણીબહેન ઉપાધ્યાય પ્રત્યે પણ તેઓની પ્રેરણા બદલ આભાર પ્રગટ કરું છું.

આવા સુંદર અને ઉપયોગી વિષય પર લેખન કાર્ય સોંપવા બદલ **શ્રી નીરવભાઇ શાહ**નો હદયપૂર્વક આભાર પ્રગટ કરું છું. આ પુસ્તકને તૈયાર કરવામાં **શ્રી હિતેન્દ્રભાઈ કોષ્ટી** સહિત જે મિત્રોએ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપ્યો છે તે સર્વેનો આભાર માનું છું.

આશા રાખું છું કે, આ સંદર્ભ પુસ્તક આપના અધ્યયનમાં સહયોગી નીવડશે. કંઇ પણ સૂચન હોય તો અવશ્ય જણાવશો, મારાં વિકાસમાં મદદરૂપ બનશે. આભાર અને શુભેચ્છાઓ સાથે,

ડૉ. સ્મિતા દિવ્યેશ ત્રિવેદી
એસો. પ્રોફેસર,
શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ ફૉર વિમેન,
એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬
Email: divinesmile14@yahoo.com, divinesmile1960@gmail.com

...અનુક્રમણિકા...

ક્રમ	વિગત	પાના નં.
	એકમ - 1 બાળકની ભાષા અને અધ્યયન	
1.	અભ્યાસક્રમમાં ભાષા - વિષય પરિચય	05 - 12
2.	બોલી અને ભાષા	13 - 38
3.	પ્રત્યાયનના સાધન તરીકે ભાષા અને વર્ગખંડમાં વાસ્તવિકતાનું નિર્માણ	39 - 54
4.	સંકલ્પના ઘડતર, બોધાત્મક વિકાસ અને ભાષા	55 - 62
5.	ભાષા અને અનુભવ	63 - 70
6.	ભાષાને અસરકર્તા પરિબળો	71 - 76
7.	ભાષાનો વિકાસ અને સિદ્ધાંતો (વાર્તનિક અને બોધાત્મક)	77 - 91
	એકમ - 1.2 વિદ્યાર્થીની ભાષા અને શાળા	
1.	વર્ગખંડમાં બહુભાષિતા (Multilingualism) અને તેની અસરો	95 - 104
2.	શાળા તેમજ વર્ગખંડનું પર્યાવરણ અને તેની અસરો	105 - 110
3.	વર્ગખંડ વાર્તાલાપનું સ્વરૂપ (Nature of Classroom Discourse)	111 - 120
4.	પાઠ્યપુસ્તકોની ભાષા અને વિષયવસ્તુનો સાંસ્કૃતિક સંદર્ભ	121 - 136

એકમ - 2.1 ભાષાનાં ચાર મૂળભૂત કૌશલ્યો

1.	શ્રવણ	141 - 156
2.	કથન	157 - 166
3.	વાંચન	167 - 189
4.	લેખન	191 - 208
❋	સંદર્ભ સૂચિ	209 - 212

:: SYLLABUS ::

1 Child's Language and Learning

1.1 Language and Learning

(a) ❋ Dialect

❋ Language

❋ Standard Language

❋ Deficit Theory

❋ Discontinuity Theory

1. બાળકની ભાષા અને અધ્યયન

1.1 ભાષા અને અધ્યયન

(a) બોલી

ભાષા

પ્રમાણિત ભાષા

ઘટ સિદ્ધાંત (Deficit Theory)

સાતત્યભંગ સિદ્ધાંત (Discontinuity Theory)

(b) Language as a tool of communication and construction of reality in the classroom

(b) પ્રત્યાયનના સાધન તરીકે ભાષા અને વર્ગખંડમાં વાસ્તવિકતાનું નિર્માણ

(c) Concept Formation, Cognitive Development and Language

(c) સંકલ્પના ઘડતર, બોધાત્મક વિકાસ અને ભાષા

(d) Language and Experience

(d) ભાષા અને અનુભવ

(e) Factors Affecting Language Development

(e) ભાષાને અસરકર્તા પરિબળો

(f) Language Development and Theories (behavioural and cognitive)

(f) ભાષાનો વિકાસ અને સિદ્ધાંતો (વાર્તનિક અને બોધાત્મક)

1.2 Learner's language and the school

1.2 અધ્યેતાની ભાષા અને શાળા

(a) Multilingualism in the classroom and its effect

(a) વર્ગખંડમાં બહુભાષિતા (Multilingualism) અને તેની અસરો

(b) Language environment of school as well as classroom and its effects

(b) શાળા તેમજ વર્ગખંડનું પર્યાવરણ અને તેની અસરો

(c) The nature of classroom discourse (describing / reporting, naming / defining, explaining, exemplifying, arguing / supporting, assessing, evaluating) and oral language in the classroom

(c) વર્ગખંડ વાર્તાલાપનું સ્વરૂપ (વર્ણન / અહેવાલ, નામકરણ/ વ્યાખ્યાયીકરણ, સમજાવવું, ઉદાહરણ આપવા, દલીલો કરવી / મદદરૂપ થવું, માપન કરવું, મૂલ્યાંકન કરવું) અને વર્ગખંડમાં મૌખિક ભાષા

(d) ❄ Language of textbook in different subjects

❄ Cultural Reference in text

(d) ❄ વિવિધ વિષયોના પાઠ્યપુસ્તકોની ભાષા

❄ વિષયવસ્તુનો સાંસ્કૃતિક સંદર્ભ

2. Basic language competencies Required at School

2.1 Four basic Language competencies

(a) Listening :

❄ Types

❄ Its need

❄ Strategies for enhancing listening skill

2. શાળામાં જરૂરી પાયાના ભાષા કૌશલ્યો

2.1 ભાષાના ચાર મૂળભૂત કૌશલ્યો

(a) શ્રવણ

❄ પ્રકારો

❄ તેની જરૂરિયાત

❄ શ્રવણ કૌશલ્ય વિકસાવવાની પ્રયુક્તિઓ

(b) Speaking :

❄ Its need

❄ Strategies for enhancing speaking skill

(b) કથન

❄ તેની જરૂરિયાત

❄ કથન કૌશલ્ય વિકસાવવાની પ્રયુક્તિઓ

(c) Reading :

❄ Types

❄ Reading strategies

❄ Text Structure

❄ Nature of expository texts V/s. Narrative texts; transactional V/s. reflexive texts

(c) વાચન

❄ પ્રકાર

❄ વાચન કૌશલ્યની પ્રયુક્તિઓ

- ❄ વિષયવસ્તુના માળખાં
- ❄ વિવરણાત્મક વિષયવસ્તુ વિરુદ્ધ વર્ણનાત્મક વિષય વસ્તુનું સ્વરૂપ (Nature of Expository Texts V/s. Narrative Texts), વ્યવહારલક્ષી વિરુદ્ધ પ્રતિક્ષિપ્ત વિષયવસ્તુનું સ્વરૂપ (Transactional V/s. Reflexive Texts)

(d) Writing :

- ❄ Types
- ❄ Analyzing Children's writings to understand conceptions
- ❄ Writing with a sense of purpose - writing to learn and understand
- ❄ The concept of register and style (Note - making, summarizing; making reading - writing connections; process writing)

(d) લેખન

- ❄ પ્રકારો
- ❄ બાળકોના ખ્યાલો સમજવાના હેતુસર તેઓના લેખનકાર્યનું વિશ્લેષણ હેતુની સમજ સાથે લેખન - અધ્યયન માટે અને સમજ કેળવવા માટે લેખન અંકન કરવું (Register) અને તેની શૈલીની સંકલ્પના (નોંધ બનાવે, સારાંશ લખે, વાચન-લેખન જોડાણ બનાવવા, પ્રક્રિયા લેખન)

એકમ - 1.1

બાળકની ભાષા અને અધ્યયન

એકમ - 1.1

ભાષા અને અધ્યયન

પ્રકરણ 1
અભ્યાસક્રમમાં ભાષા – વિષય પરિચય

મુદ્દાઓ :

1.1 પ્રસ્તાવના
1.2 અભ્યાસક્રમમાં ભાષાવિષયનો ઉદ્‌ભવ
1.3 અભ્યાસક્રમમાં ભાષા એટલે શું ?
1.4 આ અભિગમની જરૂર શા માટે ?
1.5 અભ્યાસક્રમમાં ભાષાનું ધ્યેય
1.6 અભ્યાસક્રમમાં ભાષા માટેના પડકારો
)* સ્વાધ્યાય

1.1 પ્રસ્તાવના :

માત્ર એક કલ્પના તરીકે જ વિચારીએ કે જો આપણી પાસે ભાષા ન હોત તો શું થાત ? આ પ્રશ્નની સાથે જ અનેક વિચારો ઝબકી ગયા હશે. જેમકે, શાળા-મહાશાળાઓનું તો અસ્તિત્વ જ ન હોત, ભણવા-ભણાવવાની ઝંઝટ જ ન હોત, પરીક્ષા જ ન આપવી પડત, આપણે વાતચીત જ ન કરી શકત, કવિતાઓ-વાર્તાઓ સર્જાઈ જ ન હોત, ગીતોને બદલે વાદ્ય સંગીત જ સાંભળતા હોત, ઇશારાઓથી જ કામ ચાલતું હોત અને સેલફોન પર વાત કે મેસેજની આપ-લે કેવી રીતે થાત ?... આવા કંઇક કંઇક વિચારો આવી જાય અને એ કલ્પના જ આપણા મનને હચમચાવી મૂકે.

આપણે આજે આ રીતે ભાષા દ્વારા વિચાર - વિનિમય કરી શકીએ છીએ, તે મનુષ્ય નિર્મિત ભાષા દ્વારા જ શક્ય બન્યું છે. કદાચ મનુષ્યત્વનો સાચો અર્થ જ તેની વાણી કે ભાષા દ્વારા વ્યક્ત થાય છે. એકાક્ષરી શબ્દો, 'મા', 'કા', 'બા'

કે 'પા' બોલતાં બોલતાં આખેઆખાં વાક્યો કેવી રીતે બોલતાં શીખી જઈએ છીએ, તે માત્ર સામાન્ય માણસ માટે જ નહીં, પણ મનોવિજ્ઞાનીઓ, નૃવંશશાસ્ત્રીઓ, ભાષાશાસ્ત્રીઓ કે સમાજશાસ્ત્રીઓ માટે પણ ગહન અને પડકારરૂપ અભ્યાસિક વિષય રહ્યો છે. આજે પણ એના વિશે સતત અભ્યાસો અને પ્રયોગો થઇ રહ્યા છે.

એક બાબત ચોક્કસ છે કે, માણસ માણસ વચ્ચે આદાન-પ્રદાન કરવા માટે તેમ જ વ્યક્તિગત જીવનમાં અભ્યાસિક અને વ્યાવસાયિક સિદ્ધિઓ હાંસલ કરવામાં ભાષાનો અમૂલ્ય ફાળો છે.

જે વ્યક્તિ પાસે ભાષા સામર્થ્ય છે તે ઝડપથી વિકાસ સાધી શકે છે.

1.2 અભ્યાસક્રમમાં ભાષાવિષયનો ઉદ્‌ભવ :

ભાષા સાંભળતાં, બોલતાં, વાંચતાં અને લખતાં આવડે એટલે ભાષા આવડી તેવું સામાન્ય અર્થમાં કહી શકાય. એનો અર્થ એવો નથી કે જે લોકોને લખતાં-વાંચતાં નથી આવડતું તેઓ આદાન-પ્રદાન નથી કરી શકતા,તેઓ પણ ભાષા તો જાણે જ છે, અને એટલે જ આપણે તેવા માણસોને નિરક્ષર કહીએ છીએ કે જેઓને લખતાં-વાંચતાં નથી આવડતું.

આ વિષયમાં થોડાં ઊંડા ઊતરીએ તો આપણને એ પણ સમજાશે કે આ ચારેય કૌશલ્યો માત્ર આવડી જવા એટલે શું ? એક અર્થમાં સમજીએ તો કશુંક પણ સાંભળી કે વાંચીને તેનો સાચો અર્થબોધ થવો અને તે બાબતને આત્મસાત્ કરવી એ માનીએ એટલી સહેલી પ્રક્રિયા નથી. એટલે જ 'આત્મા અમર છે', 'ઈશ્વર કણકણમાં સમાયેલો છે', કે 'મનુષ્ય એક સામાજિક પ્રાણી છે' આવાં વાક્યો, સાંભળવા, બોલવાં, વાંચવાં કે લખવાં કદાચ સહેલાં લાગે પણ તેનો અર્થ-બોધ થવા માટે કદાચ જિંદગીઓ પણ ઓછી પડે અને એટલે જ આપણે માત્ર બહુ વ્યાપક કે વિશાળ રીતે ન વિચારીએ અને માત્ર વિદ્યાર્થીઓના અભ્યાસને કેન્દ્રમાં રાખીને વિચારીએ તો સમજાશે કે એને ગુજરાતી ભાષા આવડે છે ખરી, પણ જે તે વિષયને સમજવાના સંદર્ભમાં હજી પરિપક્વતા નથી આવી. છેલ્લાં બે વર્ષોમાં ધોરણ 10માં વિદ્યાર્થીઓ લાખોની સંખ્યામાં માત્ર ગુજરાતી વિષયમાં જ નાપાસ થયા હતા. આ બાબત આપણને ચિંતામાં મૂકી દે તેવી છે.

અન્ય વિષયોમાં પણ નબળાં પરિણામ પાછળ જે - તે વિષયનો ભાષા થકી અર્થબોધ ન થતો હોય તેમ બનવાનો સંભવ છે, તેમ કહી શકાય અને એટલે જ ભાષા શીખવવાની જવાબદારી માત્ર ભાષા શિક્ષકની જ નથી, એ વિચારનો પ્રાદુર્ભાવ થયો.

આમ તો બાળક જ્યારે શાળાએ આવે છે ત્યારે શ્રવણ અને કથન કૌશલ્યો તો આત્મસાત્ કરીને જ આવે છે, શાળાએ આવીને તે વાચન અને લેખન કૌશલ્યો શીખવાનું વાતાવરણ પ્રાપ્ત કરે છે.

એ આપણા સર્વનો સામાન્ય અનુભવ છે કે જે આપણી માતૃભાષા હોય તેમાં જ જો અન્ય વિષયોનું અધ્યયન-અધ્યાપન થાય તો બાળકની સંકલ્પનાઓ વધુ સ્પષ્ટ અને ચિરંજીવી બને છે, તેને જે તે વિષય ગોખવો પડતો નથી, પણ અત્યારે તો મોટે ભાગે ઘરમાં અલગ ભાષાનું વાતાવરણ હોય અને શાળેય વિષયો તે પરદેશી ભાષા એટલે કે ફૉરેન લેન્ગ્વેન્જ (અંગ્રેજી)માં શીખતો હોય. આની મનોચેતાતંત્રીય અસર અલગ જ હોવાની.

સામાન્ય રીતે આપણે ત્યાં એવું માનવામાં આવે છે કે ભાષા અને સાક્ષરતાની જવાબદારી ભાષાશિક્ષકોની છે, અને કોઇપણ વિષય ભાષામુક્ત વાતાવરણમાં સમજી શકાતો નથી. સિંહા(2000)ના અભ્યાસો જણાવે છે કે ભારતના વિદ્યાર્થીઓ વાચન કૌશલ્યમાં ઘણાં નબળાં છે અને તેના વિકાસની જવાબદારી સર્વ વિષય શિક્ષકોની છે.

બસ, આ વિચાર થકી જ અભ્યાસક્રમમાં ભાષા એવી એક વૈચારિક ક્રાંતિનો જન્મ થયો. આ વિચાર પર સમગ્ર વિશ્વમાં કામ ચાલે છે અને ઘણા લોકો એના પર કામ કરી રહ્યા છે. આમ, તો આ એક અભિગમ છે, પણ તેના થકી વિદ્યાર્થીઓના ભાષા અર્થબોધમાં સાર્થક વિકાસ સાધી શકાશે.

1.3 અભ્યાસક્રમમાં ભાષા એટલે શું ? :

આમ તો આ અભિગમ વિશે શિક્ષણ અને પદ્ધતિશાસ્ત્રના સૈદ્ધાંતિક વાર્તાલાપો અંતર્ગત 1970 / 80ના દાયકાથી વિચારાઇ રહ્યો છે, પણ શાળાઓમાં તેનું અમલીકરણ નહીંવત્ છે. એનું મૂળ ગ્રેટ બ્રિટનના 'A Language for Life'

નામે એલન બુલોકના અહેવાલમાં ભાષાને શાલેય વિષયો સાથે સાંકળવાનો અને તે માટે શાળામાં ભાષા નીતિમત્તા ઘડવાનો વિચાર પ્રસ્તુત કરાયો; તેમાં જોવા મળે છે. અને એમાં આ વિચારને એક ચોક્કસ આકાર અપાયો હોય તેમ જણાય છે.

Allen Bullok (1975), *A Language for Life, The Bullock Report) wrote that, "A Language policy across the curriculum means in effect that every teacher in the school should accept it as part of his responsibility to develop the pupils' reading, writing and speaking ability in and through the subject or activity for which he is responsible."*

1975માં એલન બુલોક જણાવે છે કે,

"અભ્યાસક્રમમાં ભાષા એ એક એવી નીતિ છે, જેમાં શાળાના દરેક શિક્ષક પોતાની જવાબદારીના ભાગ સ્વરૂપે એવું સ્વીકારે છે કે પોતાના વિષય કે પ્રવૃત્તિઓ થકી તેઓ વિદ્યાર્થીના વાચન, લેખન અને કથન કૌશલ્યનો વિકાસ કરાવે કે જેના માટે તેઓ જવાબદાર છે."

According to Fillion (1991) : *"Language across the curriculum stresses concern for how people learn to use language, how they use language to achieve understanding and Appreciation of their experiences (including) the curriculum content introduced in schools) and how language use influences cognitive development."*

ફિલિયોનના (1991) મત પ્રમાણે,

"અભ્યાસક્રમમાં ભાષા લોકો કેવી રીતે ભાષા ઉપયોગમાં લેવાનું શીખે છે, ઉપરાંત તેઓના અનુભવો ગ્રહણ કરે અને તેને સમજવાની સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે ભાષાને કેવી રીતે ઉપયોગમાં લે છે (શાળામાં પ્રસ્તુત અભ્યાસક્રમની વિષયવસ્તુનો સમાવેશ કરીને) અને ભાષા કેવી રીતે બોધાત્મક વિકાસને અસર પહોંચાડે છે તેના પર ભાર મૂકે છે."

Thaiss (1984) wrote, *"language across the curriculum is verbalization as the fulfillment of understanding within each subject area, involves such factors as : Students (in all subject areas)*

- *Using writing to order and classify thoughts,*
- *Learning the language appropriate to the subject,*
- *Using the increasing precision, the vocabulary of their subject ;*

Teachers (in all subject areas)

- *Modelling the language of their subject,*
- *Attending to the conventions of written language,*
- *Becoming sensitive to the role and varieties of language learning."*

થાઈસ (1984) મતાનુસાર કે,

"અભ્યાસક્રમમાં ભાષા એ દરેક વિષયના ક્ષેત્રમાં સમજની પૂર્તિને શબ્દબધ્ધ કરે છે, જેમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છે."

વિદ્યાર્થીઓ : (બધા વિષય ક્ષેત્રોમાં)

- વિચારોને ક્રમબધ્ધ કરવા અને વર્ગીકૃત કરીને લખવા,
- વિષયને અનુરૂપ ભાષા શીખવી,
- જે - તે વિષયના શબ્દભંડોળના ઉપયોગમાં ચોકસાઈની વૃદ્ધિ કરવી.

શિક્ષકો, (બધા વિષય ક્ષેત્રોમાં)

- તેઓના વિષયની ભાષાના નમૂના પૂરા પાડવા,
- લેખિત ભાષાના ધારાધોરણોને અનુસરવું,
- ભાષા અધ્યયનની વિભિન્નતાઓ અને તેની ભૂમિકા પ્રત્યે સંવેદનશીલ બનવું."

ઉપરોક્ત વિભાવનાઓનો સાર તારવીએ તો એટલું સ્પષ્ટ થાય છે કે, કોઈપણ વિષયના અર્થબોધ માટે ભાષાનો યથોચિત ઉપયોગ કરતાં આવડવું જોઈએ અને તે માટે કોઈપણ વિષયના શિક્ષકે પોતાની જવાબદારીનો સ્વીકાર કરવો જોઈશે.

1.4 આ અભિગમની જરૂર શા માટે ? :

કદાચ, એવો પ્રશ્ન થાય કે આવા અભિગમની જરુરત શા માટે છે ? તો, તેના ઉત્તરમાં ત્રણ બાબતો સ્પષ્ટ રીતે સામે આવે છે.

(1) **ભાષા સંદર્ભ વગર અસરકારક રીતે શીખી શકાય નહીં.**

એકના એક વાક્યનો જે-તે વિષય કે સંદર્ભમાં અલગ અર્થ થતો હોય છે અને આપણને જ્યાં સુધી તે સંદર્ભ ખબર ન હોય ત્યાં સુધી આપણે તે બાબતને સાચા અર્થમાં સમજી શકતા નથી. દા.ત. 'ભાવ તો આપવો પડે ને ?' આ એક વાક્ય કોઈ દુકાનદાર બોલે કે સામાજિક પ્રસંગે કોઈ જમાઈરાજા બોલે તો અર્થ બદલાઈ જાય.

(2) **ભાષા અને વિષયસામગ્રી એકબીજા સાથે સંકળાયેલાં જ છે.**

કોઈપણ વિષયસામગ્રીને પોતાની ભાષા અને પરિભાષાઓ હોય છે, અને તે એકબીજા સાથે સંકળાયેલાં હોય છે.

(3) **આ માટે ભાષા અને વિષયસામગ્રીને સંકલિત કરવા જોઈએ.**

આ સંદર્ભમાં વિદ્યાર્થીઓને જે-તે વિષય અને તેની ભાષા સાથે સંકલિત કરીને પ્રસ્તુતિ કરવી જોઈએ. કેમ કે, કોઈપણ વિષયની સામગ્રી છેવટે તો ભાષા થકી જ સમજાતી હોય છે.

1.5 અભ્યાસક્રમમાં ભાષાનું ધ્યેય :

આ અભિગમ થકી શિક્ષકે નીચેની બાબતો પ્રત્યે પોતાની ભૂમિકાઓને સ્પષ્ટ રીતે સમજવી પડશે.

પ્રથમ ભાષાને દ્વિતીય ભાષાના વપરાશકારો તરીકે વિદ્યાર્થીઓની ભાષાની પશ્ચાદ્ ભૂમિકાને સમજવી. વર્ગખંડમાં થતા વાર્તાલાપોના સ્વરૂપને સમજવું અને તેના વિકાસ માટેની પ્રયુક્તિઓ વિકસાવવી, જે-તે વિષયક્ષેત્રોમાં વાચન અર્થગ્રહણના સ્વરૂપને સમજવું.

1.6 અભ્યાસક્રમમાં ભાષા માટેના પડકારો :

આમ જોવા જઈએ તો, આ વિષયના આગમનને એક ચોક્કસ આકાર લેતાં લગભગ 40 વર્ષ લાગી ગયાં, છતાં તેને એક જવાબદારી તરીકે દરેક વિષય શિક્ષક સ્વીકારે છે તેમ કહેવું કદાચ વધારે પડતું જ કહેવાશે. આ અભિગમને સંપૂર્ણપણે કાર્યાન્વિત કરવા સામે કેટલાક પડકારો છે, જેને નીચે મુજબ વર્ણવી શકાય.

(1) **વિષયોની વાડાબંધી :** શાળા-મહાશાળાઓમાં હજી પણ વિષયોની વાડાબંધી ચુસ્ત છે અને ભાષાના વિષયોને ગણિત / વિજ્ઞાન વિષયો જેટલા મહત્ત્વના માનવામાં નથી આવતા. વળી એ પણ ખ્યાલ સ્પષ્ટ નથી કે ગણિત / વિજ્ઞાન શીખવા માટે પણ ભાષાકૌશલ્યો તો આવડવાં જ જોઈશે.

(2) **શિક્ષકોનું વલણ :** ભાષા તો ભાષાશિક્ષકની જવાબદારી છે અને વિષયના શિક્ષકોએ તો માત્ર જે તે વિષયનું વિષયવસ્તુ જ માત્ર શીખવવાનું છે. અને જો તેઓ જે-તે વિષય શીખવતાં ભાષા પણ શીખવાડે તો તેઓ પણ ભાષાશિક્ષકનો જ દરજ્જો પામી જશે, તે વાતનો વિરોધ અથવા એક પ્રતિકાર કરવાની લાગણી ધરાવે છે.

(3) **અસ્પષ્ટ સંકલ્પના :** હજી સુધી અભ્યાસક્રમમાં ભાષા આ અભિગમ કે વિષયની સંકલ્પના સ્પષ્ટ થઈ નથી. એટલે એક નીતિ વ્યવસ્થા પણ ઘડાઈ નથી અને શાળામાં તેની જવાબદારી કે કાર્યભાર વહેંચણીની સ્પષ્ટ રૂપરેખા તૈયાર નથી થઈ. એટલે એક ધૂંધળું ચિત્ર સામે છે. આ સંજોગોમાં આ વિષય પરત્વે તેની કોઈ નિશ્ચિત જવાબદારી નક્કી કરી શકાતી નથી.

(4) **માનસિકતામાં બદલાવ :** આ વિષય શિક્ષકોના વલણોમાં અને તેઓની માનસિકતામાં એક ધરખમ પરિવર્તનની અપેક્ષા રાખે છે, જે સહુથી મોટો પડકાર છે. અને હાલ પણ કમનસીબે આ જ પરિસ્થિતિ દશ્યમાન છે, કોઈ નોંધપાત્ર ફેરફાર દેખાતો નથી.

જ્યાં સુધી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની દિશામાં દરેક શિક્ષક પોતાની સહિયારી જવાબદારી ન સ્વીકારે ત્યાં સુધી આ પડકારને પહોંચી વળવાનું દુષ્કર લાગવાનું.

આટલું વાંચ્યા પછી એક બાબત સ્પષ્ટ થઈ હશે કે ભાષા અને અન્ય વિષયો એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે અને વિદ્યાર્થીને કોઈપણ વિષય શીખવો હોય તો તેની ભાષા અર્થગ્રહણ ક્ષમતા વિકસેલી હોવી જોઈશે. તે માટે એકલા ભાષાશિક્ષકે નહીં, પંણ સર્વ વિષયશિક્ષકે સહિયારી જવાબદારીથી વિદ્યાર્થીઓના ભાષાશિક્ષણમાં યોગદાન આપવું પડશે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) અભ્યાસક્રમમમાં ભાષા એટલે શું ? અભ્યાસક્રમમાં ભાષાનું મહત્ત્વ સમજાવો.

(2) અભ્યાસક્રમમાં ભાષા સામેના પડકારો જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) અભ્યાસક્રમમાં ભાષા જેવા વિષયનો ઉદ્‌ભવનાં કારણો આપો.

(2) અભ્યાસક્રમમાં ભાષાની જરૂરિયાત શી છે ?

(3) અભ્યાસક્રમમાં ભાષા શીખવવાનું ધ્યેય શું હોવું જોઈએ ?

☆

પ્રકરણ 2 બોલી અને ભાષા

મુદ્દાઓ :

2.1	પ્રસ્તાવના
2.2	બોલી
2.3	ભાષા અને બોલી વચ્ચેનાં ભેદક પરિબળો
2.4	ભાષા
2.5	ભાષાની લાક્ષણિકતાઓ
2.6	નિયમાનુશાસિત ભાષા
2.7	પ્રમાણિત ભાષા
2.8	ઘટ સિદ્ધાંત
2.9	સાતત્યભંગ સિદ્ધાંત
2.10	ઉપસંહાર
☆	સ્વાધ્યાય

2.1 પ્રસ્તાવના :

ભાષા માનવની મહામૂલી મૂડી છે, મિરાત છે. માણસ તો કુદરતનું લાડકું પ્રાણી છે. માત્ર તેને જ ભાષાની ભેટ મળી છે. ભાષાની મદદથી તો માણસ પથ્થર યુગથી અણુયુગ અને કમ્પ્યૂટર યુગ (કે જ્ઞાનયુગ ?) સુધીની લાંબી મજલ કાપી આટલો બધો વિકાસ સાધી શક્યો છે. સ્થળ અને કાળથી પર થઈ તે પોતાના અનુભવો નોંધી શકે છે અને બીજાને જણાવી શકે છે. દર વખતે માણસના બાળકને એકડે એકથી શરૂ કરવું પડતું નથી.

છતાં ભાષાની માયાજાળ એવી ગૂંચવણભરી છે કે એને ઉકેલવાનો જેટલો પ્રયત્ન કરીએ તેટલી વધારે ઊંડાણથી ઉકેલાતી જાય છે. ભાષા અને તેના અંગ-ઉપાંગ વિશે શોધખોળ કરવાનું, એના ઉકેલો અને પરિણામો શોધવાનું કામ પ્રાચીનકાળથી થતું આવ્યું છે. એમ કહી શકાય કે, જ્યારથી ભાષા બોલાવાની શરૂ થઈ હશે ત્યારથી એનાં વિશેનાં સંશોધનો પણ શરૂ થયાં હશે. આપણે ખુદ સવારથી સાંજ સુધીમાં અનેક રીતે ભાષા બોલતાં હોઈએ છીએ.

ક્યારેક કોઈની ભાષા સાંભળીને અભિભૂત થઈ જવાય તો કોઈનો ભાષાવ્યવહાર આપણને પરેશાન પણ કરી મૂકે.

આ સંદર્ભમાં આપણે આ પ્રકરણમાં બોલી, ભાષા, પ્રમાણિત ભાષા, ઘટસિદ્ધાંત અને સાતત્યભંગ સિદ્ધાંત વિશે ચર્ચા કરીશું.

2.2 બોલી :

યોગેન્દ્ર વ્યાસ (1975) જણાવે છે કે, "બોલી એ એવા જનસમુદાયની વાણી છે, જે પરસ્પરને સહેલાઈથી અને સંપૂર્ણ રીતે સમજી શકે છે."

અન્ય શબ્દોમાં કહીએ તો, "જેમના બોલવામાં સહજ રીતે ધ્યાનમાં આવે એવી કશી પરસ્પર વિભિન્નતા નજરે પડતી નથી એવા લોકોની વાણીને બોલી કહેવાય છે." આપણા સહુનો પણ એ સપ્રમાણિત અનુભવ છે કે ઘર, ઑફિસ કે જાહેર સમારંભમાં અલગ રીતે બોલવાનું થાય છે, અને જ્યારે બે મિત્રો કે આત્મીયજન મળી જાય અને આપણી સહજવાણી મુખમાંથી સરી જાય, એ આપણી બોલી, જેમ કે, 'હેંડલ્યા', 'ચેટલું મોડું કીધું' વગેરે... આવો ફેરફાર એકલા ભારતમાં જ હોય તેવું પણ નથી. અમેરિકામાં પણ થોડા થોડા ફેરફાર સાથે જ અંગ્રેજી બોલાય છે. દરેકનો પોતાની માતૃભાષાનો ટોન બીજી ભાષામાં આવી જવાનો તે હકીકત છે. આપણે ભલે ભારતમાં બ્રિટિશ અંગ્રેજી ભણ્યા હોઈએ પણ દક્ષિણ ભારતીય અંગ્રેજી બોલશે અને ઉત્તર ભારતીય અંગ્રેજી બોલશે એ બેઉમાં ફરક પડવાનો. ઉત્તર ભારતીય હિંદી બોલે અને આપણે ગુજરાતીઓ હિંદી બોલીએ તેમાં પણ આભ-જમીનનો ફરક પડી જતો હોય છે.

આપણે વ્યવહારમાં કેટલીક વાર 'ભાષા' અને 'બોલી' એ બે શબ્દો વપરાતા કે બોલાતા સાંભળીએ છીએ એટલું જ નહીં, ક્યાંક એવું પણ સાંભળીએ છીએ કે, અમુક ઠેકાણે બોલાય છે કે અમુક માણસો બોલે છે તે 'ભાષા' અને અમુક સ્થળે બોલાય છે તે 'બોલી'.

ગુજરાતી ભાષાને પોતાની કેટલીક બોલીઓ છે. ભાષા એ સમગ્ર પ્રદેશના શિષ્ટજનોની અને સાહિત્યની લેખન ભાષા છે, જ્યારે બોલી એ લોકોની - ખાસ કરીને ગ્રામવિસ્તારની લાક્ષણિક લહેકા, ઉચ્ચાર અને તળપદા શબ્દોથી ભરપૂર એવી બોલાતી વાણી છે. બાર ગાઉએ બોલી બદલાય. મુખ્યત્વે તેને (1) સૌરાષ્ટ્રી, (2) ઉત્તર ગુજરાતી, (3) ચરોતરી, (4) સૂરતી, (5) કચ્છી, (6) ભીલી, (7) ડાંગી એમ વિસ્તૃતપણે વિભાજિત કરી શકાય.

એક જ ભાષાસમાજમાં બોલાતી ભાષામાં સ્થળ-પ્રમાણે કંઈક ને કંઈક જુદાપણું દેખાય છે. એક જ ભાષા જુદી જુદી રીતે ઉચ્ચારાતી હોય છે. અર્થાત્ એમાં ઉચ્ચારણોની ભિન્નતા હોય છે. જેવી કે, ભીંત-ભેંત, વીંટી- વેંટી, રામ-રૉમ. કેટલીક વાર એક જ પદાર્થનું સૂચન કરતા શબ્દો જુદા હોય છે. જેમ કે, લોટો - કળશ્યો, તગારું-કતેડું-તબડકું, ગોદડી-પાગરણ, દંતાળી-પંજેટી વગેરે. તો ક્યાંક વ્યાકરણી - વ્યવસ્થામાં જુદાપણું હોય છે. બોલાયું-બોલાણું, કાપ્યો-કાયપો, જશે-જશિ, આપણે-આપડે, આપણું-આપડું, કેટલીક વાર એવું પણ બને કે એક જ ભાષા બોલતા બે ભાષીઓ એકબીજાને સમજી શકતા નથી. ટૂંકમાં, કેટલાંક સામાજિક, વ્યાવસાયિક આદિ કારણોને લીધે એક જ ભાષા વિવિધ સ્વરૂપે સાંભળવા મળે છે.

2.3 ભાષા અને બોલી વચ્ચેનાં ભેદક પરિબળો :

ભાષા અને બોલી એવો ભેદ સર્જનારાં કેટલાંક પરિબળો આ પ્રમાણે છે :

(1) **વાગ્-વ્યવહારની વધતી-ઓછી ઘનતા :** ભાષાસમાજમાં અમુક વ્યક્તિઓ સામાજિક રીતે બંધાયેલી કે સંકળાયેલી હોય છે. આવા સંબંધો જ્યાં ઘનિષ્ઠ હોય ત્યાં ભાષા પ્રમાણમાં એકરૂપ હોય. બધે જ સંબંધો એકસરખા હોતા નથી. જ્યાં સંબંધોની ઘનતા પ્રમાણમાં ઓછી ત્યાં ભાષાભેદોની શક્યતા પ્રમાણમાં વધુ હોવાની. ટૂંકમાં, કોઈપણ ભાષાસમાજ ખૂબ જ મોટો હોય ત્યાં બોલીભેદો રહેવાના જ.

(2) **સામાજિક ભાષાસ્તરો :** બોલીભેદ સર્જનારું આ પણ એક પરિબળ છે. સમાજ અનેક કોમની વ્યક્તિઓનો બનેલો હોઈ એમાં બ્રાહ્મણ, વાણિયા, પાટીદાર, વોરા... જેવી અનેક કોમો એક સાથે રહેવાની. પ્રત્યેક કોમ પોતાની 'ભાષા' કે 'બોલી' ધરાવે જ. એટલે તો બોલીને સામાજિક સ્તર સાથે જોડી 'વાણિયાની બોલી', 'પારસીની બોલી', 'વોરાની બોલી' એવું લેબલ લગાડાતું હોય છે.

(3) **વ્યાવસાયિક ભિન્નતા :** એક જ ભાષાસમાજની વ્યક્તિઓનો વ્યવસાય પણ જુદો જુદો જ હોવાનો. લોકો વ્યવસાય કે ધંધાને કારણે એમની ભાષામાં પોતાના વ્યવસાયને લગતી વિશિષ્ટ શબ્દાવલિઓનો પ્રયોગ કરવાના. વકીલો, ડૉક્ટરો, શિક્ષકો, ચોર, લૂંટારું, ધુતારા પોતપોતાની વિશિષ્ટ શબ્દાવલિનો પ્રયોગ કરે છે. 'ગ્રાહક' માટે વકીલ કે ડૉક્ટર જુદા જ શબ્દો વાપરે છે ને ! વકીલ એને 'અસીલ' અને ડૉક્ટર એને 'પેશન્ટ' કહે છે. ધુતારા-કાળાબજારિયા 'બોકડો', 'પેટી', 'ખોખું', 'વધેરી નાખજે' જેવા શબ્દો પ્રયોજે છે એ આપણે જાણીએ છીએ. આવી છૂપી કે સાંકેતિક બોલીઓ પણ બોલાય છે.

(4) **મજાક કે વક્રોક્તિરૂપ પ્રયોગો :** વિદ્યાર્થીઓ વર્ગમાં ન બેસનાર માટે 'ગુલ્લી મારી', કોઈ એકદમ સમજે નહીં તો 'ટ્યુબલાઇટ ન થવી', અધ્યાપક બરાબર સમજાવી ન શકે તો 'એસ્પ્રો', 'એનેસિન' કે 'બામ'ની સાથે સરખાવી કેટલાક શબ્દપ્રયોગો યોજે છે.

(5) **સામાજિક માન્યતાઓ-વહેમો :** આ પણ બોલીભેદ સર્જનારું એક પરિબળ ગણાય. વહેમો અને માન્યતાઓને કારણે અમુક શબ્દો ટાળવાનું એક ખાસ વલણ દેખાય છે. 'વેપારી દુકાન બંધ કરી' એમ ન કહેતાં 'દુકાન વધાવી' કે 'વસ્તી કરી' એમ બોલશે. 'બંધ' શબ્દમાં એમને 'સદાને માટે બંધ' એવો વહેમ દેખાય છે. બહેનો બંગડી ફૂટે ત્યારે 'બંગડી નંદવાણી' જેવા શબ્દપ્રયોગ કરે છે. કારણ પતિના મરણ પાછળ બંગડી ફોડવાનું એમને અનિષ્ટ લાગે છે.

આમ પ્રાદેશિક, સામાજિક, વ્યાવસાયિક આદિ ભિન્નતાઓને લીધે કે અન્ય કારણોસર એક જ ભાષા જુદી જુદી રીતે પ્રયોજાતી સાંભળવા મળે છે. આમાં જે મોટા ભાગે પ્રાદેશિક ભાષાભેદ હોય એને જ 'બોલી' કહે છે. 'ભાષા' અને બોલી વચ્ચે મુખ્ય ભેદ ભૌગોલિક વિસ્તારનો જ છે.

ભાષા અને બોલી વચ્ચે તાત્ત્વિક દૃષ્ટિએ ભેદ નથી. બંને વચ્ચે જો કોઈ ભેદ હોય તો તે આટલો જ છે.

(1) ભાષા વિશાળ ભૌગોલિક વિસ્તારમાં બોલાતી હોય છે, તો બોલી નાનકડા વિસ્તારમાં પ્રદેશમાં બોલાતી હોય છે.

(2) ભાષામાં સામાજિક વ્યવહારની વિશાળતા કે સર્વગમ્યતા જાળવવાનો પ્રયાસ હોય છે, જ્યારે બોલીમાં પ્રાદેશિકતા જાળવવાનો પ્રયાસ હોય છે.

(3) ભાષા ઉપર કોઈ એક પ્રદેશ દાવો ન કરી શકે, એ આખા ભાષાસમાજની માલિકીની છે, જ્યારે બોલી ઉપર કોઈ પ્રદેશ એવો આધાર જણાવી શકે કે, આ અમારી બોલી છે.

(4) માન્યભાષા એક આદર્શ છે. એ સંસ્કૃતિની-વિકાસની સૂચક છે. એટલે તો માન્ય ભાષામાં જ શિક્ષણ અપાય છે, કોર્ટ-કચેરીમાં એનો જ વપરાશ હોય છે, સાહિત્ય પણ એમાં જ સર્જાય છે. જો કે હમણાં-હમણાં સાહિત્યમાં પ્રાદેશિક બોલીના પ્રયોગો થયા છે ખરા. સાહિત્યના વિશાળ સર્જનની સામે એની માત્રા ઓછી છે, એ નોંધવું રહ્યું.

(5) કેટલાક બોલી અને ભાષા વચ્ચે જન્યજનકનો સંબંધ જુએ છે. કોઈ એક ભાષામાંથી બોલી જન્મે છે, પછી એ જ બોલી આગળ જતાં માન્ય ભાષા બને છે. બંને સમકક્ષ હોઈ આવા સંબંધને સ્થાન નથી. ભાષાનો ઉદ્‌ગમ સમજાવવા આપણે આવા સાંસારિક સંબંધને લક્ષમાં લઈને ભાષાબોલી વચ્ચે આવો સંબંધ સમજાવીએ છીએ ખરા.

અભ્યાસવૃત્તિથી જોઈએ તો આવી 'બોલી' જે તે પ્રાંત કે પ્રદેશની વ્યાપક 'ભાષા'થી અલગ પ્રકારની નથી હોતી. ઉદાહરણ તરીકે, ક્યાંક ઉત્તર ગુજરાતની (પટ્ટણી) બોલી તો ક્યાંક સુરતી બોલી, ક્યાંક ચરોતરી બોલી તો ક્યાંક સૌરાષ્ટ્રી બોલી, એમ પ્રકારભેદ જોવા મળે છે, તો તે પ્રકારો તપાસીએ તો, આપણે જોઈ શકીશું કે આ બોલીઓ શિષ્ટ ગુજરાતી ભાષાનાં મહત્ત્વનાં લક્ષણોથી એકમેકથી ભિન્ન નથી. મોટાભાગના વિસ્તાર કે સમાજમાં સંબંધની ઓછી-વત્તી ઘનિષ્ઠતા મુજબ ભાષાભેદની શક્યતા રહેવાની. 'બાર ગાઉએ બોલી બદલાય' એ ઉક્તિ પણ બોલવાના વ્યવહારની ઘનિષ્ઠતાના આ સિદ્ધાંતનાં જ ભાગરૂપ છે. એવું જોવા મળે છે કે, પરસ્પર સંપર્કમાં રહેલાં જૂથો એમનું અલગ વ્યક્તિત્વ જાળવવા ખાસ બોલચાલના પ્રયોગો કરતા રહે છે, છતાં સમાજના વિભિન્ન વર્ગો કે રાજ્યના ભિન્ન ભિન્ન પ્રદેશો વચ્ચે બોલચાલની જરૂરિયાત તો રહેવાની જ અને તેને માટે વ્યાપક વ્યવહારના કોઈ ભાષા સ્વરૂપની રચના તેમના દ્વારા થયા કરવાની. આને આપણે શિષ્ટ ભાષા કે માન્ય ભાષા કહી શકીએ.

હજુ આપણે પ્રમાણિત કે શિષ્ટ ભાષા વિશે સમજીએ તે પહેલાં ભાષા એટલે શું, અને તેની લાક્ષણિકતાઓ શું છે, તે વિશે સમજીએ.

2.4 ભાષા :

ભાષા, માનવસમાજમાં પરસ્પરના વ્યવહાર માટેનું સાધન છે. તે માનવીની અંગત આવશ્યકતા અને અનુભૂતિની અભિવ્યક્તિ માટેનું માધ્યમ છે. સંસ્કૃતમાં 'भाष्' એટલે બોલવું, તે પરથી 'ભાષા' શબ્દ ઊતરી આવ્યો છે. ભાષાશાસ્ત્રીઓ એવું માને છે કે, આરંભકાળમાં માનવી પોતાની જરૂરિયાતો, લાગણીઓ વગેરે વિવિધ ચેષ્ટા દ્વારા દર્શાવતો, ત્યાર પછી જુદા જુદા અવાજ અને ઉદ્‌ગારો દ્વારા તે પોતાના મનોભાવો વ્યક્ત કરતો થયો, માનસિક અને સામાજિક રીતે તે વિકસતો ગયો તેમ તેમ તેણે પોતાની લાગણીઓ અને વિચારો દર્શાવવા માટે ક્રમે ક્રમે અર્થવાહક શબ્દો સર્જ્યા. તેમાંથી ભાષા ઘડાતી ગઈ અને વિકસતી ગઈ.

સપ્રમાણિત અર્થમાં ભાષા એટલે એકબીજા સાથે વિચારો અને લાગણીઓનું આદાન-પ્રદાન કરવાની વ્યવસ્થા. કેટલીક વ્યાખ્યાઓને આધારે તેના અર્થને સમજવાનો પ્રયાસ કરીએ.-'ભાષા એટલે ધ્વનિ સંકેતો દ્વારા વિચારોની અભિવ્યક્તિ'

- સ્વીટ

'ભાષા યાદચ્છિક વાચિક સંકેતોની એક વ્યવસ્થા છે, જેના વડે કોઈ પણ એક સામાજિક જૂથના સભ્યો એકબીજાનો સહકાર સાધે છે અને એકબીજા સાથે સંપર્કમાં આવે છે.'

- એડગર સ્ટર્ટિવન્ટ

'ભાષા એટલે સ્વૈચ્છિક રીતે ઉપજાવેલ સંકેતો દ્વારા વિચારો, લાગણીઓ અને એષણાઓનું સંક્રમણ કરવાની કેવળ માનવીય અને બિનસાહજિક પદ્ધતિ'

- એડવર્ડ સમીર

'ભાષા યાદચ્છિક ધ્વનિ સંકેતોની એક વ્યવસ્થા છે, જેના દ્વારા કોઈ એક સમાજના સભ્ય તરીકે અને સંસ્કૃતિના ભાગીદાર તરીકે માનવી અરસપરસ આંતરક્રિયા કરે છે અને સંસર્ગ રાખે છે.'

- બ્રિટન સર્વવિદ્યાસંગ્રહ

2.5 ભાષાની લાક્ષણિકતાઓ :

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી ભાષા માટે નીચેની લાક્ષણિકતાઓને તારવી શકાય.

(1) **યાદચ્છિક ધ્વનિસંકેતોની વ્યવસ્થા :** યાદચ્છિક એટલે મરજી મુજબ. આપણા સ્વરતંત્રમાંથી નીકળતાં બધા જ ધ્વનિઓને ચોક્કસ અર્થ નથી, વળી જે-તે સમૂહે પોતપોતાના ધ્વનિસંકેતો દ્વારા ભાષાવ્યવસ્થા ગોઠવી છે અને આ ધ્વનિસંકેતોને ઉપયોગમાં લેવાની વ્યવસ્થા યાદચ્છિક છે. એક ઉદાહરણથી સમજીએ. જેમ કે, આપણે એક ફૂલને 'ગુલાબ' નામ આપ્યું. 'ગુલાબ' આ ધ્વનિસંકેતને 'ગુલાબ' ફૂલ સાથે પ્રત્યક્ષ રીતે તેના હોવા સાથે કોઈ લેવા-દેવા નથી, કે ગુલાબને ખબર પણ નથી કે તેને 'ગુલાબ' તરીકે ઓળખવામાં આવે છે અને અંગ્રેજીમાં તેને 'બીજા' ધ્વનિ સંકેતો દ્વારા અભિવ્યક્ત કરાય છે.

'ગુલાબ' એટલે અમુક ધ્વનિઓ દ્વારા ઉચ્ચારાતા અવાજો. આ ધ્વનિસંકેતો દ્વારા કોઇક એક સમયે કોઈ એક બાબત કે વસ્તુને ઓળખવા, લખવા અને બોલવાની વ્યવસ્થા કરાઈ. જો કદાચ 'ગુલાબ'ને બદલે 'બલાગુ' ધ્વનિસંકેતોની વ્યવસ્થા ગોઠવાઈ હોત તો આપણે 'ગુલાબ'ને 'બલાગુ' તરીકે ઓળખત અને તે પ્રમાણે વાતચીતમાં આદાન-પ્રદાન કરતા.

(2) **ભાષાનિશ્ચિત અર્થ દર્શાવતી સંકુલ વ્યવસ્થા :** ઉપર જણાવ્યું તે પ્રમાણે 'ગુલાબ' શબ્દને એક વખત નક્કી કર્યા પછી આપણે આદાનપ્રદાન કરવા માટેની એક વ્યવસ્થા ગોઠવીએ છીએ. આ રીતે જે-તે બાબતો અને વસ્તુઓ માટે આપણે નિશ્ચિત ધ્વનિ સંકેતોની એક સંકુલ વ્યવસ્થા ગોઠવી છે. અને એકની એક બાબત માટે અલગ-અલગ ભાષાઓમાં અલગ-અલગ વ્યવસ્થા છે.

દા.ત. ત્રણ વ્યક્તિઓ એક દુકાનમાં જઈને એમ કહે કે, 'મારે દ્રાક્ષ જોઈએ છે', 'મુઝે અંગૂર ચાહિયે' કે 'આઇ વૉન્ટ ગ્રેઇપ્સ' તો ત્રણેય જણ એક જ ચીજ માંગી રહ્યા છે, પણ તેઓના આ શબ્દો દ્વારા નિશ્ચિત અર્થ વ્યક્ત કરતી એક સંકુલ વ્યવસ્થા છે.

(3) **ભાષા સામાજિક ઘટના છે. :** બાળક જે સમાજમાં જન્મે છે તે ભાષા તે બોલે છે. અને એક ભાષામાં પણ તે સમાજમાં ઉછર્યા હોય તે વિસ્તારની બોલી પણ બોલે છે. જેમ કે ગુજરાતી એકની એક, પણ, મહેસાણા, સુરત કે કાઠિયાવાડની ગુજરાતી બોલી અલગ પડી જાય. ઉપરાંત માણસ જે-તે વ્યવસાયમાં કાર્યરત હોય તે ભાષા પણ તેના વ્યવહારમાં આવી જતી હોય છે. વ્યક્તિ કોઈ બાળક સાથે વાત કરે, પિતા સાથે વાત કરે, કે કોઈ વડીલ સાથે વાત કરે તો ભાષાનો વ્યવહાર બદલાઈ જાય છે. આમ ભાષા સામાજિક ઘટના છે.

(4) **ભાષા ટેવોનો સમૂહ છે :** જેમ જેમ વ્યક્તિનો ઉછેર થતો રહે તે મતે મતેના વ્યક્તિત્વની સાથે સમાવિષ્ટ બાબતો, ખાનપાન, રહેણીકરણી, ટેવો વગેરેની સાથે ભાષા પણ ઘડાતી રહે છે અને તે એક ટેવોનો સમુચ્ચય બની જાય છે. જેમકે કોઈ સામે મળે ત્યારે 'જયશ્રીકૃષ્ણ' 'જય અંબે' કે 'ગુડ મૉર્નિંગ' એમ કહીને અભિવાદન કરવું એ આપણી ટેવ છે.

આ ટેવ દરેક વ્યક્તિએ અલગ રહેવાની અને તે એક વાતાવરણમાંથી બીજા વાતાવરણમાં જાય તો ત્યાંની ટેવો આત્મસાત્ થવા માંડે છે.

(5) **ભાષા એ કેળવેલો સંસ્કાર છે. :** આપણને ભાષાનો ઉપયોગ કરવાની જન્મજાત શક્તિ મળી છે, પણ તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે કેવી રીતે આપણો ઉછેર થયો છે તેના પર આધારિત છે. ભાષા ક્યાં, કોની સામે, કેવી રીતે બોલવું, તે કેળવણીનું પરિણામ છે. એક અંધ સંતે ત્રણ વ્યક્તિઓના બોલવા પરથી

તેઓમાં એક ચોકીદાર, એક પ્રધાન અને એક રાજા છે, તેમ ઓળખી બતાવ્યું. ચોકીદાર બોલ્યો હતો : "એ આંધળા, કોઇ મદદ મળશે ?" પ્રધાન બોલ્યા હતા : 'સાધુ બાબા, તમે કોઇ સહાય કરશો ?' અને રાજા બોલ્યા હતા કે, 'હે સંત મહાત્મા, આપની કૃપા હોય તો અમને કોઇ સહાય મળી શકશે ?' અહીં જોઈ શકાય છે કે, ચોકીદાર, પ્રધાન અને રાજા એક જ બાબત ઇચ્છતા હોવા છતાં તેઓની અભિવ્યક્તિમાં ભાષા અલગ રીતે છલકાતી હતી. આપણા સાહિત્યની આવી વાર્તાઓ એક રીતે સંસ્કાર અને ભાષાનો જ મહિમાગાન કરાવે છે. આમ, ભાષા એ વ્યક્તિને કેવી કેળવણી મળી છે, તેના પર આધારિત છે.

(6) **ભાષાના વપરાશમાં સર્જનાત્મકતાને અવકાશ છે.** : 'કામિની કોકિલા કેલિ કૂજન કરે' કે 'ઝડપની મજા, મોતની સજા' કે 'કાકાએ કાચના કબાટમાંથી કાચી કેરીનું કચુંબર કાઢ્યું' આ વાક્યો કે પંક્તિઓ ભાષામાં સર્જનશીલતાને વ્યક્ત કરે છે. ક્યારેક તો એમ થાય કે, કક્કામાં રહેલા નિશ્ચિત સંખ્યાના સ્વર અને વ્યંજનો દ્વારા માત્ર અસંખ્ય વાક્યો જ નહીં, પણ સામાન્ય વ્યવહારમાં કે સાહિત્યમાં પણ કેટકેટલી રચનાઓ રચાય છે. એસ.એમ.એસ.માં વપરાતી ભાષામાં પણ કેવી સર્જનશીલતા ઝલકતી હોય છે ? પોતે અત્યાર સુધી ન સાંભળ્યા હોય કે વાંચ્યા હોય એવા અસંખ્ય નવાં વાક્યો માણસ રચી શકે છે.

(7) **ભાષા દ્વારા સમાજના ભિન્ન્યો પ્રત્યાયન કરે છે.** : ભાષા આપણા જીવનમાં શ્વાસની જેમ વણાઈ ગઈ છે, એટલે સવારે જાગતાંની સાથે લોકો સાથેના જીવનવ્યવહારમાં આપણી ભાષા દ્વારા જ આપણે લોકો સાથે જોડાઈએ છીએ. દિવસભર અને જીવનભર આપણે લોકો સાથે આપણા વિચારો અને લાગણીઓનું સતત આદાન-પ્રદાન કરતાં હોઈએ છીએ, પછી તે પ્રેમ હોય કે ઘૃણા, ગુસ્સો હોય કે વિનંતી, શીખવાનું હોય કે શીખવવાનું હોય,

ટી.વી. પર કોઈની મુલાકાત હોય કે લગ્ન માટે કોઈ મુરતિયા સાથે વાત કરવાની હોય, કે બાળક સાથે કાલીઘેલી ભાષામાં રમવાનું હોય, આ સર્વમાં ભાષા દ્વારા જ પ્રત્યાયન થાય છે. ભાષાની વિભાવના અને તેની લાક્ષણિકતાઓ જોયા બાદ ભાષા મન ફાવે તેમ પ્રયોજાતી નથી પણ આ એક અતિ સંકુલ વ્યવસ્થાને ચોક્કસ નિયમો હોય છે, અને એટલે જ વિશ્વની તમામ ભાષાઓમાં કેટલાક સાર્વત્રિક નિયમો છે અને એટલે જ તેને નિયમ અનુશાસિત ભાષા તરીકે ઓળખવામાં આવે છે. હવે, તે અંગે વિસ્તૃત ચર્ચા કરીએ.

2.6 નિયમાનુશાસિત ભાષા (Rule Governed System) :

ભાષાની વિભાવના પરથી એ સ્પષ્ટ થાય છે કે એ અન્યોન્ય સાથે પ્રત્યાયન કરવામાં વપરાતાં પ્રતીકોનું માનવસર્જિત, નિયમબદ્ધ, ગતિશીલ અને સર્જનાત્મક તંત્ર છે. તે છૂટાછવાયા કે અવ્યવસ્થિત પ્રતીકોની ભેળસેળ નથી પણ એક સુવ્યવસ્થિત તંત્ર છે. દરેક ભાષાને તેના વિવિધ નિયમો છે. ઉચ્ચારણ કઈ રીતે કરાય, શબ્દો કઈ રીતે જોડાય, ભૂત, વર્તમાન કે ભવિષ્યકાળ કઈ રીતે દર્શાવાય, કર્તા, કર્મ, વિશેષણ અને ક્રિયાપદોનો કેવી રીતે ઉપયોગ કરવો તેના ચોક્કસ નિયમો છે અને એટલા માટે જ તેને નિયમ અનુશાસિત ભાષા તરીકે ઓળખવામાં આવે છે.

ભાષા નિયમન તંત્રના પાસાંઓ નીચે મુજબ છે. અહીં આપણે એક એક પાસાંની સમજ મેળવીએ.

(1) **ધ્વનિશાસ્ત્રીય પાસું (Phonological) :** આ પાસું ભાષામાં વપરાતાં મૂળભૂત ઉચ્ચારો કે ધ્વનિઓનું વિશ્લેષણ કરે છે. આપણે જે વાણી બોલીએ છીએ તેના લઘુતમ એકમ (મૂળભૂત ઉચ્ચાર)ને ધ્વનિ એકમ (Phoneme - ફોનિમ) કહે છે. ગુજરાતી ભાષામાં અ, આ, ઇ, ઉ વગેરે 12 સ્વરો અને ક, ખ, ગ, ઘ વગેરે મળીને 34 વ્યંજનો છે. આપણે કોઈપણ ધ્વનિ ઉચ્ચારીએ તે ભાષાનો મૂળાક્ષર બનતો નથી. જેમકે, આપણા સ્વાભાવિક ઉચ્ચારો, આહ!, ઉહ્! વગેરે.

પણ આપણે એ ધ્વનિઓને નિયમાનુસાર વ્યવસ્થામાં ઢાળ્યા. દરેક ભાષાને પોતાના આવા મૂળાક્ષરો છે, અને બે ધ્વનિઓ વચ્ચેના અર્થપૂર્ણ જોડાણને ધ્વનિશાસ્ત્રીય પાસાં તરીકે ઓળખવામાં આવે છે. દા.ત. 'ઉંદર' અને 'ઉદર' આ શબ્દોના આરંભના ધ્વનિઓ અલગ છે પણ પાછળના બે ધ્વનિઓ સરખા છે અને એ ધ્વનિઓ બદલાતાં શબ્દનો અર્થ પણ બદલાઇ જાય છે. 'ઉંદર' એટલે એક પ્રાણી અને 'ઉદર' એટલે શરીરનું એક અંગ 'પેટ'. આ ધ્વનિઓને પોતાના અર્થ નથી હોતા, પણ એ ધ્વનિઓને નિયમાનુસાર જોડવાથી અર્થપૂર્ણ શબ્દની રચના કરી શકાય છે.

(2) **અર્થપૂર્ણ એકમનું પાસું (Morphological) :** ઉપર જોયું તે પ્રમાણે ધ્વનિઓને અર્થપૂર્ણ રીતે જોડવાથી શબ્દ બને છે. કોઇપણ રીતે ધ્વનિઓને જોડી દેવાથી અર્થપૂર્ણ શબ્દ બને નહીં. ભાષાની વ્યાખ્યા જોતી વખતે આપણે 'ગુલાબ' શબ્દની ચર્ચા કરી હતી. 'બલાગુ' શબ્દ અર્થપૂર્ણ ન બની શકે. આ શબ્દને અર્થહીન પદ કહી શકીએ. આમ ભાષાના નાનામાં નાના શબ્દને અર્થપૂર્ણ એકમ કહે છે. આ નાના એકમને અન્ય પ્રત્યયો લગાડવાથી અન્ય અર્થપૂર્ણ શબ્દો મળે છે. દા.ત. 'બોલવું' એ એક અર્થપૂર્ણ એકમ છે, તેને બીજા પ્રત્યયો લગાડવાથી 'બોલે', 'બોલશે', 'બોલ્યો', 'બોલાવવું', આ જોડાણો કરવાના દરેક ભાષાના પોતાના નિયમો છે, તેને 'મૉર્ફોલોજિકલ રુલ્સ્' (Morphological Rules) કે 'અર્થપૂર્ણ એકમ અંગેનો નિયમ' કહે છે.

(3) **શબ્દસંયોજનનું પાસું (Syntax) :** વ્યાકરણની દૃષ્ટિએ સ્વીકારી શકીએ એવા શબ્દસમૂહોના સંયોજનોને શબ્દસંયોજનનું પાસું કહે છે. જેમ અક્ષરોને તેમ ગોઠવી દેવાથી શબ્દ નથી બનતો તેમ શબ્દો ગમે તેમ ગોઠવી દેવાથી અર્થપૂર્ણ વાક્ય બનતું નથી. વાક્ય રચવા માટે શબ્દો કેવી રીતે જોડવા જોઈએ, તેને 'સિન્ટેક્સ્' શબ્દસંયોજન કહે છે. દા.ત. 'જંગલમાં વાઘ ફરે છે' આ વાક્યના

શબ્દોને અન્ય રીતે ગોઠવીએ તો 'વાઘમાં જંગલ ફરે છે' એમ કહીએ તો અર્થ સિદ્ધ ન થાય. આમ, શબ્દોની અર્થપૂર્ણ ગોઠવણી વ્યાકરણના નિયમોને અનુસરે છે. કર્તા, ક્રિયાપદ, કર્મ, વિભક્તિના પ્રત્યયો વગેરેને જોડવાના ચોક્કસ નિયમો છે. આપણે બાળપણમાં જ ભાષા કુદરતી રીતે જ આત્મસાત્ કરી લઈએ છીએ એટલે વ્યાકરણ શીખ્યા વગર જ ભાષા આવડી ગઈ હોય છે, એટલે ઝાઝી માથાકૂટ અનુભવાતી નથી. ટૂંકમાં, શબ્દોને સ્વીકૃત રીતે જોડી શકવાના વિજ્ઞાનને શબ્દસંયોજનનું પાસું કહેવામાં આવે છે.

(4) **શબ્દાર્થશાસ્ત્રીય પાસું (Semantics) :** ભાષાના નિયમો અંતર્ગત આ પાસું શબ્દોના છૂટા છૂટા અર્થો નહીં પણ, શબ્દો અને ફકરાઓ જોડાયા પછી તેનો સમગ્રતયા અથવા સર્વગ્રાહી અર્થ શું મળે છે, તેને શબ્દાર્થશાસ્ત્રીય પાસું કહે છે.

આ પાસું શબ્દોને વાક્યમાં જોડ્યા પછી નીપજતાં અર્થને તપાસે છે. **દા.ત., કરસનદાસ માણેકના એક કાવ્ય 'શાને આવું થાય છે ?' ની બે પંક્તિઓ જોઈએ.**

"મને એ જ સમજાતું નથી કે આવું શાને થાય છે ?
ફૂલડાં બધાં ડૂબી જતાં ને પથ્થરો તરી જાય છે !
છે ગરીબોના કૂબામાં તેલ ટીપું ય દોહ્યલું,
ને શ્રીમંતોની કબર પર ઘીના દીવા થાય છે !"

આ પંક્તિઓમાં શબ્દસંયોજન જે રીતે ગોઠવાયું છે અને તેમાંથી જે અર્થ નીપજે છે તે અર્થની તપાસ આ પાસું કરે છે. અહીં સ્વાભાવિક રીતે જ ભાષાનું મનોવૈજ્ઞાનિક પાસું જોડાઇ જાય છે. કારણ કે અહીં માત્ર શબ્દોના અર્થ આવડે તે પૂરતું નથી, પણ સમગ્ર શબ્દરચના દ્વારા જે ગર્ભિત અર્થ નીકળે છે, તેનો બોધ થવો જરૂરી છે.

(5) **સામાજિક સંદર્ભલક્ષી પાસું (Pragmatics) :** ભાષા અને સમાજ એકબીજાના અવિભાજ્ય અંગ છે. સમાજ વગર ભાષા ને અને ભાષા વગરના સમાજને કલ્પી શકાય નહીં. એટલે એકના વાક્યને પણ કોઈની સમક્ષ રજૂ કરવાનું છે, તે જાણીને ભાષામાં જે ફેરફાર કરવાના થાય છે તેને સામાજિક સંદર્ભલક્ષી પાસું કહે છે. દા.ત. મમ્મી, પપ્પા, ભાઈ, બહેન, મિત્ર, શિક્ષક કે દાદાને એકની એક જ વાત કહેવાની હોય તો ક્યાંક આદેશ, ક્યાંક વિનંતી, ક્યાંક ભાર, ક્યાંક સૂચન વગેરેને ધ્યાનમાં રાખીને ભાષારચના કરવી પડશે. જમવા બોલાવવાના હોય તો, દાદાજી માટે, 'દાદાજી, જમવા આવશો ?' એમ વિનંતીના સૂરમાં કહેવાશે, નાની બહેનને કહેવું હોય તો, 'નાનકી, જમવા ચાલને !', એમ લાડના લહેકા સાથે બોલાશે. વિશ્વની તમામ ભાષાઓમાં જે-તે સમાજના સંદર્ભગત પાસાંને ધ્યાનમાં રાખીને જ વિચારો અને લાગણીઓની આપ-લે થતી હોય છે. ભાષાનું મૂળ કામ તો આ જ છે. આમ, જુદી જુદી વ્યક્તિઓ, જુદા જુદા સંજોગોમાં ભાષાનો ઉપયોગ જુદી જુદી રીતે કરવાનો હોય છે.

(6) **સંવેદનાત્મક પાસું (Prosodic) :** ભાષાના આ પાસાંને શાબ્દિક કરતાં વક્તા કે લેખકના મનોભાવો સાથે નિસબત છે. એકના એક વાક્યો વ્યક્તિ કઈ મનોદશામાં બોલે છે તે બાબત તે નામનો ભાવદર્શક પાસાંને રજૂ કરે છે. આ બાબત ભાષાની અભિવ્યક્તિના લય, અવાજની ઊંચાઈ, થડકો, ગતિ વગેરે વિશે સમજૂતી આપે છે. આ પાસું શાબ્દિક અભિવ્યક્તિ સાથે સંકળાયેલી અશાબ્દિક અભિવ્યક્તિને દર્શાવે છે અને આ બાબત શબ્દને વિશેષ અર્થ આપે છે. દા.ત., કોઈ વ્યક્તિની વર્ષગાંઠ હોય, કોઈ વ્યક્તિનો સ્પર્ધામાં પ્રથમ નંબર આવ્યો હોય, અને કોઈ વ્યક્તિ બિમાર હોય, આ ત્રણ સંજોગોમાં 'હું મજામાં છું' એ ત્રણ શબ્દોનું બનેલું વાક્ય અલગ-અલગ રીતે બોલાશે. અને એ ત્રણેય શબ્દોનો અલગ-અલગ અર્થ પણ અનુભવાશે.

એટલે વાક્ય એક જ હોવા છતાં કોણ, ક્યા સંજોગોમાં બોલે છે, અને કેવી રીતે બોલે છે, તેના પર આ પાસું આધાર રાખે છે. કોઈ 'કેમ છો ?' એવું મજાકમાં પૂછે, વ્યંગમાં પૂછે કે ખબર- અંતર પૂછવા માટે બોલે ત્યારે એ બે શબ્દો દ્વારા રચાયેલું વિધાન અલગ અર્થ નીપજાવે છે. આમ, વક્તાની લાગણીશીલ બાબતોને રજૂ કરતા ભાષાના નિયમને સંવેદનાત્મક પાસાં તરીકે ઓળખવામાં આવે છે.

(7) **લક્ષણકેન્દ્રી પાસું (Idiosyncratic) :** આમ તો આ પાસું ઉપરોક્ત પાસાંને જ એક અલગ શાસ્ત્રના સ્વરૂપમાં રજૂ કરે છે. આ પાસાંને વિશેષ તો અલગ-અલગ વિષયો, વ્યવસાય કે સમાજમાં લોકો વચ્ચે અલગ-અલગ પરિસ્થિતિઓમાં થતા સંવાદમાં પ્રયોજાતી ભાષાને સ્પર્શે છે. કોઈ ડૉક્ટર તેના દર્દી સાથે, કોઈ વકીલ તેના અસીલ સાથે, કોઈ જ્યોતિષી તેના ગ્રાહક સાથે, કોઈ કર્મકાંડી તેના યજમાન સાથે કે કોઈ શિક્ષક તેના વિદ્યાર્થી સાથે વાતચીત કરે ત્યારે જે તે વિષય કે બાબતના પારિભાષિક શબ્દોનો ઉપયોગ થાય છે. જે-તે વિષયનું વિષયવસ્તુ, સાંસ્કૃતિક બાબતો કે વ્યવસાયની વિશિષ્ટ ભાષા પ્રયોજાય ત્યારે ભાષાના લક્ષણ-કેન્દ્રીય પાસાંનો વિચાર થતો હોય છે.

ઉપરોક્ત સાતેય બાબતો ભાષાની સંકુલવ્યવસ્થાને પરિભાષિત કરે છે અને આપણને એ સમજાય છે કે ભાષા એમ ને એમ ક્યારેય પ્રયોજાતી નથી, તેના વણલખેલા અને છતાં અવિરત અજાણપણે ઉપયોગમાં લેવાતા નિયમોને આધારે જ વ્યવહારમાં પ્રયોજાતી હોય છે. પણ એક શિક્ષક તરીકે વર્ગખંડમાં વિદ્યાર્થીઓ સાથે જ્યારે ભાષાકર્મ કરવાનું હોય ત્યારે આ બાબતોને સમજવી આવશ્યક બની જાય છે. ભાષાનું સ્વરૂપ એટલું બધું વૈવિધ્યસભર છે કે તેને કોઈ એક સ્વરૂપમાં વ્યક્ત કરવું અત્યંત કઠિન બની જાય છે. છતાં આપણે વ્યવહારમાં એટલું તો સમજીએ

છીએ કે જ્યારે કોઈ પણ વ્યક્તિ જાહેરમાં અથવા બે-પાંચ લોકોની હાજરીમાં અમૂક રીતે બોલે ત્યારે તરત જ મનમાં એક પ્રતિભાવ જન્મી જાય છે કે, આ વ્યક્તિએ આ રીતે ન બોલવું જોઈએ.

બે વ્યક્તિઓ અંગત રીતે વાતો કરતા હોય ત્યારે બોલાતી ભાષા અને કોઈ જાહેર સમારંભમાં બોલાતી ભાષા વચ્ચે એક અંતર હોય છે. વ્યક્તિગત સંબંધોને આધીન લખાતા પત્રો કે વહીવટી પ્રત્યાયન માટે લખાતા પત્રોની ભાષામાં પણ અંતર જણાય છે અને તેમ હોવું પણ જોઈએ. જાહેર ક્ષેત્રમાં ઉપયોગમાં લેવાતી ભાષાને પ્રમાણિત કે પ્રમાણિત ભાષાનો દરજ્જો સાંપડે છે અને તે પણ ભાષાવિકાસની પ્રક્રિયાનો જ એક હિસ્સો છે.

ભાષાનો અર્થ, લક્ષણો અને નિયમાનુશાસિત ભાષા વિશે સમજ્યા પછી પ્રમાણિત અથવા શિષ્ટ ભાષા એટલે શું, તેનો પરિચય મેળવીએ.

2.7 પ્રમાણિત ભાષા :

ભાષા સમાજમાં વપરાય છે. ભાષા બોલનાર વ્યક્તિઓ ભૌગોલિક રીતે ફેલાયેલી હોય છે. સામાન્ય રીતે ભૌગોલિક અંતરને કારણે ભાષાનું સ્વરૂપ બદલાય છે અને એ અલગ સ્વરૂપને બોલી કહેવાય છે. આમ જોવા જઈએ તો, પ્રમાણિત ભાષાનું વાસ્તવિક અસ્તિત્વ હોતું નથી. અસ્તિત્વ બોલીઓનું જ હોય છે. પ્રમાણિત સ્વરૂપ એક ખ્યાલ છે. દરેક વ્યક્તિ પોતાના વિસ્તારની બોલી જ બોલતો હોય છે. પ્રમાણિત ભાષા બોલનાર કોઈ હોતું નથી. તેમ છતાં પ્રમાણિત ભાષાનું અસ્તિત્વ સ્વીકારવામાં આવે છે.

પ્રમાણિત ભાષાનો વિસ્તાર કયો અને એનું સ્વરૂપ કેવું એ અંગે બહુ ચોકસાઈથી જણાવી ન શકાય. સામાન્ય રીતે કોઈ એક રાજ્યમાં બોલાતા અનેક નજીકના સ્વરૂપોને બોલી કહેવાય છે.

એ રાજ્યની રાજધાનીના વિસ્તારમાં બોલાતું સ્વરૂપ કેટલેક અંશે પ્રમાણિત ભાષાનો મોભો મેળવતું હોય છે અને અન્ય સંલગ્ન વિસ્તારોના વિવિધ સ્વરૂપોને બોલી કહેવાય છે.

ગુજરાત રાજ્યમાં ગુજરાતી માન્ય ભાષા ગણાય છે અને સમગ્ર રાજ્યમાં ફેલાયેલ વિસ્તારોમાં બોલાતી નજીકની ભાષાઓને ગુજરાતીની બોલીઓ કહેવાય છે.

જેમ ભાષા પરિવર્તિત થતા સામાજિક પરિવેશમાં લુપ્ત થતી હોય તો કેટલીક ભાષાઓ પોતાના પ્રભાવને વધુ મજબૂત બનાવતી હોય છે. આ બાબત પણ પરિવર્તનશીલ જ છે. ઘણી વખત સમાજનો શ્રેષ્ઠીવર્ગ, રાજકારણીઓ, વ્યવસાયોનું પ્રભુત્વ અને સમૂહ માધ્યમો કેટલીક ભાષાઓના પ્રયોગોને વધુ મહત્ત્વ આપતા જાય તેમ તેમ ભાષા પોતાના પ્રભાવને વધુ બળવત્તર બનાવતી જાય છે.

સામાન્ય રીતે વિશ્વમાં પ્રવર્તમાન દરેક ભાષા મૂળથી તો અમૂર્ત સંકલ્પનાઓ કે સંજ્ઞાઓ જ છે, છતાં કેટલીક ભાષાઓ તેના ઇતિહાસ, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અને રાજકારણ સાથેની આંતરક્રિયાને કારણે સમાજમાં વધુ પ્રભાવી બની જાય છે અને તેનો સામાજિક રાજકીય પ્રભાવ સબળ બની જાય છે. આ એક વૈશ્વિક ઘટના જ છે, દરેક દેશ અને પ્રદેશમાં કોઈને કોઈ ભાષાનો વધુ પ્રભાવ જોવા મળે છે.

પ્રમાણિત ભાષાનો ઉપયોગ શિક્ષણ, વહીવટ, કાયદો, પ્રચાર માધ્યમોમાં એકવાક્યતાની જરૂરને કારણે થતો હોય છે. સાહિત્યમાં પ્રમાણિત ભાષા ઉપરાંત અનેક બોલીઓનો ઉપયોગ થાય છે. ઉપર દર્શાવેલ ક્ષેત્રોમાં કોઈ ઇચ્છે તો પણ બોલીઓને દાખલ ન કરી શકે. જેમકે, વહીવટનો પત્રવ્યવહાર પ્રમાણિત ભાષામાં થવો જરૂરી હોય છે જેથી દરેક વિસ્તારના લોકો સમજી શકે અને દરેક વિસ્તારના લોકોને એટલા માટે જ પ્રમાણિત ભાષાનું અને પ્રમાણિત ભાષામાં શિક્ષણ આપવામાં આવે છે.

પ્રમાણિત ભાષા એક સર્વસ્વીકૃત અને સરકાર માન્ય સ્વરૂપ હોય છે. એનાથી અલગતા ધરાવતા સ્વરૂપને બોલી કહેવાય છે. NCERT થકી નેશનલ ફોકસ ગ્રૂપ અંતર્ગત જે પેપર્સ રજૂ થયાં તેમાં 1.3 નંબરના 'ટિચિંગ ઑફ ઇન્ડિયન લેન્ગવેજિસ' પોઝિશન પેપરમાં નવમો મુદ્દો ભાષા અને પ્રભાવ અંગે ચર્ચાયો છે. જેમાં દર્શાવ્યું છે કે, 'સામાન્ય રીતે સમાજના ઉચ્ચવર્ગના લોકો જે ભાષાપ્રયોગ કરે છે તેને શિષ્ટ ભાષા માની લેવામાં આવે છે અને એ રીતે શબ્દ- કોશો અને સંદર્ભ સાહિત્ય પણ આ ભાષાને પ્રમાણિત માની લે છે,

વાસ્તવમાં ભાષાના વિજ્ઞાનને સંબંધ છે ત્યાં સુધી ભાષામાં કોઈ શુદ્ધ ભાષા, શિષ્ટ ભાષા કે બોલી વચ્ચે કોઇ તફાવત નથી. પણ જેમ ચામડીનો રંગ, ધર્મ, જાત વગેરે ક્ષુલ્લક લક્ષણોના આધાર પર આપણે પૂર્વગ્રહ બાંધી લઈએ છીએ તેવી રીતે બોલી પ્રત્યે પણ આપણા પૂર્વગ્રહો બંધાયેલા છે અને એ રીતે આપણે સામાજિક, રાજકીય અને આર્થિક બાબતોને પણ ભાષાના દાયરામાં લાવીને તેને શિક્ષણ, સરકાર, કાયદો અને સમૂહ માધ્યમો વગેરેમાં અધિકૃત ભાષા માની લેવાનું વલણ ધરાવી લઈએ છીએ અને આ જ વલણ ચાલુ રહે તો જે ભાષાને વિકસવાની તક જ નથી મળી તે ભાષા કદી ઉપર જ નહીં આવી શકે.

કેમ કે, આપણે તેને અન્ય કોઇ સંદર્ભમાં ઉપયોગમાં લેવાનો મોકો જ નહીં આપીએ. અને એ પણ એટલું જ અગત્યનું છે કે 'પ્રમાણિતતા' એ સ્થિર નથી. સમય જતાં તેનો પ્રભાવ પણ બદલાયા કરે છે. આ બાબત પર હજી વધુ સઘન વિચારણા કરવાની જરૂર છે.'

દરેક ભાષાને તેનો આગવો પ્રભાવ છે તે વિશે સભાન થવાની જરૂર છે. જયારે ઓછું બોલાતી કોઈ બોલી નષ્ટપ્રાય થાય, ત્યારે તે આખી સંસ્કૃતિ નષ્ટ થાય એવો ભાવ થાય છે. માટે જ આ વિષય અંગે અભ્યાસક્રમમાં તેના વિશે સંવેદનશીલતા કેળવવાનો પ્રયાસ થયો છે.

આપણા સામાન્ય અનુભવોની વાત કરીએ તો અમુક વ્યવસાય કે અમુક ધર્મ કે જ્ઞાતિના લોકો જે ભાષા પ્રયોજે તે શિષ્ટ મનાય છે. દા.ત. નાગરો તેમની શિષ્ટ ભાષા માટે જાણીતા છે. નાગરોની ભાષા તેમની કેળવણી, સભ્યતા અને તેમના વિશિષ્ટ સંસ્કારો દર્શાવે છે. અત્યારે અંગ્રેજી ભાષાનો પ્રભાવ કોઈનાથી પણ અજાણ્યો નથી, ત્યાં સુધી કે ગુજરાતી માધ્યમની શાળાઓનો મૃત્યુઘંટ લગભગ વાગી ચૂક્યો છે.

શિક્ષણવિદો અને ભાષાવિદો અંગ્રેજીના પ્રભાવ અને તેની ઉપયોગિતાને ચોક્કસ સ્વીકારે છે પણ તે પોતાની માતૃભાષાના ભોગે તો નહીં જ. પ્રમાણિત ભાષા વિશે સમજ્યા પછી એક બાબત અચૂક સ્પષ્ટ થશે કે બધા જ લોકો ત્યાં

સુધી કે ભણેલા લોકો પણ જેને શિષ્ટ ભાષા કહે છે, તેના ઉપયોગમાં સજજ જણાતા નથી. કેમકે ભાષા એ કેળવાયેલો સંસ્કાર છે. તે ઝડપથી હસ્તગત પણ નથી થતો. જે વાતાવરણમાં ઉછેર થયો હોય તેના પર તેનો આધાર છે.

એટલે જ ઘણી વાર વર્ગખંડમાં અલગ-અલગ વિસ્તારોમાંથી આવતા વિદ્યાર્થીઓની ભાષાસજ્જતામાં તફાવત જોવા મળે છે. કેટલીક વાર શિક્ષકોને એવો અનુભવ પણ કદાચ થયો હશે કે, તેઓ ગુજરાતીમાં જ બોલતા હોય, અને વિદ્યાર્થીઓ એ જ ગુજરાતી ભાષાને ન સમજતા હોય તેવો પ્રતિભાવ આપે. ચહેરા પર શૂન્યાવકાશ છવાઇ ગયો હોય. ત્યારે શિક્ષકને કહેવું પડે કે, હું આપણી જ ભાષામાં બોલું છું, કોઇ ફ્રેંચ કે લેટિન ભાષામાં બોલતો નથી. પણ અહીં શિક્ષક કે વિદ્યાર્થી કોઈનો વાંક નથી. બંને વચ્ચે સંવાદ કેમ સધાતો નથી, તે માટે 'ઘટ સિદ્ધાંત'ને સમજવો પડે.

2.8 ઘટ સિદ્ધાંત (Deficit Theory) :

વર્ગખંડમાં ક્યારેક શિક્ષક પ્રશ્ન પૂછે અને વિદ્યાર્થી તેનો યોગ્ય ભાષામાં જવાબ ન આપી શકે. આવું અનેક વિદ્યાર્થીઓ સાથે કદાચ અવારનવાર બનતું જ હશે અને પ્રત્યેક શિક્ષકનો આ અનુભવ બહુ જ સામાન્ય રહ્યો હશે. આ સંજોગોમાં સામાન્ય રીતે એવું બનતું હોય છે કે વિદ્યાર્થી જયારે યોગ્ય જવાબ ન આપી શકે, અથવા આપણને અપેક્ષિત હોય તેવી ભાષાનો ઉપયોગ એ ન પણ કરે, ત્યારે વિદ્યાર્થી પ્રત્યે કેટલાક શિક્ષકો કેટલીક વખત પૂર્વગ્રહ બાંધી દે છે કે, આ વિદ્યાર્થી હોંશિયાર નથી, અથવા એની ભાષાશક્તિ નબળી છે કે કોઈ અન્ય લેબલ લગાડી દે છે.

પ્રથમ સિદ્ધાંતને સમજીએ.

The 'deficit theory', suggests that children from lower socioeconomic environments enter school without the linguistic resources needed for success. It suggests that teachers avoid labeling children as verbally inept when their language does not conform to the teacher's linguistic model.

ઘટ સિદ્ધાંત જણાવે છે કે,

જે બાળકો નિમ્ન સામાજિક આર્થિક વાતાવરણમાંથી શાળામાં પ્રવેશે છે તેઓ સફળતા માટેના જરૂરી ભાષાકીય સ્રોતો વગર આવેલા હોય છે અને આ સિદ્ધાંત શિક્ષકોને સૂચન કરે છે કે તેઓએ પોતાના ભાષાકીય પરિરૂપને અનુરૂપ ન હોય તેવી રીતે જો વિદ્યાર્થી શાબ્દિક અક્ષમતા બતાવે તો તેઓ ભાષામાં 'અક્ષમ' વિદ્યાર્થી છે, તેવી છાપ ન લગાવી દે.

'Johnny Can't Talk, Either : The Perpetuation of the Deficit Theory in Classrooms' (Reading Teacher, v42 n9 p670-74 May 1989) નામના લેખમાં Eller, Rebecca G જણાવે છે કે, શાળામાં દાખલ થનારા કેટલાક વિદ્યાર્થીઓ તેઓના વિભિન્ન સાંસ્કૃતિક અને સામાજિક પરિવેશને કારણે લઘુત્તમ ભાષાકીય સિદ્ધિ પણ ધરાવતા નથી હોતા, તેને કારણે તેઓ શિક્ષકની અપેક્ષાએ તેઓની સફળતાની કક્ષાએ ઊણા ઊતરે છે. અહીં સવાલ વિદ્યાર્થીની બુદ્ધિક્ષમતા કે ભાષાક્ષમતા નિમ્ન છે, તેમ જણાવવાનો નથી.

પણ જે-તે ઉંમરે વિદ્યાર્થીએ પર્યાપ્ત ભાષાકીય સિદ્ધિ હાંસલ કરવી જોઈએ તે તેના પછાત અથવા નિમ્ન સામાજિક આર્થિક પરિબળોને કારણે પ્રાપ્ત થઈ હોતી નથી. કોઈ વિદ્યાર્થીએ સાઈકલ પણ ન ચલાવી હોય, ટીવી પણ ન જોયું હોય, વર્તમાનપત્ર શું છે, તેની ખબર ન હોય, એની માનસિક અવસ્થાનો અંદાજ આપણે લગાવી શકીએ. તે બુદ્ધિથી નબળો નથી હોતો, પણ તેનું અનુભવક્ષેત્ર એટલું સીમિત હોય છે કે તેનો જેટલો ભાષાકીય અને વ્યક્તિત્વનો વિકાસ થયો હોવો જોઈએ તેટલો નથી થયો હોતો. સામે પક્ષે કેટલાક એવા પણ વિદ્યાર્થીઓ હોઈ શકે જેઓ તમામ સુવિધાઓ સાથે ઉછર્યા હોય, વિકાસ માટેનું સાનુકૂળ વાતાવરણ મળ્યું હોય, તેઓ શિક્ષકની અપેક્ષાએ સારી અભિવ્યક્તિ કરી શકે છે અને તેઓ શિક્ષકની નજરમાં હોંશિયાર વિદ્યાર્થી તરીકે ગણના પામી જાય છે. અહીં તફાવત વિદ્યાર્થીની બૌદ્ધિક ક્ષમતાનો નથી, પણ એના માટે વાતાવરણની ભિન્નતા જવાબદાર છે.

આ જ બાળકો તેઓના પોતાના પરિવેશમાં સરસ રીતે અભિવ્યક્તિ કરી શકતા હોય છે, પણ શાળાકીય વાતાવરણમાં પાછા પડે છે. એક સાચી બનેલી ઘટના છે. એક વખત એક વર્ગખંડમાં શિક્ષકે વિદ્યાર્થીને કોઈએ એક એકમની

પ્રસ્તાવના કરવાના હેતુસર પ્રશ્ન કર્યો કે, 'તમારી દૃષ્ટિએ તમે જોયેલી ફિલ્મોમાંથી શ્રેષ્ઠ ફિલ્મ કઈ છે ?' એ વિદ્યાર્થી ન ઊભો થયો, ન કોઈ જવાબ આપ્યો. શિક્ષકે તેને ફરી ઊભા થવાનું દબાણ કર્યું અને પ્રશ્ન દોહરાવ્યો. વિદ્યાર્થી ઊભો તો થયો પણ શૂન્યમનસ્ક બનીને ઊભો રહ્યો. શિક્ષકે તેના જેવા પ્રશ્નો પૂછ્યા, 'ટીવીમાં કઈ સિરિયલ ગમે છે?', 'ક્યા અભિનેતા કે અભિનેત્રી ગમે છે ?' પણ જવાબ એકેય ન મળ્યો. પછી શિક્ષકે તેની બાજુમાં બેઠેલા અન્ય બે વિદ્યાર્થીઓની આ જ પ્રશ્નો પૂછ્યા. પણ એ બંને વિદ્યાર્થીઓની પણ આ જ હાલત. હવે આ શિક્ષકની માનસિક હાલત આપણે સમજી શકીએ. પણ આ સમગ્ર ઘટનામાં કરુણ અંત હવે આવે છે, જ્યારે એ ત્રણેય વિદ્યાર્થીઓના સંદર્ભમાં વર્ગના અન્ય મિત્રો એવું જણાવે છે કે, 'મેડમ, એમને ઘરે લાઈટ જ નથી, તેઓ ફૂટપાથ પર રહે છે. સ્ટ્રીટલાઈટના અજવાળે વાંચે છે. ચૂલા પર રાંધે છે. ગેસ પણ નથી જોયો. જિંદગીમાં ટીવી નથી જોયું, કે થિયેટરનો તો પડછાયો પણ નથી જોયો.' આખા વર્ગખંડમાં સોપો પડી ગયો. શિક્ષકને સમગ્ર પરિસ્થિતિનો અહેસાસ થયો. સમગ્ર વર્ગખંડ એવું નક્કી કર્યું કે, એક દિવસ થિયેટરમાં એક ફિલ્મ જોવા જવું. પછી શિક્ષક એક દિવસ શાળામાં ટીવી જોવાની સગવડ કરી અને એ વિદ્યાર્થીઓના વિકાસ માટે શક્ય એટલા પ્રયત્નો કર્યા. પણ આવું બધા જ વિદ્યાર્થીઓના કિસ્સામાં બનતું હશે, તેવી ખાતરી આપી શકાય ખરી ?

આવા વિદ્યાર્થીઓ ભારતીય વર્ગખંડોમાં બહોળાં પ્રમાણમાં છે. એવું માની લેવાની સહેજ પણ જરૂર નથી કે, એ વિદ્યાર્થીઓ બુદ્ધિશક્તિમાં નબળા છે. આવા વિદ્યાર્થીઓ ઘટસિદ્ધાંતના દાયરામાં આવે છે. શાળામાં તેઓના વિકાસ માટે અલગ પ્રયાસો હાથ ધરવા જ પડે અને તો જ તેઓ એમની સાથેના અન્ય વિદ્યાર્થીઓ સાથે કદમ મિલાવી શકે.

The 'Deficit theory' of education posits that students who differ from the norm in a significant way should be considered deficient, and that the educational process must correct these deficiencies.

આ સિદ્ધાંતને વિદ્યાર્થીની ભાષાશક્તિ વિશે શંકા નથી, પણ તેને પર્યાપ્ત વાતાવરણ નથી મળ્યું, જેથી તે શાળાકીય વાતાવરણની સાથે તાલ મિલાવી શકે

અને તે અપેક્ષિત સફળતાના માપદંડને સંપન્ન કરી શકે. આપણા દરેકના મનમાં સફળતાનો વણલખ્યો એક માપદંડ છે અને માપદંડ અનુસાર વિદ્યાર્થી તેમાં ખરો ન ઊતરે તો આપણે તેને 'ઠોઠ' 'બબૂચક' કે 'નબળો' એવા છાપમાં વર્ગીકૃત કરી નાંખીએ છીએ. આ બાબતથી ચેતવાનું છે. તેના પર્યાવરણને કારણે તે 'ઘટ' અથવા 'ખોટ' પામ્યો છે. તેના માટે તેનું વાતાવરણ જવાબદાર છે, તે પોતે નહીં. માટે શૈક્ષણિક પ્રક્રિયામાં કેટલાક સુધારા લાવીને તે વિદ્યાર્થીઓને સફળ બનાવવાના વિશેષ પ્રયાસો કરવા પડશે.

❐ **શિક્ષકો માટે કેટલાંક સૂચનો :**

આ સિદ્ધાંત થકી એક બાબત સ્પષ્ટ થાય છે કે જે વિદ્યાર્થી ભાષાકીય ક્ષમતામાં નબળું દેખાય છે, એ તેની વ્યક્તિગત ક્ષમતાને કારણે નહીં, પણ વિકાસ માટેના પર્યાપ્ત વાતાવરણની કમીને કારણે છે. **આ સંજોગોમાં શિક્ષકે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવી જોઈશે.**

* શિક્ષકોના મનમાં એક સફળ વિદ્યાર્થીની એક કલ્પના હોય છે. તે કલ્પના અનુસાર ઘણી વખત પ્રથમ અનુભવને લઈને જ આપણે ઉતાવળા નિર્ણયો લઈ લેતા હોઈએ છીએ. આવા નિર્ણયો લેતાં પહેલાં હવે વિચારવું પડશે.
* ક્યારેક આપણી એવી જ ધારણાઓ હોય છે કે નબળો સામાજિક આર્થિક દરજ્જો ધરાવનાર બાળકો ભાષાકીય રીતે નિમ્ન જ હોય છે. આવાં સામાન્યીકરણો બાળકને અન્યાયકર્તા નીવડે છે.
* શિક્ષણમાં આવા સામાન્યીકરણો એક 'ખતરા' સમાન છે, કેમ કે, શિક્ષક વિદ્યાર્થી માટે શું માને છે, તે તેના વર્તન અને વિકાસને બહુ મોટા પાયે અસર પહોંચાડે છે.
* કેટલીક વખત શિક્ષકો આગળ વધીને એવું પણ વિચારતા હોય છે કે, આવા બાળકોમાં કોઈ સુધાર લાવી શકાય તેમ નથી, આ બાબત તો ઘણી જ ખતરનાક નીવડે છે.

* એક અન્ય માન્યતાઓ એવી પણ હોય છે કે, શાળા જે રીતે જ્ઞાન આપે છે તેની સાથે ગરીબીમાં ઉછરેલા બાળકો તાલ મિલાવી શકતા નથી. પ્રત્યેક બાળક ભિન્ન છે અને શક્તિશાળી છે. - આ વિચારને મજબૂત કરવો જોઈએ.

ટૂંકમાં, શિક્ષકની ભૂમિકા વધુ ને વધુ સંવેદનશીલ અને બહુઆયામી બનતી જાય છે. ભાષાને વિદ્યાર્થીના વિકાસ સાથે કેટલો ગાઢ સંબંધ છે તે હવેના સંશોધનો વધુ સ્પષ્ટ કરતાં જાય છે અને આગળનો સિદ્ધાંત એ તરફ જ ઇશારો કરે છે કે, માણસમાં ભાષા શીખવાની ક્ષમતા હોવા છતાં આ તફાવત કેમ છે. શું માણસ ઉત્ક્રાંતિના કારણે ભાષા શીખી શક્યો છે કે પછી તેનામાં એવી જન્મજાત શક્તિ છે. આ પ્રશ્નના જવાબમાં હવે આપણે સાતત્યભંગ સિદ્ધાંતને સમજવાનો પ્રયાસ કરીશું.

2.9 સાતત્યભંગ સિદ્ધાંત (Discontinuity Theory) :

ક્યારેક કોઈ પ્રખર વક્તાને સાંભળીને મુગ્ધ બની ગયા હોઈએ, કે કોઈ શિક્ષકનું પ્રવચન સાંભાળીને જ્ઞાન પ્રાપ્ત કર્યાનો આનંદ લીધો હોય ત્યારે મનમાં એવો સવાલ ઉત્પન્ન થાય કે, આવી સુંદર ભાષા બોલાતી કેવી રીતે હશે ? ભાષા જેવી અતિસંકુલ અને તે પણ અમૂર્ત સંકલ્પના માણસ હસ્તગત કેવી રીતે કરતો હશે. કોઈ વ્યક્તિ પોતાની વાત માંડમાંડ રજૂ કરી શકતો હોય અને કોઈ ભાષાની જાદુગરીથી સામેની વ્યક્તિને મંત્રમુગ્ધ કરી શકતો હોય તો કેટલીક જિજ્ઞાસાઓ થવી સ્વાભાવિક છે. અલબત્ત, આ જિજ્ઞાસાએ કેટલાક સિદ્ધાંતોને જન્મ આપ્યો, પણ એનું નિરાકરણ થઈ શકશે કે કેમ, તે તો અનુત્તર જ રહે છે.

ભાષાનું સ્વરૂપ એટલું બધું રહસ્યમય છે કે, ભાષાશાસ્ત્રીઓ માને છે કે, તે માત્ર શક્તિથી રાતોરાત હાંસલ ન કરી શકાય. એની ચોક્કસ કોઈ ઉત્ક્રાંતિ થઈ હોવી જોઈએ. આ પૃથ્વી પર આજનો શિક્ષિત માણસ લાખો વર્ષોની ઉત્ક્રાંતિ વિકાસની યાત્રાનું પરિણામ છે.

ભાષા કોઈ શૂન્યાવકાશમાં જન્મેલી નથી. પૂર્વ ભાષાકીય તબક્કામાં આપણે કોઈ રીતે આપણા પૂર્વજો પાસેથી તે વિકસાવી છે. આ સિદ્ધાંતને 'સાતત્ય સિદ્ધાંત' કહે છે. સાદી ભાષામાં સમજીએ તો, આજની ભાષા એ લાખો વર્ષો પછીની ઉત્ક્રાંતિનું પરિણામ છે.

'Continuity theories' build on the idea that language exhibits so much complexity that one cannot imagine it simply appearing from nothing in its final form : it must therefore have evolved from earlier pre-linguistic systems among our primate ancestors.

સાતત્ય સિદ્ધાંતની સામે કેટલાક ભાષાશાસ્ત્રીઓનું માનવું એમ છે કે, માણસ જન્મથી જ એવી શક્તિ લઈને આવ્યો છે કે તે ભાષા આત્મસાત્ કરી શકે. **આ સિદ્ધાંતના પ્રણેતા છે નોઆમ ચૉમ્સ્કી છે.** તેઓનું માનવું છે કે, માણસ આ જન્મજાત શક્તિને કારણે જ ભાષા થકી પ્રત્યાયન કરી શકે છે.

એ એટલી બધી વિશિષ્ટ શક્તિ છે કે તે ઉત્ક્રાંતિના નિયમોને આધીન પશુઓની શૃંખલામાંથી વિકસેલા માણસમાં ભાષાનો વિકાસ થયો હોય તેમ માની ન શકાય.

આ સિદ્ધાંત મૂળભૂત રીતે તો જન્મજાત શક્તિનો સિદ્ધાંત છે, પણ તે સાતત્ય સિદ્ધાંતથી બિલકુલ વિપરીત દૃષ્ટિકોણ રજૂ કરે છે માટે તેને 'સાતત્યભંગ સિદ્ધાંત' તરીકે ઓળખવામાં આવે છે અને એટલે જ જન્મથી બહેરી વ્યક્તિ ભલે ભાષા બોલી નથી શકતી, પણ તે આદાન-પ્રદાન માટે તે પોતાની ભાષાનું નિર્માણ કરી શકે છે.

'Discontinuity theories' take the opposite approach — that language as a unique trait cannot compare with anything found among non-humans and must therefore have appeared fairly suddenly during the course of human evolution.

આ ઉપરાંત વર્તનવાદી મનોવિજ્ઞાનીઓ ભાષાને સામાજિક આંતરક્રિયાના પરિણામ સ્વરૂપ શીખવાની ઘટના તરીકે જુએ છે, તેથી તે એક સાંસ્કૃતિક ઘટના છે, તેમ વર્ણવે છે.

2.10 ઉપસંહાર :

આગળ જણાવ્યું તે પ્રમાણે માણસ માટે ભાષા હંમેશા એક રહસ્યમય ઘટના બની રહેશે, ભલે તે ભાષાના ઉચ્ચતમ શિખરો સર કરે, નવી નવી ભાષાઓને જન્મ આપે, પણ કેટલાક પ્રશ્નો નિરુત્તર રહેશે, કે માણસ પ્રથમ અક્ષર

કયો બોલ્યો હશે, તે કઈ ભાષાનો શબ્દ હશે, વિશ્વની સૌથી પ્રથમ ભાષા કઈ હશે વગેરે વગેરે.. શિક્ષણ માટે તો પાયાનો સવાલ હંમેશા એ જ રહેશે અને રહેવો જોઈએ કે જે બાળક વિદ્યાર્થી તરીકે શાળામાં પગ મૂકે છે તેને ભાષા થકી અન્યાય ન થાય. તેના વિકાસમાં ભાષા અરુદ્ધ નહીં જ બનવી જોઈએ અંને આ સમગ્ર પ્રકરણનો સાર મેળવીએ તો દરેક વિષયના શિક્ષકે ભાષાનું સ્વરૂપ, તેની લાક્ષણિકતાઓને સમજવી પડશે.

ભાષા અને બોલીના ભેદને સમજવા પડશે. વિદ્યાર્થીઓની બોલી પ્રત્યે કોઈ પૂર્વગ્રહ ન રાખતાં તેઓને ધીરજથી પ્રમાણિત ભાષાના ઉપયોગ તરફ વાળવા પડશે. બાળકના ઘરની ભાષાને સમજવી પડશે અને તેને ઘટસિદ્ધાંતમાંથી ઉગારવો પડશે, અને તે ભાષાની જે જન્મજાત શક્તિને લઈને આવ્યો છે, તેને વિકાસના શિખરો સુધી લઈ જવો પડશે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) બોલી એટલે શું ? ભાષા અને બોલી વચ્ચેમાં ભેદક પરિબળો (તફાવત) સમજાવો.

(2) ભાષા એટલે શું ? ભાષાની ત્રણ વ્યાખ્યાઓ આપી ભાષાની લાક્ષણિકતાઓ જણાવો.

(3) નિયમાનુશાસિત ભાષા પ્રણાલિ (Ruled governed System) એટલે શું ? નિયમાનુશાસિત ભાષાની સંકલ્પના સમજાવી તેના ધ્વનિશાસ્ત્રીય પાસાની ચર્ચા કરો.

(4) નિયમાનુશાસિત ભાષાના અનુસંધાનમાં ભાષાનાં નિમ્નાંકિત પાસાંઓની ચર્ચા કરો.

(1) શબ્દ સંયોજન (Syntax)

(2) શબ્દશાસ્ત્ર (Sematics)

(3) સંવેદનાત્મક (Persodio)

(5) પ્રમાણિત ભાષા એટલે શું ? પ્રમાણિત ભાષા (Standard Language) શા માટે જરૂરી છે ? તેના ઉપયોગો જણાવો.

(6) સાતત્યભંગ સિદ્ધાંત એટલે શું ? સાતત્યભંગ સિદ્ધાંતનાં લક્ષણો જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) ગુજરાતમાં બોલાતી વિવિધ બોલીઓની ઉદાહરણ સહિત ચર્ચા કરો.

(2) 'ભાષા એ સંકેતોની વ્યવસ્થા છે.' સમજાવો.

(3) ભાષાનું લક્ષણકેન્દ્રી પાસું સમજાવો.

(3) નીચેના પ્રશ્નોના અતિસંક્ષિપ્તમાં ઉત્તર આપો.

(1) ભાષાની કોઈ બે વ્યાખ્યા આપી સમજાવો.

(2) ભાષાના શબ્દશાસ્ત્રીય પાસાનું એક ઉદાહરણ આપો.

(3) ઘટ સિદ્ધાંત એટલે શું ? સમજાવો.

પ્રકરણ 3 પ્રત્યાયનના સાધન તરીકે ભાષા અને વર્ગખંડમાં વાસ્તવિકતાનું નિર્માણ

મુદ્દાઓ :

3.1 પ્રસ્તાવના
3.2 પ્રત્યાયન : અર્થ
3.3 પ્રત્યાયનના પ્રકારો
3.4 પ્રત્યાયનના સાધન તરીકે ભાષા.
3.5 વર્ગખંડ પ્રત્યાયનને અસરકારક બનાવવાનાં માર્ગદર્શક સૂચનો
3.6 ઉપસંહાર
સ્વાધ્યાય

3.1 પ્રસ્તાવના :

લગભગ બસો વર્ષ પહેલાં અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમ લિંકને તેમના પુત્રને શાળામાં બેસાડ્યો ત્યારે તેના શિક્ષક પર એક પત્ર લખ્યો હતો. શાળામાં બાળકનું ઘડતર કેવું થવું જોઈએ, એ અંગે પોતાના વિચારો તેમણે પત્રમાં શિક્ષકને જણાવ્યા છે. આટલાં બધાં વર્ષો પહેલાં લખાયેલો આ પત્ર આજે પણ એટલો જ પ્રાસંગિક છે.

વર્ષોથી આ પત્ર દુનિયાની બધી જ ભાષાઓમાં છપાતો રહ્યો છે. વર્ગખંડમાં પ્રત્યાયન વિશે વાત કરી રહ્યા છીએ ત્યારે ફરી એક વાર એ મહાન ચિંતકનો પત્ર તેને વધુ સારી રીતે સમજવા યાદ કરીએ.

"માનનીય શિક્ષકશ્રી,

આજે મારા પુત્રનો શાળામાં પહેલો દિવસ છે. થોડા સમય માટે તો એને બધું નવું અને અજાણ્યું લાગશે. હું ઇચ્છું કે તમે તેના પ્રત્યે મૃદુતા દાખવશો.

આ એક એવું સાહસ છે જે તેને ખંડો ઓળંગાવી શકે. એ બધાં સાહસોમાં યુદ્ધો, દુર્ઘટનાઓ અને હતાશાઓનો સમાવેશ થઈ જાય છે. તેને તેનું જીવન જીવવા માટે શ્રદ્ધા, પ્રેમ અને હિંમતની જરૂર પડતી રહેવાની. એટલે, મારા વહાલા શિક્ષક, તમે એનો હાથ ઝાલીને એને એ બધું શીખવજો, જે એણે શીખવાનું હોય, પણ બની શકે તો એને એ બધું ધીરજથી શીખવજો.

એને શીખવજો કે, દરેક દુશ્મન સામે એક મિત્ર હોય છે. તેણે એ જાણવું પડશે કે બધા માણસો સાચા અને ન્યાયી નથી હોતા. પરંતુ સાથે સાથે એને એ પણ જણાવજો કે, દરેક કુટિલ માણસની સામે એક આદર્શવાદી વ્યક્તિ હોય જ છે, અને દરેક સ્વાર્થી રાજકારણીની સામે એક સમર્પિત નેતા હોય જ છે. સમય લાગશે એની મને જાણ છે, છતાં જો સમજાવી શકો તો બાળકને સમજાવજો કે, ક્યાંકથી મળેલા પાંચ રૂપિયા કરતાં પોતે કમાયેલા એક રૂપિયાની કિંમત ઘણી વધુ હોય છે.

એને હાર સ્વીકારવાનું શીખવજો અને જીતને માણવાનું પણ શીખવજો. શક્ય હોય તો એને ઈર્ષ્યાના વમળમાંથી બહાર ખેંચજો. એને મૌન હાસ્યનું રહસ્ય સમજાવજો. વહેલી તકે એને શીખવજો કે ક્રૂર અને ઘાતકી લોકોને જીતવા સૌથી સરળ છે. જો કરાવી શકો તો તેને પુસ્તકોની અદ્‌ભુત દુનિયાનાં દર્શન કરાવજો, પણ સાથે સાથે આકાશમાં ઊડતાં પંખીઓ, સૂર્યપ્રકાશમાં ગીત ગાતી મધમાખીઓ અને ડુંગરના હરિયાળા ઢોળાવ ઉપર ઊગતાં ફૂલોનાં સનાતન રહસ્ય વિષે વિચારવાની નિરાંત પણ આપજો.

શાળામાં એને શીખવજો કે, છેતરપિંડી કરવા કરતાં નિષ્ફળ જવું વધુ ગૌરવભર્યું છે. ભલે બધાના મત પ્રમાણે ખોટા હોઈએ, છતાં પોતાના વિચારોમાં શ્રદ્ધા રાખવાનું એને શીખવજો. નમ્ર લોકો સાથે નમ્ર અને સખત લોકો સાથે સખત બનવાનું એને શીખવજો. વાયરા સાથે જ્યારે બધા બદલાઈ જાય ત્યારે ટોળાશાહીમાં ભળી જવાને બદલે પોતાના માર્ગે ચાલવાનું બળ મારા બાળકને આપવાનો પ્રયત્ન કરજો. દરેકને સાંભળવાનું એને શીખવજો, પણ સાથેસાથે સત્યની ચાળણીમાંથી બધું ચાળીને પછી જે સારું હોય તેને જ સ્વીકારવાનું પણ શીખવજો. એની પ્રતિભા અને આવડતની ઊંચામાં ઊંચી કિંમત મળે, એના પ્રયાસ કરવાનું એને શીખવજો,

પણ એને એ પણ શીખવજો કે પોતાનાં હૃદય અને આત્માને વેચવા ન કાઢે. શક્ય હોય તો એ ઉદાસ હોય ત્યારે એને હસવાનું શીખવજો. એને શીખવજો કે રડવામાં કોઈ શરમ નથી. માનવતામાં જેને શ્રદ્ધા ન હોય તેને વખોડી નાંખવાનું અને અતિ નમ્રતા/વખાણથી સાવચેત રહેવાનું એને શીખવજો.

એની સાથેનું વર્તન મૃદુ/કોમળ રાખજો, પણ એને લાડમાં જકડી ન રાખતા, કારણ કે અગ્નિમાં તપીને જ સોનું નીખરે છે, શુદ્ધ બને છે. અધીર થવાની હિંમત અને ધીરજ ધરવાની સહનશીલતા એને કેળવવા દેજો. પોતાનામાં પરમ/દિવ્ય/ઉચ્ચતમ વિશ્વાસ રાખવાનું એને કાયમ શીખવજો, જેથી માનવજાતમાં અને ઈશ્વરમાં પણ તે એવો જ વિશ્વાસ રાખતો થાય. આ ઘણું કઠિન કામ છે. જોઈએ, તમે શું કરી શકો છો ? એક સુંદર, નાનું વ્યક્તિત્વ છે મારું બાળક."

આ પત્રના અંશો શિક્ષકના પ્રત્યાયન કૌશલ્ય પ્રતિ પ્રત્યક્ષ નિર્દેશ કરે છે.

શિક્ષણ એટલે.....

* માત્ર માહિતીની આપ-લે નહીં,
* માત્ર – 'આમ કરવું' અને 'આમ ન કરવું' તેવી આજ્ઞાઓ નહીં,
* માત્ર સિધ્ધાંતોની ગોખણપટ્ટી પણ નહીં કે
* માત્ર કાર્ય-કારણની સમજૂતી પણ નહીં,

પણ બાળકના સર્વાંગીણ વ્યક્તિત્વને આકાર આપતું પ્રત્યાયન છે.

આમ તો જીવનના દરેક ક્ષેત્રે કુશળ પ્રત્યાયન બહુ જ જરૂરી છે. અસરકારક પ્રત્યાયન તમારી સારી છબી ઊભી કરે છે. તેમજ તમને દુનિયાની ભીડમાંથી અલગ પાડી તમારા અન્ય લોકો સાથેના સંબંધોમાં સુધાર લાવે છે, માટે જ કુશળ પ્રત્યાયન બહુ જરૂરી છે. કુશળ પ્રત્યાયન તમને ઘણી બધી મુશ્કેલીઓમાંથી બહાર નીકળવા મદદરૂપ થશે. કુશળ પ્રત્યાયન કરવું એક કળા છે અને આ કળા શીખવા ભાષાને વધુ સમૃદ્ધ બનાવવી પડશે. જો નીચેનાં સૂચનોને ભાષાના સંદર્ભમાં જાગૃત બનીને ઉપયોગમાં લઈએ તો આદાન-પ્રદાન વધુ અસરકારક બનાવી શકીએ. આ બાબતો આમ તો એક પ્રકારની સભાનતા માંગી લે છે.

આજે પણ આપણે જે શાળા કે કૉલેજમાં ભણ્યા હોઈશું તે શિક્ષકો કે પ્રાધ્યાપકોને તેઓની શીખવવાની શૈલીને કારણે અચૂક યાદ કરતા હોઈશું. કેટલાક શિક્ષકોની બોલવામાં કોઇ વિશેષતા કે વિચિત્રતા હોય તો તેને કારણે આપણે સહુએ મોટેભાગે જે-તે શિક્ષકોની ખીજ પણ પાડી હશે, અને તેઓની મિમિક્રી પણ કરી જ હશે. પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે, આ બાબત પ્રત્યાયન કૌશલ્યને જ સ્પર્શે છે.

પ્રસ્તુત પ્રકરણમાં પ્રત્યાયનનો અર્થ, પ્રકારો, પ્રત્યાયનના સાધન તરીકે ભાષા, અસરકારક પ્રત્યાયનનાં સૂચનો, વર્ગખંડમાં વાસ્તવિકતાનું નિર્માણ કરવા વિશે વિસ્તારથી સમજવાનો પ્રયાસ કરીશું.

3.2 પ્રત્યાયન : અર્થ :

માતા-પિતા, પતિ-પત્ની, શિક્ષક-વિદ્યાર્થી, બે મિત્રો, મેનેજર- સેવક આ બધા સંબંધોમાં અહર્નિશ થતાં પ્રત્યાયનો ભાગ્યે જ સંતોષજનક સ્થિતિએ પહોંચે છે. આપણે વિશેષ કરીને નિરંતર ગેરસમજયુક્ત પ્રત્યાયનના વિશ્વમાં વિહરીએ છીએ. અને એટલા માટે જ ચારેકોર સંઘર્ષો, લડાઈ, અસંતોષ અને તણાવની દુનિયા દૃષ્ટિગોચર થાય છે. જો યોગ્ય ભાષામાં આદાન-પ્રદાન થાય તો આ તણાવ ઘટાડી શકીએ. હવે તેના અર્થને સમજવાનો પ્રયાસ કરીએ.

પ્રત્યાયન એ માહિતીને એક સ્રોત પાસેથી લઈને અન્યને પહોંચાડવાની પ્રક્રિયા છે. પ્રત્યાયન પ્રક્રિયાઓ, સંકેતના માધ્યમ થકી સંકેતો અને બે પરિબળો વચ્ચે સમાન સંકેતો અને સંકેત સંબંધી સંગ્રહ છે.

"પ્રત્યાયન એટલે વિચારો અને મતને વ્યક્ત કરવા કે તેનું આદાન-પ્રદાન કરવું અથવા તો ભાષણ, લેખન કે ઇશારા દ્વારા માહિતી આપવી."

"પ્રત્યાયન એ એવી દ્વિપક્ષી પ્રક્રિયા છે જેમાં પરસ્પર સ્વીકારાયેલા લક્ષ્ય કે દિશા તરફ વિચારો,લાગણીઓ કે ખ્યાલોનું આદાન-પ્રદાન કે પ્રગતિ સધાય છે."

આમ, બે વ્યક્તિઓ વચ્ચે વિવિધ માધ્યમો દ્વારા વિચારો, લાગણીઓ, કે સૂચનાઓ મોકલવી એવો થાય છે. તે સૂચવે છે કે, આ પ્રક્રિયા દ્વિમાર્ગી વ્યવહાર છે, જેમાં સંદેશો મોકલનાર અને સંદેશો મેળવનાર હોય છે. આ સંદેશો મોકલવા તે કોઈપણ માધ્યમનો ઉપયોગ કરે છે. જેમકે, ભાષા, પ્રતીકો, સંજ્ઞાઓ, રંગ, ચિત્રો, હાવભાવ, અવાજો વગેરેનો ઉપયોગ કરે છે. આ પ્રક્રિયાને વિગતે સમજીએ.

❁ **સંદેશો મોકલનાર : (Sender)**

આ પ્રક્રિયાની શરૂઆત સંદેશો મોકલનારથી થાય છે. તે જે કોઈ માહિતી કે વિચાર અભિવ્યક્ત કરવા માંગે છે.

❁ **સંદેશાનું માધ્યમ : (Encoding)**

આ સંદેશાને તે એવા માધ્યમમાં મૂકે છે. Encode કરે છે, જેથી તેનો સંદેશો સામી વ્યક્તિને સરળતાથી સ્પષ્ટ સમજાઈ જાય છે. આ માધ્યમ ભાષા કે ભાષારહિત પણ હોઈ શકે.

❁ **સંદેશ : (Message)**

આ અગત્યનું સોપાન સંદેશ પોતે જ છે. સંદેશો બરાબર સ્પષ્ટ પહોંચે તે માટે યોગ્ય રીત પસંદ કરાય છે. આ સંદેશો કોને મોકલવાનો છે, તે પ્રમાણે (મૌખિક કે લેખિત) કઈ રીતે મોકલવો, તે નક્કી કરાય છે.

❁ **ચેનલ-માધ્યમ : (Channel-Medium)**

સંદેશો મોકલવા માટે યોગ્ય ચેનલ કે માધ્યમનો ઉપયોગ કરાય છે. પ્રસંગને અનુરૂપ, સંદેશાને યોગ્ય, સંદેશો મેળવનારની સંખ્યા, તેનો ખર્ચ વગેરે પરિબળો માધ્યમની પસંદગીમાં મદદ કરે છે.

❁ **સમજવાની પ્રક્રિયા - સંદેશાનું ગ્રહણ : (Decoding)**

ડી- કોડિંગ એટલે સંદેશાનો અર્થ કરવો. સંદેશો મેળવનાર સંદેશો ગ્રહણ કરે છે અને તે પ્રમાણે કાર્ય કરે છે પણ આ ત્યારે જ શક્ય બને જ્યારે તે સંદેશાને સમજી શકે. સંદેશામાં જે ભાષા કે પ્રતીકો વપરાયા છે તે સંદેશો મોકલનાર અને મેળવનાર બન્નેને માન્ય હોવા જોઈએ.

❁ **સંદેશો મેળવનાર : (Receiver)**

કોમ્યુનિકેશન સાઇકલનો આ બીજો મહત્વનો છેડો છે. જેને માટે સંદેશો મોકલાય છે તે સંદેશો મેળવી તેનું પાલન કરે છે.

❋ **પ્રત્યુત્તર : (FEEDBACK)**

વળતો પ્રતિભાવ એ પ્રક્રિયાને પૂર્ણ કરે છે અને હવે SENDER એ RECEIVER બને છે, અને ફરીથી આખી પ્રક્રિયાનું પુનરાવર્તન થાય છે.

એક આકૃતિથી સમજીએ.



શિક્ષક અને વિદ્યાર્થીને કેન્દ્રમાં રાખીને સમજીએ તો શિક્ષક સંદેશો મોકલનાર તરીકે વિષયવસ્તુને બોલી/લખીને યોગ્ય માધ્યમ દ્વારા મોકલે છે અને વિદ્યાર્થી તરીકે તે સંદેશાને ગ્રહણ કરે છે, તેને સમજવાની કોશિશ કરે છે અને પ્રતિભાવ આપે છે.

વિદ્યાશાખા તરીકે પ્રત્યાયનનો ઇતિહાસ ઘણો જૂનો છે. પ્રત્યાયન એ એવી પ્રક્રિયા છે જેમાં મોકલનાર દ્વારા માહિતીને જે-તે સ્વરૂપમાં એકઠી કરીને યોગ્ય માધ્યમ કે માર્ગ દ્વારા મેળવનારને મોકલાય છે. મેળવનાર સંદેશાને ઉકેલીને મોકલનારને તેનો પ્રતિસાદ આપે છે. પ્રત્યાયનમાં જોડાયેલા તમામ પક્ષોમાં વાતચીત માટે એક સામાન્ય બાબત હોવી જરૂરી છે. માત્ર સાંભળીને થતા પ્રત્યાયનના પ્રકારોમાં કહી સંભળાવવું, ગાવું અને ક્યારેક, અવાજની શૈલી વગેરેનો સમાવેશ છે. અમૌખિક કે સ્પર્શ દ્વારા કરી શકાય તેવા પ્રત્યાયનમાં શારીરિક

હાવભાવની ભાષા, ઇશારાની ભાષા, અર્ધભાષા, સ્પર્શ, આંખો મળવી, લેખન વગેરેનો સમાવેશ થાય છે. આમ, પ્રત્યાયન એવી પ્રક્રિયા છે, જેમાં પરસ્પર સમજૂતી ઊભી થાય તેવા પ્રયત્નમાં આપણે સમજણને સોંપીએ અને અભિવ્યક્તિ કરીએ છીએ. આ પ્રક્રિયા અંતરવૈયક્તિક અને આંતરવૈયક્તિક વિચારણા, નિરીક્ષણ, શ્રવણ, બોલવું, પ્રશ્ન કરવા, વિશ્લેષણ કરવું અને મૂલ્યાંકન કરવામાં કૌશલ્યનો વિશાળ સંગ્રહ માંગી લે છે. પ્રત્યાયન દ્વારા જ સહકાર અને જોડાણ ઊભું થાય છે.

3.3 પ્રત્યાયનના પ્રકારો :

શિક્ષકનું તો કામ જ પ્રત્યાયન કરવાનું છે, એ સંદર્ભમાં પ્રત્યાયનના પ્રકારોને સમજવાનું એટલા માટે જરૂરી છે કે શિક્ષક ત્રણેય પ્રકારોનો ઉચિત સમન્વય કરીને પોતાના અધ્યાપનને વધુ સક્ષમ અને અસરકારક બનાવી શકે છે.

- ❋ સંવાદ અને મૌખિક પ્રત્યાયન
- ❋ અમૌખિક પ્રત્યાયન
- ❋ દૃશ્ય પ્રત્યાયન

❋ **સંવાદ અને મૌખિક પ્રત્યાયન :**

આપણા જીવનમાં મૌખિક પ્રત્યાયન સૌથી વધુ થાય છે. આજનો યુગ ટેક્નોલોજીનો ભલે કહેવાતો હોય પણ શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે પ્રત્યાયન મૌખિક સંવાદ દ્વારા જ વધુ થાય છે. સંવાદ બે કે તેથી વધારે વ્યક્તિઓ વચ્ચેનો અરસપરસનો વાર્તાલાપ છે. સૌથી મહત્ત્વનો સિદ્ધાંત છે કે સંવાદ એ ખરેખર બે જૂથ વ્યક્તિ વચ્ચે હોય છે. કદાચ આપણે વાતચીત દ્વારા જ એકબીજા સાથે સૌથી વધુ આદાન-પ્રદાન કરવા ટેવાયેલા છીએ.

❋ **અમૌખિક પ્રત્યાયન :**

અમૌખિક અથવા અશાબ્દિક પ્રત્યાયન એ વાતચીતની પ્રક્રિયા દ્વારા શબ્દરહિત સંદેશ લેવા અને મોકલવામાં આવે છે. આવા સંદેશની આપલે ઇશારા, શારીરિક અભિવ્યક્તિ અથવા મુદ્રા ચહેરાના હાવભાવ અને આંખનો સંપર્ક, વસ્તુની આપ-લે,

પહેરવેશ, વાળની શૈલી અથવા સંકેતાત્મક ચિહ્નો દ્વારા થાય છે. અમૌખિક વાતચીત દરેક વ્યક્તિની રોજબરોજની જિંદગીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ઘર, ઑફિસ કે પછી કોઈ જાહેર સભા હોય, બોલવાની ક્રિયા સાથે અમૌખિક તત્ત્વ પણ ભાગ ભજવે છે. આ સંદર્ભમાં વિચારીએ તો શિક્ષક કેવો પહેરવેશ ધારણ કરે છે, તેમની હેરસ્ટાઈલ, વર્ગમાં પ્રવેશ કરવાની રીત, ઊભા રહેવાની, બેસવાની રીત, વાતચીત કરતી વખતની અંગભંગિમા સર્વ પ્રત્યાયનનાં માધ્યમ બને છે.

❋ **દશ્ય પ્રત્યાયન :**

દશ્ય અથવા લેખિત પ્રત્યાયન તેના નામ મુજબ દશ્યની મદદથી કરાતું પ્રત્યાયન છે. તે વાંચી તથા જોઈ શકાય તેવા સ્વરૂપોમાં વિચારો અને માહિતી બીજાને પહોંચાડવાનું માધ્યમ છે. તે દ્વિપરિમાણીય ચિત્રો સાથે પ્રાથમિક રીતે સંકળાયેલું હોવાથી તેમાં સંકેતો, મુદ્રણ, ચિત્રો, ચિત્ર આલેખન, આભાસ, રંગ અને વિજાણુ ઉપકરણોનો સમાવેશ થાય છે. તે માત્ર દષ્ટિ પર આધારિત હોય છે. અહીં આપણે શિક્ષકના કા.પા.કાર્યની મહત્તાને સારી રીતે સમજી શકીએ અને એટલે જ શિક્ષણ-પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં કા.પા. કાર્યકૌશલ્યને કેળવવાનો સમાવેશ થાય છે. શિક્ષકના મરોડયુક્ત અક્ષરો અસરકારક પ્રત્યાયન કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

અહીં ટેક્નોલોજીનો શ્રેષ્ઠ ઉપયોગ થઈ શકે. વિષયવસ્તુને દશ્યના માધ્યમથી રજૂ કરવામાં હાવભાવ, દેહ ભાષા, વીડિયો અને ટેલિવિઝન જેવા વિવિધ રસ્તાઓ છે. અહીં કમ્પ્યૂટર પર શબ્દો, ચિત્રો, આકૃતિઓ, છબીઓ વગેરેને સુગ્રથિત રીતે રજૂ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. આ ક્ષેત્રમાં થયેલા તાજેતરના સંશોધનોએ વેબડિઝાઈન અને ચિત્રાત્મકતા આધારિત ઉપયોગિતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગ્રાફિક ડિઝાઈનરો પોતાના વ્યાવસાયિક કામગીરીમાં પણ દશ્ય પ્રત્યાયનનો ઉપયોગ કરે છે.

3.4 પ્રત્યાયનના સાધન તરીકે ભાષા :

પ્રત્યાયન અને ભાષા આમ જોઈએ તો એક સિક્કાની બે બાજુઓ છે. બંને જાણે એકબીજા વગર અધૂરાં છે. બાળક તરીકે માણસ ભાષાની મદદથી વિશ્વને ઓળખે છે, અનુભવે છે, સમજે છે, અને અનુકૂળ થાય છે અને એને અનુકૂળ કરે છે. વ્યક્તિ તરીકે માણસ ભાષાની મદદથી નવાનવા પ્રયોગો કરે છે. નવું નવું સર્જન કરે છે, પ્રગતિ કરે છે, વિકાસ સાધે છે, પોતાને ઓળખે છે, પોતાને પામે છે અને સમગ્ર વિશ્વ સાથે તે પ્રત્યાયન થકી જોડાય છે.

વ્યક્તિમાં માણસ તરીકે પડેલી બીજરૂપ બેજોડ શક્તિઓ ભાષાની ધરતીમાં અંકુરિત થાય છે, વિકાસે છે અને વટવૃક્ષ બને છે.અનુભવને ઝીણવટથી ગ્રહણ કરવાની, તેને અન્ય અનુભવોથી અલગ તારવવાની એટલે કે, પૃથક્કરણ કરવાની, તેને અન્ય અનુભવો સાથે સંયોજવાની અને અન્ય અનુભવો સાથેના તેના સંબંધોને સમજવાની ચાવીઓ ભાષા પાસે હોય છે. ભાષા માત્ર સમજણ સુધીના જ દરવાજા નથી ખોલી આપતી પરંતુ તેથી ય આગળ વધીને વ્યક્તિની તર્કની, વિચારની, કલ્પનાની, સર્જનની યાદ રાખવાની વગેરે અનેક માનસિક શક્તિઓને વધુ ને વધુ ધારદાર-તીક્ષ્ણ બનાવે છે. જેમ-જેમ ભાષા ઉપર પ્રભુત્વ વધતું જાય છે તેમ તેમ આ બધી જ માનસિક શક્તિઓ ઉપર પણ પ્રભુત્વ વધતું જાય છે. કારણે કે ભાષા પ્રભુત્વ અને માનસિક શક્તિઓનો વિકાસ તેમ જ પ્રત્યાયન કૌશલ્ય અન્યોન્ય-અરસપરસ પૂરક અને પોષક છે.

માણસ અન્ય જંતુ-પંખી-પશુઓથી એ રીતે જુદો પડે છે કે, તેને ઈશ્વરે સંકુલ સંકેત વ્યવસ્થા એવી ભાષા શીખવા માટેની ખાસ પ્રકારની ચિત્તરચના આપી છે. બાળકના જન્મ પહેલાં જ ચાર-પાંચ મહિનાથી તેની આ ચિત્ત રચના સુવ્યવસ્થિત આકાર લેવા માંડે છે, બાળક જોવાનું તો જન્મ પછી શીખે છે અને શ્વાસ લેતાં પણ જન્મ પછી શીખે છે, પરંતુ સાંભળતા અને સ્પર્શનો અનુભવ કરતાં તો એ જન્મતાં પહેલાં શીખી જાય છે. જેમ માતાના હૃદયનો ધબકાર તેના વ્યક્તિત્વનો ભાગ બનવા માંડે છે એમ માતાનો સ્પર્શ, માતાનો અવાજ અને માતાની ભાષા તેના વ્યક્તિત્વનો ભાગ બનવા માંડે છે અને જન્મે છે ત્યારે માતાના હૃદયના ધબકારાના લયની સાથે જ માતાની ભાષાનો લય પણ તેના વ્યક્તિત્વનો ભાગ બની ગયો હોય છે.

3.5 વર્ગખંડ પ્રત્યાયનને અસરકારક બનાવવાનાં માર્ગદર્શક સૂચનો :

ભાષા અને પ્રત્યાયન આમ જોવા જઈએ તો એકબીજાના પૂરક છે. અસરકારક પ્રત્યાયન દ્વારા જ વર્ગખંડ જીવંત બને છે. જો નીચેનાં સૂચનોને ભાષાના સંદર્ભમાં જાગૃત બનીને ઉપયોગમાં લઈએ તો આદાન-પ્રદાન વધુ અસરકારક બનાવી શકીએ.

(1) **અવલોકન :** આમ તો અવલોકન ક્ષમતા કોઈપણ પ્રકારના વિકાસ માટે જરૂરી કૌશલ્ય છે. જો તમારી પ્રત્યાયન ક્ષમતા બહુ જ નબળી હોય અને તમે શબ્દોનો સારી રીતે પ્રયોગ ન કરી શકતા હો તો તમારી આજુબાજુના લોકોનું નિરીક્ષણ કરો, જેઓ કુશળ પ્રત્યાયન કરવામાં સક્ષમ છે તેમ જ તેઓ કઈ રીતે પોતાની વાત રજૂ કરે છે. આથી તમે કુશળ પ્રત્યાયનની રીત સમજી શકશો અને જે તમને બીજા સાથે સારું પ્રત્યાયન કરવામાં મદદ કરશે. આપણા અભ્યાસક્રમમાં પાઠોના નિરીક્ષણનો આ જ હેતુ છે. તમે અન્ય શિક્ષકને ભણાવતા જોઈને તમારી પ્રત્યાયન શૈલીમાં જરૂરી પરિવર્તન લાવી શકો.

(2) **શ્રવણ :** મોહનભાઈ પંચાલનું એક પુસ્તક 'સાહેબ ! મને સાંભળો તો ખરા !' ખૂબ પ્રસિદ્ધિ પામ્યું હતું, એ આ સંદર્ભમાં ઉપયુક્ત છે. જેમાં શિક્ષક વિદ્યાર્થીને સાંભળે તો કેવા ચમત્કાર થઈ શકે તે વિશેના સંવેદનશીલ પ્રસંગોનો ઉલ્લેખ કર્યો છે. આમ તો બોલનાર અને સાંભળનાર બંને એકબીજાને સાંભળે તો અગાઉ કહ્યું તે પ્રમાણે વિસંવાદિતાના પ્રશ્નો હલ થઈ જાય. જો કે સાંપ્રત સમયમાં લોકો સાંભળતા જ ન હોય, એવું સામાન્ય વલણ પ્રતીત થાય છે, અને એટલે જ કદાચ સંવાદમાં વિસંવાદિતા વધુ જોવા મળે છે. ઘણી વખત આપણે જોઈએ છીએ કે શિક્ષક વિદ્યાર્થીના જવાબોમાં થતું જોવા મળે છે, ધ્યાનથી સાંભળતા નથી. માઈક્રો કે સિમ્યુલેશનના પાઠ વખતે અનુભવ્યું હશે કે, પ્રશિક્ષણાર્થીઓ

અપેક્ષિત જવાબોની અપેક્ષામાં વિદ્યાર્થીઓના સાચા ઉત્તરોને પણ ખોટા કહી દેતા હોય છે અને એટલે જ કુશળ પ્રત્યાયન માત્ર કુશળ અને અસરકારક રીતે બોલવું જ નથી. લોકો એવા વ્યક્તિ સાથે વાત કરવી પસંદ નથી કરતા જે માત્ર ને માત્ર બોલતા રહે અને અન્ય લોકોની વાત સાંભળે જ નહીં, માટે જ તમારે એક સારા વક્તાની સાથે એક સારા શ્રોતા પણ બનવું જોઈએ. વક્તાને સાંભળો છો અને સમજો છો તેવો અહેસાસ કરાવો. **આ માટે નીચેનાં સૂચનો ધ્યાનમાં રાખવા જેવાં છે :**

* દરેક વિદ્યાર્થી સુરક્ષિત છે, તેવું વાતાવરણ સર્જો.
* સમયની બચત કરો.
* નકારાત્મક લાગણીઓથી મુક્ત બનો.
* વિદ્યાર્થીની અભિવ્યક્તિમાં અંતરાયરૂપ ન બનો.

(3) **પૂરતો સમય લો :** આ યુગ સમયથી પણ, આગળ ચાલી જવા માંગતો હોય તેવું પ્રતીત થાય છે. પણ કંઈ પણ બોલતા પહેલાં બે વખત વિચારો અને પછી બોલો, એવું આપણા સુજ્ઞ વડીલો કહી ગયા છે. તમે તમારો પૂરતો સમય લો અને વિચારો કે શું કહેવાનું છે અને સાંભળતી વખતે કહેવામાં આવ્યું છે, તે માટે જરૂરી સમય લો. ઉતાવળમાં ક્યારેક કશું બિનજરૂરી ન બોલાઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું. શિક્ષકને પક્ષે ઘણીવાર વિષયાંતર થઈ જવાનો સંભવ રહે છે, અને એટલે જ પાઠ આયોજનનું આટલું મહત્ત્વ છે. કુશળ પ્રત્યાયન કરવા માટે બધી વાતો સાંભળ્યા બાદ જ વિચારીને જવાબ આપવો બહુ જરૂરી છે.

(4) **સમાન ભાગીદારી :** પ્રત્યાયનને રસપ્રદ બનાવવું બહુ જરૂરી છે. કાયમ યાદ રાખવું કે કુશળ પ્રત્યાયન એટલે માત્ર બોલવું જ નથી, પરંતુ પ્રત્યાયનમાં સમાન ભાગ લેવો પણ છે. વિદ્યાર્થીઓને પણ સમાન ભાગીદાર બનાવવાથી વર્ગખંડમાં એક જીવંત વાતાવરણ સર્જાશે. મનોવિજ્ઞાન વિદ્યાર્થીને જ કેન્દ્રમાં રાખીને અધ્યાપન

કરવાની હિમાયત કરે છે. પ્રત્યાયન કરતી વખતે પહેલાં સામેવાળી વ્યક્તિની વાત ધ્યાનથી સાંભળો અને તેની વાત પૂરી થઈ ગયા બાદ પોતાની વાત રજૂ કરવાનો આગ્રહ રાખવો એ જ કુશળ પ્રત્યાયન છે.

(5) **તણાવનું વ્યવસ્થાપન :** તાલીમાર્થીઓ પાઠ આપતી વખતે કદાચ એક પ્રકારનો તણાવ મહેસૂસ કરતા હશે, અને એ સ્વાભાવિક પણ છે, છતાં તણાવની સ્થિતિ કાયમ ન બની રહેવી જોઈએ. એનાથી મુક્ત થઈને આત્મવિશ્વાસપૂર્વક રજૂઆત કરવાનું પ્રત્યાયન વિકસાવવાનું છે. માટે શેને કારણે તણાવ ઉત્પન્ન થાય છે અને **પ્રત્યાયનને વધુ અસરકારક કેમ બનાવી શકાય તે માટે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવાથી સફળતા મળશે :**

* તણાવગ્રસ્ત પરિસ્થિતિને ઓળખી લો.
* શાંત થવા માટે થોડીવાર થોભી જાઓ.
* તણાવમુક્તિ માટેના રસ્તાઓ અપનાવો.
* પરિસ્થિતિમાંથી હળવાશને શોધી નાંખો.
* સમાધાન માટેની તૈયારી કેળવો.
* અસહમતિ માટે સહમતિ રાખવાની તૈયારી કેળવો.

(6) **પ્રતિપોષણ આપો :** ઘણી વખત શિક્ષક વિદ્યાર્થીની વાતને કે જવાબનો પ્રતિભાવ નથી આપતા, એથી વિદ્યાર્થી મૂંઝાય છે કે તેણે બરાબર રજૂઆત નથી કરી કે શું ! માઈક્રો ટીચિંગ અંતર્ગત સુદ્દઢીકરણ કૌશલ્યના ઘટકો આ જ બાબતને સમર્થન આપે છે. છતાં નીચેનાં સૂચનો પ્રત્યેક આદાન-પ્રદાન સમયે ધ્યાનમાં રાખવાથી પ્રત્યાયનને વધુ સુગમ બનાવી શકાશે.

પ્રતિપોષણ આપતી વખતે.....

* ચોકસાઈ રાખો.
* વર્તન પર ધ્યાન આપો, વ્યક્તિ પર નહીં.

* સમયસર પ્રતિપોષણ આપો.
* માહિતી/અનુભવોની આપ-લે કરો.
* માહિતીની ભરમાર ન કરો.
* વ્યક્તિ સમજી છે કે નહીં, તેની ચકાસણી કરો.
* યાદ રાખો, પ્રતિપોષણ મદદ માટે છે, લાગણી દુભાવવા માટે નહીં.
* તટસ્થ બની રહો.
* ધ્યેયકેન્દ્રિત પ્રતિપોષણ આપો.

(7) **પ્રતિપોષણની પ્રાપ્તિ :** જેમ પ્રતિપોષણ આપવું અગત્યનું છે એટલું જ અગત્યનું પ્રતિપોષણ પ્રાપ્ત કરવાનું છે. સામાન્ય રીતે આપણી અપેક્ષા સકારાત્મક પ્રતિપોષણ પ્રાપ્ત કરવાની જ હોય છે અને એટલે જ નકારાત્મક પ્રતિપોષણની પ્રાપ્તિ પ્રતિપોષણ આપવા કરતાં કઠિન છે, કેમ કે, એમાં આપણી લાગણીઓ સંકળાયેલી હોય છે. પણ જેને આગળ વધવું છે અને પોતાના પ્રત્યાયનને ધારદાર, અસરકારક બનાવવું છે તે પ્રતિપોષણની પ્રાપ્તિ સાહજિકતાથી કરે છે, તેમાં નીચેનાં સૂચનો ધ્યાનમાં રાખવાથી ફાયદો થશે.

પ્રતિપોષણ પ્રાપ્ત કરતી વખતે.....

* ધ્યાનથી સાંભળો
* બિનજરૂરી દલીલો ટાળો
* સાંભળતી વખતે અંતરાય ઊભો ન કરો.
* ગ્રાહક બનવાની કોશિશ કરો.
* શાંત રહો.
* સ્પષ્ટીકરણ કરો.

(8) **પ્રત્યાયનમાં અવરોધક પરિબળોને ઓળખો :** આ બાબત આમ જોવા જઈએ તો એક અલગ વિષય કે મુદ્દો બની શકે તેમ છે. પણ વર્ગખંડ પ્રત્યાયન અસરકારક બનાવવા માટે તેમાં કઈ કઈ બાબતો અવરોધક બને છે તે સમજવાથી અને તે પ્રત્યે સભાન થવાથી આ અવરોધોને ખાળી શકાય છે. નીચેની બાબતો પ્રત્યાયનમાં અવરોધક બને છે અને આ જ બાબતો વર્ગને સ્વર્ગ બનતાં રોકે છે.

* વાતચીતમાં રસ ન દાખવવો.
* માહિતીનો અભાવ
* સમગ્ર સંદેશ સાંભળ્યા પહેલાં નિર્ણય પર આવી જવું.
* ભય
* અવિશ્વાસ
* ભાષાકીય ભિન્નતા
* ન સાંભળવું
* બિનજરૂરી તર્ક-વિતર્ક

જે બાબતો પ્રત્યે શિક્ષક જાગ્રત બની તેને અટકાવવાનો પ્રયાસ કરશે તો વર્ગખંડમાં તે શિક્ષણનાં ધ્યેયોને સિદ્ધ કરવાનું વાતાવરણ સર્જી શકશે.

3.6 ઉપસંહાર :

પ્રત્યાયન વિશેની આટલી ચર્ચા પછી એટલું તો સમજાય છે, કે વિષય ગમે તે હોય, સિદ્ધિનાં સોપાનો સર કરવાં હોય તો પ્રત્યાયનની અસરકારકતા આત્મસાત્ કરવી પડે. ભાષા જેટલી સમર્થ, પ્રત્યાયન એટલું જ સમર્થ. આમ ભાષા અધ્યયન અને અધ્યાપન સાથે પ્રગાઢ રીતે સંકળાયેલી છે. માટે જ શિક્ષકે પોતાના વિષયમાં ભાષાના પ્રત્યાયન પર વિશેષ ધ્યાન આપવું પડશે, જેથી વિદ્યાર્થીઓ વધુ સારી રીતે શીખી શકે અને તેઓ વર્ગનેં સ્વર્ગમાં પરિવર્તિત કરી શકે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) પ્રત્યાયન એટલે શું ? પ્રત્યાયનનો અર્થ આપી પ્રત્યાયનની પ્રક્રિયા સમજાવો.

(2) પ્રત્યાયનના વિવિધ પ્રકારો સમજાવો.

(3) વર્ગખંડ પ્રત્યાયનને અસરકારક બનાવવાના ઉપાયો / માર્ગદર્શક સિદ્ધાંતો જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) પ્રત્યાયનના સાધન તરીકે ભાષાનો અસરકારક ઉપયોગ જણાવો.

(2) વિદ્યાર્થીઓના શિક્ષણમાં દશ્ય પ્રત્યાયનનો શિક્ષક તરીકે તમે કેવી રીતે ઉપયોગ કરશો, તે જણાવો.

(3) પ્રત્યાયન પ્રક્રિયામાં પ્રતિપોષણનું મહત્ત્વ સમજાવો.

પ્ર.3 નીચેના પ્રશ્નોના અતિ સંક્ષિપ્તમાં ઉત્તર આપો.

(1) "પ્રત્યાયન એ દ્વિપક્ષી પ્રક્રિયા છે." - સમજાવો.

(2) અમૌખિક પ્રત્યાાયન એટલે શું ? ઉદાહરણ સહિત સમજાવો.

(3) પ્રત્યાયનમાં સંદેશાના માધ્યમનું મહત્ત્વ સમજાવો.

☆

પ્રકરણ 4 સંકલ્પના ઘડતર, બોધાત્મક વિકાસ અને ભાષા

મુદ્દાઓ :

4.1	પ્રસ્તાવના
4.2	સંકલ્પના ઘડતર
4.3	બોધાત્મક વિકાસ
4.4	ઉપસંહાર
)*	સ્વાધ્યાય

4.1 પ્રસ્તાવના :

ચંદ્ર, સૂરજ, તારા અને અનેક ઉપગ્રહો અને બ્રહ્માંડની શોધો અને આજે કમ્પ્યૂટર અને સેલફોનની અલક-મલકની કમાલ એ માણસની સર્જનશીલતાના પરિણામ તો છે પણ સાથે સાથે ભાષા અને પરિભાષા રચવાની પણ જબરદસ્ત આવડતનો પણ એમાં સાથ છે. વિચાર, તર્ક, કલ્પના, સમસ્યા ઉકેલનો દૃષ્ટિકોણ, નિર્ણય લેવાની પ્રક્રિયા આ બધા પાછળ કઈ કઈ માનસિક પ્રક્રિયાઓ ભાગ ભજવે છે તે હંમેશા કોઈ પણ જિજ્ઞાસુ માટેનો કાયમનો અભ્યાસ વિષય રહ્યો છે. જ્યારે પણ આપણે કોઈ વાક્ય બોલીએ છીએ ત્યારે કેટકેટલી સંકલ્પનાઓ ઉપયોગમાં લઈએ છીએ એનું કોઈ લિસ્ટ બનાવે તો આપણે જ અચંબિત થઈ જઈએ. આપણે દિવસભરની આપણી રોજિંદી દિનચર્યામાંથી થોડા શબ્દો પસંદ કરીએ : મમ્મી, પપ્પા, દીકરો, દીકરી, ભાઈ, નાસ્તો, શાળા, નોકરી, રસોડું, રાત, ઊંઘ વગેરે વગેરે..... આપણે દરેક વાક્યમાં કોઈને કોઈ સંકલ્પનાનો ઉપયોગ કરીએ છીએ. ભાષા પણ ખુદ એક સંકલ્પના જ છે ને ! વળી આ સંકલ્પનાઓનો વિકાસ કેવી રીતે થાય છે તે પણ રસિક વિષય છે. આ પ્રકરણમાં સંકલ્પના એટલે શું, તેનાં લક્ષણો, મહત્ત્વ અને બોધાત્મક વિકાસનો અર્થ, લક્ષણો, તેના વિકાસનાં સોપાનો... વગેરે વિશે વિસ્તારથી સમજીશું.

4.2 સંકલ્પના ઘડતર (Concept Formation) :

જો કોઇ ગોર મહારાજ યજમાનને ત્રણ કુંવારી કન્યાઓ, ચાર પૂજાનાં દ્રવ્યો અને પાંચ ફળ લાવવાનું કહે તો યજમાનના મનમાં આ ત્રણે ય બાબતોની વિભાવના સ્પષ્ટ હોવી જોઇએ તો જ તેઓ ત્રણ કુંવારી કન્યાઓ, કંકુ, અબિલ, ગુલાલ અને સિંદૂર જેવી પૂજાની સામગ્રી, કેરી, કેળું, નારંગી, પપૈયું અને ચીકુ જેવાં ફળો હાજર રાખશે. અને કાર્ય સમયસર પૂરું થશે. અહીં, કુંવારી કન્યા, પૂજાનાં દ્રવ્યો અને ફળ એ સંકલ્પનાઓ અથવા વિભાવનાઓ છે. આપણે રોજેરોજના અનુભવમાં આવતી વિવિધ વ્યક્તિઓ, વસ્તુઓ, ક્રિયાઓ, બનાવો અને સંબંધોને આપણી સમજ અને જરૂરિયાત મુજબ વિવિધ વર્ગોમાં મૂકીએ છીએ. આ વર્ગીકરણ કરતી વખતે સંકલ્પના રચવાની ક્રિયા બહુ કામમાં આવે છે. એટલે વિભાવનાઓને વિચારણાના બાંધકામમાં વપરાતી ઇંટો કહેવામાં આવે છે. વેરવિખેર, ગૂંચવાડા ભરેલી માહિતીને આપણે સંકલ્પનાની મદદથી જ એના અર્થ, પ્રકાર કે ઉપયોગને આધારે વ્યવસ્થિત ગોઠવીએ છીએ. તેથી વિભાવનાઓ રચવી એ વિચારણાનું મહત્ત્વનું પાસું છે, અને એ વિચારશીલ માણસની શક્તિ છે.

❋ **સંકલ્પનાનો અર્થ :**

"વિવિધ વસ્તુઓમાંથી તારવેલા તત્ત્વોનું સંયોજન દર્શાવતો એવો સામાન્ય ખ્યાલ જે અર્થ શબ્દ, પ્રતીક કે ચિહ્ન વડે વ્યક્ત થાય છે." - ઍટકિન્સન

"વિભાવના એટલે વસ્તુઓ, તેના ગુણધર્મો, વ્યક્તિઓ, પ્રાણીઓ, ક્રિયાઓ, પ્રસંગો, માપો, સંબંધો કે અન્ય જે કંઈ આપણા અનુભવમાં આવે છે તેના તત્ત્વરૂપ સામાન્ય લક્ષણોને મનમાં જુદાં પાડીને રચેલો અમૂર્ત ખ્યાલ.

દા.ત. માણસ, પશુ, વાસણ, થાળી, શાળા, ટેબલ વગેરે.

❋ **વિભાવનાનાં લક્ષણો :**

આ વ્યાખ્યા પરથી વિભાવનાનાં નીચે મુજબ લક્ષણો તારવી શકાય.

* વિભાવના એ માણસે રચેલો અમૂર્ત ખ્યાલ છે.

* એની રચના મનમાં કરવામાં આવે છે.
* વિભાવના અનેક વિશિષ્ટ વસ્તુઓમાં રહેલાં સમાન તત્ત્વોને વ્યક્ત કરે છે.
* વિભાવનાઓ મૂર્ત,અમૂર્ત અને ગુણધર્મોની પણ હોય છે.
* આપણા પ્રત્યક્ષ અનુભવોમાંથી અનુમાન કરીને સંકલ્પનાઓ રચવામાં આવે છે.
* વિભાવનાને વિશિષ્ટ શબ્દ કે સંકેત વડે દર્શાવવામાં આવે છે.

નીચેનાં ઉદાહરણો પરથી આ લક્ષણો વધુ સ્પષ્ટ થશે.

❋ **વિભાવનાનાં ઉદાહરણો :**

* ફૂલ – ગુલાબ, મોગરો, જૂઈ, ચંપો, કરણ વગેરે. આ બધાં ફૂલોના દ્રષ્ટાંતો છે. ફૂલ છોડ પર ઊગે છે. ફૂલને પોતાની સુગંધ હોય છે. એ અલગ-અલગ રંગનાં હોય છે. આ બધાં ફૂલના સહિયારા ગુણધર્મો છે.
* માણસ – મગન, રમેશ, ગીતા, રહીમ, શીલા – આ બધાં માણસોના દ્રષ્ટાંતો છે. તેઓમાં વિચાર કરવાની શક્તિ છે. તેઓ સંવેદના અનુભવે છે. તેઓ સજીવ છે. આ બધાં એમનામાં રહેલાં સામાન્ય તત્ત્વો છે.
* પ્રાણી- ગાય, ઉંદર, ભેંસ, ઘોડો, વાઘ, કીડી – આ બધા પ્રાણીઓમાં જીવ છે, તેઓ આપમેળે ચાલે છે. તેઓ જાતે પોષણ મેળવે છે.
* ક્રિયા – દોડવું, ગાવું, રમવું, લખવું – આ બધી ક્રિયાઓમાં હલન-ચલન થાય છે.
* પ્રસંગ – જન્મદિવસ, લગ્ન, જનોઈ વગેરે પ્રસંગો છે, જેમાં અનેક લોકો ચોક્કસ સમયે, અમુક રીતે એકઠા થાય છે અને ઉજવણી કરે છે.

ભાષામાં આપણે સંજ્ઞા અથવા નામના પ્રકારો પાડીએ છીએ તે મૂળે સંકલ્પનાઓ જ છે. ભાષામાં નામના છ પ્રકારો છે, જાતિવાચક (દા.ત. બારી, મા, ચોકીદાર, ફૂલ, વાળ, હાથ વગેરે), વ્યક્તિવાચક (રમેશ, હિમાલય, ગંગા, ભારત, તાજમહેલ વગેરે), દ્રવ્યવાચક (દા.ત.સોનું, દૂધ, લોખંડ, માટી, પાણી, પેટ્રોલ વગેરે), સમૂહવાચક (દા.ત. ટોળું, લશ્કર, જૂથ, વર્ગ, સમાજ વગેરે),ભાવવાચક (દા.ત. ગુસ્સો, પ્રેમ, ઉદારતા, દયા, ઈર્ષા વગેરે) અને ક્રિયાવાચક (દા.ત. રમત, જમણ, દોડ, ગોઠવણ, મથામણ વગેરે). આમ જોઈએ તો આપણને થતા જે કોઇ અનુભવો છે તેને ભાષામાં વ્યક્ત કરીએ એટલે આપણે સંકલ્પનામાં પ્રવેશી જ જઈએ છીએ, કેમ કે, ભાષા ખુદ એક સંકલ્પના જ છે. .

❋ **સંકલ્પનાનું મહત્ત્વ :**

ઉપરોક્ત ઉદાહરણો પરથી સમજાય છે કે, આપણે સંકલ્પના ન રચી હોત તો વિચારોનું આદાનપ્રદાન કેટલું બધું મુશ્કેલ બની જાત. **નીચેના મુદ્દાઓ વિભાવનાના મહત્ત્વને વધુ સ્પષ્ટ કરે છે.**

- ❋ બોધાત્મક ક્રિયાઓ સરળ બનાવે છે.
- ❋ જગતની વસ્તુઓને એકબીજાથી અલગ ઓળખવાનું અને તેની સાથે કાન પાર પાડવાનું સરળ બન્યું છે.
- ❋ સમય અને શક્તિનો બચાવ થાય છે.
- ❋ બોધાત્મક ક્રિયાઓ સરળ બનાવે છે.
- ❋ જગતની વસ્તુઓને એકબીજાથી અલગ ઓળખવાનું અને તેની સાથે કાન પાર પાડવાનું સરળ બન્યું છે.
- ❋ સમય અને શક્તિનો બચાવ થાય છે.

સંકલ્પના વિશેની આટલી ચર્ચા પછી એ તો સમજી જ શકાય છે કે, સંકલ્પના અને બોધાત્મક વિકાસ કેટલા ગાઢ રીતે સંકળાયેલા છે. એક રીતે ભાષાનો વિકાસ બાળકના બૌદ્ધિક વિકાસ સાથે સંકળાયેલો છે. ભાષા વિકાસના સંદર્ભમાં બાળક

પોતાના અનુભવોને કેવી રીતે સમજે છે, તે સમજવું જરૂરી છે. જીન પિયાજેએ આ દિશામાં વિગતવાર અભ્યાસ કરીને તેના સોપાનો રજૂ કર્યા છે. ભાષા વિકાસને સમજવા માટે બોધાત્મક વિકાસ શું છે, તેનાં સોપાનો કયાં છે તેની સમજ મેળવવી જરૂરી છે. હવે આ સિધ્ધાંત વિશે સમજીએ.

4.3 બોધાત્મક વિકાસ :

બૌધ્ધિક કે બોધાત્મક વિકાસ માણસની આગવી ઓળખ છે અને માણસે જ પોતાની આ શક્તિઓ થકી ભાષાને જન્મ આપ્યો છે. ભાષા એક વ્યવસ્થા છે, જે અર્થને ધ્વનિઓ સાથે જોડે છે. આપણે ભાષાની વ્યવસ્થા શીખીએ છીએ ત્યારે ભાષાની અનેક પેટાવ્યવસ્થાઓ શીખીએ છીએ. જેમકે, એ ભાષામાં કયા ધ્વનિઓ છે, એ કેવી રીતે ઉચ્ચારાય છે, કયા ધ્વનિઓ શબ્દની શરૂઆતમાં આવી શકે, કયા ધ્વનિઓ જોડાઈ શકે અને કયા ધ્વનિઓ જોડાઈ ન શકે, આ અંગેના નિયમોથી બનેલી વ્યવસ્થાને ધ્વનિવ્યવસ્થા કહેવાય છે. દરેક ભાષાની ધ્વનિવ્યવસ્થા અલગ હોય છે. ભાષાની આટલી અટપટી વ્યવસ્થાને સિધ્ધાંત દ્વારા સમજવાનું અઘરું લાગે છે, જેને આપણે તો સહજતાથી પ્રાપ્ત કરી લઈએ છીએ. મનોવિજ્ઞાનીઓને મન એ રસનો વિષય છે કે બાળક કેવી રીતે ભાષા આત્મસાત્ કરે છે ? તેને ક્યારે ખબર પડે છે કે નારી અને નરજાતિ વચ્ચે ભેદ છે ?, સજીવ અને નિર્જિવ કોને કહેવાય ?, મૂર્ત અને અમૂર્ત બાબતો વચ્ચે ભેદ પાડતાં ક્યારે શીખે છે.... આવા તો અનેક પ્રશ્નોની યાદી બનાવી શકાય. **આ બધા પ્રશ્નોના ઉત્તરને પિયાજેએ ચાર તબક્કાઓમાં વહેંચ્યા છે.**

(1) સાંવેદનિક-કારક તબક્કો (Sensory Motor Stage)

(2) પૂર્વ ક્રિયાત્મક તબક્કો (Pre-Operational Stage)

(3) મૂર્ત ક્રિયાત્મક તબક્કો (Concrete Operational Stage)

(4) અમૂર્ત ક્રિયાત્મક તબક્કો (Abstract Operational Stage)

આ સર્વ તબક્કાઓ વિશે સમજૂતી મેળવીએ.

(1) **સાંવેદનિક-કારક તબક્કો (Sensory Motor Stage) :** જન્મ પછી બાળક વાતાવરણના સીધા સંપર્કમાં આવે છે. આ તબક્કામાં તે પોતાના શરીર થકી વિવિધ સંવેદનો ઝીલવાનું કામ કરે છે.

તે આ સંવેદનો અને પોતાની ચેષ્ટાઓ સાથે સંબંધો બાંધે છે. કર્મેન્દ્રીયો થકી જોવાના, સાંભળવાના સ્વાદના, સ્પર્શના અને સુંઘવાના એમ વિવિધ સંવેદનો અનુભવે છે. શરૂઆતના દિવસોમાં તો ફક્ત ચૂસવાની, ગળવાની એવી પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ (Reflax Actions) કરે છે. પરંતુ ધીરે ધીરે શારીરિક, માનસિક ક્રિયાના સંબંધો તે સ્થાપવાનું શરૂ કરે છે અને ક્યારે ક્રિયા કરવી તે શીખી જાય છે. આમ જન્મથી બે વર્ષ સુધીના આ ગાળાને સાંવેદનિક -કારક તબક્કો કહે છે. અહીં એનામાં એ ખ્યાલ વિકસ્યો હોતો નથી કે જે વસ્તુ હાજર નથી તેનું પણ અસ્તિત્વ હોય છે. અહીં તેનું બબડવાનું શરૂ થઈ જાય છે. પણ અહીં તેનો ઉપયોગ પ્રત્યાયન માટે નથી થતો, પણ રમતની એક પ્રવૃત્તિ તરીકે થાય છે. વાણી વિકાસની દૃષ્ટિએ એનું મહત્ત્વ એટલા માટે છે કે તે સ્વરતંત્રને પ્રારંભિક વ્યાયામ કરાવે છે, જેથી બીજાના બોલેલા શબ્દોનું તે અનુકરણ કરી શકે.

(2) **પૂર્વ ક્રિયાત્મક તબક્કો (Pre-Operational Stage) :** બેથી સાત વર્ષ વચ્ચેના ગાળાને જીન પિયાજે પૂર્વ ક્રિયાત્મક તબક્કો કહે છે. અહીં માનસિક કક્ષાએ થતી ક્રિયા અંગેનું નિરીક્ષણ છે. આ સમય દરમ્યાન પદાર્થના આકાર અને ગોઠવણીને કેન્દ્રમાં રાખીને ભાષા વ્યવહાર કરે છે. એક સરખા વજનનું દૂધ બે અલગ-અલગ આકારના ગ્લાસમાં ભરીએ તો બંને ગ્લાસમાં દૂધ એક સરખું છે તેવો બોધ તેને થતો નથી. આકાર લાંબો એટલે વધારે વજન એવો અર્થ કરે છે. આવી જ રીતે એક સરખા મણકાં જુદી જુદી રીતે ગોઠવ્યા હોય તો તે બંને હારમાં મણકા અલગ સંખ્યામાં છે, એવો બોધ કરે છે.

આ તબક્કામાં પ્રતીકો અને સંજ્ઞાનો ઉપયોગ કરવાની શક્તિનો વિકાસ થાય છે. આ તબક્કે બાળક સૌથી વધુ પ્રશ્નો પૂછે છે. જે શબ્દો શીખે છે તેનો વારંવાર ઉપયોગ કરે છે. ગોળ, ચોરસ, લાંબુ, ટૂંકું, ઉપર-નીચે વગેરે ખ્યાલો સમજવા લાગે છે. પિયાજે આ તબક્કાનાં લક્ષણો નીચે મુજબ વર્ણવે છે.

* બાળકનું વર્તન આત્મકેન્દ્રી હોય છે. તેઓ બીજાના દૃષ્ટિકોણને ધ્યાનમાં લેતાં નથી.
* આ તબક્કા દરમ્યાન વિચારણાનો વ્યુત્ક્રમ કરી શકતું નથી. દા.ત. રમેશ ઉમેશનો નાનો ભાઇ છે. તો રમેશ અને ઉમેશ વચ્ચે શો સંબંધ ? તો પૂર્વ ક્રિયાત્મક તબક્કામાં આવા ઉત્તર આપી શકવાની માનસિક પ્રક્રિયાનો હજુ વિકાસ થયો હોતો નથી.
* આ તબક્કે બાળક એક કરતાં વધારે પરિમાણો પર એક સાથે ધ્યાન કેન્દ્રિત કરી શકતું નથી. દા.ત. ઊંચાઇ અને પહોળાઇને એક સાથે સમજી શકતું નથી.
* નિર્જીવ અને સજીવ વચ્ચેનો ભેદ પારખી શકતું નથી. હજી ઢીંગલીને હાલરડું ગાઈને સૂવડાવે છે.
* કદ અને વજન જેવાં લક્ષણોને ચોક્કસ ક્રમમાં મૂકવાનું કહેવામાં આવે તો મુશ્કેલી પડે છે.
* વર્ગો અને પેટાવર્ગો વચ્ચેના સંબંધોને સમજી શકતાં નથી.
* સ્થિતિને જોઇ શકે પણ તેનામાં થતાં પરિવર્તનને સમજી શકતાં નથી.

(3) **મૂર્ત ક્રિયાત્મક તબક્કો : (Concrete Operational Stage) :** લગભગ સાતથી બાર વર્ષના ગાળાને મૂર્ત ક્રિયાત્મક તબક્કો કહે છે. આ તબક્કામાં ભૌતિક રીતે હાજર દેખાતી અને હાથમાં પકડી શકાય તેવી વસ્તુઓનો વિચાર કરી શકે છે. તેઓ ધારણાત્મક બાબતો અંગે તર્ક કરી શકતા નથી. પ્રસન્નતા, અહિંસા, પ્રામાણિકતા વગેરે અમૂર્ત ખ્યાલો અંગે તર્કો કરી શકતું નથી.

(4) **અમૂર્ત ક્રિયાત્મક તબક્કો (Abstract Operational Stage) :** બાર વર્ષ પછી આ તબક્કો શરૂ થાય છે. હવે તે તાર્કિક વિચારણા અને અનુમાનો કરી શકે છે. સ્વચ્છતા, સ્વતંત્રતા, લોકશાહી વગેરે જેવા ખ્યાલોને સમજી શકે છે. હવે બાળકો સાથે વૈચારિક પ્રત્યાયન

કરી શકાય છે. નિબંધમાં, સાહિત્યનાં વિશિષ્ટ સ્વરૂપોને સમજી શકે છે. ગણિત અને વિજ્ઞાનમાં વિવિધ પરિભાષાઓ, સંજ્ઞાઓને સમજીને ઉત્તર આપી શકે છે.

4.4 ઉપસંહાર :

આપણે જે ભાષા શીખી જઈએ છીએ અને સહજતાથી બોલી જઈએ છીએ તેના સિદ્ધાંતોનો અભ્યાસ કરતાં વર્ષો નીકળી જાય છે. આજે જે રીતે બાળકનું બાળપણ અદ્યતન ટેક્નોલોજી સાથે ઝડપથી વિસ્તરી રહ્યું છે તે જોતાં કદાચ હવે બધાં વિકાસના સોપાનોને નવા દૃષ્ટિકોણથી પણ જોવાનો સમય થઈ ગયો હોય તેવું પણ લાગી રહ્યું છે. જો કે ભાષા અને તેના વિકાસ અને નિત નવા આયામો વિશે વિશ્વભરમાં અનેક સંશોધનો થઈ રહ્યાં છે અને આમ જોઈએ તેના પરિપાકરૂપ જ આપણે આ વિષયનો અભ્યાસ કરી રહ્યા છીએ ને !

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) સંકલ્પના (વિભાવના)નો અર્થ આપી તેનું મહત્ત્વ સમજાવી સંકલ્પનાનાં લક્ષણો સોદાહરણ જણાવો.

(2) બોધાત્મક વિકાસ એટલે શું ? બોધાત્મક વિકાસની સંકલ્પના જણાવી તેનું મહત્ત્વ સમજાવો.

(3) બોધાત્મક વિકાસના વિવિધ તબક્કાઓ જણાવી સાંવેદનિક-કારક તબક્કો અને પૂર્વક્રિયાત્મક તબક્કાની ચર્ચા કરો.

પ્ર.2 ટૂંકનોંધ લખો.

(1) મૂર્ત ક્રિયાત્મક તબક્કો

(2) અમૂર્ત ક્રિયાત્મક તબક્કો

પ્ર.3 નીચેના પ્રશ્નોના અતિસંક્ષિપ્તમાં ઉત્તર આપો.

(1) સંકલ્પના યા વિભાવનાની વ્યાખ્યા આપો.

(2) મૂર્ત અને અમૂર્ત ક્રિયાત્મક તબક્કાનાં બે-બે ઉદાહરણ આપો.

☆

પ્રકરણ 5 ભાષા અને અનુભવ

મુદ્દાઓ :

5.1 પ્રસ્તાવના
5.2 ભાષા અને અનુભવ
5.3 ભાષા અનુભવ અભિગમ
5.4 ઉપસંહાર
)※ સ્વાધ્યાય

5.1 પ્રસ્તાવના :

ઇતરજીવ સૃષ્ટિની અપેક્ષાએ માણસ જન્મે છે ત્યારે એક અત્યંત મહત્ત્વપૂર્ણ ફરક એ પડે છે કે માણસ ભાષા સાથે જન્મે છે. તેને સેંકડો પેઢીઓનો વારસો, સદીઓના સંસ્કાર અને ભાષા મળે છે. સદીઓથી એક જ પરંપરા કેવી રીતે ચાલી આવી શકે છે ? એ ભાષા વગર કઈ રીતે સંભવ બની શકે ? માનવ એકવીસમી સદીમાં અચંબિત કરતું સર્જન કરવા સમર્થ બન્યો છે તે વિકાસગાથા ભાષા વગર ક્યાં અટકેલી હોત ? ભાષાના આવિષ્કાર વગર માણસની પ્રગતિનો ગ્રાફ હજી ક્યાં સુધી પહોંચ્યો હોત ? ભાષા, સંપર્ક, વાતચીત, ચર્ચા, શબ્દો વગેરેને, કદાચ માનવ મગજની મૂળ પેદાશોની ભૂમિ તૈયાર કરનારી શોધોને સર્વોચ્ચ સ્તર અપાય તો એમાં કંઈ ખોટું નથી. પછી, ભાષા કોઈ પણ હોઈ શકે - અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, મરાઠી, મલયાલમ, બંગાળી, તમિલ, કે પછી હિબ્રુ.

આ સંદર્ભમાં માનવબાળક ભલે જન્મથી જ ભાષાની શક્તિઓ લઈને આવ્યું હોય પણ તેને કેવું અનુભવ વિશ્વ પ્રાપ્ત થાય છે, તેના પર તેના ભાષા વિકાસનો આધાર છે. પ્રસ્તુત પ્રકરણમાં ભાષા અને અનુભવ એક બીજા સાથે કેવી રીતે સંકળાયેલા છે, તે વિશે ચિંતન કરીશું.

5.2 ભાષા અને અનુભવ :

બાળક એક વર્ષનું થતાં થતાં તો એના મુખેથી શબ્દો બહાર પાડવા માંડે છે. અને આ જ એક મોટું આશ્ચર્ય છે ! તે પોતાની માતૃભાષાના જ શબ્દો આત્મસાત્ કરતાં કરતાં બીજા એકાદ વર્ષમાં તો સરળ વાક્યો પણ બોલતું થઈ જાય છે. બાળક જે સહજતાથી પોતાની માતૃભાષા બોલતું થાય છે એ જોઈને આપણે દંગ જ રહી જઈએ છીએ. સામાન્ય રીતે તો આપણે મોટાં પણ કોઈ નવી ભાષા શીખવાનું નક્કી કરીએ ત્યારે એક લાંબી પ્રક્રિયામાંથી પસાર થઈએ છીએ. એ ભાષાનો કક્કો, તેનું વ્યાકરણ અને તેનું શબ્દભંડોળ- આ ત્રણેયને યોગ્ય પ્રમાણમાં શીખીએ ત્યારે જ એ ભાષા બોલવાનું શક્ય બને છે. એક-બે વર્ષનું બાળક આસપાસનાં સ્વજનોને કાનથી સાંભળી અને આંખેથી તેમના હોઠની હિલચાલ જોઈને કેવી વ્યાકરણ-'શુદ્ધ' માતૃભાષા બોલવા લાગે છે ! તેના મગજના સંબંધિત કેન્દ્રની સંવેદનશીલતા કેટલી પ્રબળ હશે ! અને પછી તો આપણે તેની સાથે આપણી માતૃભાષામાં આપણાં સમકક્ષની જેમ જ વાતો કરતાં થઈ જઈએ છીએ. એનું શબ્દભંડોળ આપણી સમજાવવાની શક્તિ કરતાં તેની નવી જ વિકસતી ગ્રહણ-શક્તિના બળ પર જ વિકસતું થઈ જાય છે.

જરા વધારે નિરીક્ષણ કરીએ તો માતૃભાષાને આત્મસાત્ કરતાં બાળકની ગણિતની સમજ પણ સહજપણે વિકસતી દેખાય છે. એને ગમતું કોઈ રમકડું કે ચૉકલેટ જ્યારે તેની સામે ધરો તો તે 'હજી વધારે'ની જીદ કરે છે. એને ગણિતના પાયા સમાન જથ્થાના ખ્યાલની સમજ પડવા લાગી છે. 'થોડું' અને 'ઘણું'થી શરૂ થતી તેની સમજ થોડા વખતમાં તો ચોક્કસ સ્વરૂપ પકડે છે. એક, બે, ત્રણ, ચાર જેવી સંખ્યાઓનું જ્ઞાન તે તરત જ ગ્રહણ કરી લે છે.

❋ **વ્યક્તિગત અનુભવ :** દરેક બાળક પોતાની રીતે દુનિયાનો અનુભવ પ્રાપ્ત કરે છે. કારણ કે માણસનું બાળક અત્યંત જટિલ એવું શક્તિશાળી મગજ લઈને જન્મે છે. તે તેની આ શક્તિને લીધે જ ધીરેધીરે જગતના અનુભવમાંથી બધું મેળવે છે. અર્થાત્, જે મેળવવાનું છે તે અને એ મેળવવા માટેની રીત પણ. દરેક બાળક પોતાની રીતે દુનિયાનો અનુભવ કરે છે અને પોતાની રીતે ગોઠવે છે. દુનિયાનો અનુભવ કેવી રીતે લેવો એ શીખવવો નથી

પડતો. સામે આવતી વસ્તુઓ વ્યક્તિઓને અલગ સમજતાં, એમનું વર્ગીકરણ કરતાં શીખવવું નથી પડતું. વસ્તુઓમાંથી એમના આકાર, કદ, જથ્થો, રંગ, ગુણધર્મો અલગ તારવતાં શીખવવું નથી પડતું. આ બધું એ પોતાની રીતે કરે છે. કેવળ, એણે જે દુનિયાને તારવી છે એ માટે એની આસપાસ જે ભાષા બોલાય છે, એમાંથી શબ્દો, વાક્યો તારવીને એમનો મેળ કરવાનો હોય છે. અને એટલે જ જ્યારે શિક્ષક વર્ગખંડમાં 60 જેટલાં વિદ્યાર્થીઓ સમક્ષ બોલે છે ત્યારે દરેક વિદ્યાર્થી તેને પોતાની રીતે ગ્રહણ કરે છે, કારણ કે તેઓનો પ્રવચનને ગ્રહણ કરવાનો અનુભવ વ્યક્તિગત જ હોય છે.

❋ **ભાષાનું આત્મસાતીકરણ :** ભાષા શીખવી એટલે કે આ પ્રક્રિયા આત્મસાત્ કરવાની હોય છે. આ સિદ્ધાંત અનુસાર આ પ્રક્રિયાની ક્ષમતા એની પાસે હોય છે. એટલે એ કોઈપણ ભાષા શીખવા સક્ષમ હોય છે. આ પ્રક્રિયા સતત ચાલતી હોય છે. જાગ્રત અવસ્થાના બધા સમયે બાળક ભાષા શીખતું હોય છે. એની ક્ષમતા અને સતત પ્રયત્નોમાંથી એ ટૂંક સમયમાં જટિલ વ્યવસ્થા પર પકડ મેળવી લે છે. બીજા કોઈ પ્રાણી પાસે આ ક્ષમતા નથી. માણસ એટલે તો સંસ્કૃતિની ટોચ પર બિરાજમાન થઈ શક્યો છે.

પહેલાં એમ માનવામાં આવતું કે, બાળકના મગજની પાટી સાવ કોરી હોય છે. ધીરે ધીરે જગતના અનુભવમાંથી એ બધું મેળવે છે. અર્થાત્, જે મેળવવાનું છે તે અને એ મેળવવા માટેની રીત પણ. બાળકનો ઉછેર એક કુમળા છોડની જેમ કરવાનો હોય છે. એને જે રીતે ઉછેરીએ એ રીતે એ ઊછરે. એને ખાતર-પાણી-તડકો જોઈએ, ઉછરવા માટે યોગ્ય જમીન જોઈએ. એની જે રીતે કાપકૂપ કરીએ એ રીતે એનો આકાર થાય છે.

❋ **ભાષાકીય વાતાવરણ :** આનો અર્થ એ નથી થતો કે બાળક માતા-પિતાની કે આસપાસની ભાષા જન્મથી શીખી લે છે. જે ભાષાકીય

વાતાવરણમાં એનો ઉછેર થાય છે, એ ભાષા એ શીખે છે. અને એ ભાષા એને શીખવી પડે છે નહીંતર એ તે ભાષાસમાજનો સભ્ય નહીં બની શકે. એના કાન પર અથડાતા અનેક ધ્વનિમોજાંમાંથી શરૂઆતમાં તો ભાષાકીય અને ભાષેતર ધ્વનિઓને અલગ સમજે છે. પછી એ ધ્વનિમોજાંમાંથી શબ્દોને અલગ તારવવાનું શીખે છે. આ શબ્દોને એણે તે પૂર્વે રચેલ દુનિયાની વસ્તુઓ અને વ્યક્તિઓના ખ્યાલો સાથે જોડવાનો પ્રયાસ કરે છે. પોતાની ક્ષમતાથી અનુભવનું વિશ્લેષણ; એમાંથી ખ્યાલોની રચના; રચાયેલ ખ્યાલો સાથે આસપાસ બોલાતી ભાષાના શબ્દો-ઉક્તિને જોડવા માટે એ ઉક્તિઓનું વિશ્લેષણ; અને પછી ખ્યાંલો અને શબ્દો-ઉક્તિની મેળવણી આ ભાષા શીખવાની પ્રક્રિયા દ્વારા બાળક ભાષા શીખે છે. અર્થાત્, એક તરફ અનુભવોનું વિશ્લેષણ અને ગઠન અને બીજી તરફ ધ્વનિમોજાંઓનું વિશ્લેષણ અને ગઠન અને એમનું મિલન, આ પ્રક્રિયા બાળક કરતું હોય છે. આ વિશ્લેષણ અને રચના તથા મેળવણીની ક્ષમતા એની પાસે હોય છે, બીજા કોઈ પ્રાણી પાસે આ ક્ષમતા નથી.

એક બાબત સમગ્ર વિશ્વમાં એ પ્રતીત થાય છે કે ભાષા શીખવી અને સારી રીતે શીખવી એ વ્યક્તિ વિકાસનું અનિવાર્ય અંગ બની ગયું છે. વિશેષમાં જે રીતે વિદેશગમનની ઘટનાઓ વધુ પ્રમાણમાં આકાર લઈ રહી છે તે જોતાં હવે આ દિશામાં ખૂબ પ્રયાસો થઈ રહ્યા છે. ઈન્ટરનેટ પર તો કોઈ પણ ભાષા શીખવા માટેના કાર્યક્રમો ઉપલબ્ધ છે. આગળ જતાં આ બધી બાબતો એક અલગ સિદ્ધાંતના સ્વરૂપમાં અભ્યાસક્રમમાં દાખલ પણ થઈ શકે. આજે વિદેશમાં વર્ષોથી રહેતા ગુજરાતીઓ પોતાનાં સંતાનોને ગુજરાતી શીખવવા માટે પ્રયત્નશીલ છે અને ત્યાં વસતા ગુજરાતી પ્રેમીઓ આ દિશામાં અથાગ પ્રયત્નો કરે પણ છે. તેઓ ગુજરાતી હોવા છતાં ગુજરાતી બીજી ભાષાની જેમ શીખવું પડે છે. આ જ સંદર્ભમાં ભાષા અનુભવ અભિગમ શું છે, તે વિશે સમજીશું.

5.3 ભાષા અનુભવ અભિગમ (Language Experience Approach - LEA) :

ભાષા અનુભવ એ ભાષા શીખવાનો એક અભિગમ છે, જેમાં પ્રાથમિક કક્ષાએ ભાષા શીખવાનો આ અનુભવ સૌથી વધુ ઉપયોગી બને છે.

ભાષા અનુભવ અભિગમ લગભગ 1920ની આસપાસ ઉપયોગમાં લેવાયો. હવે આ અભિગમ છેલ્લા ત્રીસ વર્ષથી પ્રાથમિક સાક્ષરતા શીખવવા માટે સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે. વિશેષ કરીને 'મુક્ત શિક્ષણ'ના સંદર્ભમાં વિદ્યાર્થીની પૂર્વ અને અત્યારની ભાષામાં વાચન, લેખન અને શ્રવણ કૌશલ્યો વિકસાવવા માટે ઉપયોગમાં લેવાય છે.

રોઆચ વાન એલન (Roach Van Allen) ભાષા અનુભવ અભિગમના પુરસ્કર્તા ગણાય છે. તેઓએ આ અભિગમ 1960માં પ્રથમ વાર વર્ણવ્યો. તેઓએ જણાવ્યું કે, આ અભિગમ કેવી રીતે બોલાતી અને લખાતી ભાષા વચ્ચે એક સાહજિક સેતુ રચવાનું કામ કરે છે.

* જે હું કહી શકું છું, તેને હું લખી શકું છું,
* જે હું લખી શકું છું, તે હું વાંચી શકું છું.
* જે હું વાંચી શકું છું, તે હું લખી શકું છું અને બીજા લોકો જે લખી શકે છે તે હું વાંચી શકું છું.
* આ અભિગમ વિચાર, મૌખિક ભાષા અને વાચન વચ્ચે સંબંધ પ્રસ્થાપિત કરવા પર વધુ ભાર મૂકે છે અને તે અસરકારક પણ બને છે.

ભાષા અનુભવ અભિગમ ઍસ્ટોન વૉર્નર અને પૌલો ફ્રેરેના [Ashton-Warner (1963) and Paulo Freire (1972)] કાર્યોની સમકક્ષ દેખાઈ રહ્યું છે, તેઓએ વંચિત બાળકો અને પુખ્તો માટે આ અભિગમ વિકસાવ્યો હતો. હવે આ અભિગમ મોટાભાગના દેશોમાં મુક્ત શિક્ષણના સંદર્ભમાં સૌથી વધુ પ્રચલિત છે. આપણે ત્યાં પ્રૌઢ શિક્ષણ માટેના શિક્ષણમાં પણ આ જ પ્રકારનો અભિગમ પ્રચલિત હતો. આ અભિગમ બીજી ભાષા શીખનારાઓ માટે પણ પ્રચલિત છે, વિશેષ કરીને અંગ્રેજી ભાષા ન જાણતાં હોય તેવાઓ માટે અંગ્રેજી શીખવા માટે ઉપયોગમાં લેવાય છે.

ભાષા અનુભવો વિદ્યાર્થીને શ્રવણ, કથન, વાચન અને લેખન વચ્ચેનાં જોડાણો સમજવામાં ઉપયોગી થાય છે. તેઓ બાળકોને એવા અનુભવો બોલવા અને લખવાના કાર્યમાં સંમિલિત કરે છે, જે બોલાયેલી બાબત છે તેને લખાય છે અને જે લખાયેલું છે તે વંચાય છે. ભાષા અનુભવ શબ્દભંડોળ, ભાષાની વાક્યરચના, જુદા જુદા હેતુઓ માટે કરાતા ભાષાના વિવિધ ઉપયોગો અને વિદ્યાર્થીના ખ્યાલોના વિકાસ કરવાની બબતોને સમાવિષ્ટ કરે છે.

❋ **ભાષા અનુભવની વિશેષતાઓ :**

- ❋ શ્રવણ, કથન, વાચન અને લેખન વચ્ચેના આંતરસંબંધો બતાવવા.
- ❋ ભાષા અને સાહિત્યિક કૌશલ્યો એમ બંનેનો વિકાસ કરવો.
- ❋ મુદ્રણ કલાના ખ્યાલો વિકસાવવામાં સહાયભૂત થવું.
- ❋ અધિકૃત અનુભવો પૂરા પાડીને વિદ્યાર્થીના ભાષા કૌશલ્યોને વિસ્તારવું.
- ❋ વિદ્યાર્થીના કથન અને લેખન કૌશલ્યને શિક્ષકની મદદથી ગહન બનાવવું.
- ❋ વ્યક્તિગત અનુભવોને વર્ણવવા, લખવા તેમ જ વાતાવરણમાંથી પ્રાપ્ત થતાં અનુભવો સાથે જોડવાં.
- ❋ વિષયવસ્તુના ભાષાકીય તત્ત્વોને સમજવાની તક પૂરી પાડવી.
- ❋ બધામાં ઉપયોગમાં લેવાતા સામાન્ય શબ્દોનો સંગ્રહ કરવો.
- ❋ શિક્ષક ખુદ એક આદર્શ નમૂનો પૂરો પાડે તેવું વાતાવરણ સર્જવું.
- ❋ વિવિધ હેતુઓ માટે વિષયવસ્તુની રચના કરતાં શીખવવું.

❋ **ભાષા અનુભવ માટેનાં ચાવીરૂપ સોપાનો :**

સામાન્ય રીતે જે રીતે પાઠ આયોજન થાય છે અને તેના નિશ્ચિત સોપાનો છે તેમ શિક્ષક ભાષા અનુભવ આપતી વખતે નીચેના સોપાનોનું અનુસરણ કરે તો વ્યવસ્થિત કાર્ય કરી શકાય.

- ❋ વિદ્યાર્થીઓએ ભાગ લેવાનો હોય તેવા કોઈ એક અનુભવનું આયોજન કરો. જેમ કે, યાદગાર પ્રવાસ, કશુંક બનાવ્યું હોય તેનો અનુભવ, સાઇકલ કે સ્કૂટર શીખ્યાનો અનુભવ. ક્યારેક કોઈ તત્કાલીન કે બિનાઅયોજિત ઘટનાનો પણ સમાવેશ કરી શકાય. કોઈ અજાણી વ્યક્તિ સાથે મુલાકાત. સખત વરસાદ પડ્યો હોય એવો કોઈ અનુભવ
- ❋ વિદ્યાર્થીને એ અનુભવનું વર્ણન કરવા માટે આમંત્રિત કરો. એ ઘટનાના ફોટા પાડો. એ ઘટના વિશે માર્ગદર્શકરૂપ જરૂરી પ્રશ્નો પૂછો.
- ❋ હવે વિદ્યાર્થીને આ જ અનુભવ વિશે લખવાનું કહો.
- ❋ વિદ્યાર્થીના લેખનને વાંચો અને તેને જરૂર લાગે ત્યાં સુધારો કરો
- ❋ વ્યક્તિગત અને જે તે જૂથ માટે તેને પ્રકાશિત કરો.

આમ, ભાષા અનુભવ મૂળે તો ભાષા શીખનારને ભાષાના વાતાવરણનો પ્રત્યક્ષ અનુભવ પૂરો પાડવાનો પ્રયત્ન કરે છે. બી.એડ્.માં પણ અન્યભાષી જેમ કે હિન્દીભાષી તાલીમાર્થીઓ આ જ બાબતનો અનુભવ કરતા હોય છે. ભાષા અનુભવ વગર આત્મસાત્ થતી નથી.

5.4 ઉપસંહાર :

પ્રસ્તુત પુસ્તક અંતર્ગત ઘણી વખત એવો ભાવ જાગે કે શિક્ષક પાસે બહુ વધુ પડતી અપેક્ષાઓ રાખવામાં આવી રહી છે. આમ પણ તેનું કાર્ય દિવસે ને દિવસે વધુ વિસ્તૃત અને સંકુલ બનતું જાય છે. જિંદગી પણ પહેલાંની અપેક્ષાએ વધુ કઠિન અને પડકારરૂપ બની ગઈ છે અને હજુ બનતી જતી હોય તેવું જ લાગી

રહ્યું છે. એ સંજોગોમાં જીવનને ગતિમાન રાખવા માટે પણ વધુ કૌશલ્યોની જરૂરિયાત અનિવાર્ય થઈ પડવાની છે. હવે તો ડિજિટલ સાક્ષરતાની વાતો થઈ રહી છે. એટલે શિક્ષકે વધુ વિધાયક અભિગમ રાખીને જ્યાં જ્યાં પણ શક્ય હોય ત્યાં વિદ્યાર્થીઓ સાથે તેઓના અનુભવ જગતમાં સામેલ થવું પડશે અને તેના અનુભવ જગતને વધુ સમૃદ્ધ પણ કરવું પડશે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) 'બાળકો અનુભવથી ભાષા શીખે છે.' પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં બાળકને ભાષા શીખવામાં ક્યા પ્રકારના અનુભવો તેને ભાષા આત્મસાત્ કરવામાં મદદરૂપ થાય છે, તે દર્શાવો.

(2) ભાષા અનુભવ અભિગમ કઈ કક્ષાએ મદદરૂપ બને છે ? આ અભિગમની વિશેષતાઓ જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) ભાષા શીખવવા માટે બાળકને વ્યક્તિગત અનુભવો પૂરા પાડવા જોઈએ ? શિક્ષક તરીકે તમે બાળકોને ભાષા શિક્ષણમાં પ્રાથમિક કક્ષાને કેવા અનુભવો પૂરા પાડશો ?

(2) 'બાળક આજુબાજુના ભાષાકીય વાતાવરણમાંથી ભાષાનો અનુભવ મેળવે છે' - પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં ભાષાકીય વાતાવરણને સદૃષ્ટાંત સમજાવો.

પ્ર.3 નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યોમાં ઉત્તર આપો.

(1) ભાષા અનુભવ અભિગમના પુરસ્કર્તા કોણ હતા ?

(2) ભાષા અનુભવ અભિગમને ઉપયોગ ક્યારથી અને કઈ કક્ષાએ થયો હતો ?

(3) ભાષાનું આત્મસાતીકરણ એટલે શું ?

☆

પ્રકરણ 6 ભાષાને અસરકર્તા પરિબળો

મુદ્દાઓ :

6.1 પ્રસ્તાવના
6.2 ભાષાને અસરકર્તા પરિબળો
6.3 ઉપસંહાર
)※ સ્વાધ્યાય

6.1 પ્રસ્તાવના :

શબ્દને આપણા શાસ્ત્રોમાં 'બ્રહ્મ' તરીકે ઓળખવામાં આવ્યો છે. કેમ કે શબ્દ એ માત્ર શબ્દ નથી પણ અર્થનું પોટલું છે, શબ્દ પોતે નિરર્થક નથી હોતો, એને સમજવાની આપણી સમજ સાર્થક હોય છે. કયો શબ્દ, કયે ઠેકાણે, કયો અર્થ પ્રગટાવશે, એની પરવા ન કરીએ ત્યારે આપણે અનેક અનર્થો સર્જીએ છીએ. આ શબ્દમાં એટલી બધી શક્તિ છે કે વર્ષોના સંબંધોને ઘડીભરમાં તોડીફોડી શકે છે અને વર્ષોના બગડેલા સંબંધોને જોડી પણ શકે છે. શબ્દમાં રહેલી આ તાકાત પર કયા અસરકર્તા પરિબળો અસર કરે છે, તેને આ પ્રકરણમાં સમજવાનો પ્રયાસ કરીશું. આપણી સવાર, સાંજ અને સ્વપ્નની દુનિયા તો ભાષાથી જ રંગાયેલી છે ને !

6.2 ભાષાને અસરકર્તા પરિબળો :

ભાષાવિકાસમાં વ્યક્તિગત ભિન્નતાઓ તો હોય છે જ. કેટલાંક બાળકો જલદીથી ભાષાનો ઉપયોગ શીખે છે, જ્યારે કેટલાંક બાળકો ઘણો મોડો ભાષાનો ઉપયોગ કરતાં શીખે છે. ભાષાવિકાસમાં અમુક વયે તેને લગતી ખાસિયતો હાજર હોય છે. મોટાભાગનાં બાળકોનો ભાષાવિકાસ સમાન ધોરણે જ થાય છે. ઘણી વખત ભાષાવિકાસમાં ખામીઓ દેખાય છે કે કોઈનો ભાષાવિકાસ ઝડપી પણ હોય છે. આમ બનવા માટે કેટલાક ઘટકો જવાબદાર છે. મનોવિજ્ઞાનીઓના મતાનુસાર

નીચેના ઘટકો ભાષાવિકાસ પર અસર પહોંચાડે છે. બાળમનોવિજ્ઞાન પણ આ વિષયનું અધ્યયન કરે છે.

(1) **શારીરિક સ્વાસ્થ્ય અને પરિપક્વતા :** બાળકના ભાષાવિકાસમાં શારીરિક અવસ્થાઓ, શરીરની ખામીઓ વગેરે અગત્યની અસર પહોંચાડે છે. લાંબા સમયની માંદગીને લીધે બાળકોનો ભાષા-વિકાસ મંદ બને છે. વાણી સાથે જોડાયેલા સ્નાયુઓમાં ખામી હોય તો બાળક બોલતાં મોડું શીખે છે. મધ્યવર્તી જ્ઞાનતંતુની ખામીને લીધે મુશ્કેલી પેદા થાય છે. વાણીનું નિયંત્રણ કરતાં જ્ઞાનતંતુઓની ખામી ભાષાવિકાસને અસર પહોંચાડે છે.

શારીરિક ખામીઓમાં મુખ્યત્વે કરીને શ્રવણશક્તિનો અભાવ ભાષાવિકાસને ઘણી જ અસર પહોંચાડે છે. બાળક સાંભળી શકતું હોય નહીં તો બીજાએ બોલેલા શબ્દોની અસરથી તે મુક્ત રહે છે, એટલું જ નહીં પરંતુ પોતાના બોલેલા શબ્દોની અસર પણ થતી નથી. આવાં બાળકોને મંદ બુદ્ધિનાં કે વિચિત્ર ગણવામાં આવે છે. આ પ્રકારની ખામી બહુ લાંબા સમય સુધી કોઈના ખ્યાલમાં આવે નહીં તેવું બને છે.

બહેરાપણું વારસાગત હોય છે કે જન્મ સમયે કે તે પૂર્વે થયેલી ઈજાઓને લીધે હોય છે. બહેરાપણાને લીધે બાળકોમાં સ્વભાવની મુશ્કેલીઓ ઊભી થાય છે. આજુબાજુનો ખ્યાલ તેને આવતો નથી તેથી તે શરમાળ કે શંકાશીલ બને છે. બહેરાં બાળકોની ખામી બહુ નાની ઉંમરમાં પકડાઈ જાય તો તેને લગતી ચિકિત્સા થઈ શકે અને ભવિષ્યમાં ઉપસ્થિત થતી અનેક મુશ્કેલીઓ અટકાવી શકાય.

પરિપકવતાની અસર ભાષાવિકાસ પર થાય છે. પરિપક્વતા પામેલાં બાળકો તેનાથી નાની ઉંમરનાં બાળકો કરતાં ભાષા જલદી ગ્રહણ કરે છે. વાણીવિકાસ મોડો થયો હોય તેવાં બાળકોમાં પણ પરિપકવતાની અસર રહે છે. ઉંમરના વિકાસ સાથે ભાષાવિકાસને સંબંધ છે.

(2) **બુદ્ધિ (Intelligence) :** બુદ્ધિને ભાષાવિકાસ સાથે સંબંધ છે, એવું મંતવ્ય પ્રસ્થાપિત કરતાં ટર્મેન લખે છે કે, "શારીરિક ઉંમરમાં તફાવત હોય છતાં માનસિક ઉંમર (Mental Age) સરખી હોય તેવાં બાળકોનો શબ્દભંડોળ લગભગ સરખો જ હોય છે." માનસિક ખામીઓવાળાં બાળકોમાં ભાષાવિકાસ ઓછો હોય છે. 132 બુદ્ધિ આંક ધરાવતાં બાળકોની ભાષા સમૃદ્ધિ બીજાં બાળકો કરતાં ઉત્તમ કક્ષાની સાબિત થઈ છે. બુદ્ધિ-આંક અને ભાષાવિકાસ વચ્ચે ઘનિષ્ઠ સંબંધ છે, એવું કેટલાક સંશોધકો સ્વીકારતા નથી, છતાં તે વિષે મોટી સંખ્યામાં બાળકોનો અભ્યાસ થાય તે જરૂરી છે.

બુદ્ધિશાળી બાળકો ઝડપથી બોલી, વાંચી અને લખી શકે છે. તેઓ સરળતાથી કૌશલ્યો પર પ્રભુત્ત્વ મેળવી લે છે. તેઓ સારી સ્મૃતિશક્તિ ધરાવતાં હોવાથી તેઓનો ભાષાવિકાસ પણ ઝડપી થાય છે.

(3) **આવેગાત્મક અસરો (Emotional - Influences) :** બાળકોના આવેગોને અસર પહોંચાડે તે પ્રકારની મા-બાપની વર્તણૂક, ભાષાવિકાસને અસર પહોંચાડે છે. બાળકના ભાષાવિકાસ પ્રત્યે વધારે પડતું ધ્યાન આપવું યોગ્ય ગણાય નહીં. ઘણાં મા-બાપ બાળકનો ભાષાવિકાસ જલદી થાય તેમ ઇચ્છે છે. તેઓ બાળકની શક્તિ હોય તેના કરતાં વધુ અપેક્ષાઓ રાખે છે. બાળક તેમની ઇચ્છાઓ પ્રમાણે સફળ થાય નહીં એટલે તેઓ નિરાશાજનક માનસિક અવસ્થા પેદા કરે છે. આવી વર્તણૂક બાળકોના ભાષાવિકાસને નુકસાન પહોંચાડે છે. તેથી વિરુદ્ધ, કેટલાંક મા-બાપ બાળકની સહેજ સિદ્ધિને વધુ પડતો આવકાર આપે છે. આવી સ્થિતિ પણ ઇચ્છનીય નથી.

શાળામાં શિક્ષક અને વિદ્યાર્થીના સાંવેગિક સંબંધો પણ અસર કરે છે. જો શિક્ષક ભાષા શીખવતી વખતે પ્રેરણા આપે તો તેઓ રસપૂર્વક કાર્ય કરશે. પ્રેરણાનો અભાવ રહે તો બાળક નીરસ બની જશે અને લઘુતાગ્રંથિનો ભોગ પણ બને. જેની ભાષા વિકાસ પર નકારાત્મક અસર પડે છે.

(4) **દ્વિભાષીય વાતાવરણ (Bilngual Enviornment) :** બે ભાષાઓ બોલાતી હોય અથવા તો તેનો ઉપયોગ થતો હોય તેવા વાતાવરણમાં રહેતાં ત્રીસ બાળકોનો સ્મિથે અભ્યાસ કર્યો. આ બાળકો ચાઈનીઝ અને અંગ્રેજી બન્ને ભાષાનો ઉપયોગ કરતાં. બીજા એકભાષી બાળકોની સરખામણીમાં આ બાળકોનો શબ્દભંડોળ બહુ ઓછો હતો. આ બાબત અંગ્રેજી માધ્યમમાં ભણતાં વિદ્યાર્થીઓને પણ લાગુ પડે છે. માતૃભાષા ગુજરાતી હોય અને બાળમંદિરમાં જતાં જ બીજી ભાષામાં શીખવાનું આપે એટલે વિદ્યાર્થીનો ભાષાવિકાસ રૂંધાય છે.

(5) **જાતીય ભેદો (Sex) :** વાણીની શરૂઆતથી જ છોકરા કરતાં છોકરીઓનો ભાષાવિકાસ વધુ દેખાય છે. છોકરીઓની વાક્યરચના, વ્યાકરણની શુદ્ધતા શબ્દોના ઉચ્ચાર છોકરાઓ કરતાં વધુ ચોક્કસ હોય છે. આવા ભેદ માટે મનોવૈજ્ઞાનિકો સાંસ્કૃતિક પરિસ્થિતિને આગળ ધરે છે. છોકરીઓ માતા સાથે તાદાત્મ્ય સાધે છે, જ્યારે છોકરાઓ પિતા સાથે તાદાત્મ્ય સાધે છે. માતા ઘરમાં ઘણો સમય હાજર હોય છે, પિતા બહાર વધુ જતા હોય છે. તેથી પુત્રીને માતાનો સંપર્ક વધુ મળે છે અને ભાષાવિકાસ માટે અનુકરણની તક છોકરા કરતાં વધારે મળે છે.

ભાષાની ખામીઓ તેમ જ તોતડાપણું છોકરાઓમાં વધુ પ્રમાણમાં હોય છે. આનું કારણ એવું બતાવવામાં આવે છે કે છોકરાઓને વધુ સજા થયાના પ્રસંગો બને છે તથા વિકટ સંજોગોનો સામનો કરવો પડે છે. છોકરીઓનો ઉછેર એ દૃષ્ટિએ ઓછી મુશ્કેલીઓથી ભરેલો હોય છે, તેથી ભાષાની ખામીઓ છોકરાઓમાં વધારે હોય છે.

(6) **કૌટુંબિક સંબંધો (Family Relationships) :** કૌટુંબિક સંબંધો ભાષાવિકાસને અસર પહોંચાડે છે. બાળક માતાના સંપર્કમાં કેટલો સમય રહે છે, તેમ જ તેનો માતા સાથે કેવો સંબંધ છે, તે નિર્ણાયક તત્ત્વ છે. માતા બાળકને વધારે લાડ લડાવે કે કોઈપણ પ્રકારનું ધ્યાન રાખે નહીં, આ બન્ને સ્થિતિઓ ભાષાવિકાસ માટે

નુકસાનકર્તા છે. મા-બાપના અન્યોન્ય સંબંધો સારા હોય નહીં અને કુટુંબમાં ઝઘડાખોરી વ્યાપક હોય તો તોતડાપણું તથા ભાષાની અન્ય ખામીઓ ઉત્પન્ન થવાની શક્યતાઓ રહે છે.

કુટુંબમાં વધારે બાળકો હોય તેના કરતાં એક જ બાળક હોય, તો તે બાળકનો ભાષાવિકાસ ઝડપથી જોવામાં આવે છે. વધારે બાળકો તરફ માતા બહુ ધ્યાન આપે નહીં. એક બાળક હોય તો તેના પ્રત્યે વધુ પ્રત્યે વધુ ધ્યાન અને સંપર્ક રહે છે, તેથી તેનો ભાષાવિકાસ થવાની શક્યતાઓ વધી જાય છે.

જોડિયા 'ભાઈઓ'નો (બાળકોમાં) ભાષાવિકાસ નબળો જોવામાં આવે છે તેનું એક કારણ એવું આપવામાં આવે છે કે જોડિયાં બાળકો વડીલોનું અનુકરણ કરવાને બદલે અન્યોન્ય એકબીજાનું અનુકરણ કરે છે, તેમ જ તેઓની ગુપ્ત સંજ્ઞાઓની મદદથી વ્યવહાર ચલાવે છે, તેથી તેમનો ભાષાવિકાસ ઓછો હોય છે.

બાળકો સમક્ષ કુટુંબની વ્યક્તિઓ તરફથી કેવા પ્રકારની ભાષા ઉદાહરણરૂપે મૂકવામાં આવી હોય છે તે બાબત અગત્યની ગણાય છે. બાળકની વાણી વિકાસ પામતી હોય ત્યારે તેની સમક્ષ સાચી અને સ્પષ્ટ ભાષા મૂકાવી જરૂરી છે. ક્લિષ્ટ ભાષા બોલતા કુટુંબનાં બાળકો અજ્ઞાત રીતે પણ અનુકરણ દ્વારા ક્લિષ્ટ ભાષા વાપરાતા હોય છે. અનુકરણ માટે મા-બાપ તરફથી શુદ્ધ ભાષા વહેવી જોઈએ, તેમ જ શીખેલી ભાષાનો વારંવાર ઉપયોગ થાય તેનો ખ્યાલ રાખવો જોઈએ.

ગરીબ કુટુંબનાં બાળકો કરતાં પૈસાદાર કુટુંબનાં બાળકોનો ભાષાવિકાસ વધુ જોવામાં આવે છે. સામાજિક દૃષ્ટિએ પ્રતિષ્ઠિત કુટુંબોનાં બાળકોમાં ભાષા-વિકાસનું પ્રમાણ ઓછી સામાજિક પ્રતિષ્ઠા ધરાવતાં કુટુંબ કરતાં વધુ જણાય છે.

6.3 ઉપસંહાર :

આમ તો વાતાવરણમાં ઘટતી તમામ ઘટનાઓ પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે માનવ જીવન પર અસર પહોંચાડે છે. આજે આપણે એક બહુભાષી વાતાવરણમાં જીવી રહ્યા છીએ. અંગ્રેજીનું પ્રભુત્વ રાજકુમારીની માફક દિવસે ન વધે તેમ રાતે

અને રાતે ન વધે તેવું દિવસે વધી રહ્યું છે. રાષ્ટ્રીય શૈક્ષણિક અનુસંધાન અને પ્રશિક્ષણ પરિષદ અનુસાર અંગ્રેજી ભાષા અને રાજ્યભાષા બનેમાં કોને અને કેટલું મહત્ત્વ આપવું એ બાબતમાં ફક્ત માતા-પિતા જ નહિ, પણ શિક્ષણ સંસ્થાઓ અને રાજકીય-સામાજિક નેતાઓ માટે પણ આ વિષે એક મોટી સમસ્યા છે. જેના લીધે આ દ્વંદ્વ યુદ્ધ દરેક રાજ્યમાં ચાલુ છે પણ અંગ્રેજી ભાષા વિજેતા બનતી જાય છે એવું જણાય છે, 26 રાજ્યોમાં અંગ્રેજીને પ્રાધાન્ય અપાયેલું છે. અંગ્રેજી ભાષાના વધતા જતા મહત્ત્વ, પ્રભાવ અને અપાતા પ્રાધાન્યને લીધે શહેરોમાં મધ્યવર્ગીય સમાજમાં અને શિક્ષણને લીધે સમૃદ્ધિ વધી રહી છે. અને ગ્રામ્ય અને શહેરોમાં મજૂરકામ (ઘરકામ કરનારા. રોજીથી કામ કરનારા, કારખાનાઓમાં મજૂરી કરનારા વગેરે) નીચલા વર્ગમાં અંગ્રેજીના અભાવે આર્થિક નિષ્ફળતા વધી રહી છે. બે તદ્દન જુદા ભારત બની રહ્યા હોય તેવું લાગી રહ્યું છે. એક શિક્ષક તરીકે વિદ્યાર્થીમાં માતૃભાષાની સાથે અન્ય ભાષાનો વિકાસ થાય તેવું વાતાવરણ સર્જવું પડશે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) ભાષા એટલે શું ? ભાષાને અસરકર્તા પરિબળો જણાવી શારીરિક સ્વાસ્થ્ય અને પરિપક્વતા ભાષા પર શી અસરો જન્માવે છે, તેની સવિસ્તર ચર્ચા કરો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) ભાષા પર બુદ્ધિની અસરો

(2) ભાષા પર આવેગાત્મક અસરો

(3) દ્વિભાષીય વાતાવરણની ભાષા પર અસરો

(4) કૌટુંબિક સંબંધોની ભાષા પર અસરો.

પ્ર.3 નીચેના પ્રશ્નોના અતિસંક્ષિપ્ત ઉત્તર આપો.

(1) અંગ્રેજી માધ્યમમાં ભણતાં બાળકોની માતૃભાષા પરની અસરો જણાવો.

(2) મજૂરોનાં બાળકોને સારા વ્યવસાયમાં જવાની તકો મળતી નથી. શાથી ?

☆

પ્રકરણ 7 ભાષાનો વિકાસ અને સિદ્ધાંતો (વાર્તાનિક અને બોધાત્મક)

મુદ્દાઓ :

7.1 પ્રસ્તાવના

7.2 ભાષા વિકાસ

7.2.1 પ્રથમ ભાષાનો વિકાસ : તબક્કાઓ

7.2.2 દ્વિતીય ભાષાનો વિકાસ : તબક્કાઓ

7.3 ભાષા વિકાસના સિદ્ધાંતો

7.4 ઉપસંહાર

)※ સ્વાધ્યાય

7.1 પ્રસ્તાવના :

બાળકના મુખેથી પ્રથમ બોલાતો શબ્દ 'મા' 'બા' કે 'પા' એટલે સામાજિક ઉત્સવનો અવસર. બાળકના મોંએ મમ્મી, પપ્પા કે વડીલો શબ્દો સાંભળવા માટે તરસતા હોય છે. તેના કાલી ઘેલી કિલકારીઓ ઘરને આનંદથી ભરી દે છે. અને આગળ જતાં એ શબ્દોમાં અને પછી વાક્યોમાં પોતાના ભાવ અને વિચારનું આદાનપ્રદાન કરવાનું શીખી જાય છે. મજાની વાત એ છે કે, ભાષા નામક આ શક્તિશાળી સાધન આપણે બહુ સહેલાઈથી મેળવી લઈએ છીએ. મનુષ્યના બાળક તરીકે આપણે આ સિધ્ધિ માત્ર ચાર વર્ષના ટૂંકા ગાળામાં મેળવી લઈએ છીએ. જેમ ચાલતાં, દોડતાં શીખીએ છીએ એટલી સહજતાથી આપણે બોલતાં અને સમજતાં શીખી લઈએ છીએ. એ શીખવવાની જરૂર પણ પડતી નથી અને ભાષાની આ આવડત આપણી પાસે કેવી રીતે આવી, એની ચિંતા કર્યા વિના, એનો ઉપયોગ કર્યે જઈએ છીએ. ભાષા વિશે વિચારનારને આ શક્તિ વિશે આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

કારણ કે ભાષા એક એવું સાધન છે જે ખાસ્સું જટિલ છે. એની અનેક નાની વ્યવસ્થાઓ જાણવામાં અને વર્ણવવામાં ભાષાવિજ્ઞાનીઓને ખાસો પરિશ્રમ કરવો પડે છે. વર્ષોનાં વર્ષો કાઢવાં પડે છે. જેવી રીતે માણસનું શરીર અને મગજ અત્યંત જટિલ છે એવી જ રીતે એમની પેદાશ આ 'ભાષા' પણ એના જેવું જ અત્યંત જટિલ સાધન છે. અને માણસનું બાળક આ સાધન, આ તંત્રને, કેવી રીતે આટલા ઓછા સમયમાં મેળવી લે છે, એનું આશ્ચર્ય થયા વિના રહેતું નથી. ભાષાને આ રીતે આત્મસાત્ કરવી તેને જ ભાષા વિકાસ કહે છે. આ પ્રકરણમાં આપણે ભાષા વિકાસ, પ્રથમ અને દ્વિતીય ભાષા વિકાસના તબક્કાઓ વિશે શીખીશું. તેમજ તેના સિદ્ધાંતો વિશે શીખીશું.

7.2 ભાષા વિકાસ :

ભાષા વિકાસની વિભાવના અનુસાર બાળકના જન્મ સાથે વારસાગત લક્ષણોની સાથે બોલી શકવા માટેનાં જવાબદાર અંગો તથા તેનાં કાર્યો જોડાયેલાં હોય છે. ભાષા વિકાસની શરૂઆત તેના કાને સંભળાતા વિવિધ અવાજને જ્યારે અર્થ, ઘટના, જરૂરિયાત અને કાર્ય સાથે જોડવામાં આવે છે. ત્યારબાદ એ ભાષામાં પરિવર્તિત થાય છે. આથી એવું સ્પષ્ટપણે માની શકાય કે, કોઈપણ બાળકના ભાષા વિકાસમાં સૌથી પહેલો ભાગ તેના વાલી, કુટુંબ અને આસપાસના વાતાવરણનો હોય છે. જે રીતે બાળકને મમ્મી-પપ્પા બનીને ઢીંગલી કે ગાડી સાથે રમવું ગમે છે, નકલ કરવી ગમે છે, બિલકુલ એ જ રીતે એમના જેવું જ બોલવું ગમે છે. દરેક ઘરની દરેક કુટુંબની એક પોતીકી પરિભાષા હોય છે.

સાદી ભાષામાં ભાષા વિકાસને ઓળખાવીએ તો બાળક ભાષામાં વિચાર-વિનિમય કરતું થાય એટલે ભાષા આવડી કહેવાય. પરિભાષાથી સમજવાનો પ્રયાસ કરીએ તો.

"ભાષા વિકાસ એ એવી પ્રક્રિયા છે, જેમાં વ્યક્તિ ભાષાને સમજવાની અને તેનો અર્થબોધ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે છે, તેમજ શબ્દો અને વાક્યો રચીને પ્રત્યાયન કરતાં શીખે છે. ભાષા વિકાસ એ વ્યક્તિના અનેક લક્ષણોમાંથી એક પ્રમુખ લક્ષણ છે, જે તેને ઇતર જીવસૃષ્ટિથી અલગ પાડે છે. અને ભાષા વિકાસ મોટેભાગે પ્રથમ ભાષા એટલે કે માતૃભાષાના સંદર્ભને વ્યક્ત કરે છે કે જેમાં બાળક જે-તે સમાજની પોતાની ભાષા શીખે છે."

બાળકના જન્મ પછી તે થોડાઘણા પ્રતિભાવ આપવાનું શરૂ કરે એટલે એનું નિરીક્ષણ કરતાં કેટલીક બાબતો ધ્યાન પર આવે છે. બાળકનો શારીરિક, માનસિક અને ભાષાકીય વિકાસ સાથે સાથે થાય છે. બીજાં પ્રાણીઓ કરતાં માણસના બાળકનો વિકાસ ધીમો હોય છે. સંપૂર્ણ શારીરિક વિકાસ થવામાં 16-18 વર્ષ લાગે છે. આટલો સમય કોઈ અન્ય પ્રાણીને લાગતો નથી. ભાષાકીય વિકાસ મગજના વિકાસ સાથે સંબંધિત છે. પણ શરૂઆતના શારીરિક વિકાસ સાથે જોડાયેલો જણાય છે. જેમકે, સામાન્ય રીતે બાળક ભાખોડિયાં ભરતું થાય અને બેસતું થાય ત્યારે એ બબડાટ કરવા માંડે છે. એ પહેલાં ત્રણેક મહિનાનું હોય ત્યારે અવાજ ઓળખતાં શીખે છે અને અવાજની દિશા પણ પકડે છે. ચાલવા માંડે તેની સાથે એની સમજશક્તિ વધેલી હોય છે. એકાદ શબ્દ બોલવા લાગે છે, પણ સમજે છે ઘણું. ઘણા શબ્દો, નાનાં વાક્યો, સૂચનાઓ એ સમજે છે પણ બોલવામાં હજી એક શબ્દવાળી ઉક્તિઓ જ હોય છે. અઢાર મહિનાનું થાય ત્યારે નાનાં વાક્યો બનાવવા માંડે છે. શબ્દભંડોળ વધે છે અને પછીના એકાદ વર્ષમાં તો એ ભાષાની લગભગ બધી તરકીબો શીખી જાય છે. પાંચ વર્ષનું બાળક એની આસપાસની ભાષા (જેને માતૃભાષા પણ કહેવાય છે) પાકે પાયે બોલવા માંડે છે.

વાક્યરચનાઓનું જે તંત્ર સમજતાં અને વર્ણવતાં ભાષાવિજ્ઞાનીઓને વર્ષો લાગી જાય અને તો પણ પૂરેપૂરું વર્ણન ન કરી શકે તે તંત્ર બાળક આટલા ટૂંકા ગાળામાં ગ્રહણ કરી લે છે અને સફળતાપૂર્વક વાપરે છે. બે વર્ષના બાળકનો ભાષાકીય વિકાસ એટલો ઝડપી હોય છે કે એનો પીછો કરવો સંશોધકો માટે પણ અઘરો બની જતો હોય છે. આ વિકાસના અનેક તબક્કાઓ દર્શાવવાના પ્રયત્નો બાળકો સાથે કામ કરનારા કરે છે. આ ક્ષેત્રમાં જેમ જેમ કામ વધુ થાય છે તેમ તેમ બાળકની ક્ષમતા વિશે વધુ ને વધુ આશ્ચર્ય થાય છે. આ આશ્ચર્યને હવે આપણે તબક્કાઓમાં સમજવાનો પ્રયાસ કરીએ.

7.2.1 પ્રથમ ભાષાનો વિકાસ : તબક્કાઓ :

આગળ જણાવ્યું તે પ્રમાણે બાળકની માતૃભાષા એટલે તે તેની પ્રથમ ભાષા. આ ભાષા શિક્ષણ અનેક તબક્કાઓમાંથી પસાર થાય છે, જેની સમજૂતી મેળવવાનો પ્રયાસ કરીએ.

(1) **પૂર્વભાષાકીય તબક્કો :** નવજાત શિશુઓ શરૂઆતમાં જાતજાતના અવાજો કરતાં હોય છે. સૌથી પહેલાં તો રડવાનો અવાજ. આરંભનું આ રુદન કોઈ પણ વિશિષ્ટતા વિનાનું હોય છે. જે તેની સામાન્ય ઉત્તેજના બતાવે છે. સંજોગો ગમે તેવા હોય બાળક સરખી રીતે જ રડે છે. ધીમે ધીમે તે ભૂખ, એકલતા, પીડા કે ઊંઘ માટે જુદી જુદી રીતે રડવાનું શરૂ કરે છે. સાથે સાથે આનંદ વ્યક્ત કરવા માટેના પણ 'આઆ' 'ઉઉઉ' જેવી કિકિયારીઓ કે કિલકિલાટ પણ કરવા લાગે છે.

છ માસની આસપાસ બાળક ગળામાંથી શબ્દો જેવું કંઈ સંભળાતું હોય, પણ ખરેખર તો અર્થહીન હોય તેવા લાંબા અવાજો કાઢવાનું શરૂ કરે છે. બાળક જાણે કે પોતાના જ અવાજોનો પડઘો પાડતું હોય તેવું લાગે છે. શરૂઆતના આ અવાજો આકસ્મિક હોય છે, પણ પરિવારજનો પાસથી મળતાં પ્રતિભાવો તેને વધુ બોલવા માટે પ્રેરિત કરે છે. 'મા' શબ્દનો અર્થ તો બાળકને ખબર નથી જ હોતો, પણ મમ્મીનું વહાલ તેને આ શબ્દને પુનરાવર્તિત કરવા પ્રેરે છે. ધીમે ધીમે તે વિવિધ અવાજો વચ્ચેના તફાવત પારખતાં શીખી જાય છે.

(2) **શરૂઆતનો ભાષાકીય તબક્કો :** અર્થપૂર્ણ શબ્દો બોલવાના આ તબક્કાને ત્રણ સોપાનોમાં વહેંચવામાં આવ્યા છે.

2.1 **એક શબ્દ તબક્કો :** આ તબક્કો આશરે 9થી14 માસની ઉંમરનો હોય છે; પણ કેટલાક બાળકોમાં તે 20 માસ સુધી પણ લંબાતો હોય છે. શબ્દનું પહેલું ઉચ્ચારણ પહેલી વર્ષગાંઠની આસપાસ થાય છે. છૂટાછૂટા એક એક શબ્દો બોલતો થાય છે. દા. ત. મમ, ભૂ, મ્યાઉં, છી, મા, તાતા, પાપા વગેરે.. મોટાભાગના બાળકો પંદરથી વીસ માસની અંદર છૂટાછવાયા વીસ-પચીસ શબ્દો બોલી શકે છે.

2.2. **દ્વિશબ્દ તબક્કો :** બે શબ્દો સાથે બોલવાની ક્રિયા અઢારથી વીસ મહિનાની આસપાસ બોલવાનું શરૂ કરે છે. આ બે શબ્દોમાં હવે વિચારની હાજરી જોવા મળે છે. પણ તેનો સંદર્ભ અલગ હોઈ શકે. દા.ત. મમ્મી જો, આ બે શબ્દો લાડ કરવા માટે, ભયના કારણે કે કશું ક નવું જોયું તોય તે બતાવવા માટે પણ બોલાયા હોય. આ બે શબ્દોમાં મોટેભાગે નામ અને ક્રિયાપદ હોય છે. આ તબક્કાને તાર જેવી ટૂંકી વાણી (Telegraphic Speech) પણ કહે છે. બે વર્ષની વયે પચાસથી વધુ અને અઢી વર્ષની વયે ત્રણસો જેટલા શબ્દો તે બોલવા લાગે છે.

2.3 **વાક્યરચનાકીય તબક્કો :** ત્રીસ માસની આસપાસ વાક્યરચના ઉપર ભાષા વિકાસ કેન્દ્રિત થવા માંડે છે. બાળક ભૂતકાળ, ભવિષ્યકાળ અને વિભક્તિના પ્રત્યયો લગાડતું થઈ જાય છે. આ રમકડું કોનું છે ?, મેં ખાધું, જેવાં વાક્યો બોલે છે. ભાષાના શીખેલા માળખાને અનુસરવાનો પ્રયાસ કરે છે, પણ હજી સામાન્યીકરણમાં ભૂલો કરતું હોય છે, જેમ કે, બહુવચન કરવાનું હોય તો, 'ખુરશીઓ' ને બદલે 'ખુરશો' જેવા પ્રયોગો કરી બેસે છે.

ઉંમર વધવા સાથે બાળકનો જાત અનુભવ અને સમજ થકી તે વાક્યોમાં વિશેષણો, ક્રિયાવિશેષણો અને સંયોજકો વાપરવા માંડે છે. દા.ત. ઝડપ કર, હું એની સાથે રમીશ, તે રમકડું સરસ છે અને મારે તે જોઈએ, વગેરે વગેરે.... પાંચ વર્ષ સુધીમાં તે બધી જાતનાં વાક્યો બોલતું થઈ જાય છે, પણ હજુ ભાષા બોલવાની વિશિષ્ટ શૈલી પ્રાપ્ત નથી કરી હોતી.

2.4 શબ્દાર્થનો વિકાસ : ભાષા શીખતી વખતે બાળક શબ્દોના અર્થ સમજવાનું કાર્ય તેમ જ વાક્યની યોગ્ય રચના શીખવાનું કાર્ય સાથે સાથે જ કરતું હોય છે. ધીમે ધીમે બાળકની શબ્દોના અર્થની સમજ વિકસતી જાય છે. તેને એક શબ્દના અનેક અર્થોનો પણ ખ્યાલ આવવા માંડે છે. પાંચ વર્ષના બાળક પાસે લગભગ બેથી ત્રણ હજાર જેટલા શબ્દોનું ભંડોળ હોય છે. જો કે શબ્દાર્થના વિકાસમાં વ્યક્તિગત અને વાતાવરણગત તફાવતો હોય છે. શબ્દાર્થનો વિકાસ જેમ વધુ તેમ વાક્યરચનાનો વિકાસ વધુ થાય છે.

(3) **સામાજિક સંદર્ભ મુજબ યોગ્ય ભાષાનો વિકાસ :** ભાષા હંમેશા સમય, સંજોગો, વ્યક્તિ, હેતુ વગેરેને ધ્યાનમાં રાખીને પ્રયોજાતી હોય છે. દા.ત. સામી વ્યક્તિને વિનંતી કરવાની હોય, કે આદેશ કરવાનો હોય તો ભાષામાં વાક્ય રચના બદલાઈ જાય. 'પેન્સિલ આપ' કે પેન્સિલ આપશો ! આ પ્રકારના વાક્યો બોલવાના હોય તો તે ધીમે ધીમે અવાજની યોગ્ય તીવ્રતા, આરોહ - અવરોહ વગેરેનો યોગ્ય ઉપયોગ કરતાં શીખી જાય છે. આગળ જતાં તે સામી વ્યક્તિને સાંભળીને સંવાદ કરતું પણ થાય છે.

આમ, બાળક પ્રથમ ભાષામાં પૂર્વભાષાકીય તબક્કામાં માત્ર લવારામાંથી અન્ય વ્યક્તિઓ સાથે સમય અને પરિસ્થિતિ અનુસાર સંવાદ કરતું થઈ જાય છે. હવે આપણે દ્વિતીય ભાષા વિકાસ અને તેના વિકાસના તબક્કાઓ વિશે જોઈશું.

7.2.2 દ્વિતીય ભાષાનો વિકાસ : તબક્કાઓ :

આમ તો, માતૃભાષા સિવાયની બીજી ભાષા જાણવી કે આવડવી એટલે દ્વિતીય ભાષા વિકાસ કહેવાય. "બીજી ભાષા અથવા દ્વિતીય ભાષા એટલે કે વ્યક્તિની પ્રથમ ભાષા ઉપરાંત તે બીજી જે પણ ભાષા શીખે તે. ભલે આપણે તેને બીજી ભાષા

કહીએ પણ તે ત્રીજી અને ચોથી ભાષાને પણ લાગુ પડી શકે છે. અહીં તે બીજી ભાષા શીખે છે, તેમાં ભાષા અધ્યાપનનો સમાવેશ થતો નથી. અલબત્ત, તે તેને અસર પહોંચાડી શકે છે. ભાષા વિકાસ મૂળગત રીતે શીખવાના એક અજાગ્રત સ્વરૂપ પર ભાર મૂકે છે."

જે રીતે પહેલી ભાષા શીખાય છે, તેવી જ રીતે બીજી ભાષા પણ શીખાતી હોય છે કેમ કે ભાષા વિકાસ તો એક જ પ્રકારના સોપાનોને અનુસરતી હોય છે છતાં માતૃભાષા કરતાં તેમાં થોડોક તફાવત આવી જાય છે. કેમ કે, બીજી ભાષા શીખવામાં પ્રથમ ભાષા વચ્ચે તો આવી જ જાય છે. **હેઈન્સ દ્વિતીય ભાષા વિકાસના નીચે મુજબ પાંચ સોપાનો જણાવે છે.**

(1) **પૂર્વ-ઉત્પાદકીય તબક્કો : (Preproduction) :** આ તબક્કાને શાંત તબક્કો પણ કહે છે. કારણકે બાળક માત્ર શબ્દો ગ્રહણ કરે છે, હજુ તે એનો ઉપયોગ કરતો હોતો નથી. એની પાસે લગભગ 500 જેટલા શબ્દો હોય છે. જો કે બધાં જ આ શાંત તબક્કામાંથી પસાર થાય છે, તેવું પણ નથી. કેટલાક ઝડપથી બોલવાનું શરૂ કરી દે છે. શરૂઆતના આ તબક્કે પોતાના સર્જનાત્મક ઉપયોગ કરતાં વધુ તો એ અનુકરણના સ્વરૂપમાં હોય છે. આ તબક્કો ત્રણથી છ મહિનાનો હોય છે.

(2) **શરૂઆતનો ઉત્પાદકીય તબક્કો : (Early Production) :** આ તબક્કા દરમ્યાન બાળક બે કે ત્રણ શબ્દો અથવા ખૂબ ટૂંકાં રૂપો બોલે છે. તેઓ ભાષાના કેટલાક રૂપો યાદ કરવાનું શીખી લે છે. જો કે તેનો ઉપયોગ કરતી વખતે ભૂલો કરી બેસે છે. તેની પાસે લગભગ 1000 શબ્દોને ગ્રહણ કરવાની અને તેનો ઉપયોગ કરવાની શક્તિ આવી જાય છે. આ તબક્કો લગભગ છ મહિના ચાલે છે.

(3) **વાણીનો ઉદ્‌ભવ : (Speech Emergence) :** આ તબક્કામાં તેઓ વાણીની અભિવ્યક્તિ કરતાં થઈ જાય છે. 3000 જેટલા શબ્દોનું ભંડોળ હોય છે અને સાદાં વાક્યો તેમજ પ્રશ્નો પૂછી શકે છે. જો કે હજુ તેઓ વ્યાકરણની ભૂલો કરી બેસે છે.

(4) **વાણીની મધ્યમ પ્રવાહિતા : (Intermediate Fluency) :** ચોથા તબક્કમાં તેઓમાં મધ્યમ પ્રકારનો અભિવ્યક્તિનો પ્રવાહ જોવા મળે છે. તેઓ પાસે 6000 જેટલા શબ્દોનું ભંડોળ હોય છે. સંકુલ પ્રકારના વાક્યોની રચના કરી શકે છે. હવે તેઓ પોતાના મંતવ્યો અને અભિપ્રાયો રજૂ કરી શકે છે. જો કે ક્યારેક ખૂબ સંકુલ પ્રકારનાં વાક્યોમાં કેટલીક ભૂલો થતી હોય છે.

(5) **વાણીની ઉચ્ચ પ્રવાહ : (Advanced Fluency) :** આ અંતિમ તબક્કામાં પ્રવેશ લેતાં લગભગ પાંચથી દસ વર્ષ લાગી જાય છે. આ તબક્કે તે પ્રથમ ભાષાની જેમ જ બીજી ભાષામાં પ્રત્યાયન સાધી શકે છે.

આમ, બીજી ભાષા શીખતાં અને પહેલી ભાષા જેટલી સિદ્ધિ હાંસલ કરતાં વધુ સમય નીકળી જાય છે. જ્યાં સુધી ભાષા આપણને પૂરેપૂરી આવડી ન જાય ત્યાં સુધી એમાં આપણી ઝડપ આવતી પણ નથી. એટલે બીજી ભાષા શીખતી વખતે એ ભાષાના ભાષકો આપણી સાથે બહુ ઝડપથી બોલતા હોય એવું લાગે છે. એ ભાષામાં આપણી ભૂલો પડે તો પણ અને બીજાની પડે તો પણ ઘણીવાર આપણને ખબરે ય પડતી નથી.

અહીં ઉંમર કરતાં જે પણ બાળક કે વ્યક્તિ બીજી ભાષા શીખે છે તે સંદર્ભમાં ભાષા વિકાસના સોપાનોનો વિકાસ થાય છે.

7.3 ભાષા વિકાસના સિદ્ધાંતો :

આપણે એ જોયું કે પ્રથમ અને દ્વિતીય ભાષાનો વિકાસ કેવી રીતે થાય છે. આ સમગ્ર બાબત આશ્ચર્યમાં તો ગરકાવ કરી જ દે છે કે માનવબાળ જે જન્મ લીધાં પછી સાવ કોરી સ્લેટ જેવો હોય અને ત્રણેક વર્ષોમાં તો કેટકેટલું બોલતો થઈ જાય છે.

આપણને એવો સવાલ થાય કે શું આ ક્ષમતા કેવળ માણસ પાસે જ છે ? જો એને કોઈ જંગલમાં એકલો મૂકી દેવા તો પણ તો શું એ આ જ રીતે ભાષા શીખે શકે ખરો ? આ બધા પ્રશ્નોના જવાબ આપણને મનોવિજ્ઞાન ભાષા વિકાસના સિદ્ધાંતો દ્વારા સમજાવવાનો પ્રયાસ કરે છે.

વિવિધ મનોવૈજ્ઞાનિકોના અલગ-અલગ દૃષ્ટિકોણ થકી ભાષા વિકાસના પાંચ સિધ્ધાંતો જોવા મળે છે.

(1) જન્મજાત શક્તિનો સિદ્ધાંત (Nativist Theory)

(2) આંતરક્રિયાનો સિદ્ધાંત (Interactionist Theory)

(3) વર્તનવાદી સિદ્ધાંત (Behaviorist Theory)

(4) બોધાત્મક સિદ્ધાંત (Cognitive Theory)

(5) માહિતી પ્રક્રિયાનો સિદ્ધાંત (Information Processing Theory)

(1) **જન્મજાત શક્તિનો સિદ્ધાંત (Nativist Theory) :** નોઆમ ચૉમ્સકી આ સિદ્ધાંતના પ્રણેતા છે. તેઓના મતે માનવબાળ જન્મથી જ ભાષા શીખવાની ક્ષમતા અને તેનો ઉપયોગ કરવાની અસાધારણ શક્તિ લઈને પેદા થયું છે. ભાષા શક્તિની તરકીબ કે યુક્તિ તેને વારસામાં મળી છે, જેની મદદથી તે ગમે તેવી નવી ભાષા શીખી શકે છે. તેઓ જણાવે છે કે, દરેક વ્યક્તિ ભાષા શીખવાની ક્ષમતા (Language Aquivisition Device - LAD) લઈને જ જન્મ્યો છે. ચોમ્સ્કી આ સિધ્ધાંતના સમર્થનમાં જણાવે છે કે, બાળક વ્યાકરણ શીખ્યા વગર જ ભાષા બોલતું થઈ જાય છે. ભાષા આત્મસાત્ કરવા માટે વ્યાકરણ શીખવાની

જરૂર નથી. બાળક ન સાંભળ્યા હોય તેવાં વાક્યો પણ રચે છે અને ભૂલો કરે છે એ જ બતાવે છે કે એ વ્યવસ્થા શીખી રહ્યો છે અને નવી નવી ઉક્તિઓનું સર્જન કરી રહ્યો છે. આ સર્જન એણે તારવેલ નિયમોને આધારે કરતું હોય છે.

(2) **આંતરક્રિયાત્મક સિદ્ધાંત (Interactionist Theory) :** રશિયન મનોવૈજ્ઞાનિક વાયગોત્સ્કીના મત અનુસાર, બાળક તેના જીવનમાં તેની આસપાસ રહેલી જે વ્યક્તિઓના સંપર્કમાં આવે છે તેઓ સાથેની આંતરક્રિયા દ્વારા ભાષા વિકાસ સાધે છે. જૈવિક પાસું, બોધાત્મક પાસું અને તેનું વાતાવરણ આ બધા વચ્ચે કેવી આંતરક્રિયા થાય છે તેના પર ભાષાનાં વિકાસનો આધાર રહેલો છે. અહીં વાક્યોની રચના પર ભાર નથી, પણ ભાષાના કાર્યો શીખવા પર ભાર છે. ભાષા કેવી રીતે બોલવી, કોની સાથે કેવી રીતે બોલવું, શું બોલવું વગેરે. બાળક જે તે ભાષાનું જ્ઞાન સમાજમાં કેટલા સમર્થ લોકો પાસેથી પ્રાપ્ત કરે છે તે પર તેના ભાષા વિકાસનો આધાર રહેલો છે. વાયગોત્સ્કી સહિયારા શિક્ષણ (Collaborative learning) દ્વારા થતી આંતરક્રિયા પર ભાર આપે છે. ઘરમાં વડીલો સાથે જેટલી વધુ આંતરક્રિયા થાય એટલો ભાષા વિકાસ વધુ થાય છે. હવે દાદા – દાદીની વાર્તાઓનું મહત્ત્વ વધારે સમજાય છે. રોજ રાતે કહેવાતી વાર્તાઓમાં ભાષા વિકાસનો ખજાનો છુપાયેલો હતો. આપણે અહીં ઘટ સિદ્ધાંતને પુનઃ યાદ કરી શકીએ. તેમાં આપણે જોયું હતું કે જે બાળકોને પર્યાપ્ત વાતાવરણ પ્રાપ્ત થતું નથી તેઓ ભાષા અભિવ્યક્તિમાં સારો દેખાવ કરી શકતા નથી.

(3) **વર્તનવાદી સિદ્ધાંત (Behaviourist Theory) :** બી. એફ. સ્કીનર આ સિધ્ધાંતના પ્રણેતા છે. તેઓના મત અનુસાર, બાળક ભાષાને વાતાવરણની આંતરક્રિયામાંથી પ્રાપ્ત કરે છે. માતા-પિતા, વડીલો, મિત્રો, શિક્ષકો અને બીજાઓ સાથે વારંવાર સંવાદ થવાથી મહાવરો પ્રાપ્ત થાય છે. આ મહાવરા થકી નવા નવા શબ્દો અને વાક્ય પ્રયોગો શીખાય છે.

પાવલોવે શાસ્ત્રીય અભિસંધાનનો સિધ્ધાંત આપ્યો. જેમાં કુદરતી ઉદ્દીપકને જે પ્રતિચાર મળે તે જ પ્રતિચાર અવેજીરૂપ કે અભિસંધિત ઉદ્દીપકને મળે છે. અહીં પ્રતિચાર અવેજીરૂપ ઉદ્દીપક સાથે જોડાય છે. સ્કિનરના મતે સુદૃઢકને કારણે વર્તનની વારંવારિતા વધે છે. આ માટે સ્કિનરે ઉંદરો અને કબૂતરો પર પ્રયોગ કરીને આ સિદ્ધાંત પ્રસ્થાપિત કર્યો છે. તેઓ અભિસંધાનની વ્યાખ્યા આપતાં જણાવે છે કે,

'જે ક્રિયાનું સુદૃઢક સાથે જોડાણ થાય છે ત્યારે એ જોડાણને અભિસંધાન કહે છે.' અધ્યયનના આ સિદ્ધાંત વિશે શૈક્ષણિક મનોવિજ્ઞાનમાં વિગતે અભ્યાસ કરવામાં આવે છે.

સ્કિનરના આ સિદ્ધાંતને કારક અભિસંધાન કહેવામાં આવે છે. આ એવા પ્રકારનું અધ્યયન છે, જેમાં પ્રતિપોષણને કારણે પ્રતિચાર મળવાની સંભાવના વધી જાય છે.

એક ઉદાહરણથી સમજીએ. બાળક ઘરે આવીને પપ્પાને કહે છે. 'પપ્પા, મેં આજે સ્કૂલમાં પ્રશ્નનો સાચો જવાબ આપ્યો. અને શિક્ષકે મને શાબાશી આપી.' અહીં પપ્પા પણ પોતાના સંતાનને બિરદાવે છે. સાચો જવાબ આપ્યો અને શિક્ષકે તેને શાબાશી આપી. વિદ્યાર્થીના વર્તનમાં શિક્ષકની શાબાશી એ સુદૃઢક તરીકે કામ કરે છે. વર્ગમાં હવે વિદ્યાર્થીમાં પ્રશ્નોના જવાબ આપવાના વર્તનમાં વધારો થશે. વળી પપ્પાએ પણ પ્રશંસા કરી એટલે એને વધુ બદલો મળ્યો.

આ કારક અભિસંધાન એટલે પ્રાણી કોઈપણ કારણસર વર્તન કરે અને તે વર્તનને જો પ્રતિપોષણ (Reinforcement) મળે તે વર્તન વધુ દ્રઢ થાય છે. અહીં વર્તનનું પ્રતિપોષણ અથવા સુદ્રઢક સાથે જોડાણ થાય છે. સુદૃઢક એ એવા ઉદ્દીપકો છે, જેનાથી વર્તનની ગતિનું પ્રમાણ વધારી શકાય છે. કોઈપણ પ્રતિચારોને જે પ્રબળ બનાવે છે તેને સુદૃઢક કહેવામાં આવે છે.

ભાષા શીખવામાં આવા વિવિધ સુદૃઢકો મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અને જીવનના દરેક તબક્કાને આ વાત લાગુ પડે છે. કોઇ સરસ રીતે વાત કરે અને મમ્મી, પપ્પા કે શિક્ષક એ બાળકને બિરદાવે, તેના વખાણ કરે તો તે એ ભાષાનો ઉપયોગ કરવાનું ચાલુ રાખે છે. વિધાયક સુદૃઢકો ભાષાના ઉપયોગને વધારે છે, જ્યારે નકારાત્મક કે શિક્ષા જેવા સુદૃઢકો અમુક રીતે ભાષાનો ઉપયોગ કરતાં રોકે છે. આમ, સાચા શબ્દો બોલવાથી બાળકને પ્રશંસા કે ઇનામ મળે છે અને બોલવામાં ભૂલો કરતાં ઠપકો અને સજા ભોગવવાં પડે છે.

માઇક્રોટિચિંગમાં સુદૃઢીકરણ કૌશલ્ય શીખવામાં આવે છે. જેનો હેતુ ભાષા વિકાસના આ સિદ્ધાંતનો પ્રત્યક્ષ વિનિયોગ છે. વિદ્યાર્થીના વર્તનને બિરદાવવું, પ્રશંસા કરવી, શાબાશી આપવી જેથી તેના પ્રતિચારો આપવાના વર્તનનું સુદૃઢીકરણ થાય છે. આ અભિસંધાન દ્વારા માત્ર ભાષા જ નહીં પણ તેઓના વર્તનમાં અને વ્યક્તિત્વમાં પણ અપેક્ષિત ફેરફારો લાવી શકાય છે.

(4) **બોધાત્મક સિદ્ધાંત (Cognitive Theory) :** જન્મ બાદ બાળક આસપાસની દુનિયાના સંપર્કમાં આવે છે. અને વાતાવરણ સાથેની આંતરક્રિયા દ્વારા તેનો બોધાત્મક વિકાસ થાય છે જે જીવન પર્યંત ચાલુ રહે છે. સ્વીસ મનોવિજ્ઞાની જીન પિયાજે આ સિદ્ધાંતના પ્રણેતા ગણાય છે. આ સિદ્ધાંત અનુસાર માણસ આસપાસની દુનિયાને કઇ રીતે જાણે છે, સમજે છે, સમસ્યાઓને કઇ રીતે ઉકેલે છે, પોતાના વિકાસની તકોને ઓળખીને કઇ રીતે તેનો ઉપયોગ કરે છે તે બાબતો પર વિચાર કરવામાં આવે છે. કોઇપણ ભાષા શીખવા માટે આ પ્રકારની બોધાત્મક પ્રક્રિયા પાયાની પૂર્વશરત છે.

ભાષા અંતર્ગત આવતી બાબતો, હકીકતો, સ્મૃતિઓ, કલ્પનાઓ અને નિયમોને તે બોધાત્મક પ્રક્રિયા દ્વારા જ સમજે છે. ભાષા થકી વિચાર કરી નિર્ણય લે છે, લોકો સાથે આંતરક્રિયા કરે છે.

ઉપસ્થિત સંજોગોમાં જે-તે ઘટનાના નિરાકરણ માટે વ્યક્તિ કેવી રીતે ભાષાનો વિનિયોગ કરે છે તે તેના બોધાત્મક વિકાસનું પ્રતિબંબ છે. દા.ત. રસ્તામાં બે વાહનો અથડાય તો બે શાંત વ્યક્તિઓ એકબીજાની માફી માંગી, એ ઘટનાનો સુખદ અંત લાવવાનો પ્રયત્ન કરશે જ્યારે અન્ય કોઇ બે વ્યક્તિઓ અરસ-પરસ આક્ષેપબાજી કરીને મોટા ઝઘડાનું સ્વરૂપ આપે અને વાત પોલીસ સ્ટેશન સુધી પણ પહોંચે. જો કે આ બાબતને બીજા ઘણા પરિમાણોથી મૂલવી શકાય, પણ કહેવાનું તાત્પર્ય એટલું જ કે જે-તે પરિસ્થિતિમાં વ્યક્તિ કઇ રીતે ભાષા પ્રયોજે છે તે તેની બોધાત્મક પ્રક્રિયા પર આધારિત છે.

(5) **માહિતી પ્રક્રિયાનો સિદ્ધાંત (Information Processing Theory) :** આપણે જ્ઞાનેન્દ્રિયો વડે જે માહિતી પ્રાપ્ત કરીએ છીએ તે, તે જ સ્વરૂપમાં લાંબા સમય સુધી આપણી પાસે નથી હોતી. આપણે જરુર જણાય તેમ એ માહિતી ઉપર બોધાત્મક પ્રક્રિયા વડે તેનું રૂપાંતરણ કરીએ છીએ. માહિતીનો વિસ્તાર કરીએ, સંક્ષેપીકરણ કરીએ, સારાંશ તારવીએ, અતિશયોક્તિ કરીએ કે તે માહિતીને વિકૃત બનાવીએ, આ સઘળું માહિતી પર થતી પ્રક્રિયાનો નિર્દેશ કરે છે. આ અભિગમ પ્રમાણે પ્રત્યક્ષીકરણ, સ્મરણ, શિક્ષણ અને વિચારણા વગેરે તેના પરિણામો કહી શકાય. દા.ત. ડિટેક્ટીવ વાર્તાઓ કે ફિલ્મોમાં ગુનાઓનું વર્ણન અને પછી તેના રહસ્ય પરથી પડદો ઊંચકાય ત્યારે બધી માહિતી ઉપર તેના

તાણાવાણા ગૂંથીને તે એકબીજા સાથે કઇ રીતે સંકળાઇ છે, તેનું પૃથક્કરણ થાય છે. કમ્પ્યૂટરમાં પણ આપણે માહિતીને અલગ સારણીના સ્વરૂપમાં કે આલેખના સ્વરૂપમાં રજૂ કરીએ તે માહિતી પ્રક્રિયાના સિદ્ધાંતને રજૂ કરે છે.

7.4 ઉપસંહાર :

ભાષા વિકાસના તબક્કાઓ અને સિદ્ધાંતો જોયા પછી જે શક્તિ આપણને સહજ મળી ગઇ છે અને આપણે જે રીતે ભાષાનો વિનિયોગ કરીએ છીએ એ વિશે રોમાંચ થયા વિના ન રહે અને જે રીતે આપણે માતૃભાષા પ્રયોજીએ છીએ તે તો વરદાન સમું જ લાગે. બીજી ભાષા શીખવાના તબક્કઓ જાણ્યા પછી આપણે ભાષાની છેતરામણી જાહેરાતોથી ચેતવું જોઇએ કે, '90 દિવસમાં અંગ્રેજી શીખી જાઓ, નહીં તો પૈસા પરત'. અંગ્રેજી ઝડપથી શીખી જવાની ઘેલછાએ આવી દુકાનો શરૂ કરી દીધી છે. વ્યક્તિમાં ભાષા શીખવાની ક્ષમતા ચોક્કસ છે પણ તે રાતોરાત ન બની શકે. સભાન પ્રયત્નો તેના વિકાસને સઘન અને ઝડપી ચોક્કસ બનાવી શકે. અને હવે માત્ર એક કે બે ભાષાનો નહીં પણ બહુભાષિતાનો જમાનો છે, તો વધુ ભાષાઓ શીખવા પર ધ્યાન આપવું જોઇશે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) ભાષા વિકાસ એટલે શું ? બાળકના ભાષા વિકાસને ધ્યાનમાં રાખી, ભાષા વિકાસના તબક્કાઓ જણાવી, બાળકના પ્રથમ ભાષા વિકાસના તબક્કાની ચર્ચા કરો.

(2) બાળકના દ્વિતીય ભાષા વિકાસની સવિસ્તર ચર્ચા કરો.

(3) ભાષા વિકાસના વિવિધ સિદ્ધાંતો જણાવી ભાષા વિકાસના વર્તનવાદી સિદ્ધાંતની ચર્ચા કરો.

(4) ભાષા વિકાસના નીચેના સિદ્ધાંતોમાંથી ગમે તે બે સિદ્ધાંતોની સવિસ્તર ચર્ચા કરો.

(1) જન્મજાત શક્તિનો સિદ્ધાંતો

(2) આંતરક્રિયાનો સિદ્ધાંત

(3) બોધાત્મક સિદ્ધાંત

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) ભાષા બાળકના ભાષાકીય વિકાસમાં સામાજિક સંદર્ભની ઉપયોગિતા જણાવો.

(2) બાળકના દ્વિતીય ભાષા શીખવાના તબક્કામાં તેને કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ?

પ્ર.3 નીચેના પ્રશ્નોના અતિસંક્ષિપ્તમાં ઉત્તર આપો.

(1) બાળકને ભાષા આવડી છે તેમ ક્યારે કહી શકાય ?

(2) વર્તનવાદી ભાષા સિદ્ધાંતના પ્રણેતા કોણ હતા ?

(3) દ્વિતીય ભાષા શીખવામાં બાળકને ક્યા અવરોધોનો સામનો કરવો પડે છે ?

☆

એકમ 1.2

અધ્યેતાની ભાષા અને શાળા

પ્રકરણ 1 વર્ગખંડમાં બહુભાષિતા (Multilingualism) અને તેની અસરો

મુદ્દાઓ :

1.1 પ્રસ્તાવના
1.2 બહુભાષિતા : અર્થ અને સ્વરૂપ
1.3 બહુભાષિતાના લાભ
1.4 ભારતમાં બહુભાષિતાનું સ્વરૂપ
1.5 વર્ગખંડમાં બહુભાષિતાની સ્થિતિ અને તેની અસરો
1.6 ઉપસંહાર
)* સ્વાધ્યાય

1.1 પ્રસ્તાવના :

Charlemagne કહે છે કે, 'To have another language is to possess a second soul.' બીજી ભાષા જાણવી એ બીજો આત્મા હોવા બરાબર છે.

ભાગ્યે જ કોઈએ નોકરી કરવા માટેના અરજીપત્રકમાં એક બાબત નહીં જણાવી હોય કે તેઓ કેટલી ભાષાઓ જાણે છે. કેટલાક અરજીપત્રકોમાં તો તેના પેટા કૌશલ્યોના ઉલ્લેખ સાથે જેમ કે, બોલતાં, લખતાં અને વાંચતાં આવડે છે, તેવું પણ જણાવવાનું હોય છે. ગુગલ પર ભાષાંતર કરી આપવાની તેની સાઇટ પર એક જાહેરાત છે કે, 'શક્ય છે કે તમે એક દિવસ 90 ભાષા બોલાતી હોય તેવા વાતાવરણમાં પ્રવેશો તો ચિંતા ન કરશો, ગુગલ તમારી સાથે છે.' બદલાતા આ વિશ્વમાં બે કે ત્રણ ભાષાઓ આવડવી એ કદાચ સામાન્ય બાબત બનતી જતી હોય તેવું લાગી રહ્યું છે.

આજની શાળાઓ અને આપણો અડોશપડોશ પણ બહુભાષી બની રહ્યા છે. શહેરો જે રીતે વિકસી રહ્યાં છે અને જે રીતે અંગ્રેજી ભાષાની શાળાઓમાં બહુભાષી બાળકો પ્રવેશ મેળવી રહ્યાં છે તેમાં ત્રણ ભાષાઓનો ઉપયોગ હવે એકદમ સામાન્ય બની રહ્યો છે. હવેની શાળાઓમાં એક જ ભાષા જાણનાર વિદ્યાર્થીઓ અને શિક્ષક વચ્ચે આદાન-પ્રદાન થશે એવી વાસ્તવિકતા હોવી દુષ્કર જણાય છે. આ સંદર્ભમાં બહુભાષિતા એટલે શું, વર્ગખંડમાં તેની સ્થિતિ અને અસરો જાણવી કોઇપણ શિક્ષક માટે અનિવાર્ય બની રહેશે. વર્ગખંડના ભૌતિક કલેવરો નહીં પણ માનસિક અને સંવેગાત્મક કલેવરો પણ બદલાઇ રહ્યા છે, આ બધામાં બહુભાષી શિક્ષક વધુ સારી રીતે આદાન-પ્રદાન કરી શકશે.

1.2 બહુભાષિતા : અર્થ અને સ્વરૂપ :

બહુભાષિતાનો સાદો અર્થ એ છે કે એકથી વધુ બે કે તેથી બધુ ભાષા બોલવી અથવા આવડવી. આ બાબત હવે વિશ્વભરમાં ખૂબ ઝડપથી વધતી જતી ઘટના છે. કદાચ એક સમય એવો હશે કે વિશ્વમાં એક પણ વ્યક્તિ એવી નહીં હોય જેને એકથી વધુ ભાષા ન આવડતી હોય. વિશ્વની બદલાતી જતી તાસીર, ધંધા રોજગાર અર્થે થતું સ્થળાંતર, દેશમાં બહુભાષી લોકોનો વસવાટ અને વૈશ્વિકીકરણની ઘટનાઓએ બહુભાષિતાને વધુ મજબૂત કરી છે, અને એટલે જ આજના વૈશ્વિક સમાજમાં હવે તો કુટુંબો પણ બહુભાષી બન્યાં છે. સોસાયટીઓમાં બાળકો બીજી ભાષાના બાળકો સાથે રમે છે, આદાનપ્રદાન કરે છે. સતત બદલાતા જતાં આ વાતાવરણમાં પોતાની ભાષા સાથે અન્ય ભાષાઓને વધુ સઘન રીતે આત્મસાત્ કરવી એ માત્ર જરૂરિયાત નહીં પણ અનિવાર્યતા બની ગઇ છે. આજે આપણે સહુ એક બહુવિધ ભાષાઓ બોલાતી કે સંભળાતી હોય તેવા બહુઆયામી સમાજની વચ્ચે રહીએ છીએ. એ બદલાતા સમાજની અને બદલાતી ભાષાની નૂતન તસવીર છે.

"વક્તા બે કે તેથી વધુ ભાષાનો ઉપયોગ કરે, વક્તાઓનો સમુદાય કે જ્યાં બે કે તેથી વધુ ભાષાઓ પ્રયોજાતી હોય અથવા બે ભાષાઓના વક્તાઓ વચ્ચે આદાન-પ્રદાન થતું હોય તેને બહુભાષિતા કહેવામાં આવે છે."

Multilingualism can be defined as, "an occurrence regarding an individual speaker who uses two or more languages, a community of speakers where two or more languages are used, or between speakers of two languages."

બહુભાષિતા વિશેષ કરીને વૈશ્વિક ઘટનાઓ અને વિશાળ બનતાં જતાં સાંસ્કૃતિક પ્રત્યાયનની દેન છે અને તે હવે ભાગ્યે જ બનતી ઘટના નથી રહી પણ તે સામાન્ય બનતી જતી જરૂરિયાત બનવા લાગી છે અને આ પણ સાંપ્રત ઘટના નથી, પૌરાણિક સમયથી બહુભાષિતા આકાર લેતી આવી છે.

1.3 બહુભાષિતાના લાભ :

ક્વચિત્ એવું લાગે કે એક ભાષા પર જ પ્રભુત્ત્વ પ્રાપ્ત કરતાં વર્ષો નીકળી જાય છે તો અન્ય ભાષા ક્યાંથી શીખવી અને કેવી રીતે આત્મસાત્ કરવી ? સાંપ્રત સમયની આ માંગને હવે સહુ કોઇએ ઓળખવી પડશે. આજથી પંદર વર્ષ પહેલાં સેલફોન કે લેપટોપના ઉપયોગ વિશે આજનું જે ચિત્ર જોવા મળે છે તેની આપણને બહુ ધારણા નહોતી, અને આજે સેલફોન વગર આપણા અસ્તિત્વને કલ્પી શકતા પણ નથી. સમયમાં આવતું ઝડપી પરિવર્તન જે જેટલી ઝડપથી ઓળખી જાય છે અને પોતાને એમાં ઢાળી દે છે, તે સમય સાથે ઝડપથી અનુકૂલન સાધી શકે છે અને તેને સંઘર્ષનો સામનો ઓછો કરવો પડે છે. **આ સંદર્ભમાં બહુભાષિતાની વિધાયક બાબતો પર દૃષ્ટિપાત કરીએ તો.....**

- બીજી સંસ્કૃતિનું જ્ઞાન પ્રાપ્ત કરી શકાય.
- અન્ય સંસ્કૃતિઓ અને અન્ય ભાષાઓ સાથે સાથેનું પ્રત્યાયન સરલ બને..
- નોકરીની શક્યતાઓ વધી જાય.
- બાળકનો બોધાત્મક વિકાસ વધુ તેજ બને.
- દુનિયા પ્રત્યે દૃષ્ટિકોણ વિશાળ બને.

1.4 ભારતમાં બહુભાષિતાનું સ્વરૂપ :

ભારતનો ઇતિહાસ હંમેશાથી ભાતીગળ રહ્યો છે. વિવિધ સંસ્કૃતિ, જાતિ અને પ્રદેશના લોકો સાથે ભારતીયોનું આદાન-પ્રદાન થતું રહ્યું છે. એટલે કોઇ એક ભાષા ભારતના ઇતિહાસમાં કદી નથી રહી. આઝાદી પહેલાં દેશ અનેક રજવાડાંઓમાં વહેંચાયેલો હતો. આજે 29 રાજ્યો ધરાવતો ભારત દેશ લગભગ સવા અબજ લોકોની વસતી સાથે અનેક ભાષાઓ અને બોલીઓને કારણે તેની બહુભાષિતા જ તેની ઓળખ બની ગઇ છે. કારણ કે જ્યાં બે કે વધુ ભાષાઓ બોલાતી હોય એવા સમુદાયમાં લોકો વચ્ચે બે કે તેથી વધુ ભાષાનો ઉપયોગ થતો હોય તેને આ એક સ્વાભાવિક રીતે ઘટતી ઘટના છે, વિશ્વમાં કે દેશમાં વિવિધ સંસ્કૃતિ અને ભાષાના લોકો સંપર્કમાં આવે એટલે બહુભાષિતા અસ્તિત્વમાં આવી જાય છે. આપણે આગળ જોયું તેમ આ સાંપ્રત જ ઘટના છે, તેવું પણ નથી. બહુ જ પૂરાણા સમયમાં પણ આવું બનતું જ હતું. સમ્રાટ અશોકના સમયમાં તે ચાર ભાષાઓમાં શિલાલેખ લખાયા હતા, અફઘાનિસ્તાનમાં અર્મેનિક અને ગ્રીક, પાકિસ્તાનમાં ખરોષ્ટી, અન્ય રાજ્યોમાં બ્રાહ્મી અને દક્ષિણના મૈસૂર સુધી ખાલસી ભાષાઓનો ઉપયોગ થયો હતો. ભારત દેશ પુરાતન કાળથી જ વિવિધ લોકોના આગમન અને સત્તાને કારણે બહુભાષિતાને સમાવતું આવ્યું છે. ઔરંગઝેબ (1679-1707)ના સમયમાં ઇરાનિયન, તુરાનિયન, અફઘાન, રાજપૂત, મરાઠા, હિન્દુ અને મુસલમાનો એમાં પણ ભારતીય મુસલમાનો અને અન્ય દેશના મુસલમાનો એમ મળીને કુલ 26 જેટલી જુદી જુદી જાતિઓ અને સંસ્કૃતિઓ દ્વારા ભાષાઓને વહીવટમાં લેવાતી હતી. નીચેની સારણી પરથી આ બાબત વધુ સ્પષ્ટ થશે.

Table 2.1 : Races and Religions of Aurangzeb's Nobility, (1679-1707) Mansabdars of 5000 and above.

Iranian	Turanian	Afghan	Indian Muslims	Other Muslims	Total Muslims	Rajput	Maratha	Other Hindus	Total Hindus
14	6	10	10	13	53	5	16	5	26

Aurangzeb's court had people from 26 ethnic backgrounds - Persian - centric, English - centric and Sanskrit - centric bilingualism.

(Chaudhary, 2009 : 133)

એ પછી પણ ઇતિહાસને તપાસીએ તો ભારત એક જોતાં બહુભાષિતાનું હબ બની ચૂક્યું છે અને અઢારમી સદીમાં અંગ્રેજોના આગમન પછી તો દેશમાં ભાષાની તાસીર જ નહીં, સમગ્ર શિક્ષણ વ્યવસ્થા જ બદલાઇ ગઇ. ભારત દેશમાં બહુભાષિતા એ તેની આગવી ઓળખ છે. વસ્તી ગણતરીના આંકડા પણ દ્વિભાષા કે બહુભાષા તરફના ઝોકને નિર્દેશિત કરે છે. નીચેના આલેખમાં જોવાથી આ બાબત વધુ સ્પષ્ટ થશે.



Figure 2.3 : Line Chart Showing Rate of Bilingualism (1961-1991)

1961થી માંડીને 1991 સુધીમાં આવતાં 9.7 ટકાથી વધીને તે ટકાવારી 19.44 સુધી પહોંચી ગઈ. જે બતાવે છે કે, ભારતમાં એક કરતાં વધુ ભાષાનો ઉપયોગ કરવાનું પ્રમાણ વધ્યું છે.

એનસીઈઆરટી (NCERT) પોઝિશન પેપર અંતર્ગત 'MULTILINGUALISM AND SCHOLASTIC ACHIEVEMENT' નામના લેખમાં એવી આશા સેવવામાં આવી છે કે શાળાઓમાં વધુને વધુ માતૃભાષાને માધ્યમ તરીકે વિકસાવાય. અને વધુમાં લખે છે કે, 'બહુભાષિતા એ ભારતીય બંધારણની આગવી ઓળખ છે. 1971ના સર્વે પ્રમાણે કુલ 1652 ભાષાઓનો કાયદેસર સ્વીકાર થયેલો છે. 87 જેટલી ભાષાઓ પ્રકાશન માધ્યમોના ઉપયોગમાં લેવાય છે, 71 જેટલી ભાષાઓ રેડિયો પર બોલાય છે. અને શાળાઓમાં માત્ર 47 જેટલી ભાષાઓનો શિક્ષણના માધ્યમ તરીકે ઉપયોગમાં લેવાય છે તેમજ ભારતીય બંધારણ પણ 13 ભાષાઓનો જ ઉપયોગ કરે છે..'

1.5 વર્ગખંડમાં બહુભાષિતાની સ્થિતિ અને તેની અસરો :

કેટલાકને મતે બહુભાષિતા એ વિધાયક બાબત છે, એ અન્ય ભાષાઓ શીખવા માટે પ્રોત્સાહિત કરે છે અને સાથે સાથે અગાઉ જણાવ્યું તેમ વ્યક્તિના વિકાસમાં મદદરૂપ થાય છે. પણ કેટલાકને મતે બહુભાષિતાની વિપરીત અસરો પણ થાય છે.

❋ **વર્ગખંડમાં બહુભાષિતાની અસરો :**

(1) શિક્ષકે સતત વર્ગખંડના તમામ બાળકોને ધ્યાનમાં રાખીને જરૂર પડે તેમ એકથી વધુ ભાષાનો ઉપયોગ કરવો પડે છે. એટલે એકની એક વાત અન્ય ભાષામાં કરવી પડે છે, તેથી પ્રત્યાયનમાં વધુ સમય જાય છે. શિક્ષક અને વિદ્યાર્થીને પક્ષે વધુ સમય અને શક્તિ ખર્ચાય છે.

(2) બધા શિક્ષકો બધી ભાષા જાણતા નથી હોતા. તેથી જે વિદ્યાર્થીઓ શિક્ષકની ભાષાથી પરિચિત ન હોય તેને શીખવામાં મુશ્કેલી પડે છે. તે વર્ગમાં ધાર્યું ધ્યાન આપી શકતો નથી. અન્ય વિદ્યાર્થીઓ સાથે પણ સમાયોજનના પ્રશ્નો ઊભા થાય છે.

(3) બહુભાષિતાને સમજવી શ્રમ અને સમય માંગી લે છે. ભાષા અને સંસ્કૃતિ એકબીજાના પર્યાય છે. જે તે વિદ્યાર્થીની ભાષા અને તેની સંસ્કૃતિ સંકળાયેલા છે. એક શિક્ષક માટે બધા જ વિદ્યાર્થીઓની ભાષા અને તેઓની સંસ્કૃતિ જાણવા, સમજવાનું અને તે પ્રમાણે તેની સાથે પ્રત્યાયન કરવાનું કૌશલ્ય ખૂબ સમય માંગી લે છે. છતાં હવે વાસ્તવિકતા એ છે કે, બદલાતી સામાજિક સાંસ્કૃતિક પરિસ્થિતિઓમાં એક જ વાતાવરણ, એક જ ભાષા હોય એવી શાળાઓ હોવાની શક્યતાઓ જૂજ છે. શાળાઓમાં બહુભાષી વિદ્યાર્થીઓ અને શિક્ષકો એક સાથે હશે. એ સંજોગોમાં સમગ્ર સ્થિતિને વિધાયક વલણ સાથે અપનાવી જોઈશે. નીચેનાં સૂચનો મદદરૂપ થઈ શકે તેમ છે.

❋ **બહુભાષિતાના પડકારને ઝીલવા માટેનાં સૂચનો :**

આપણે સહુ જાણીએ છીએ કે, અંગ્રેજી માધ્યમ પ્રત્યેના સમાજના વધુ ઝોક હોવાને કારણે વર્ગખંડમાં બહુભાષી વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. આ બાબતને મર્યાદા ન ગણતાં તેને વિધાયક રીતે લેવાથી શિક્ષણની પરિસ્થિતિમાં સુધાર લાવી શકાશે. નીચેના સૂચનો ઉપયોગી થઈ પડશે.

❋ **બહુભાષિતાના પડકારને ઝીલવા માટેના સૂચનો :**

સુવાની (2006) નોંધે છે કે, *"Our language scenario has tempted researchers to call India variously as a 'sociolinguistic area' 'a linguistic giant' and a 'language laboratory'. The multilingual and pluricultural nature of our society makes it clear that we need more than one language for 'national cohesion', 'cultural integration' and 'social area mobility'".*

ભારતીય સમાજશાસ્ત્રીય ભાષાબહુવિધતાને કારણે ભારત એક 'ભાષા પ્રયોગશાળા' અને 'ભાષાશાસ્ત્રીય બાહુલ્ય' તરીકે વધુ પ્રચલિત બન્યું છે. બહુભાષિતા અને બહુસાંસ્કૃતિક સ્વરૂપને ધ્યાનમાં રાખીને 'રાષ્ટ્રીય એકતા' 'સાંસ્કૃતિક સુગ્રથન' અને સામાજિક ક્ષેત્રમાં ગતિશીલ બનાવવા માટે આપણને

એક ભાષા કરતાં વધુ ભાષાઓની જરૂર છે. આ સંદર્ભમાં આપણે આપણી શાળામાં અને વર્ગખંડમાં વિદ્યાર્થીઓને માત્ર અભ્યાસક્રમ અને પરીક્ષાને કેન્દ્રમાં રાખીને જોવાની સંકુચિત દૃષ્ટિ બદલવી પડશે.

- **શાળામાં બહુભાષિતાને પ્રોત્સાહન આપો :** એનસીઈઆરટી બહુભાષિતાને શાળાકીય વાતાવરણમાં પોષવા માટે પ્રોત્સાહિત કરે છે. આપણી શૈક્ષણિક વ્યવસ્થાએ બહુભાષિતાને ટકાવી રાખવા માટે શક્ય તેટલા પ્રયાસો કરવા જોઈશે. આપણે આ કાર્ય નહીં કરીને દેશને અને તેના નાગરિકોને બહુ મોટું નુકસાન પહોંચાડ્યું છે, આપણી સંસ્કૃતિના મૂળથી આપણે વિખૂટાં પડી ગયા છીએ. જો આપણે ભાગીદારીયુક્ત લોકશાહીને જીવતી રાખવી હોય તો છેવાડાના વિદ્યાર્થીને તેની ભાષામાં બોલતો કરવો પડશે અને તેની ભાષાને શાળામાં આવકારવી પડશે. ત્રિભાષા સૂત્રના ચુસ્ત અમલને બદલે બહુભાષિતાના અસ્તિત્વને જીવાડવા અને તેની માવજત કરવામાં લાગી જવું પડશે.
- **મૃતપ્રાય થતી ભાષાઓને બચાવો : ઈલિચ (1981)** જણાવે છે કે, આપણે મૃતપ્રાય થતી, આદિવાસી અને ઉપેક્ષિત ભાષાઓને સશક્ત બનાવવાના બનતા પ્રયાસો કરવા પડશે અને આ દિશામાં સકારાત્મક પ્રયાસો હાથ ધરવા પડશે. સંશોધનમાં એવું પણ જોવા મળ્યું છે કે, ત્રિભાષા સૂત્રનો પણ આખા દેશમાં સાચા અર્થમાં અમલ થતો જોવા મળતો નથી. આ અંગે પોઝિશન પેપર ઊંડું દુઃખ વ્યક્ત કરે છે અને શિક્ષણ વ્યવસ્થાને એક ભારપૂર્વકનું સૂચન કરે છે કે આ દેશમાં આયોજન કક્ષાએ બહુભાષિતાની જાળવણી તેના કેન્દ્રસ્થાને હોવી જોઈએ.
- **બહુભાષિતા : વિકાસનું એક સબળ સ્રોત :** બહુભાષિતાને આપણે મર્યાદા તરીકે નહીં પણ એક સંસાધન તરીકે અને વિકાસના એક સબળ સ્રોત તરીકે જોવાનું વલણ કેળવવું પડશે. સર્જનશીલ શિક્ષકે ભારતીય ભાષાની વૈવિધ્યપૂર્ણ સ્થિતિને ધ્યાનમાં રાખીને વર્ગખંડની

પધ્ધતિઓને એક ધ્યેય તરીકે વિકસાવીને બહુભાષાનો ઉપયોગ વધારવો પડશે અને એ પણ ખાતરી સાથે કે દરેક વિદ્યાર્થીનો સ્વીકાર થાય અને તે પોતાની સલામતી અનુભવે તેમજ તે તેના ભાષાકીય વાતાવરણને ગુમાવે પણ નહીં

- **બહુભાષિતા અને બોધાત્મક વિકાસ :** ભાષા એ વિષયવસ્તુ નથી, પણ ભાષા વિષયવસ્તુને જીવન આપે છે એ સંદર્ભમાં જોતાં આપણે શિક્ષણ અને બાળકના જીવનમાં ભાષાની ભૂમિકાની ખોજ કરવાની જરૂર છે. ઘણા સમયથી એમ માનવામાં આવતું હતું કે, દ્વિભાષાને બોધાત્મક વિકાસ અને શૈક્ષણિક સિધ્ધિ સાથે નકારાત્મક સહસંબંધ છે. પણ **હકુતા (1986)** નોંધે છે કે, 'અમેરિકાના દ્વિભાષી રાષ્ટ્રીય સંસ્થાના અભ્યાસો જણાવે છે કે દ્વિભાષા શિક્ષણ પધ્ધતિ દ્વારા શૈક્ષણિક સિધ્ધિમાં વૃધ્ધિ જોવા મળી છે, અભ્યાસ અધૂરો છોડી દેવાના દરમાં ઘટાડો થયો છે, વિદ્યાર્થીઓની હાજરીના દરમાં વધારો જોવા મળ્યો છે અને વિદ્યાર્થીઓની સ્વ-આકાંક્ષાનું સ્તર પણ વધ્યું છે.' આ સંદર્ભમાં હવે જ્યારે આપણે બહુભાષિતા અને બોધાત્મક વિકાસ તેમ જ શૈક્ષણિક સિધ્ધિ વચ્ચેના વિધાયક સંબંધને સમજી ચૂક્યા છીએ ત્યારે આપણે શાળામાં બહુભાષી શિક્ષણને પ્રોત્સાહિત કરવું જ પડશે.

1.6 ઉપસંહાર :

ભારત જેવા વૈવિધ્યસભર અને ભાતીગળ દેશમાં સામાજિક સૌહાર્દ અને સંવાદિતાને જાળવી રાખવા હશે તો એકબીજાની ભાષા અને સંસ્કૃતિને આદર આપતાં શીખવું જ પડશે. ભય, તિરસ્કાર અને અસહિષ્ણુતાને અજ્ઞાન જેવું પરિબળ વધુ પોષે છે અને રાષ્ટ્રીય ઓળખ અને એક જવાબદાર નાગરિકના ઘડતર માટે વિઘ્નરૂપ સાબિત થાય છે. એટલે ભલે જે-તે રાજ્યમાં કોઈ એક ભાષાનું વર્ચસ્વ હોય પણ અન્ય પ્રદેશની ભાષા પ્રત્યેના આપણા પૂર્વગ્રહને ખાળવા પડશે. અને જો આમ નહીં બને તો લોકોની સર્જનશીલતા અને નાવીન્યને ખતરો ઊભો થશે જે આધુનિક સમાજના વિકાસને મંદ કરી નાંખશે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) બહુભાષિતા એટલે શું ? બહુભાષિતાની સંકલ્પના સમજાવી, બહુભાષિતાથી થતા લાભ જણાવો.

(2) રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સુગ્રથન તેમ જ સામાજિક ક્ષેત્રમાં ગતિશીલ બનવા માટે બહુભાષિતાની આવશ્યકતા છે. પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં બહુભાષિતાની આવશ્યકતા સમજાવો.

(3) ભારતમાં બહુભાષિતાને પ્રોત્સાહન આપવા માટે કયા ઉપાયો યોજવા જોઈએ ?

પ્ર.2 નીચેના પ્રશ્નનો ટૂંકમાં ઉત્તર આપો.

(1) ભારતમાં બહુભાષિતા વિકાસનું સ્વરૂપ સમજાવો.

(2) વર્ગખંડમાં બહુભાષિતાની સ્થિતિ અને તેની અસરો જણાવો.

પ્ર.3 નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં ઉત્તર આપો.

(1) બહુભાષિતા એટલે શું ?

(2) ભારતમાં બહુભાષિતાનો વિકાસ 1961થી માંડીને 1991 સુધીમાં કેટલો થયો છે ?

(3) વર્ગખંડમાં બહુભાષી વિદ્યાર્થીઓ માટે શિક્ષકે શું કરવું જોઈએ ?

☆

પ્રકરણ 2 શાળા તેમ જ વર્ગખંડનું પર્યાવરણ અને તેની અસરો

મુદ્દાઓ :

2.1 પ્રસ્તાવના

2.2 શાળા તેમ જ વર્ગખંડનું પર્યાવરણ

2.3 વર્ગખંડમાં પ્રથમ અને બીજી ભાષાનો ઉપયોગ

2.4 ભાષા વૈવિધ્યના સંદર્ભમાં શિક્ષક માટે માર્ગદર્શક સૂચનો

2.5 ઉપસંહાર

)※ સ્વાધ્યાય

2.1 પ્રસ્તાવના :

"વૈશ્વિકીકરણ અને ઉદારીકરણના પડકારોને પહોંચી વળવા માટે ભારતીય પ્રાદેશિક ભાષાઓ કદાચ ઊણી ઉતરી છે. પાશ્ચાત્ય સાંસ્કૃતિક અને સામાજિક આક્રમણને કારણે દૃશ્ય-શ્રાવ્ય માધ્યમો દ્વારા ગુજરાતી ભાષા ઉપરાંત ગુજરાતી સંસ્કૃતિ અને પરંપરાની અવગણના થતી રહી છે. જાણ્યે-અજાણ્યે આજે આપણે પોતે જ પોતાની ઓળખ ગુમાવી રહ્યા છીએ. ભાષા અને તે દ્વારા આપણી સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાનું જ્ઞાન બહુ ઝડપથી લુપ્ત થતું જાય છે. તમામ મહત્ત્વના ક્ષેત્રોમાં ગુજરાતી ભાષાનું મહત્ત્વ ઓછું થતું રહ્યું છે અને અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ વધતું રહ્યું છે. આ પડકારને ઝીલવા અને ભાષાના સંવર્ધન માટે નિસબત ધરાવનારા ભાષાપ્રેમીઓ અને સંસ્થાઓ દ્વારા તથા તેને માટે લોક ભાગીદારીથી નક્કર કામ કરવા માટે માતૃભાષા અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે." માતૃભાષા અભિયાનની વેબસાઈટ પર આ ભૂમિકા મૂકવામાં આવી છે. તેમજ આ વેબસાઈટ પર ધોરણ 10ના પરિણામની ટકાવારી મૂકી છે, તેના પર દૃષ્ટિપાત કરવા જેવો છે.

મુખ્ય વિષય ગુજરાતી (નાપાસ) 2010 થી 2015 સુધીના પરિણામ ટકાવારી સાથેની માહિતી

વર્ષ	નોંધાયેલ સંખ્યા	ઉપસ્થિત સંખ્યા	ઉત્તીર્ણ સંખ્યા	પરિણામની ટકાવારી
2010	6,06,641	6,02,438	5,15,778	85.62
2011	8,33,664	7,35,293	6,67,066	90.72
2012	7,59,888	7,49,617	6,60,687	88.14
2013	8,01,085	7,89,657	6,95,937	88.13
2014	7,87,548	7,79,509	6,17,621	79.23
2015	8,60,049	8,51,285	6,24,622	73.37

વિદ્યાર્થીઓ લાખોની સંખ્યામાં માતૃભાષા વિષયમાં નાપાસ થાય છે. બહુઆયામી રીતે આ વિચારણીય મુદ્દો છે. માતૃભાષાને જીવાડવાના પ્રયાસો ભાષા પ્રેમીઓ કરી રહ્યા છે. એ કેટલું સફળ થશે એ તો ભવિષ્યનો ઇતિહાસ કહેશે.

યુનેસ્કોએ 17 નવેમ્બર, 1999માં જાહેરાત કર્યા બાદ 2008માં સંયુક્ત મહાસભાએ ફેબ્રુઆરી 21ને વિશ્વ માતૃભાષા દિન તરીકે ઊજવવાનો ઠરાવ પસાર કર્યો. દિવસની ઉજવણી થાય છે, પણ અંગ્રેજી તરફના પક્ષપાતે શિક્ષણના વાસ્તવિક ચિત્રને બદલી નાંખ્યું છે. આજે ઘર અને શાળાની ભાષા એક નથી. આ જ સંદર્ભમાં આપણે શાળા અને વર્ગખંડના પર્યાવરણને સમજવાનો પ્રયાસ કરીશું. તદુપરાંત ભાષા વૈવિધ્યના આ પડકારને પહોંચી વળવા માટે પ્રથમ અને દ્વિતીય ભાષાનો ઉપયોગ કેવી રીતે કરી શકાય, તે વિશે વાત કરીશું.

2.2 શાળા તેમ જ વર્ગખંડનું પર્યાવરણ :

હવે આપણે શાળા અને વર્ગખંડના વાસ્તવિક દૃશ્યની વાત કરીએ. શાળાઓમાં પ્રવેશોત્સવ શરૂ થાય એટલે બાળકને કઈ સ્કૂલમાં મૂકવો, કયા માધ્યમમાં મૂકવો, આ અંગે વાલીઓ અને માતા-પિતા ઘણી મૂંઝવણ અનુભવે છે. ગુજરાતી - માધ્યમ સારું કે અંગ્રેજી માધ્યમ સારું, તે ઘણા સમયથી ચર્ચાનો

વિષય રહ્યો છે. જો કે અંગ્રેજી માધ્યમ તરફનો પ્રવાહ સમાજે સ્વીકારી લીધો હોય તેવું લાગે છે. ભારતના બધાં રાજ્યોમાં અંગ્રેજી માધ્યમની શાળાઓનું ચલણ વધી રહ્યું છે. એ અંગે માતા-પિતા સાંપ્રત પ્રવાહને જ વૈજ્ઞાનિક આધાર વગર અનુસરતા હોય તેવું માલૂમ પડી રહ્યું છે. બહુ પહેલાં ઘર અને શાળાની ભાષા એક જ હતી. અને ત્યારે પહેલાં ગુજરાતી વાંચી-લખી શકતા માતાપિતા પોતાના બાળકોને કંઈક અંશે ભણાવી પણ શકતા. શિક્ષકો માટે પણ કાર્ય થોડું સહેલું હતું. બાળક સમાજની નિશાળમાં ભાષા શીખવા માટે આવતું ત્યારે તેને ભાષા બોલવાનો મહાવરો તો પહેલેથી જ હતો. એટલે શિક્ષકે તો બાળકનો શબ્દભંડોળ વધારવાનો હતો અને તેને વાંચતાં-લખતાં શીખવવાનું હતું. બાળકોને ગૃહકાર્ય આપવામાં આવતું તેમાં પણ વાલીઓની મદદ મળી રહેતી. આવાં જ બધાં કારણોને લીધે બાળક માટે પણ ગુજરાતી ભાષા શીખવી થોડી સહેલી હતી. પણ આજે પરિસ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. શાળામાં હવે માધ્યમ તરીકે અંગ્રેજી ભાષાનું ચલણ છે. એટલે પહેલા ધોરણથી જ ટ્યુશન ક્લાસ શરૂ થઈ જાય છે. પણ આજે અંગ્રેજી ભાષાના જાણકારોની સંખ્યા સતત વધતી જાય છે. માતૃભાષા ગમે તે હોય પણ અંગ્રેજીને બીજી ભાષા તરીકે સ્વીકારનારાની સંખ્યા વધતી જાય છે અને આવતાં વર્ષોમાં એ વધ્યા કરવાની છે. એની સામે માતૃભાષાની પકડ ગુમાવનારાની સંખ્યા વધી રહી છે. આજના માતા-પિતાને પોતાનાં બાળકો અંગ્રેજી શીખે એવું ચોક્કસ લાગે છે. એ માટે તેઓ બધું જ કરી છૂટવા તૈયાર છે. શિક્ષણશાસ્ત્રી, મનોવિજ્ઞાનીઓની માતૃભાષા દ્વારા શ્રેષ્ઠ શિક્ષણની વાતો એમને સમજાય છે, પણ ગળે ઊતરતી નથી.

આજે સ્થળાંતરને કારણે શાળાઓમાં વિવિધ ભાષા બોલનારા વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. શિક્ષકે આ બધાં બાળકોને ઉદ્દેશીને અધ્યાપન કાર્ય કરવાનું છે. હવે તો પરિસ્થતિ જ એ સર્જાઈ છે કે, કુટુંબો પણ બહુભાષી બન્યાં છે, અને શાળાઓમાં આવતાં બાળકો પણ એકથી વધુ ભાષાઓ બોલતાં હોય તેવા દાખલ થાય છે. માત્ર ભાષાનું જ નહીં, પણ સંસ્કૃતિ, જ્ઞાતિ, રાજ્ય, સમાજનું પણ વૈવિધ્ય હોય છે. ભારત તો બહુભાષી દેશ છે જ, અને તે તેની આ વિવિધતાને કારણે જગત ભરમાં વિખ્યાત છે. આમ, હવેના વર્ગખંડો બહુભાષી બન્યાં છે અને શિક્ષકો માટે ભાષાની આ વૈવિધ્યતાને ધ્યાનમાં લઈને અધ્યાપન કરવું એ એક પડકાર

બની ગયો છે, પણ આજના શિક્ષકે આ પડકારને એક સ્રોત તરીકે સ્વીકારીને કેટલાક પ્રયોગો હાથ ધરવા પડશે અને તો જ આપણે વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિને સુધારી શકીશું.

ભારત એના વૈવિધ્યસભર વારસાને કારણે એક અનોખું સ્થાન ધરાવે છે. ભાષાનું વૈવિધ્ય પણ એક નોંધપાત્ર પાસું છે. લિન્ગ્વિસ્ટિક સર્વે ઑફ ઇન્ડિયાની તાજેતરમાં જ તેમણે જે સર્વેનાં પરિણામો બહાર પાડ્યાં એમાં નોંધપાત્ર વિગતો વિગતો રજૂ થઇ છે. એક તો 1950થી લઇને અત્યાર સુધી ભારતમાં ઓછામાં ઓછી 250 જેટલી ભાષાઓ નાશ પામી છે. આજે ભારતમાં 780 ભાષાઓ છે, જેમાંથી 122 સત્તાવાર સરકારી માન્યતા પ્રાપ્ત છે. ભાષા વૈવિધ્યમાં ભારત વિશ્વમાં નવમા સ્થાને છે. ઘણી ભાષાઓ નાશ પામવાના ભય હેઠળ પણ ટકી રહી છે. અમુક આંતરરાષ્ટ્રીય સૂત્રોની ગણતરી પ્રમાણે ભારતમાં 198 ભાષાઓ નાશ થવાના ભય સાથે જીવી રહી છે, જે વિશ્વના કોઈ પણ દેશ કરતાં વધારે છે.

બીજી બાજુ હિન્દીની વિકાસયાત્રા જારી છે. અત્યારની પ્રગતિ જોતાં 2100 સુધીમાં વિશ્વભરમાં અંગ્રેજીભાષી લોકો અને હિન્દીભાષી લોકોની સંખ્યા સરખી હશે એવું કહેવાય છે. ભારતની કુલ વસ્તીના 41.03 ટકા લોકો હિન્દી બોલનારા છે, જેમાં સૌથી વધારે ઉત્તર પ્રદેશમાં છે. બીજા ક્રમે બંગાળી ભાષા ભારતની કુલ વસ્તીમાંથી 8.11 ટકા સાથે છે. તેલગુ 7.19 ટકા સાથે ત્રીજા અને મરાઠી 6.99 ટકા સાથે ચોથા ક્રમે છે. આ યાદીમાં ગુજરાતી 4.48 ટકા સાથે સાતમા ક્રમે છે.

2.3 વર્ગખંડમાં પ્રથમ અને બીજી ભાષાનો ઉપયોગ :

ઘર-કુટુંબ પછી બીજો ફાળો અથવા જવાબદારી શાળા અને શિક્ષકોની હોય છે. ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી - જે ભાષા શીખવવામાં આવે તે સાચી હોવી જરૂરી છે. એક શાળાના સાઠ ટકા બાળકોને ભાષાના વ્યાકરણ અંગે પૂછવામાં આવ્યું ત્યારે એમના દ્વારા બે શબ્દો કહેવામાં આવ્યા - બોરિંગ અને સ્કોરિંગ. વિશેષણ, સમાસ, કૃદંત, વિરામચિહ્નોનું દરેક ભાષામાં એકસરખું મહત્ત્વ છે અને તેનો ઉચિત ઉપયોગ પણ કરવાનો હોય છે, આથી એને યોગ્ય રીતે બાળક સુધી પહોંચાડવું એ આપણી ફરજ છે. જેઓ ભાષાના શિક્ષક છે તેઓ ખરા અર્થમાં સંસ્કૃતિના વાહક છે. સમૃદ્ધિના સાચા સહયોગી છે, પણ પરીક્ષાલક્ષી અને પરિણામભક્ષી શિક્ષણ આપવાના ચક્કરમાં આ મૂળભૂત પાયા ડગમગી ગયા છે.

આપણે અગાઉ જોઈ ગયા છીએ કે પ્રથમ ભાષા એટલે બાળકની માતૃભાષા અને બીજી ભાષા એટલે એ માતૃભાષા સિવાય બીજી જે ભાષા શીખે છે તે. મોટેભાગે બીજી ભાષા શાળામાં શીખાતી હોય છે, કેમ કે હવે બાળક માતૃભાષા સિવાયના માધ્યમ સાથે ભણે છે. જો કે બંને ભાષા શીખવાની વૈજ્ઞાનિક પદ્ધતિઓ છે અને શિક્ષકે તેનો સમન્વય કરીને શીખવવું જોઇએ.

આધુનિક વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ અલગ-અલગ વાતાવરણ, સંસ્કૃતિ અને અલગ-અલગ બોલાતી ભાષાના હોય છે. તેઓને જાણવા સમજવા એ સારા અધ્યાપનનું લક્ષણ છે. તેઓની જરૂરિયાતો અલગ છે, અને એક શિક્ષક તરીકે આપણે તેઓની જરૂરિયાતોને સમજવી પડશે. શિક્ષકે બાળકની પ્રથમ ભાષા સાથે દ્વિતીય ભાષાને મનોવૈજ્ઞાનિક રીતે સંલગ્ન કરવી પડશે. વિદ્યાર્થીઓ પ્રથમ સાથે બીજી ભાષામાં પણ સારી રીતે અર્થબોધ કરી શકે તે માટે વિવિધ પધ્ધતિઓ અને પ્રયુક્તિઓ અજમાવવી પડશે.

2.4 ભાષા વૈવિધ્યના સંદર્ભમાં શિક્ષક માટે માર્ગદર્શક સૂચનો :

* કોઇ જાતિ, ધર્મ, જ્ઞાતિ,, બોલી, વિસ્તાર પ્રત્યેક ચોક્કસ મનોવલણ રાખીને જોવાને બદલે બધાં જ વિદ્યાર્થીઓને તેઓની આગવી શક્તિ, મર્યાદાઓ અને જરૂરિયાતોના સંદર્ભમાં ઓળખો.
* અધ્યાપનની વિવિધ પધ્ધતિઓને હોંશ અને ધગશ સાથે અપનાવો જેથી વૈવિધ્ય ધરાવતા વિદ્યાર્થીઓની જરૂરિયાતો સંતોષાઇ શકે.
* મુક્ત વાતાવરણનું સર્જન કરો, જેથી બધા વિદ્યાર્થીઓ વિના સંકોચે પોતાની વાત કહી શકે.

* **બીજી ભાષા શીખવવા માટે ધ્યાનમાં રાખવાની બાબતો :**
  * શ્રવણનો મહાવરો આપો
  * વિચારો વ્યક્ત કરવાની તક આપો.
  * વ્યાકરણ કરતાં અર્થ પર ભાર આપો.
  * અનુવાદનો વિવેકપૂર્વક ઉપયોગ કરો.
  * વિવિધ પ્રવિધિઓ અને પ્રવૃત્તિઓનો સમન્વય કરો.

2.5 ઉપસંહાર :

એનસીએફ (NCF) 2005 (ગુજરાતી અનુવાદ - પાન નં. 11) અંગ્રેજીની દક્ષતા સાથે ભારતીય સમાજની બહુભાષિક પ્રકૃતિનો ઉપયોગ, બાળકોમાં બહુભાષિક દક્ષતાને વિકસિત કરવાના સ્રોતના રૂપમાં કરાવાની જરૂર છે. એ ત્યારે જ શક્ય બને જ્યારે વિવેકપૂર્ણ ભાષા શિક્ષણના આધાર પર માતૃભાષામાં શિક્ષણને વિકસિત કરવામાં આવે. બાળકોની પ્રગતિમાં વાંચન અને લેખન, બોલવું અને સાંભળવું – આ ક્રિયાઓ પાઠ્યચર્યાના બધાં ક્ષેત્રોમાં ભૂમિકા નિભાવે છે અને તેમને આધારિત અભ્યાસક્રમ હોવો જોઈએ. શાળાકીય શિક્ષણનો પાયો સંગીન બનાવવા, બધી પ્રાથમિક કક્ષાઓ દરમ્યાન વાચન પર જોર આપવું જરૂરી છે.

આમ, ભલે બીજી ભાષાઓ શીખાય પણ માતૃભાષા વિસારીને નહીં, કેમ કે, એક ભાષા મૃત્યુ પામે છે, તો એક સંસ્કૃતિ નષ્ટ પામે છે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) પ્રવર્તમાન પરિસ્થિતિમાં શાળા અને વર્ગખંડના પર્યાવરણમાં ક્યાં પરિવર્તનો જોવા મળે છે ?

(2) "ઘરના પર્યાવરણ સાથે શાળાના પર્યાવરણનું સામંજસ્ય સધાતું નથી." પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં ઘર અને શાળાના પર્યાવરણ વચ્ચેના તફાવત દર્શાવો.

(3) વર્ગખંડમાં વિવિધ ભાષી વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી વખતે શિક્ષકે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) વર્ગખંડના પર્યાવરણના સંદર્ભમાં બાળકોના વાલીઓની ભૂમિકા સમજાવો.

(2) અન્ય ભાષામાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ માતૃભાષામાં નિર્બળ જોવા મળે છે, કારણો આપો.

(3) ઘરના અને વર્ગખંડના પર્યાવરણની સમતુલા જાળવવા માટે વાલીઓની ભૂમિકા સમજાવો.

☆

પ્રકરણ 3 વર્ગખંડ વાર્તાલાપનું સ્વરૂપ (Nature of Classroom Discourse)

મુદ્દાઓ :

3.1 પ્રસ્તાવના
3.2 વર્ગખંડ વાર્તાલાપ : અર્થ
3.3 વર્ગખંડ વાર્તાલાપનાં સ્વરૂપો
3.4 મૌખિક ભાષાના ઉપયોગ માટેની વ્યૂહરચનાઓ
3.5 ઉપસંહાર
)※ સ્વાધ્યાય

3.1 પ્રસ્તાવના :

કુરૂક્ષેત્રના રણમેદાન પર ભગવાન કૃષ્ણ અને યોધ્ધા અર્જુન વચ્ચે જે વાર્તાલાપ થયો તેને આપણે 'ભગવદ્ ગીતા' તરીકે ઓળખીએ છીએ, અને એ સંવાદ એક અર્થમાં રૂપાંતરણની ગહન પ્રક્રિયાનું પ્રતિબિંબ છે. આધ્યાત્મિક શાસ્ત્રોમાં ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધ સાથે પણ તેઓના શિષ્યો સાથેના સંવાદોમાં માણસમાંથી માનવીકરણની પ્રક્રિયાનું અનુસરણ થતું દેખાય છે. ગ્રિસમાં સૉક્રેટિસના સંવાદોએ ક્રાંતિ સર્જી દીધી હતી. પ્રશ્ન, ઉત્તર, પ્રતિપ્રશ્ન અને તેનો ઉત્તર એમ જે હારમાળા સર્જાય તે એક અધ્યયનપૂર્ણ વાર્તાલાપનું સ્વરૂપ ધારણ કરે છે, અને તેમાંથી નીપજતી સમજ શિક્ષક અને વિદ્યાર્થી બંનેમાં પરિવર્તન આણે છે. શિક્ષક આવા અધ્યયનપૂર્ણ વાર્તાલાપો દ્વારા વિદ્યાર્થીમાં અપેક્ષિત પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે.

કોઠારી પંચનું પ્રખ્યાત વિધાન 'ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઇ રહ્યું છે' આ અર્થમાં ઘણું જ સાર્થક છે. વર્ગખંડની ચાર દીવાલો એક અર્થમાં જ્ઞાનનું સર્જન કરતી જીવંત પ્રયોગશાળાઓ છે. અગાઉ પ્રત્યાયનનો અભ્યાસ કરતી વખતે વર્ગખંડને જીવંત કેમ બનાવી શકાય, તે સંદર્ભમાં પ્રત્યાયન અને ભાષા વિશે વિગતે

ચર્ચા કરી હતી. એ જ વિષયતંતુને આગળ વધારતાં આ પ્રકરણમાં આપણે વર્ગખંડ વાર્તાલાપના અર્થ, તેનું સ્વરૂપ અને મૌખિક ભાષાના ઉપયોગ માટેની વ્યૂહરચનાઓને ઊંડાણથી સમજવાનો પ્રયાસ કરીશું.

3.2 વર્ગખંડ વાર્તાલાપ : અર્થ :

વર્ગખંડ શબ્દ સાંભળીએ કે તરત શિક્ષક બોલતા હોય અને કેટલાક વિદ્યાર્થીઓ સાંભળતા હોય, કોઈ લખતું હોય, કોઈ વાતો કરતું હોય તેવું એક દૃશ્ય માનસપટ પર ઊપસી આવે. પણ જ્યારે આપણે વર્ગખંડ વાર્તાલાપ એવી ઉક્તિ પ્રયોજીએ છીએ ત્યારે માત્ર શિક્ષક બોલે છે અને વિદ્યાર્થી સાંભળે છે તેવા એકપક્ષી પ્રત્યાયનની વાત નથી. વિચારોની આપ-લે બંને પક્ષે થાય છે. એટલે, વાર્તાલાપ એવો શબ્દ દ્વિધ્રુવી પ્રક્રિયા છે, એમ જણાવે છે.

વર્ગખંડ વાર્તાલાપનો સાદો અર્થ શિક્ષક ભણાવે ત્યારે 'શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે થતું ભાષાકીય આદાન પ્રદાન' એમ કહી શકાય. તેના અર્થને સમજીએ.

Arthur અને Natalie (1999) જણાવે છે કે, "વર્ગખંડમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે પરસ્પર જે ભાષામાં પ્રત્યાયન થાય છે તેને વર્ગખંડ વાર્તાલાપ કહે છે. વાતચીત કે સંવાદના સ્વરૂપમાં મોટેભાગે અધ્યાપન વિકસતું હોય છે, એ અર્થમાં મુખોપમુખ થતા સંવાદમાં થતી અધ્યયનની પ્રક્રિયા એટલે વર્ગખંડ વાર્તાલાપ."

"The term classroom discourse refers to the language that teachers and students use to communicate with each other in the classroom. Talking, or conversation, is the medium through which most teaching takes place, so the study of classroom discourse is the study of the process of face-to-face classroom teaching."

1910માં વર્ગખંડ વાર્તાલાપો વિશે પદ્ધતિસર અભ્યાસ થયા હોવાનું નોંધાયું છે. જેમાં સ્ટેનોગ્રાફર શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે થતાં સંવાદની નોંધ કરતા હતા. 1930માં ટેપરેકર્ડરનો ઉપયોગ કરીને આ વાર્તાલાપો નોંધાયા, પછી 1960માં આ વિષય પર ખૂબ ઝડપી કામ થયું અને વાર્તાલાપોની સમીક્ષા થઈ. 1973માં Barak Rosenshine and Norma Furst દ્વારા થયેલા અભ્યાસોમાં વર્ગખંડ

વાર્તાલાપોની 76 જેટલી પદ્ધતિઓ જણાવવામાં આવી. આ વર્ગખંડ વાર્તાલાપના બહુ મહત્ત્વના મુદ્દાઓ પ્રધ્યાન કેન્દ્રિત કરે છે. આગળ કહ્યું તેમ પ્રશ્ન, ઉત્તર, પ્રતિપ્રશ્ન એમ સર્જાતી લાગતી એક સરખી હારમાળા અલગ અલગ સ્વરૂપો ધારણ કરે છે. આ જ સંદર્ભમાં **નિસ્ટ્રેન્ડ** નોંધે છે કે, વર્ગખંડના વાર્તાલાપોની કેટલીક ચોક્કસ રીતો વિદ્યાર્થીઓના ખ્યાલથી સ્પષ્ટીકરણ કરવામાં અને નવી માહિતીને સમજવા માટે વધુ તકો અને મોકળાશ આપે છે.

***Nystrand (1997)** points out that certain kinds of classroom talk creates more opportunity and flexibility for students to contextualize and assimilate new information.*

એલેકઝાન્ડર વાર્તાલાપોનું મહત્ત્વ જણાવતાં કહે છે કે, વર્ગખંડના વાર્તાલાપો માત્ર અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને જ અસર નથી પહોંચાડતા પણ વિશાળ અર્થમાં સંસ્કૃતિને પણ અસર પહોંચાડે છે. ઉપરાંત, વાર્તાલાપની ગુણવત્તા વર્ગખંડના વાતાવરણને સાનુકૂળ બનાવે છે, જેમાં શિક્ષકની તેઓના વિદ્યાર્થી પાસેની અપેક્ષાઓ અધ્યયન દ્વારા રૂપાંતરિત થાય છે.

Alexander, (2004) *indicates that classroom talk not only mediates teaching and learning but the wider culture. Moreover, the quality of classroom discourse is of great importance because it sets a suitable climate for learning and transmitting teachers' expectations for their pupils' thinking.*

આમ, વર્ગખંડની ચાર દીવાલોની વચ્ચે આકાર લેતો વાર્તાલાપો જ્ઞાનનું સિંચન અને સંવર્ધન કરે છે. હવે તેનાં સ્વરૂપોને સમજીએ.

3.3 વર્ગખંડ વાર્તાલાપનાં સ્વરૂપો :

એક ચિત્ર તો મનમાં એ આવે કે શિક્ષક બોલે છે અને વિદ્યાર્થી સાંભળે છે, બીજું ચિત્ર એ છે કે, વિદ્યાર્થી પ્રશ્નો સર્જે છે અને શિક્ષક જવાબ આપે છે. બંને પ્રકારના વાર્તાલાપમાં ફર્ક છે. આ સંદર્ભમાં વર્ગખંડ વાર્તાલાપના સ્વરૂપોના મુખ્ય બે પ્રકાર જણાવી શકાય.

1. પરંપરાગત સ્વરૂપ અને 2. બિનપરંપરાગત સ્વરૂપ

1. **પરંપરાગત સ્વરૂપ (Traditional Nature) :** વર્ગખંડ વાર્તાલાપનું પરંપરાગત સ્વરૂપ સૌથી વધુ પ્રચલિત છે. શાળા-મહાશાળાઓમાં મોટેભાગે આ જ સ્વરૂપ સૌથી વધારે કિસ્સાઓમાં જોવા મળે છે. શિક્ષક બોલે છે અને વિદ્યાર્થી સાંભળે છે, વિદ્યાર્થી પ્રતિભાવ આપે છે અને મૂલ્યાંકન થાય છે. કેઝડેન Cazden (2001) જણાવે છે કે, "Traditional lessons refer to the using of a three-part sequence : Teacher Initiation, Student Response, and Teacher Evaluation or Follow-up (IRE or IRF)." માટે તેને ટૂંકમાં 'IRE or IRF' તરીકે ઓળખવામાં આવે છે.

પરંપરાગત પ્રકારનો આ વાર્તાલાપ ત્રણ પગથિયાંને અનુસરે છે.

(1) **શિક્ષકની શરૂઆત - Teacher Initiation :** સામાન્ય રીતે શિક્ષક વર્ગખંડમાં આવીને જે વિષય હોય તે અંતર્ગત કોઇ એકમ વિશે પોતાની સમજ વ્યક્ત કરે છે,વ્યાખ્યાન આપે છે.

(2) **વિદ્યાર્થીનો પ્રતિભાવ - Student Response :** વિદ્યાર્થી વ્યાખ્યાન સાંભળે છે, અને પ્રતિભાવ આપે છે. ન સમજાય તો પૂછે છે. શિક્ષક ફરી સમજાવે છે.

(3) **શિક્ષક દ્વારા થતું મૂલ્યાંકન - Teacher Evaluation or Follow-up :** એકમને અંતે શિક્ષક વિદ્યાર્થીઓ એકમ સમજ્યા કે નહીં તેની ચકાસણી કરે છે.

ફાયદા :

* શિક્ષક અભ્યાસક્રમને કેન્દ્રમાં રાખીને ગતિ કરી શકે છે.
* સમય અને શક્તિનો બચાવ થાય છે.
* વિષયાંતર થવાની શક્યતાઓ ઘટી જાય છે.
* હોંશિયાર વિદ્યાર્થીઓને ફાયદો થાય છે.

મર્યાદાઓ :

* શિક્ષણની એકધ્રુવીય પ્રક્રિયા બની રહે છે.
* શિક્ષણ પ્રક્રિયામાં શિક્ષક કેન્દ્રસ્થાને
* શિક્ષક સર્વસત્તાધીશ
* વિદ્યાર્થીઓ માટે શિક્ષક સર્વસ્વ સમાન
* વિદ્યાર્થી, અભ્યાસક્રમ, પદ્ધતિ

2. **બિનપરંપરાગત સ્વરૂપ (Non-traditional Nature) :** ઉપરોક્ત વાર્તાલાપની સામે બિનપરંપરાગત સ્વરૂપ લચીલું (Flexible) છે. આ પ્રકારના વાર્તાલાપને ચોક્કસ ઢાંચામાં ઢાળી ન શકાય. શિક્ષકનો આશય વિદ્યાર્થીને શીખતાં કરવાનો હોય છે. તે જે તે વિષયવસ્તુના સંદર્ભમાં વિદ્યાર્થીના મનમાં પ્રશ્નો જગાવે છે, શિક્ષક એ પ્રશ્નોના વિદ્યાર્થીઓ પાસેથી જ જવાબ મેળવવાનો પ્રયાસ કરે છે, અને અજ્ઞાતથી જ્ઞાત તરફ જવાની એક પ્રક્રિયા રસપૂર્વક આકાર લે છે. શિક્ષક એક ચોક્કસ માન્યતા સાથે વર્ગમાં પ્રવેશ કરતા નથી. વિદ્યાર્થીનું અનુભવ વિશ્વ અને ભાવ વિશ્વ વર્ગખંડના વાર્તાલાપને ઘડે છે, અસર કરે છે અને નિશ્ચિત કરે છે.

ફાયદા :

* દ્વિધ્રુવી પ્રક્રિયા છે.
* વિદ્યાર્થી કેન્દ્રસ્થાને છે.
* વિદ્યાર્થી જ્ઞાનને સ્વયં અર્જિત કરે છે.
* શિક્ષણનું ધારણ થાય છે.
* વિદ્યાર્થીની શીખવાની પ્રક્રિયા સઘન બને છે.
* સ્મૃતિનો વિકાસ થાય છે.
* શિક્ષક – વિદ્યાર્થી બંનેની સામેલગીરી
* પરસ્પર માહિતી, જ્ઞાન અને કૌશલ્યોનું આદાન પ્રદાન
* બંનેની પરસ્પરની આંતરક્રિયા દ્વારા અસરકારક શિક્ષણનો જન્મ

મર્યાદાઓ :

* વિષયાંતર થવાનો સંભવ
* સમય અને શક્તિનો વધુ ઉપયોગ
* અભ્યાસક્રમ સંપન્ન કરવાની ભીતિ
* શિક્ષક વાર્તાલાપની દોરવણી ન કરી શકે તો અવ્યવસ્થા સર્જાય
* વર્ગખંડ વ્યવસ્થાપન ગેરશિસ્ત થવાની સંભાવના
* અંતર્મુખી અને નબળા વિદ્યાર્થીઓ ભાગ ન લઈ શકે.

આમ, વર્ગખંડ વાર્તાલાપના બે મુખ્ય સ્વરૂપો જોવા મળે છે. જો શિક્ષક બંને સ્વરુપોનો વિવેકપૂર્વક ઉપયોગ કરી શકે તો બંને સ્વરૂપોની મર્યાદાઓને દૂર કરી શકાય અને બંને સ્વરૂપોના ફાયદા પણ પ્રાપ્ત કરી શકાય. માટે વિષયવસ્તુનું સ્વરૂપને ધ્યાનમાં રાખીને શિક્ષક વર્ગખંડના વાર્તાલાપને ઘડી શકે.

વર્ગખંડ વાર્તાલાપના આ બે સ્વરૂપો દ્વારા શિક્ષક ભાષા દ્વારા વર્ણન કરે છે, અહેવાલ આપે છે, કોઈ બાબત કે મુદ્દાનું નામકરણ કે વ્યાખ્યાયીકરણ કરે છે, સમજાવે છે, વિવિધ ઉદાહરણ આપે છે, પક્ષ કે વિપક્ષમાં દલીલો કરે છે, માપન કરે છે અને મૂલ્યાંકન કરે છે. શિક્ષક અધ્યાપન કરે ત્યારે ભાષાનો ઉપયોગ કરીને જ ભણાવે છે. એમણે શું શીખવવાનું છે તે ધ્યાનમાં રાખીને જે ભાષાનો ઉપયોગ એ પ્રથમ કાર્ય ગણાય. અને શિક્ષક જ્યારે વિદ્યાર્થીને કોઇ કાર્ય સોંપે છે ત્યારે જે ક્રિયાપદોનો ઉપયોગ કરે છે તેમાં ભાષાનાં કાર્યો સંકળાયેલાં હોય છે. દા.ત. જવાબ આપો, વર્ણન કરો, કારણ જણાવો. આ સર્વ ક્રિયાપદો વિચારીએ કે તરત ભાષા થકી વિચારવાની પ્રક્રિયા પણ બદલાઇ જાય છે. પ્રાયોગિક પાઠ લખતી વખતે વિશિષ્ટ અને સામાન્ય હેતુના ક્રિયાપદો બદલાય છે, તેમાં ભાષા એ જ જણાવે છે કે બોધાત્મક હેતુના ક્યા સ્તર પર વિદ્યાર્થી કામ કરશે.

નીચેનાં ઉદાહરણો પરથી વધુ સ્પષ્ટ થશે.

ક્રિયાપદ	પ્રવૃત્તિ
વ્યાખ્યા કરો	ચતુષ્કોણ, ગતિ, રેખા – ની વ્યાખ્યાન લખો/કહો
તુલના કરો	કાટકોણ ત્રિકોણ અને સમબાજુ ત્રિકોણ વચ્ચે તુલના કરો.
ચર્ચા કરો	ભારતમાં બેકારીના કારણો વિશે ચર્ચા કરો.
વર્ણવો	લેખકે કરેલા પ્રવાસનું વર્ણન કરો.
સમીક્ષા કરો	'અતિજ્ઞાન' ખંડકાવ્યની સમીક્ષા કરો.

આટલી ચર્ચા પરથી શિક્ષકની સૂઝ અને તેના અધ્યાપન કૌશલ્યની આવડત કેટલી બધી મહત્ત્વની છે, તે સમજાય છે. શિક્ષકે સતત પોતાનું સંમાર્જન કર્યા કરવું પડે. સમગ્ર વાર્તાલાપનો આધાર તેની મૌખિક રજૂઆત પર પણ છે. શિક્ષકની ભાષા જેટલી સમૃધ્ધ એટલી એની વાર્તાલાપની કુશળતા વધુ. આ સંદર્ભમાં આપણે હવે મૌખિક ભાષાના ઉપયોગ માટેની વ્યૂહરચનાઓને જોઇશું.

3.4 મૌખિક ભાષાના ઉપયોગ માટેની વ્યૂહરચનાઓ (Strategies for using Oral Language :

ભાષા યથાર્થરૂપે, વાસ્તવિક સ્વરૂપે મૌખિક અભિવ્યક્તિ દ્વારા પ્રગટ થાય છે. વ્યક્તિના ભાવ, વિચાર, સંવેદન વગેરેની મોટાભાગની અભિવ્યક્તિ આપણે બોલીને કરીએ છીએ. પારિવારિક કે સામાજિક સ્તરે થતો વાર્તાલાપ સામાજિક-સાંસ્કૃતિક ક્ષેત્રે થતું વૈચારિક આદાન-પ્રદાન વધુ તો મૌખિક સ્વરૂપમાં થાય છે. મૌખિક અભિવ્યક્તિ વ્યાપક છે, એટલું જ નહિ, એ પ્રભાવક પણ છે. આમ મૌખિક અભિવ્યક્તિનું સ્થાન પણ અભ્યાસક્રમમાં હોવું ઘટે.

શિક્ષકની કથન અભિવ્યક્તિની સીધી અસર વિદ્યાર્થીઓ પર પડે છે. તેથી તેઓની કથન અભિવ્યક્તિ ચોકસાઇવાળી, વિદ્યાર્થીઓને સમજાય તેવી સરળ તથા જે તે વિષયવસ્તુના હાર્દને સ્પષ્ટ કરનારી હોવી જોઈએ. શરૂઆતના વર્ષોમાં શિક્ષક બાળકના ઘરની ભાષા કે બોલીનો ઉપયોગ કરે તો બાળક શિક્ષક સાથે ઝડપથી

સંબંધ બાંધી શકે છે. શિક્ષકે વિદ્યાર્થીઓમાં મૌખિક ભાષાના ઉપયોગ માટેની કેટલીક વ્યૂહરચનાઓ અપનાવવી જોઈએ, જેથી આગળ જણાવ્યું તે પ્રમાણે અસરકારક વર્ગખંડ વાર્તાલાપોનું સર્જન કરી શકાય. વ્યૂહરચના એ સમજપૂર્વકની અને હેતુપૂર્વકની પદ્ધતિ છે.

"વ્યૂહરચના એટલે લાંબાગાળા માટેનું અપેક્ષિત અને ચોક્કસ ધ્યેય હાંસલ કરવા માટેની કાળજીપૂર્વકની યોજના અથવા પદ્ધતિ." *"Stretegy means a careful plan or method for achieving a particular goal usually over a long period of time"*

અહીં વિદ્યાર્થીમાં લાંબા ગાળા માટે જ મૌખિક ભાષાનો ઉપયોગ કરી શકે તે માટે શિક્ષકે સભાન પ્રયત્નો કરવાના છે. Eisenhart C. (1990) એ મૌખિક ભાષાના ઉપયોગ-માટેની વ્યૂહરચનાઓ રજૂ કરી હતી. જો વર્ગખંડ વાર્તાલાપોને અસરકારક બનાવવા હોય તો શિક્ષક નીચેની પાંચ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરીને અધ્યયન – અધ્યાપનની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવી શકે.

નીચેની આકૃતિ જોઈએ.આ પાંચે ય વ્યૂહરચનાઓ પરસ્પર સંકળાયેલી છે. કોને પ્રથમ ક્રમ આપવો, તે જરૂરી નથી. પણ એ પાંચ વ્યૂહરચનાઓ થકી વિદ્યાર્થીઓમાં કથન કૌશલ્યનો વિકાસ થશે તો વર્ગખંડ વાર્તાલાપ વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનશે.



આકૃતિ – 1 મૌખિક ભાષાના ઉપયોગ માટેની વ્યૂહરચનાઓ - Eisenhart C. (1990)

પ્રત્યેક વ્યૂહરચનાને ટૂંકમાં સમજવાનો પ્રયાસ કરીએ.

* **ભાષા શીખવાનું વાતાવરણ સર્જો :** વર્ગખંડમાં વિદ્યાર્થીને ભાષા શીખવાની પ્રેરણા પ્રાપ્ત થવી જોઈએ. શિક્ષકે તેની બોલીને શરૂઆતમાં પ્રોત્સાહન આપીને, પછી વિષયવસ્તુના ક્ષેત્રની તેમ જ માન્ય ભાષા તરફ અભિમુખ કરવાનો છે.
* **શબ્દભંડોળ શીખવો અને વધારો :** શબ્દભંડોળ મૌખિક ભાષાના ઉપયોગની ચાવી છે. ઘણીવાર આપણે જોઈએ છીએ કે વિદ્યાર્થીને ઉચિત શબ્દ ન જડવાથી કે યાદ ન આવવાથી બોલતી વખતે અટકી જાય છે. શબ્દબંડોળની વિવિધ રમતો અને પારિભાષિક શબ્દોનું શિક્ષણ અસરકારક બની શકે.
* **શ્રાવ્ય સ્મૃતિનો વિકાસ :** શ્રવણ કરેલી બાબતો ઝડપથી યાદ રહેતી નથી. શ્રાવ્ય બાબતોની સ્મૃતિ મોટેભાગે ટૂંકાગાળાની હોય છે. તેનો વિસ્તાર વિવિધ રમતો, વાર્તાકથન વગેરેથી વધારી શકાય.
* **શ્રવણ અને કથન કૌશલ્યનો વિકાસ :** વર્ગખંડમાં વારાફરતી શ્રવણ અને કથનનો વિકાસ થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન થવું જોઈએ. આ બંને કૌશલ્યો પરસ્પર સંકળાયેલાં છે.
* **વિવિધ કથન રીતિનું શિક્ષણ :** વાર્તા કહેવી, કાવ્યનું પઠન કરવું, જોકસ કહેવી, સમાચારનું પઠન કરવું, કે ક્વિઝ રજૂ કરવી, આ બધા પ્રસંગો મૌખિક ભાષાનો ઉપયોગનું કૌશલ્ય માંગી લે છે. બધા પ્રસંગે એક જ પ્રકારની કથન રીતિ ન ચાલે. વિદ્યાર્થીને તેના વિવિધ અનુભવો પૂરા પાડવા જોઈએ.

3.5 ઉપસંહાર :

એમ કહેવાય છે કે, આ દુનિયામાં બોલનારાની સંખ્યા સાંભળનારાની સંખ્યા કરતાં વધુ હોય છે. બોલ્યા વિના આપણને ચાલે નહીં. પછી ભલેને સામસામે બેસીને થતી વાત હોય, ફોન પર થતી વાત હોય કે પછી ચેટિંગ હોય કે વર્ગખંડમાં

વાર્તાલાપો હોય. ઘણાને પોતાની વાત બીજાને કહેવાની એટલી તાલાવેલી હોય છે કે તેઓ રહી શકતા નથી. માટે જ જે શ્રેષ્ઠ શ્રોતા બની શકે છે તે શ્રેષ્ઠ વક્તા પણ બની શકે છે. એટલે વિદ્યાર્થી પ્રથમ ઉત્તમ શ્રોતા બને અને પછી ઉત્તમ વક્તા પણ બને તે દિશામાં પ્રગતિ કરવાની છે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) વર્ગખંડ વાર્તાલાપનો અર્થ આપી તેની સંકલ્પના સમજાવો.

(2) વર્ગખંડ વાર્તાલાપનાં સ્વરૂપો જણાવી વર્ગખંડ વાર્તાલાપના પરંપરાગત સ્વરૂપની ચર્ચા કરો.

(3) વર્ગખંડ વાર્તાલાપનું બિનપરંપરાગત સ્વરૂપ સમજાવી, તેના ફાયદા અને મર્યાદાઓની ચર્ચા કરો.

(4) મૌખિક ભાષાના ઉપયોગની વ્યૂહરચનાઓ જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) બિનપરંપરાગત વાર્તાલાપના સ્વરૂપના ફાયદા અને મર્યાદાઓ જણાવો.

(2) પરંપરાગત વાર્તાલાપના સ્વરૂપમાં શિક્ષકની વિવિધ પ્રવૃત્તિઓની ચર્ચા કરો.

પ્ર.3 નીચેના પ્રશ્નોના એક કે બે વાક્યમાં ઉત્તર આપો.

(1) પરંપરાગત વાર્તાલાપ એટલે શું ? તેની બે વિશિષ્ટતાઓ જણાવો.

(2) "સમીક્ષા કરો" માં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

☆

પ્રકરણ 4 પાઠ્યપુસ્તકોની ભાષા અને વિષયવસ્તુનો સાંસ્કૃતિક સંદર્ભ

મુદ્દાઓ :

4.1 પ્રસ્તાવના

4.2 વિવિધ વિષયોના પાઠ્યપુસ્તકોની ભાષા

4.2.1 સામાજિક વિજ્ઞાન

4.2.2 ગણિત

4.2.3 વિજ્ઞાન

4.3 વિષયવસ્તુનો સાંસ્કૃતિક સંદર્ભ

4.4 વિષયવસ્તુના ક્ષેત્રમાં વાચન શીખવવા માટે સૂચનો

4.5 ઉપસંહાર

)※ સ્વાધ્યાય

4.1 પ્રસ્તાવના :

આઇન્સ્ટાઇન વિજ્ઞાનનું પુસ્તક વાંચે, રામાનુજન ગણિતનું પુસ્તક વાંચે, એડમંડ બર્ક જેવા કોઈ મહાન ઇતિહાસવિદ 'ભારતની સ્વાતંત્ર્યતા' પરનું પ્રકરણ વાંચે અને આપણે એ પુસ્તકો વાંચીએ તો કોઈ ફરક ખરો ? કદાચ આનો જવાબ જ ન મળે. જે-તે વિષયને તેના વિષયવસ્તુના ક્ષેત્રમાં વાંચવું એ બહુ મોટી સિધ્ધિ છે.

સામાન્ય રીતે ભાષા સાથે આપણો પ્રાથમિક અને મોટાભાગનો સંબંધ શ્રવણ અને કથન સાથે રહ્યો છે. પણ લિપિ અને મુદ્રણકળાનો વિકાસ થતાં ભાષાના આદાન-પ્રદાન સાથેની વ્યવસ્થામાં ક્રાંતિકારી પરિણામો આવ્યાં, અને એમાં શિક્ષણ જગતમાં તો ખાસ. શિક્ષક વર્ગખંડમાં બોલીને ભણાવે, પણ સ્વાધ્યાય માટે

વિદ્યાર્થીના પક્ષે જે અભ્યાસ કરવાનો આવે છે તે બહુધા વાચન દ્વારા જ થાય. અને જો વિદ્યાર્થીમાં વાચન કૌશલ્યનો વિકાસ ન થયો હોય તો વિદ્યાર્થી અભ્યાસમાં ધારી સફળતા પ્રાપ્ત કરી. શકતો નથી. માતા-પિતા અને શિક્ષકો વિદ્યાર્થીઓને અવારનવાર વાચન કરવાની સતત સલાહ આપ્યા જ કરતા હોય છે. વિદ્યાર્થીને પણ વાચન કરવું હોય છે, પણ મોટેભાગે ગમતું નથી અને તે વાંચવાનું ટાળે છે. કેમ કે નવલકથા, વર્તમાનપત્ર કે મેગેઝિન કે સેલફોનના મેસેજ વાંચવા કરતાં સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોના પાઠ્યપુસ્તકોનું વાચન કરીને અધ્યયન કરવું, એ એક અલગ જ પ્રકારની કુશળતા માંગી લે છે, કેમ કે તેની ભાષાશૈલી અલગ હોય છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે પાઠ્યપુસ્તકોની ભાષા વિશે સમજીશું. આ સંદર્ભમાં સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં પાઠ્યપુસ્તકોની ભાષાનું વાચન કેવી રીતે કરી શકાય, તે વિશે શીખીશું.

4.2 વિવિધ વિષયોના પાઠ્યપુસ્તકોની ભાષા :

આપણે ગુજરાતી ભાષાના શબ્દો જાણીએ છીએ એટલે આપણને બધા વિષયો પણ આવડી જશે એવું ધારી લઈએ તો તે આપણી બહુ મોટી ભૂલ છે. કેટલીક વખત તો આપણે વાંચતા હોઈએ છીએ ત્યારે ભાષાને ઉકેલતા હોઈએ છીએ, અર્થબોધ સાથેનું વાચન તો ભાગ્યેજ થાય છે, અથવા તે અર્થબોધ સાથેના વાચન કૌશલ્યને વિકસવામાં ઘણો જ સમય નીકળી જાય છે. એ નિરંતર અભ્યાસનો જ વિષય છે. શબ્દોનું ઉચ્ચારણ, એનો અર્થ, સંબંધિત શબ્દો, સંબંધિત અર્થો, શબ્દોનો વપરાશ, શબ્દ પરથી બનતાં શબ્દો અને વાક્યમાં એમનો ઉપયોગ આ બધું જ આપણે જાણીએ છીએ. શબ્દનો અર્થ કોઈ વાક્યમાં બદલાય, અર્થાત્, કટીક વ્યંગમાં કે લહેકા સાથે લખાયો હોય તો તેને પામી પણ શકીએ છીએ. અને એટલે જ શબ્દની ચમત્કૃતિ અને સાહિત્યને આપણે માણી શકીએ છીએ. આ બધી જાણકારી મેળવીએ ત્યારે જ આપણે કોઈ ભાષાના સારા વાચક બની શકીએ છીએ. એ માટે સારી એવી મહેનત પણ આપણે સતત કરતા હોઈએ છીએ. માતૃભાષામાં કરેલી કે કરાતી મહેનતથી પણ આપણે જે તે વિષયને ઊંડાણથી સમજી શકતા હોઈશું કે કેમ તે મહત્ત્વનો પ્રશ્ન છે. અને એમાંય આ મહેનત જ્યારે બીજી ભાષામાં કરવાની હોય છે ત્યારે અઘરું લાગે છે, કપરું પડે છે. ગુજરાતી

માતૃભાષા હોય અને અંગ્રેજી માધ્યમ સાથે સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં વાચન કરવાનું હોય ત્યારે વિદ્યાર્થીની માનસિક સ્થિતિ શું થતી હશે, તે ખરેખર ચિંતા, ચિંતન અને સંશોધનનો વિષય છે.

હવે આપણને એક બાબત તો સમજાઈ કે સામાન્ય વાચન કરવું અને જે-તે વિષયના પાઠ્યપુસ્તકનું વાચન કરવું એ બંને અલગ છે. નવલકથા મનોરંજન પ્રાપ્ત કરવા માટે વાંચવાની હોય, સમીક્ષા લેખન કરવા માટે વાંચવાની હોય કે પરીક્ષા આપવા માટે વાંચવાની હોય, આ ત્રણેય સ્થિતિમાં એકની એક નવલકથાના વાચનની પ્રક્રિયા બદલાઈ જશે. તેવી જ રીતે ગણિત, વિજ્ઞાન કે સામાજિક વિજ્ઞાન જેવા વિષયોનું અધ્યયન કરવું એ અલગ કૌશલ્ય માંગી લે છે. આ સંદર્ભમાં શાળામાં કે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે જે-તે વિષયમાં કેવી રીતે વાચન કરવું તે શીખવાની જરૂર છે.

"પાઠ્યપુસ્તકના વિષયવસ્તુના ક્ષેત્રમાં વાચન કરવું એટલે જે તે વિષયના ચોક્કસ વિષયવસ્તુને સંપૂર્ણ અર્થગ્રહણ સાથે સમજવું. સામાન્ય રીતે આ વ્યાખ્યા સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોને વધુ લાગુ પડે છે. વિષયવસ્તુના ક્ષેત્રમાં થતું વાચન માત્ર સંકલ્પનાઓ કે વિચારોનો જ સમાવેશ નથી કરતું પણ જે તે વિષયની વિષયવસ્તુ અંતર્ગત રજૂ કરાતાં માળખાંના સ્વરૂપ (આલેખ, સારણીઓ, નકશાઓ, ચિત્રો વગેરે)માં મૂકાઈ હોય છે, તેનું વાચન અને તેના અર્થબોધનો પણ સમાવેશ કરે છે."

વિષયવસ્તુના ક્ષેત્રમાં વાચન વિશેની ઉપરોક્ત વ્યાખ્યા તેના અર્થને સ્વયંસ્પષ્ટ કરે છે. એનસીઈઆરટી વાચન માટે શિક્ષકોને અત્યંત જાગ્રત રહેવાનું સૂચન કરે છે. **સિંહા (2000)**નાં સંશોધનોનો ફલિતાર્થ એ જ છે કે, આપણા દેશમાં વિદ્યાર્થીઓની વાચન સક્ષમતા ઘણી નબળી છે. તેઓ જણાવે છે કે વાચન એ માત્ર ભાષાના વર્ણો, શબ્દો કે વાક્યો ઉકેલવાની પ્રક્રિયા નથી, પણ તેનો હેતુ સાચા અર્થમાં અર્થગ્રહણ કરવાનો છે. સાક્ષરતાનો અર્થ પણ સંકુચિત નથી જ. વાંચતા આવડવું એટલે ભાષા ઉકેલતા આવડવી એવું નથી. એન.સી.ઈ.આર.ટી. પાઠ્યપુસ્તકનું વાચન કરવા અર્થે નીચેની બાબતો તરફ આપણું ધ્યાન કેન્દ્રિત કરે છે.

- પાઠ્યપુસ્તક વાચન કરવા માટે ભાષાનું જ્ઞાન મહત્ત્વનું બની જાય છે.
- ભાષાની સમજ જે-તે વિષયના અભ્યાસક્રમ સાથે પાયામાંથી જ સંકળાયેલી છે.
- જો વિદ્યાર્થી વાચન પ્રતિ આકર્ષાય તો જ તે વિષયના વિષયવસ્તુને શીખવા તરફ પ્રેરાય.
- વિષયવસ્તુના વાચનમાં કુશળતા પ્રાપ્ત કરવી એ ખૂબ લાંબી પ્રક્રિયા છે, તે ઝડપથી હસ્તગત નથી થતી. માતૃભાષામાં વાચન કૌશલ્ય અલગ બાબત છે અને વિષયવસ્તુમાં વાચન કરવું અને તેનો અર્થબોધ કરવો તે અલગ બાબત છે.
- વિષયવસ્તુના વાચનમાં કુશળતા પ્રાપ્ત કરવાથી સ્વાભાવિક રીતે જ તેના પરિણામ સ્વરૂપ ભાષામાં વાચન કૌશલ્યની ઝડપ અને ચોકસાઇ પણ વધે છે.
- વિષયવસ્તુના ક્ષેત્રમાં વાચનનું કૌશલ્ય વિદ્યાર્થીને ભાવિ અભ્યાસ અને કારકિર્દી માટે તૈયાર કરે છે.
- દરેક વિષયવસ્તુના ક્ષેત્રની ભાષા અલગ છે અને તેનું આગવું શબ્દભંડોળ છે. દા.ત. સામાજિક વિજ્ઞાનમાં અક્ષાંશ – રેખાંશ, વિષુવવૃત્તીય પ્રદેશો, ભૂપૃષ્ઠ, હવામાન, આબોહવા, માંગ, પુરવઠો વગેરે.
- શબ્દ એનો એ હોય તો વિષયવસ્તુ બદલાય તો તેનો અર્થ પણ બદલાય. દા.ત. 'સંધિ' – આ શબ્દ ગુજરાતી વ્યાકરણ અને ઇતિહાસ બંને વિષયમાં અલગ અર્થ ધરાવે છે.

આટલી બાબતો પરથી વિષયવસ્તુના ક્ષેત્રમાં વાચન કરવું એ કેટલી ગહન પ્રક્રિયા છે તેનો ખ્યાલ આવી જાય છે. શિક્ષકના પક્ષે પણ કેટલી મોટી જવાબદારી છે તેનો પણ સહજ અહેસાસ થઇ જાય છે અને એટલે જ આવા વિષયોની સમજ એક તાતી જરૂરિયાત બની ગઇ છે.

જો વિદ્યાર્થીઓને આ શબ્દોનો અર્થબોધ ન થાય તો જે તે વિષયની સંકલ્પનાઓ પણ સ્વાભાવિક રીતે જ સ્પષ્ટ ન થાય. આ માટે વિદ્યાર્થી તેનું સામાન્ય, વિશિષ્ટ અને પારિભાષિક શબ્દભંડોળ ન વિકસાવે ત્યાં સુધી તે જે તે વિષયની સમજૂતી પ્રાપ્ત ન કરી શકે

4.2.1 સામાજિક વિજ્ઞાન : સામાજિક વિજ્ઞાનમાં ધોરણ 8ના પાઠ્યપુસ્તકમાંથી માં 'ભારતની સમસ્યાઓ અને ઉપાય' શીર્ષક હેઠળ એક પ્રકરણનું પ્રથમ પાનું અહીં વાચન અર્થે મૂક્યું છે. વાચન વિશેની અગાઉ આટલી પૂર્વભૂમિકા આપ્યા પછી સમજાશે કે વિદ્યાર્થીને આ પ્રકરણ સમજવા માટે કેટલું પૂર્વજ્ઞાન જોઇએ. તેની પાસે કેટકેટલા શબ્દોની પારિભાષિક સમજ જોઇએ, ત્યારે તે આ પ્રકરણનો અર્થબોધ કરી શકે અને તેના હાર્દને પામી શકે.

સામાન્ય સંજોગોમાં એવું બનતું હોય કે શિક્ષક શીખવે, વિદ્યાર્થી જોઇને તે પ્રશ્નોના જવાબ પણ આપે, પણ તે શબ્દકોશીય સમજૂતી કહેવાશે. તે વિષયવસ્તુના ક્ષેત્રને સમજીને જે હેતુસર આ પ્રકરણ અભ્યાસક્રમમાં મૂકવામાં આવ્યું છે તેને સમજ્યો હશે કે કેમ તે અંગે તો શંકા જ રહે છે અને એટલે જ ઉપાયોની વાત થાય પણ વર્તનમાં પ્રતીત ન થાય, કેમ કે સાચા અર્થમાં અર્થબોધ તો થયો જ નથી. મગજમાં માત્ર માહિતી એકત્રિત થઇ છે, જેને આપણે માહિતી ઉપર સમજની પ્રક્રિયા થવી જોઇએ તે તો બાકી જ રહે છે. અને એટલે જ આપણા ભણતરને 'ગોખણિયા શિક્ષણ'નું લાંછન લાગેલું છે, કેમકે ક્યાંય કોઇ સ્તર પર સમજની વાત આવતી જ નથી.

માત્ર પહેલું વિધાન જોઇએ કે, 'આપણાં ભૌતિક સાધનો બદલાયાં છે; પણ પ્રજાની કેટલીક આંતરિક બાબતોમાં અપેક્ષિત બદલાવ આવ્યો નથી.' આ વિધાનને સમજાવવા માટે સાંપ્રત

જીવન શૈલી, ભારતની રાજકીય, સાંસ્કૃતિક, આર્થિક સ્થિતિ તેમ જ, આપણે એક ભારતીય તરીકે મૂળભૂત રીતે કેવો સ્વભાવ ધરાવીએ છીએ, અથવા ભારતનો એક સામાન્ય નાગરિક કેવો છે, આ સર્વ બાબતોનું સર્વગ્રાહી ચિત્ર કે સ્પષ્ટ ખ્યાલ ન આવે ત્યાં સુધી આગળ વાચન ન થાય. હવે જો સમગ્ર પાનાનું પઠન કરીએ તો સમજાય, કે એકે એક શબ્દ એક એક અલગ સંકલ્પના, ખ્યાલ, કે પરિભાષા છે.

સામાજિક વિજ્ઞાન ધોરણ - 8 : ભારતની સમસ્યાઓ અને ઉપાય : આપણાં ભૌતિક સાધનો બદલાયાં છે, પણ પ્રજાની કેટલીક આંતરિક બાબતોમાં અપેક્ષિત બદલાવ થતો નથી. પ્રામાણિકતા, નૈતિકતા, નાગરિકની સમજ - ફરજો, પરિવહનની જાગરુક્તા, પર્યાવરણ-સુરક્ષા, વૈજ્ઞાનિક અભિગમ તરફી વલણ વગેરેમાં હજુ ઉદાસીનતા જોવા મળે છે. હજુ પણ સમાજ વહેમો, નિરક્ષરતા, અજ્ઞાનતા અને અંધશ્રદ્ધામાંથી સંપૂર્ણપણે બહાર આવ્યો નથી.

સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, શિક્ષણ સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓ દેશના વિકાસમાં અગ્રિમ ફાળો આપી રહી છે, જેથી સામાજિકતા અને વ્યાવસાયિકતાની પ્રગતિ કે વૃદ્ધિ ગોઠવાતી જાય છે. સમાજરચનામાં બદલાવ થતો જાય છે, જે ઘણી સારી બાબત છે.

હજુ પણ કેટલીક સમસ્યાઓ પડકારરૂપ છે. ગંદકી, બેકારી, ગરીબી, નિરક્ષરતા, ત્રાસવાદ ચિંતાનો વિષય છે. જે અંગે આપણે વિચારીએ અને તેના ઉપાય શોધીએ. "વસુધૈવ કુટુંબકમ્"ની ભાવના સાકાર કરીએ.

ભારતીય સમસ્યાઓનું માળખાગત સ્વરૂપ નીચે મુજબ છે



કદાચ બી.એડ્.ના પ્રશિક્ષણાર્થી તરીકે તમે કેટલાક પ્રાયોગિક પાઠ આપ્યા હશે ત્યારે આ બાબતોનો વિચાર કરીને વિષયવસ્તુના ક્ષેત્રમાં વાચન કર્યું હતું કે કેમ, તે અંગે સ્વચિંતન કરશો તો વધુ ખ્યાલ આવશે.

આ સંદર્ભમાં શિક્ષકની કામગીરી અનેકગણી વધી જાય છે. તેઓએ વિદ્યાર્થીઓને જે તે વિષયવસ્તુના ક્ષેત્રની તેની પરિભાષાઓની સ્પષ્ટ સમજણ આપવી પડશે. આવી જ પરિસ્થિતિ ગણિત અને વિજ્ઞાન વિષય માટે પણ છે.

4.2.2 ગણિત : ગણિત વગર ન તો સવાર થાય ન તો સાંજ થાય. ગણતરી માણસનો સ્વભાવ છે, પણ શું આ સ્વભાવને આપણે ગણિતની સંકુલ સંકલ્પનાઓ સાથે સાંકળીએ છીએ ખરાં ? **સુસ્મિતા વૈષ્ણવ (2015)** એમના 'માતૃભાષા અને ગણિત' નામના લેખમાં નોંધે છે કે, 'જરા વધારે નિરીક્ષણ કરીએ તો માતૃભાષાને આત્મસાત કરતાં બાળકની ગણિતની સમજ પણ

સહજપણે વિકસતી દેખાય છે. એને ગમતું કોઈ રમકડું કે ચૉકલેટ જ્યારે તેની સામે ધરો તો તે 'હજી વધારે'ની જીદ કરે છે. એને ગણિતના પાયા સમાન જથ્થાના ખ્યાલની સમજ પડવા લાગી છે. 'થોડું' અને 'ઘણું'થી શરૂ થતી તેની સમજ થોડા વખતમાં તો ચોક્કસ સ્વરૂપ પકડે છે. એક, બે, ત્રણ, ચાર જેવી સંખ્યાઓનું જ્ઞાન તે તરત જ ગ્રહણ કરી લે છે.

આપણાં ગુજરાતી બાળસાહિત્યમાંની બાળકોની 'ઉંદર સાત પૂછડિયો' યાદ કરીએ. એ વાર્તા સાંભળતાં બાળકનાં મનમાં સાત પૂંછડીવાળા ઉંદરની કલ્પનાનું ચિત્ર તો ખડું થતું જ હશે, તે સાથે દરેક વખતે એક એક પૂંછડી કપાવતો ઉંદર હવે કેટલી પૂંછડીવાળો થયો હશે, તે વિષે બાળક કોઈ જ ભૂલ નથી કરતું. આમ તેને બાદબાકીનો ખ્યાલ બરાબર સમજાઈ ચૂક્યો છે. અથવા બીજા શબ્દોમાં કહીએ તો તે ઊંધી ગણતરી બરાબર કરી શકે છે.

બીજો મુદ્દો આકારનો છે. બાળકની દૃષ્ટિ કોઈ પણ વસ્તુના આકારને તે એક વખત જોઈ લે પછી તેના મગજમાં બેસી જાય છે. પછી તે જ આકારની કોઈ પણ વસ્તુને બહુ સરળતાથી ઓળખી લે છે. આપણે શાળામાં ભણવા જઈએ છીએ ત્યારે ગણિત ભણતી વખતે ગોળ, ચોરસ કે લંબચોરસ કે ત્રિકોણની વ્યાખ્યા શીખીએ છીએ, પણ બાળકને તેની સાથે કંઈ જ લેવાદેવા નથી. તે માત્ર તેના આકારની લાક્ષણિકતાને પકડી લે છે. તે પછી ગોળને ચોરસ કે ચોરસને ગોળ કહેવા જેવી ભૂલ તે ક્યારેય કરતું નથી. વસ્તુના કદની નોંધ પણ તે અચૂક લે છે. આ કેટલું નાનું છે કે કેટલું મોટું છે તે જોઈને એના મોં પર જે ભાવ આવે છે તે જોઈને પણ આપણે ખુશ ખુશ થઈ જઈએ. અંતરની બાબત પણ તેને તરત જ સમજાવા લાગે છે. પાસે અને દૂર એવાં સ્થળો વચ્ચેનો ફરક તે કાયમ માટે સમજી લે છે. ઊંચું, નીચું જેવા ખ્યાલો પણ તે તરત જ સમજવા લાગે છે.આમ જથ્થો, સંખ્યા, કદ, અંતર જેવાં ગણિતનાં મૂળભૂત ઘટકોની સમજ તેના વિકાસની સહજ પ્રક્રિયામાં જ વણાયેલી રહે છે.'

આ સર્વ ખ્યાલોને ગણિતના અધ્યાપનની સાથે સહજતાથી સાંકળવાની જરૂર છે. જો થોડું આગળ વિચારીએ તો બાળકોના રમકડાંઓનું સર્જન કરનાર બાળક કેવી રીતે સંકલ્પનાઓને ઝીલે છે અને તેનો કેવી રીતે વિકાસ કરી શકાય તેને વધુ સારી રીતે સમજે છે.

પણ જો ગણિતના પાઠ્યપુસ્તક સાથે ભણવાની વાત કરીએ તો બાળક માથું ખંજવાળે. કેમ કે, તેનું વાચન અલગ કૌશલ્ય માંગી લે છે.

આપણે ગુજરાતીમાં વાચન ડાબીથી જમણી તરફ કરીએ, ગણિતમાં સંખ્યાનું વાચન જમણીથી ડાબી તરફ થાય, સારણીઓમાં અપાતી વિગતો ઉપરથી નીચે કે નીચેથી ઉપર તરફ વાંચવાની હોય, આલેખનું અર્થઘટન કરવામાં ધરીનો ખ્યાલ સ્પષ્ટ હોય તો જ વાચન થઈ શકે. ગણિત સંજ્ઞાપ્રધાન વિષય છે, એટલે સંજ્ઞાઓ, સૂત્રોનો બોધ ન થાય ત્યાં સુધી વાચનનો અર્થબોધ ન થાય. ઘણીવાર વિદ્યાર્થીઓ દાખલા ગણે એ પહેલાં જવાબ જોઈ લેતાં હોય છે તેનું કારણ એ જ છે કે વાચનની એ ગહન પ્રક્રિયાને છોડી દેવી હોય છે.

* ગણિતના પુસ્તકોનું વાચન કઠિન લાગે છે, તેનાં પણ કારણો છે.
* ગણિતનાં પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીની માનસિક કક્ષા કરતાં વધુ કઠિન હોય છે.
* તેનું શબ્દભંડોળ અને વાક્ય રચના પણ કઠિન હોય છે.
* ગણિતની સંકલ્પનાઓ એટલી બધી અમૂર્ત હોય છે કે તેનું પઠન કરતી વખતે મનમાં તેનું દ્રશ્ય સ્વરૂપ સમજાતું નથી. એક ઉદાહરણ જોઈએ. આપેલી રકમ મનમાં ક્યા દ્રશ્ય સ્વરૂપને સર્જે ?

  નીચે આપેલી રકમનું મૂલ્ય શોધો.

$$\sqrt{6-\sqrt{6-\sqrt{6-\sqrt{6-....\infty}}}}?$$

નીચે ધોરણ 8ના પાઠ્યપુસ્તકના સાતમા પ્રકરણનું પ્રથમ પાન વિષયવસ્તુના ક્ષેત્રમાં વાચન કરવા માટે વિદ્યાર્થી પાસે શી અપેક્ષા રાખે છે તે વિચારીએ તો જ શિક્ષક તેના અધ્યાપનની પદ્ધતિને વધુ અસરકારક બનાવી શકે. વિદ્યાર્થી પાસે આપેલી તમામ સંકલ્પનાઓ સ્પષ્ટ હોય તો જ તે શીખી શકે.

ચાલો યાદ કરીએ :

(1) AB = 4.5 સેમી હોય, તેવો $\overline{AB}$ રચો.

(2) XY = 5 સેમી, YZ = 5 સેમી અને XZ = 5 સેમી હોય, તેવો Δ XYZ રચો.

(3) PQ - 4.5 સેમી, QR - 6.5 સેમી અને PR - 8 સેમી થાય, તેવો Δ PQR રચો.

(4) DE = 4 સેમી, કર્ણ FE = 5 સેમી થાય, તેવો કાટકોણ Δ FDE રચો.

❋ **પ્રવૃત્તિ - 1 :**

કોણમાપકની મદદથી 179° ના માપનો ખૂણો રચો.

❋ **પ્રવૃત્તિ - 2 :**

પરસ્પર વિરુદ્ધ કિરણો દોરો અને તેનો ખૂણો માપો.

કેટલા અંશ માપનો ખૂણો બનશે ?

❋ **પ્રવૃત્તિ - 3 :**

રેખા *l* દોરો અને તેના પર બિંદુ **R** લો.

❋ **R** ને કેન્દ્ર ગણી 3 સેમી ત્રિજ્યાવાળું અર્ધવર્તુળ રચો. તે રેખા *l* ને જ્યાં છેદે, ત્યાં **A** અને **B** નામ આપો.



ગણિતશાસ્ત્ર એ સંખ્યાઓ, માળખાં, અવકાશ અને વધઘટનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે. જ્યારે ગાણિતિક માળખાં વાસ્તવિક ઘટનાનો બહુ સારા નમૂના હોય ત્યારે, તેની સમજ કુદરત વિષે એક આંતરદૃષ્ટિ પૂરી પાડે છે. અમૂર્ત પૃથક્કરણ અને તર્કનો ઉપયોગ કરીને ગણના, ગણતરી, માપણીથી શરૂઆત કરીને નિષ્કરણ અને તર્કશાસ્ત્ર એ ગણિત વિશેની સમજ વિકસાવાના મુખ્ય પડાવો છે. ગણિતશાસ્ત્રના કોયડાઓ ઉકેલવા માટે જરૂરી શોધ વર્ષો, કે ક્યારેક સદીઓની, સતત જહેમત માગ લે છે. શિક્ષક થોડોક પ્રયાસ કરશે તો વિદ્યાર્થીને ગણિત અઘરું નહીં લાગે.

4.2.3 વિજ્ઞાન : વિજ્ઞાનમાં વાચન કરતી વખતે વિદ્યાર્થીઓમાં નીચેનાં કૌશલ્યો ખીલવવાં જોઈએ.

❋ માહિતીને વર્ગીકૃત કરવી.

❋ પ્રયોગમાં તેની ક્રમિકતા સમજવી

❋ તારણો તારવવાં.

❋ પ્રયોગના લેખનની વિવરણાત્મક શૈલી સમજવી.

❋ કાર્ય કારણ સંબંધ નક્કી કરવો.

❋ સરખામણી કરવી અને તફાવત તારવવો.

નીચે ધોરણ 8 ના પાઠ્યપુસ્તકમાંથી એકમ 2માંથી એક પાનની વિગત મૂકી છે. સામાજિક વિજ્ઞાન અને ગણિતની જેમ જ વિદ્યાર્થી વિષયવસ્તુના આ ક્ષેત્રમાં વાચન કરવા માટે ક્યા કૌશલ્યો ખીલવે તે શીખવું શીખવવું પડશે.



સૂર્યમંડળ

વર્ષ 2006 માં International Astronomical Union (IAU) દ્વારા ગ્રહની નવી વ્યાખ્યા આપવામાં આવી. પ્લૂટો આ વ્યાખ્યામાં બંધબેસતો ન હોય તે હવે સૂર્યમંડળના ગ્રહ તરીકે ઓળખવામાં આવતો નથી. પણ તેને વામન ગ્રહ (Dwarf Planet) તરીકે ઓળખવામાં આવે છે.



પરમાણુરચના

ઉપરોક્ત વિષયવસ્તુમાં વિદ્યાર્થી પાસે સૂર્યમંડળ, ગ્રહો અને આણ્વિક રચના જેવી સંકલ્પનાઓ સ્પષ્ટ હોય તો તે તેને સમજી શકે અને પછી બંનેમાંથી તફાવત તારવી શકે.

આ સર્વની સાથે એક રસપ્રદ બાબત એ છે આ બધા વિષયો વિશ્વમાં બધે ભણાવાય છે, ભારતમાં બધા રાજ્યોમાં શીખવાય છે. પણ બિહાર,મધ્યપ્રદેશ, કેરળ કે ગુજરાતનો 8મા ધોરણનો વિદ્યાર્થી આ જ વિષયો શીખે તો શું તે એક જ પધ્ધતિથી શીખતો હશે ? ના, જે તે વિષયના શિક્ષકો વિદ્યાર્થીના સામાજિક સાંસ્કૃતિક પરિવેશને ધ્યાનમાં રાખીને આંતરક્રિયા કરતા હોય છે. કેમ કે, ભાષા એ જીવાતા જીવનનું પ્રતિબિંબ છે. તે સમાજ અને સંસ્કૃતિથી કદી અલગ હોઈ શકે નહીં. આ સંદર્ભમાં આપણે વિષયવસ્તુને તેના સાંસ્કૃતિક સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કરીએ.

4.3 વિષયવસ્તુનો સાંસ્કૃતિક સંદર્ભ :

એક વાત સ્વીકારવી પડે કે ભાષા પણ માણસની જેમ કાળ અને સમયનું જ સંતાન છે, એટલે તે ઈતિહાસથી અલગ નથી. સંસ્કૃતિનો એક પડઘો છે. ભાષા કેટલી ઉંમર લઈને જન્મે છે? ભાષાની કેટલી ઉંમર હોવી જોઈએ? કોઈ નક્કી કરી શકે છે? આપણે જે ભાષા સાથે જીવીએ છીએ, એ ભાષાના શબ્દો, વાક્યરચનાઓ, રૂઢિપ્રયોગો, સંજ્ઞાઓ, સમાસો, ભાષાની લઢણ, ઢાળ, ઉચ્ચારો એ એક રોમાંચક ઐતિહાસિક સદીઓની સફર કરી આપણે જે 'કેમ છો?' 'મજામાં' બોલીએ છીએ એ જ 'કેમ છો?' 'મજામાં' નરસિંહ મહેતા પણ બોલતા હતા અને નર્મદ પણ બોલતા હતા, અને ગાંધીજી પણ બોલતા હતા. આટલી વ્યાપક, આટલી ઐતિહાસિક, આટલી સમર્થ અને એટલી જ પ્રસ્તુત અનુભૂતિ બીજી કઈ હોઈ શકે? આ આપણી ભાષાએ આપણને આપેલો વારસો છે, અબજોની સંપત્તિ છે, આપણો વિશ્વવારસો છે, જીવાતો ઈતિહાસ છે.

ભાષાને એનો આગવો લય, લહેકો, મિજાજ અને મસ્તી છે, પ્રત્યેક પ્રકારના પુષ્પને જેમ આગવી સુગંધ હોય છે, તેમ દરેક ભાષાને પોતિકી સુગંધ હોય છે એમાંથી એની સંસ્કૃતિની મહેંક આવતી હોય છે. પ્રજાના ખમીર, દીમાગ કે અસ્મિતાનો એ ભાષામાંથી રણકો ઉઠતો હોય છે. એમાં એની સંસ્કૃતિ,

લોકમાનસ અને જીવનશૈલીનો પરિચય છૂપાયેલો હોય છે. કોઈ કચ્છી એની ભાષામાં વાત કરે, ત્યારે કેવો જુદો રણકો સંભળાય છે ! સૌરાષ્ટ્રના કોઈ દૂરના નાનકડા ગામમાં વાત કરતી બે વ્યક્તિની વાણીની મીઠાશ કેવી અનુપમ હોય છે.

સામાજિક વિજ્ઞાનમાં 'નદી' વિશે શીખવવાનું હોય ત્યારે ભારતીય સંસ્કૃતિમાં તેને 'લોકમાતા' માનવામાં આવે છે તે સંદર્ભ શિક્ષકે ધ્યાનમાં રાખવો પડે. આપણી સંસ્કૃતિએ પ્રકૃતિના તત્ત્વોને પૂજનીય દરજ્જો આપ્યો છે. એટલે જે તે વિષય શીખવતી વખતે તેને સામાજિક સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં સમજાવવું જોઈએ.

એક સમયે સ્વજનોને લખાયેલા પત્રોમાં લાગણીની મધુર અભિવ્યક્તિ થતી હતી એમાં હૃદયના ભાવોનું નજાકતભર્યું પ્રાગટ્ય હતું. કોઈ સુંદર વર્ણન લખતું, તો કોઈક એમાં પ્રસિદ્ધ કાવ્ય પંક્તિઓ ટાંકીને હૃદયભાવોને રજૂ કરતા હતા. હવે ઈ-મેઈલનો જમાનો આવતાં વર્તમાન ભાષાએ શબ્દબંધારણ કે વ્યાકરણની ફિકર વિના બને તેટલી ટૂંકી ભાષા અને શબ્દોને બદલે આંકડાનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધું છે. દરેક પ્રજા પોતાની પછીની પેઢીને ભાષાની વિરાસત આપે છે. એ ભાષાની પેઢીના અનુભવો, વિચારો અને વૈજ્ઞાનિક તારણો હોય છે. એમાં જીવનના સૂક્ષ્મમાં સૂક્ષ્મ સંવેદનોની મોંઘી મૂડી હોય છે. એક આખી પેઢીનો સાંસ્કૃતિક વારસો હોય છે.

વિદ્યાર્થીએ તો એક સાથે બધા વિષયો શીખવાના છે, અને દરેક વિષયવસ્તુ અલગ ક્ષેત્રની વાત કરે છે, અલગ સંદર્ભની વાત કરે છે. આ બધાંની વચ્ચે વિદ્યાર્થીમાં વાચન કૌશલ્ય વિકસે તો જ તે સર્વગ્રાહી વિકાસની તરફ આગળ ગતિ કરી શકે. સામાજિક વિજ્ઞાન, ગણિત અને વિજ્ઞાનના ક્ષેત્રમાં વિષયવસ્તુનું વાચન કરવા અંગે કેટલીક બાબતો જોઈ. શિક્ષક આ ક્ષેત્રોમાં વાચન વધુ અર્થપૂર્ણ બને તે માટે શું કરી શકે તે અંગે શિક્ષણવિદોએ કેટલાંક સૂચનો કર્યાં છે તે જોઈએ.

4.4 પાઠ્યપુસ્તકના વિષયવસ્તુનું વાચન શીખવવા માટે સૂચનો :

વાચન અમૂર્ત પ્રક્રિયા છે. જેમકે, 'નદી' શબ્દ વાંચતાં હોંઈએ ત્યારે મનમાં 'નદી'નું ચિત્ર ઉપસે, પણ 'નદી' શબ્દનું ચિત્ર મનમાં ન આવે. એટલે વાચન શ્રવણ કરતાં પણ વધુ સૂક્ષ્મ, સંકુલ અને ગહન પ્રક્રિયા બની જાય છે. શિક્ષક અહીં જ વિદ્યાર્થીઓમાં સ્પષ્ટ સમજ કેળવવામાં સહાય કરી શકે. નીચેની બાબતોને ધ્યાનમાં લઈ શકાય.

* પારિભાષિક શબ્દોની માનસિક કે ચિત્રાત્મક સ્મૃતિ મનમાં અંકિત થઇ શકે તેવી રીતે તેને રજૂ કરો, જેથી તેના મનમાં જે-તે ખ્યાલની ઓળખ સ્પષ્ટ થાય
* નૂતન જ્ઞાનને પૂર્વજ્ઞાન સાથે જોડો. (આપણે આ બાબત જાણીએ છીએ પણ વ્યવહારમાં મૂકીએ છીએ ખરાં?)
* વાક્યની સંરચનામાં પ્રયોજાયેલાં પરિચિત અને નવા શબ્દો વચ્ચેના સંબંધને જોડો. એનાથી વાક્યમાંની બાબતોનું વર્ગીકરણ, વિશ્લેષણ કે સમજૂતી મેળવવામાં સહાય થશે.
* શબ્દકોશના ઉપયોગથી તેના અલગ-અલગ અર્થો જણાવવાની કોશિશ કરો. હવે તો જે તે વિષયવસ્તુના ક્ષેત્રની અલગ પરિભાષા રજૂ કરતા શબ્દકોશ ઉપલબ્ધ છે.
* વિધાન, ફકરાની વિગત સંદર્ભગત હોય છે, તે સંદર્ભને સમજાવો.
* જેમ પ્રશ્ન બેંકની રચના કરતાં હોઈએ છીએ તેમ પારિભાષિક શબ્દોની વ્યક્તિગત યાદી બનાવો અને બનાવડાવો. આ સૂચનોમાં શિક્ષક પોતાના બહોળા અનુભવ અને સૂઝનો સુપેરે ઉપયોગ કરીને વિદ્યાર્થીઓની સમજને વધુ પરિપક્વ બનાવી શકે.

4.5 ઉપસંહાર :

એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું કે, એન્જિનિયરીંગની શાખામાં સ્નાતક થયેલા વિદ્યાર્થીઓમાં 80 ટકા લોકોને તેનું વ્યાવહારિક જ્ઞાન હોતું નથી. એટલે ઇલેક્ટ્રોનિક એન્જિનિયર થયેલો વિદ્યાર્થી પણ ઘરમાં ફ્યૂઝ જાય ત્યારે એને તો કોઈ અન્ય ઇલેક્ટ્રિશિયનની જ સેવા લેવી પડે છે. વાંચીને કદાચ હસવું આવે પણ બાબત ખરેખર કરૂણ છે. 'થ્રી ઇડિયટસ્' ફિલ્મમાં આ અંગે ઘણી જ નૂકતેચિની કરવામાં આવી હતી, તે બાબત અહીં યાદ આવી જાય. ઉપરોક્ત પ્રકરણ આપણને સર્વને એક ઉત્તમ વાચક અને વિદ્યાર્થીને એક જિજ્ઞાસુ વાચક બનાવવા તરફ પ્રેરે છે. શિક્ષકે પણ જે તે વિષયના પાઠ્યપુસ્તકનું અધ્યાપન કરતી વખતે ભાષા અને તેના સાંસ્કૃતિક સંદર્ભને ધ્યાનમાં રાખીને શીખવવું પડશે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) શાળામાં પાઠ્યપુસ્તકોની ભાષાનું વાચન એટલે શું ? પાઠ્યપુસ્તકોની ભાષાને ધ્યાનમાં રાખી પાઠ્યપુસ્તકની ભાષાના વાચનનું મહત્ત્વ સમજાવો.

(2) "શાળાના કોઈપણ વિષયના પાઠ્યપુસ્તકની અસરકારકતા જે-તે વિષયના પાઠ્યપુસ્તકની ભાષા પર અવલંબે છે." વિધાનના સમર્થનમાં પાઠ્યપુસ્તકની ભાષાની લાક્ષણિકતાઓ જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકની ભાષાની વિશિષ્ટતાઓ જણાવો.

(2) ગણિતના પાઠ્યપુસ્તકની ભાષાનું વાચન વિદ્યાર્થીઓને કઠિન લાગે છે. ઉદાહરણ સહિત તેનાં કારણો જણાવો.

(3) વિષયવસ્તુના સાંસ્કૃતિક સંદર્ભ સાથે ભાષાની ગૂંથણી થવી જોઈએ. પાઠ્યપુસ્તકોની ભાષાના સંદર્ભમાં પ્રસ્તુત વિધાનની ચર્ચા કરો.

(4) પાઠ્યપુસ્તકના વિષયવસ્તુના વાચન માટે શિક્ષકની ભૂમિકા સમજાવો.

પ્ર.3 નીચેના પ્રશ્નોના એક-કે બે વાક્યમાં ઉત્તર આપો.

(1) વિજ્ઞાનનું વાચન કરતી વખતે વિદ્યાર્થીમાં વાચનની કઈ વિશેષતાઓ ખિલે છે ?

(2) પાઠ્યપુસ્તકના વિષયવસ્તુનું વાચન એટલે શું ?

☆

એકમ - 2
શાળામાં જરૂરી પાયાનાં ભાષા કૌશલ્યો

એકમ - 2.1

ભાષાનાં ચાર મૂળભૂત કૌશલ્યો

પ્રકરણ 1

શ્રવણ

મુદ્દાઓ :

1.1 પ્રસ્તાવના
1.2 અર્થ અને પ્રકારો
1.3 શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ (જરૂરિયાત)
1.4 શ્રવણ કૌશલ્ય વિકસાવવાની પ્રયુક્તિઓ
1.5 ઉપસંહાર
)* સ્વાધ્યાય

1.1 પ્રસ્તાવના :

પરિવર્તનના આ યુગમાં શિક્ષણ પણ પોતાનું કલેવર બદલી રહ્યું છે. શિક્ષકો ટેક્નોલોજીનો ઉપયોગ કરતા થયા છે. કેટલીક શાળાઓ સ્માર્ટ ક્લાસ ધરાવે છે. શિક્ષકનું ભાષા કર્મ પહેલાં કરતાં બદલાયું છે. આપણે આ પુસ્તકની શરૂઆતમાં આ પ્રશ્નપત્રની પ્રસ્તાવના બાંધતાં કહ્યું હતું કે, ભાષા શીખવવાનો ઈજારો માત્ર ભાષા શિક્ષકોનો નથી. કોઈ પણ વિષય શિક્ષક તેના સમર્થ અધ્યાપન થકી વિદ્યાર્થીઓનું ઘડતર કરે જ છે. માટે જે કોઈ પણ વિષય તેઓએ શીખવવાનો છે તે ભાષાના માધ્યમ થકી જ શીખવવાનો છે. માટે શિક્ષકની ભાષા ક્ષમતા ઉત્તમ હોય તો તે વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં વિદ્યાર્થીઓને સરળતા રહે છે, તેઓ એ વિષયમાં રસ લેતાં થાય છે અને સિદ્ધિ પણ હાંસલ કરી શકે છે.

જે ભાષા આત્મસાત્ કરી હોય તેમાં કોઈ વ્યક્તિ ભાષાનો ઉત્તમ ઉપયોગ કરવાનું, બોલવાનું અને અભિવ્યક્ત કરવાનું કૌશલ બતાવે તો તે ભાષા નિપુણતા કહેવાય. ભાષાપ્રવાહિતા અને ભાષાચોકસાઈ બંને આમ તો અરસપરસ સંકળાયેલા છે. અને વ્યક્તિ જો બંનેમાં કુશળતા બતાવે તો તેની નિપુણતાનું સ્તર વધુ ઊંચું

બની જાય છે. માતૃભાષામાં આવી વ્યક્તિઓનું શબ્દભંડોળ 10,000થી 40,000 સુધીનું હોય છે.

સામાન્ય રીતે ભાષા નિપુણતા ચાર પાયાગત કૌશલ્યો, શ્રવણ, કથન, વાચન અને લેખનનું વહન કરે છે, જેમાં શ્રવણ અને વાચન ગ્રહણાત્મક છે જ્યારે કથન અને લેખન અભિવ્યક્તિ કરનારા કૌશલ્યો છે. શિક્ષક પાસે આ ચારેય કૌશલ્યોમાં સરળતા અને સહજતાથી આદાન પ્રદાન કરી શકાય તેવી પર્યાપ્ત માત્રા સુધીની કક્ષા હાંસલ થયેલી હોવી જોઈએ. કારણકે વિષય ગમે તે હોય શિક્ષકે આ ચારેય કૌશલ્યો સાથે કામ પાર પાડવાનું છે. શિક્ષક પાસે એ અપેક્ષિત નથી કે તેને જે તે ભાષાનું વ્યાકરણ આવડવું જોઈએ, પણ તે ભાષા થકી પોતાના વિષયને સરસ રીતે શીખવી શકતો હોવો જોઈએ. વિદ્યાર્થીઓને જે તે વિષય એ શિક્ષક પાસે ભણવાની મજા આવવી જોઈએ. વિદ્યાર્થીઓ શિક્ષકના તાસની આતુરતાપૂર્વક રાહ જોતા હોય, એવું વાતાવરણ શિક્ષક ત્યારે સર્જી શકે જ્યારે શિક્ષકે ભાષા નિપુણતા કેળવી હોય. કેટલાક પ્રાધ્યાપકોની એવી પ્રશંસા સાંભળી છે કે તેઓના વ્યાખ્યાનો અન્ય વિષયના વિદ્યાર્થી પણ સાંભળવા માટે પડાપડી કરતાં, અને કલાકો સુધી વર્ગખંડમાં ઊભા રહેતાં. આંવા શિક્ષકો તેઓની ભાષા પરની પકડને કારણે વધુ સરળતાથી સમજાવી શકે છે, તેને જીવન સાથે જોડી શકે છે.

જ્યારે શિક્ષકની ભાષાનિપુણતાની વાત કરીએ છીએ ત્યારે Bachman and Palmer (1996) તેનાં છ ક્ષેત્રોની ઓળખ કરાવે છે.

(1) પુસ્તકમાં જે તે વિષયના જ્ઞાનની સંરચના કેવી રીતે કરવામાં આવી છે તેની સુગ્રથિત સમજ

(2) જે તે વિષયના સંદર્ભમાં તેનું શબ્દભંડોળ, તેની વાક્ય રચના, તેના ધ્વનિઓ, તેના લેખિત સ્વરૂપનું જ્ઞાન અને તેની પરિપક્વ સમજ

(3) વિષયના જ્ઞાનને વાતચીતના સ્વરૂપમાં ઢાળવાની આવડત

(4) જે તે વિષયની જીવનોપયોગી વ્યવહારુ સમજ

(5) પારિભાષિત જ્ઞાનને વાસ્તવિકતાની એરણ પર વિદ્યાર્થી સમજી શકે તેવી રીતે સમજાવવાની આવડત

(6) વિષયના જ્ઞાનને જીવનમાં ઉપયોગી રીતે કાર્યાન્વિત બનાવવા માટે ભાષાને સર્જનાત્મક, નિયંત્રિત તેમજ કલ્પનાશીલ બનાવવાનું કૌશલ્ય

આ સંદર્ભમાં વિચારીએ તો શિક્ષક માટે ભાષા કૌશલ્ય અધિક મહત્ત્વનું જ ગણાય. એકદમ સરળ ભાષામાં કહીએ તો ભાષા સાંભળવાનું, બોલવાનું, વાંચવાનું અને લખવાનું કાર્ય કરે છે. કાર્યના સ્વરૂપને કારણે શ્રવણ અને વાચન ગ્રહણાત્મક કૌશલ્યો કહેવાય અને કથન અને લેખન અભિવ્યક્તિના કૌશલ્યો કહેવાય છે. શિક્ષકે પોતાના સમર્થ ભાષા કૌશલ્યો દ્વારા વિદ્યાર્થીઓમાં આ ચારેય કૌશલ્યો વિકસાવવાના છે. શ્રવણ અને વાચન દ્વારા વિદ્યાર્થી અર્થગ્રહણ કરે છે અને એ શું શીખ્યો, તે જાણવા માટે કથન અને લેખન કૌશલ્યો થકી તેનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ એકમમાં આપણે શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યો અંગે વિગતે અભ્યાસ કરીશું. આ પ્રકરણમાં શ્રવણનો અર્થ, તેના પ્રકારો, મહત્ત્વ અને તેને વિકસાવવાની પ્રવૃત્તિઓ વિશે સમજીશું.

1.2 શ્રવણ : અર્થ અને પ્રકારો :

કોઇ આપણને એમ પૂછે કે, તમે સાંભળો છો ત્યારે(તમે) શું કરો છો ? આ પ્રશ્નનો જવાબ આપવાનું ધારીએ એટલું સહેલું નથી. તમે પણ આ વાંચતી વખતે વિચારવા લાગી ગયા હશો, અને સ્પષ્ટ જવાબ નહીં મળે. જ્યારે આપણે સાંભળવાનું કામ કરીએ છીએ ત્યારે કાન પર અથડાતાં સંવેદનો મનમાં એ ધ્વનિઓને વિચાર અને અર્થ આપે છે. આમ તે મનોશારીરિક પ્રક્રિયા છે. સાંભળતી વખતે આપણે ખાસું ધ્યાન આપવું પડે છે. ધ્યાન ન હોય ત્યારે સાંભળેલી ઉક્તિઓમાંથી કશુંક ગુમાવી બેસવાનો વારો આવે. સાંભળતી વખતે સંદર્ભ અને વ્યવહારનું પણ ધ્યાન રખાય છે. ટૂંકમાં, સાંભળવું એ કોઈ એવી સહજ પ્રક્રિયા નથી કે ધ્યાન ન આપીએ તો પણ અર્થની ખબર પડી જાય. સાંભળતી વખતે કેવળ શબ્દો અને વાક્ય સમજવાથી કામ ચાલતું નથી. આપણે બોલચાલની સામાન્ય

પરિસ્થિતિમાં તો આ બધું સહજતાથી લઈએ છીએ. અને એટલે જ ક્યારેક ન સમજનાર વ્યક્તિ બીજાના હાસ્યનો ભોગ બને છે એ પણ આપણે જાણીએ છીએ. કોઇ રમૂજી ટૂચકો કહે અને પ્રતિભાવમાં કોઇ હસે નહીં તો વક્તા એમ કહે કે, 'કાલે સમજાય એટલે હસજે.' ટૂંકમાં, શબ્દો, વાક્યરચના, લય, સૂર, સ્વરભાર અને સંદર્ભ એ બધી જ બાબતોનો સતત ખ્યાલ રાખીને આપણે સાંભળીને એમાંથી અપેક્ષિત અર્થ તારવીએ છીએ. ક્યારેક ગરબડ પણ થાય અને ખોટો અર્થ પણ તારવવા જાય એવું પણ બને. આ સંદર્ભમાં હવે આપણે શ્રવણનો અર્થ જોઇએ.

"બોલાતી ભાષાના સાંભળેલા અવાજો ઓળખી અર્થ સમજવાની પ્રક્રિયા એટલે શ્રવણ" બે પાસાં : શરીરવૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક

આ સંકુલ પ્રક્રિયામાં સ્વાભાવિક રીતે જ તેના અર્થ પ્રમાણે નીચેની પ્રક્રિયાઓ આકાર લે છે.

* ધ્યાનપૂર્વક સાંભળવું,
* વક્તવ્યને તત્કાળ સાંભળી અર્થગ્રહણ કરવું,
* શુધ્ધ ઉચ્ચારોને ગ્રહણ કરીને સાંભળવું,
* ધીરજપુર્વક અને રસપૂર્વક સાંભળવું,
* હાવભાવ અને ચેષ્ટાઓને સમજીને સાંભળવું,
* વક્તાના વિચારોને વિવિધ સંદર્ભોમાં સમજીને સાંભળવું

આમ, સાંભળવું (Hearing) અને ધ્યાનપૂર્વક સાંભળવું (Listening) એ બંનેમાં તફાવત છે. અંગ્રેજીમાં આ બે શબ્દો ઉપયોગમાં લેવાય છે. Hearing અનૌપચારિક અને સાહજિક છે, જ્યારે Listeningમાં શ્રોતા વક્તા કેવી રીતે બોલે છે, શું બોલે છે, ક્યા સંદર્ભમાં બોલે છે, તેમજ તેઓના અશાબ્દિક પ્રત્યાયનને પણ સમજવાનો પ્રયાસ કરે છે. તે ખૂબ ધ્યાનપૂર્વક સાંભળે છે. આના પરથી એટલું સમજાય છે કે, વિદ્યાર્થી માટે શ્રવણ કેટલું બધું ઉપયોગી છે. આમ પણ દિવસ દરમ્યાન આપણી મોટાભાગની પ્રત્યાયન પ્રક્રિયામાં શ્રવણ અને કથન જ સૌથી મોટો ભાગ ભજવે છે.

આપણને એમ થાય કે દિવસ દરમ્યાન આટલું બધું સાંભળીએ છીએ, છતાં ઘણીવખત એવું પણ બને કે જ્યારે સાંભળ્યું હોય ત્યારે એ બાબત ન સમજાઇ હોય અને રસ્તામાં કે બે દિવસ પછી એ વાતનો શું અર્થ નીકળતો હતો એ સમજાય અને ક્યારેક તો આખી જિંદગી નીકળી જાય તો ય સમજાય. વળી એવું પણ બને કે કોઇ કોઇ વ્યક્તિની વાતો અવારનવાર સાંભળવી ગમે કે કોઇ ગીતો પણ વારંવાર સાંભળવાનાં ગમે, અને ક્યારેક કોઇ બોલે તો એમ થાય કે હવે આ વ્યક્તિ ચૂપ થઇ જાય તો સારું. એનો અર્થ એ થયો કે શ્રવણ કરતી વખતે આપણે પસંદગી પણ કરીએ છીએ, ક્યારેક ખૂબ ધ્યાન આપીએ છીએ. ક્યારેક માત્ર અવાજો સાંભળીએ છીએ, જેનો કોઇ અર્થ પણ નથી હોતો. આ સંદર્ભમાં આપણે હવે શ્રવણના પ્રકારોને સમજવાનો પ્રયાસ કરીશું.

❐ **શ્રવણના પ્રકારો :**

શ્રવણના બે પ્રાથમિક પ્રકારો નીચે મુજબ છે.

❋ **ભેદપરખ શ્રવણ (Discriminative Listening) :** આ શ્રવણ ખૂબ શરૂઆતના તબક્કામાં વિકસે છે, કદાચ માતાના ગર્ભમાં જ વિકસે છે. આ શ્રવણનો એકદમ પ્રાથમિક તબક્કો છે, જેમાં સમજનો સમાવેશ થતો નથી. જુદા અવાજોનું શ્રવણ થાય છે અને તેની વચ્ચેનો ભેદ ધ્યાનમાં આવે છે.મમ્મીનો અવાજ પપ્પાના અવાજ કરતાં જુદો છે. સ્કૂટર કે મોટરનો અવાજ, પંખાનો અવાજ, વીજળીનો ગડગડાટ, વાસણોનો અવાજ વગેરે.. નાના બાળકને પણ વાહનના અવાજ પરથી ખબર પડી જાય છે કે કોણ ઘરે આવ્યું.

આ પ્રકારનું શ્રવણ પુખ્તાવસ્થા સુધી વિકસે છે. અને જેમ અનુભવો મળતાં રહે છે તેમ વિવિધ પ્રકારના અવાજો વચ્ચેનો તફાવત પારખી શકાય છે.

આગળ જતાં આ કૌશલ્ય બહુ સૂક્ષ્મ પ્રકારના ભેદોને પણ ઓળખી શકે છે એટલું જ નહીં તેનો અર્થ પણ સમજી શકે છે. પ્રત્યુત્તરમાં કોઇ નિઃશ્વાસ નાંખે એ પણ એક પ્રકારનો અવાજ જ

છે, પણ તેનું અર્થઘટન કરતાં આવડી જાય છે. સંગીતકલાની વાત કરીએ તો માત્ર જુદાં વાજિંત્રોના અવાજો વચ્ચેનો તફાવત જ નહીં પણ કયા વાજિંત્રમાં ક્યા સૂરો વાગ્યા તેનો પણ બોધ થાય છે, માટે જ તેને શ્રુતિની કલા કહેવાય છે. તબલામાં ક્યા બોલ વાગ્યા તે શીખતાં વર્ષો નીકળી જાય છે. એક અન્ય ઉદાહરણથી સમજીએ તો ક્યારેક આપણે એરપોર્ટ કે રેલવે સ્ટેશન પર અન્ય ભાષા બોલતી વ્યક્તિને સાંભળીએ તો સમજાય કે તે માત્ર અવાજો છે, આપણે તેને સમજી શકતા નથી. બે વ્યક્તિઓ બે અલગ ભાષા બોલે છે, તેવો ખ્યાલ આવે પણ તેનો અર્થ ન સમજાય.

❋ **અર્થગ્રહણાત્મક શ્રવણ : (Comprehensive Listening)** : આ પ્રકારનું શ્રવણ સંદેશો શેનું પ્રત્યાયન કરવા માંગે છે તેનું અર્થગ્રહણ કરવાનો સમાવેશ કરે છે. આ પ્રકારનું શ્રવણ એક પ્રકારની સક્રિયતા માંગી લે છે. અર્થગ્રહણાત્મક કૌશલ્ય પર્યાપ્ત શબ્દભંડોળ તેમ જ ભાષાકીય કૌશલ્યની જાગરૂકતા માંગી લે છે. તે ઉપરાંત કોઈ શાસ્ત્ર જેમ કે ઇતિહાસ, ભૂગોળ, અર્થશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન જેવા વિષયો શીખતી વખતે તેની પરિભાષા પણ આવડવી જરૂરી છે તો જ શિક્ષક જે કથન કરે છે તેને સમજી શકાય. કેટલીક વખત એવું લાગે છે કે વિદ્યાર્થીઓ આપણને સાંભળે છે, તેઓ માથું હલાવીને સાંભળ્યાનો પ્રતિભાવ પણ આપે છે, પણ વાસ્તવમાં તેઓનું ધ્યાન ક્યાંક બીજે હોય છે, અથવા તેની જે-તે વિષયને સમજી શકવાની ક્ષમતા નબળી છે. શિક્ષક અને વિદ્યાર્થીઓ વચ્ચે વર્ગખંડમાં તો રોજે રોજ આ ઘટના બને છે.

આ પ્રકારનું શ્રવણ અશાબ્દિક પ્રત્યાયન, અવાજનો ટોન, અને શરીરની ભાષાનું પણ અર્થગ્રહણ કરે છે. કેવી રીતે વ્યક્તિ ઊભી છે, દબાયેલા અવાજે બોલે છે, આત્મવિશ્વાસથી બોલે છે, વગેરે સંકેતોનું પણ અર્થગ્રહણ થાય છે.

❐ **શ્રવણના અન્ય પ્રકારો** : ભેદપરખ અને અર્થગ્રહણાત્મક શ્રવણના આ બે પ્રકારો શ્રવણની પૂર્વશરત સ્વરૂપે છે. અન્ય પ્રકારો વ્યક્તિના શ્રવણ ક્યા ધ્યેય કે હેતુ માટે કરે છે તેના આધારે પડે છે. આવા હેતુઓને આધારે શ્રવણના અન્ય ચાર પ્રકારો પડે છે.

(1) **માહિતીલક્ષી શ્રવણ (Informational Listening)** : જ્યારે કોઈ અભ્યાસ માટે અથવા માહિતી પ્રાપ્ત કરવા માટે શ્રવણ કરે તો તેને માહિતીલક્ષી શ્રવણ કહેવામાં આવે છે. સમાચાર સાંભળવા, કોઇ દસ્તાવેજી ફિલ્મ જોવી/સાંભળવી, કોઇ ખાદ્ય વાનગી બનાવવાની રીત, કોઇ સેલફોન કે કમ્પ્યૂટર શીખવા માટેની માહિતી સાંભળવી વગેરે માહિતીલક્ષી શ્રવણનાં ઉદાહરણો કહી શકાય. આમ તો બધા જ પ્રકારનાં શ્રવણ સક્રિય પ્રક્રિયા ધરાવે છે, તે ધ્યાન અને સભાન પ્રયત્નો માંગી લે છે. પણ આ પ્રકારના શ્રવણમાં આપણે માત્ર માહિતી એકત્ર કરીએ છીએ, તેનું વિવેચન કે મૂલ્યાંકન નથી કરતા. સામાન્ય રીતે આ પ્રકારનું શ્રવણ મીટિંગમાં, કે કોઇ ઔપચારિક વ્યવસ્થામાં આકાર લે છે.

(2) **સમીક્ષાત્મક શ્રવણ (Critical Listening)** : જે પણ કહેવાઇ રહ્યું છે, તેનું મૂલ્યાંકન કે વિવેચન કરવાનું હોય ત્યારે આ પ્રકારનું શ્રવણ આકાર લઈ લે છે. માહિતીલક્ષી શ્રવણ કરતાં આ પ્રકારનું શ્રવણ વધુ સક્રિય છે. જે કંઈ પણ માહિતી રજૂ થાય છે, તેના પર ચિંતન કરીને તે માહિતી પર પ્રશ્નો, પ્રતિપ્રશ્નો કે અભિપ્રાય આપવાના પ્રયાસો થાય છે. આ પ્રતિભાવ આપવાની અને મૂલ્યાંકન કે નિર્ણય આપવાની પ્રક્રિયા છે. વિવેચનાત્મક વાચનમાં જે પ્રક્રિયા થાય છે તે જ પ્રક્રિયા અહીં પણ થાય છે. અહીં વક્તા સાચા કે ખોટા છે, તેવો નિર્ણય કરવાની વાત નથી, પણ વક્તા શું કહેવા માંગે છે, તેમના કથનનો સાર શું છે, તેઓ ક્યા સંદર્ભમાં આ વાત કરી રહ્યા છે, તે બાબત મારી માન્યતાઓ, અભિપ્રાયો

અને જ્ઞાન કરતાં કઈ રીતે જુદી પડે છે, વગેરે સંદર્ભમાં વિચારીને શ્રવણ કરાય છે. વર્ગખંડમાં કોઈ વિષય પર ચર્ચાસ્પદ મુદ્દો જેમ કે, 'પરીક્ષા પદ્ધતિના ફાયદા અને ગેરફાયદા', 'ટી. વી.શાપ કે વરદાન', ભારતની સમસ્યાઓ, શહેરીકરણ, પર્યાવરણ જાગૃતિ વગેરે...એક બાબત એ પણ મહત્ત્વની છે કે આ પ્રકારનું શ્રવણ મુક્ત મન રાખીને થવું જોઈએ. જો કોઈ પહેલેથી પૂર્વગ્રહયુક્ત વલણ સાથે સાંભળે તો શ્રવણ એકપક્ષી બની જશે, કેમ કે પહેલેથી જ ચોક્કસ ધારણાઓ બાંધી દીધી હતી. ટી.વી. પર કોઈ મુદ્દા વિશે પત્રકાર પાંચ કે છ વ્યક્તિઓની મુલાકાત લેતા હોય છે, તેમાં જુદા રાજકીય પક્ષોના પ્રવક્તા જે રજૂઆત કરે એમાં આ બાબત તરત જણાઈ આવે છે. તેઓ કોઈ ચોક્કસ ધારણાને આધારે પોતાનો મત રજૂ કરતા હોય છે અને સામી વ્યક્તિને સાંભળતા જ નથી હોતા, કેટલીક વખત તો એકબીજા પર આક્ષેપબાજી જ થયા કરતી હોય છે. એ સમગ્ર ચર્ચાનો હેતુ તો વિશ્લેષણ કરવાનો જ હોય છે, પણ એ હેતુ પાર પડતો નથી.

(3) **ઉપચારાત્મક અથવા પરાનુભૂતિયુક્ત શ્રવણ (Therapeutic or Empathetic Listening) :** વક્તાના વિચારો અને લાગણીઓ સાથે એકરૂપ થઈએ સાંભળવું. સહાનુભૂતિ અને પરાનુભૂતિ વચ્ચે તફાવત છે. સહાનુભૂતિ બીજાના લાગણી અને દર્દ પ્રત્યે સંવેદના પ્રગટ કરવી એ છે, જ્યારે પરાનુભૂતિમાં વ્યક્તિ એ વિચારે છે કે એની જગ્યાએ હું હોઉં તો શું થાય ? બીજી વ્યક્તિના દુઃખ, દર્દ, સ્મસ્યાઓને તે વ્યક્તિ સાથે એક થઈને સાંભળવું એ પરાનુભૂતિયુકત શ્રવણ છે. આમ તો આ પ્રકારનું શ્રવણ સ્વજનો કે અંગત મિત્રો જ્યારે પોતાના પ્રશ્નો કે સમસ્યાઓ એક બીજા સાથે વહેંચે ત્યારે આ પ્રકારનું શ્રવણ સ્થપાઇ જાય છે. ત્યારે જે રીતે સાંભળવા આવે છે અને જે રીતે પ્રતિચાર આપવામાં આવે છે તે અલગ જ હોય છે.

વિશેષ કરીને સલાહકારો, ચિકિત્સકો કે અન્ય વ્યવસાયીઓ આ પ્રકારનું શ્રવણ કરવાની કુશળતા ધરાવતા હોય છે. વિશેષ કરીને સલાહકારો, ચિકિત્સકો કે અન્ય વ્યવસાયીઓ આ પ્રકારનું શ્રવણ કરવાની કુશળતા ધરાવતા હોય છે. પ્રતિક્રિયા કે સ્પષ્ટીકરણ એટલા માટે કરવાના કે કોઈ ગેરસમજ ન સર્જાય.

મિત્રો, સ્વજનો અને સ્ટાફ મિત્રો સાથે આ પ્રકારનું શ્રવણ રોજેરોજ બનતી ઘટનાઓ છે. આંતરવૈયક્તિક સંબંધોમાં કેટલીક વ્યક્તિઓ એવી હોય છે જ્યાં પોતાની વાત વિના સંકોચે કહી શકાય. અને દરેક વ્યક્તિ આવી વ્યક્તિને શોધી લે છે, કે કોણ એની વાતને શાંતિથી સાંભળશે અને એને સમજશે. આપણે સહુ આ પ્રકારના શ્રવણનું કૌશલ્ય ધરાવીએ છીએ, કોના માટે ધરાવીએ છીએ, એ અલગ બાબત છે.

(4) **પસંદગીયુક્ત શ્રવણ (Selective Listening) :** સવારે ઊઠીને કોઈને પોતાના પ્રિય ભજન સાંભળવા ગમે, કે કોઈને પોતાના મનપસંદ ગીતો, કે રેડિયો પર પ્રસ્તુત થતા કાર્યક્રમો સાંભળવા ગમતા હોય ત્યારે તે શ્રવણ પસંદગીયુક્ત શ્રવણ બની જાય છે. એ કામ કરતાં સમય પસાર કરવાના હેતુથી કે મનોરંજનના હેતુસર કે હળવા થવા માટે શ્રવણ થતું હોય છે. સાંપ્રત સમયમાં આધ્યાત્મિક ઑડિયો અને વીડિયો કેસેટનો ઉપયોગ પણ બહુ જ પ્રચલિત બન્યો છે. વ્યક્તિત્ત્વ વિકાસની શ્રેણી અંતર્ગત વક્તૃત્ત્વ કલાનો વિકાસ, સમય વ્યવસ્થાપન, વ્યક્તિત્વ વિકાસ, માર્કેટિંગ વગેરે વિષય પર પણ લોકો શ્રવણ કરતા હોય છે. અહીં લોકો પોતાના પ્રિય ગુરુ કે આદર્શ વ્યક્તિ પર પસંદગી ઉતારીને તેઓનું શ્રવણ કરતા હોય છે. હવે તો સાહિત્યકારો પણ પોતાના અવાજમાં પોતાની કૃતિઓનું પઠન ઑડિયો કે વીડિયો સ્વરૂપમાં ઇન્ટરનેટ પર મૂકતા હોય છે અને વ્યાવસાયિક ધોરણે પણ આ કેસેટ્સ્ ઉપલબ્ધ હોય છે. જેમ મનગમતાં પુસ્તકોનું વાચન થાય છે તેમ પસંદગીનાં પ્રવચનો, ગીતો વગેરેનું પણ શ્રવણ થતું હોય છે.

શ્રવણના આ સર્વ પ્રકારો વચ્ચે કોઇ ચુસ્ત ભેદરેખા નથી. બધાં પ્રકારનાં શ્રવણ એકબીજા સાથે સંકળાયેલાં છે. માત્ર સમજના હેતુસર આ પ્રકારોને ધ્યાનમાં લેવા જોઈએ.

શ્રવણના પ્રકારો જોયા પછી તેનું મહત્ત્વ શું હશે તે સ્વાભાવિક રીતે જ સમજાઇ જાય તેવું છે, નીચેના મુદાઓ પરથી તેને સ્પષ્ટ કરવાનો પ્રયાસ કરીએ.

1.3 શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ (જરૂરિયાત) :

કોઇ વ્યક્તિને અકસ્માતે બહેરાશ આવી ગઇ હોય અથવા ઘરમાં કોઈ વડીલની શ્રવણેન્દ્રીય મંદ થઈ ગઈ હોય તેને એ અહેસાસ અવશ્ય થાય કે તેઓ શું ગુમાવી ચૂક્યા છે. આપણે સારી રીતે સાંભળી શકીએ છીએ એટલે આપણને તેનું મહત્ત્વ સમજાતું નથી. પણ અભ્યાસો જણાવે છે કે, આપણું મોટાભાગનું જ્ઞાન શ્રવણ દ્વારા જ અર્જિત થયેલું છે. મુદ્રણકળાનો વિકાસ નહોતો થયો ત્યારે તો શિક્ષણ પણ શ્રુતિ આધારિત જ હતું. વિદ્યાર્થીઓ મુખપઠન કરતા. ભગવાન મહાવીરે તો પોતાના અનુયાયીઓ માટે જે શબ્દ આપ્યો તે પણ 'શ્રાવક' એટલે કે જે સાંભળે છે તે, આપ્યો હતો. નીચેનાં વિધાનો પર એક દૃષ્ટિપાત કરીએ.

* "આપણે જેટલું જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ એની 16% સંકલ્પના શ્રવણ પર આધારિત છે." - પ્રો. જે. જે. વેલર
* "ભારતની માધ્યમિક શાળાઓમાં નિયત કરેલ તાસના 70% કરતાં ય વધુ સમયમાં વિદ્યાર્થી શ્રવણ દ્વારા જ જ્ઞાન મેળવતો હોય છે." - એક શૈક્ષણિક અભ્યાસ
* અમેરિકામાં માણસ વાચન કરતાં ત્રણ ગણો સમય શ્રવણમાં ગાળે છે. — પોલ ટી. રેઢીન

આ પરથી સમજી શકાય છે કે, શ્રવણ એ શિક્ષણનું આરંભબિંદુ છે, તે માટે સતેજ બનીને ધ્યાનપૂર્વક શ્રવણ તરફ ગતિ કરવી જોઇએ. **નીચેના મુદ્દાઓ મહત્ત્વને વધુ સ્પષ્ટ કરશે.**

* **ભાષા શિક્ષણનું પ્રસ્થાનબિંદુ :** બાળક પ્રથમ શ્રવણથી જ ભાષા શીખે છે. જન્મથી બાળક પ્રથમ જે અનુભવો પ્રાપ્ત કરે છે તેમાં સાંભળવાનો છે. પછી તેમાં ભેદ કરતાં શીખે છે અને પછી અર્થગ્રહણ કરતાં શીખે છે અને એટલે જે બાળક સાંભળી શકતું નથી, તે આજીવન બોલી પણ શકતું નથી. શ્રવણ આ દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનું કૌશલ્ય છે.
* **જ્ઞાન સંચયનું પ્રમુખ માધ્યમ :** શાળામાં શિક્ષકો અને મિત્રોના માધ્યમ દ્વારા મહત્તમ જ્ઞાનપ્રાપ્તિના સંજોગો પણ શ્રવણ દ્વારા જ પ્રાપ્ત થાય છે. આગળ નોંધ્યું તેમ શાળા/મહાશાળાઓમાં સૌથી વધુ જ્ઞાન શ્રવણ દ્વારા જ અર્જિત કરાય છે.
* **રોજિંદા જીવન વ્યવહારને ગતિશીલ રાખવામાં ઉપયોગી :** દૈનિક જીવનના વ્યવહારો કથન અને શ્રવણ દ્વારા જ થતા હોય છે. આપણે મોટાભાગનો સમય કોઇને કોઇ વ્યક્તિ કે વ્યક્તિઓ સાથે સંકળાયેલા હોઇએ છીએ તે દરમ્યાન મૌખિક પ્રત્યાયન જ થતું હોય છે. આ પ્રત્યાયનમાં વ્યક્તિ શ્રવણ કરવામાં જેટલો સજાગ એટલા સંઘર્ષો ઓછા થાય અને સમાયોજન વધુ રહે.
* **અન્યની વાતનો સ્વીકાર :** લોકશાહી જીવનશૈલીમાં બીજી વ્યક્તિને પોતાનો મત રાખવાનો અધિકાર છે. અહીં બાબત સાચા અને ખોટાની નથી. બીજી વ્યક્તિનો મત વિરુદ્ધ દિશામાં હોય તો પણ તેને ધીરજપૂર્વક સાંભળવાનું કૌશલ્ય ખિલવવાનું છે. આ ખૂબ અઘરી બાબત છે. ઝઘડો કે અણબનાવના પ્રસંગોમાં કોઇની વાતને શાંતિ અને ધીરજથી સાંભળવી ખૂબ કઠિન બની જાય છે. પણ કોઇ એક વ્યક્તિ પણ શાંતિથી સાંભળવાની પહેલ કરે તો વિધાયક પરિણામ લાવવાની શક્યતા વધી જાય છે.
* **નવા વિચારોની પ્રાપ્તિ માટે :** રેડિયો, ટી.વી. અને ઇન્ટરનેટના આધુનિક માધ્યમો હવે જ્ઞાન સંચિત કરવાના અસરકારક માધ્યમો સાબિત થયા છે. નવું શીખવા માટે, જીવન વ્યવહારોને વધુ સુગમ

બનાવવા માટે તેમ જ સમયનો સદુપયોગ કરવા માટે અને શક્તિનો વ્યય અટકાવવા માટે આ માધ્યમો દ્વારા શ્રવણ અસરકારક રીતે કેળવી શકાય છે અને તેનો મહત્તમ લાભ પણ લઈ શકાય છે.

આ સંદર્ભને આગળ જોડતાં શ્રવણ કૌશલ્ય ખિલવવાની કેવી પ્રવૃત્તિઓ અજમાવી શકાય તે જોઈએ.

1.4 કૌશલ્ય વિકસાવવાની પ્રવૃત્તિઓ :

ભાષા શિક્ષણ અંતર્ગત શ્રવણ, કથન, વાચન અને લેખન કૌશલ્યના વિશેષ તાસોનું આયોજન થવું જોઈએ. પણ કમનસીબે આવું કોઈ આયોજન શાળા કક્ષાએ થતું હોય તેવું મોટેભાગે જોવા મળતું નથી. ઘણા વર્ષો પૂર્વે એસ. પી યુનિવર્સિટીમાં શ્રવણ, કથન, વાચન લેખન કૌશલ્ય સુધારવા માટેના સુધાર કાર્યક્રમો પર પીએચ.ડી. કક્ષાનાં સંશોધનો હાથ ધરાયાં હતાં અને તેના ખૂબ અસરકારક અને વિધાયક પરિણામો પ્રાપ્ત થયાં હતાં. શાળામાં કોઈ પણ વિષયશિક્ષક પોતાના વિષયને અનુરૂપ શ્રવણના વિકાસ માટે નીચેની પ્રવૃત્તિઓનો સુપેરે વિનિયોગ કરી શકે છે.

- **અવાજ – ભેદપરખ – પ્રત્યક્ષીકરણ રમત :** જુદા અવાજો ઓળખવા. આ ખૂબ પ્રાથમિક કક્ષાની પ્રવૃત્તિ છે. વચ્ચે પડદો રાખીને વિવિધ વસ્તુઓના અવાજો કરીને વિદ્યાર્થીઓને તે ઓળખવાનું કહેવામાં આવે છે. લાકડું, એલ્યુમિનિયમ, તાંબું, સ્ટીલ વગેરેના અવાજોમાં તફાવત પડે છે. હવે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પણ આ રમત રમાડી શકાય. જુદા જુદા વાજિંત્રો જેમ કે વાંસળી, સિતાર, શહેનાઈ, જલતરંગ, વીણા વગેરેના સૂરો સંભળાવી, કયું વાજિંત્ર વાગે છે, તે જણાવવાનું કહી શકાય.
- **શ્રાવ્ય સ્મૃતિ ફલક વિસ્તાર રમત : ક્રમિક શબ્દો-અંકો યાદ રાખવા :** આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓ સમક્ષ વય કક્ષા અનુસાર શબ્દો અને સંખ્યાની યાદી નિશ્ચિત સમય અવધિ માટે સંભળાવવાની. અને ત્યારબાદ તેઓ કેટલી સંખ્યા અને શબ્દો યાદ રાખી શક્યા

છે, તે ચકાસવાનું હોય છે. કેટલાક લોકો ફોન નંબર ઝડપથી યાદ રાખી શકતા હોય છે. પણ હવે સેલફોને આ જવાબદારી ઉપાડી લીધી છે, એટલે યાદ રાખવાની ટેવ છૂટતી જાય છે. આપણે હવે ઘણીબધી બાબતો માટે અવલંબિત બનતા જઈએ છીએ. હવે તો શાકભાજી વેચનાર પણ કેલ્કયુલેટરથી હિસાબ ગણે છે.

- **શ્રવણ એકાગ્રતા અંગે રમત : સૂચવેલી ક્રિયાઓ ક્રમમાં કરવી.** ચાર કે પાંચ સોપાનો હોય તેવી કોઈ પ્રવૃત્તિ જણાવી પછી તે ક્રમમાં તે પ્રમાણે કરી શકે છે કે નહીં તે ચકાસી શકાય. વર્તુળની અંદર ચોરસ દોરો, તેમાં એક ત્રિકોણ બનાવો, ત્રિકોણની અંદર બીજું એક વર્તુળ બનાવો, અને આ સમગ્ર આકૃતિને લંબચોરસમાં દર્શાવો. આ પ્રવૃત્તિને ક્રમસર કરવાની છે.
- **શ્રવણ – અને પુનઃસ્મરણ રમત : વિગતોનું શ્રવણ કરી તેનું પુનઃસ્મરણ કરે.** કોઈ ઐતિહાસિક ઘટનાઓને ક્રમમાં યાદ રાખીને તેને ફરીથી રજૂ કરી બતાવે. કોઈ ઘટનાપ્રધાન વાર્તા પણ રજૂ કરી શકાય.
- **શ્રવણ અર્થગ્રહણ રમત : કહેલી વિગતોનું અર્થગ્રહણ કરે.** જેમ ગદ્ય – પદ્ય સમીક્ષા હોય છે તેમ કોઈ વિષય પર માહિતી રજૂ કરી તેને આધારે પ્રશ્નો પૂછી તેઓના શ્રવણની ચકાસણી કરી શકાય.
- **રમતોનું આયોજન :** શ્રવણની વિવિધ રમતો પણ રમાડી શકાય. સ્મૃતિની રમતમાં પાંચ કે સાત વિદ્યાર્થીઓને દેશ, શહેર કે વૈજ્ઞાનિકો કે સાહિત્યકારોના એક પછી એક નામ બોલવાનું કહેવામાં આવે. બીજા, ત્રીજા અને અંતિમ ક્રમાંકના વિદ્યાર્થીએ પ્રથમ વિદ્યાર્થીથી શરૂ કરીને બધાં નામ ક્રમશઃ બોલવાનાં હોય છે. જ્યાં સુધી બધા વિદ્યાર્થી આઉટ ન થાય ત્યાં સુધી રાઉન્ડ રમાડવાના હોય છે. શ્રવણ અને સ્મૃતિ બંનેનો અદ્‌ભુત વિકાસ કરી શકાય છે.

* **શ્રવણનો મહાવરો આપવો :** હવે ટેક્નોલોજી બહુ સુલભ બની છે, ટેપરેકોર્ડર, ટીવી કે મલ્ટિમિડિયાના ઉપયોગ થકી શ્રવણનો મહાવરો આપવો જોઈએ. વિદ્યાર્થીઓ જોઈને ઘણું બધું શીખી શકે છે.

* **સમાચારોનું શ્રવણ કરાવવું :** પ્રાર્થના સભામાં સમાચારોનું વાચન કરાવવાથી પણ શ્રવણનો વિકાસ કરી શકાય અને સાથે મુખપઠન પણ વિકસે.

* **વિવિધ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ :** વક્તૃત્વ, શીઘ્ર વક્તૃત્વ, કાવ્ય પઠન, નાટક વગેરે જેવી સહાભ્યાસ પવૃત્તિઓ ખૂબ અસરકારક નીવડે છે.

* **કવિસંમેલન, મુશાયરાનું આયોજન :** કવિઓ, ગઝલકારોને સાંભળવા એ લહાવો હોય છે. સૂર, તાલ, લય, શુદ્ધોચ્ચાર, યોગ્ય આરોહ-અવરોહ વગેરેનું શ્રવણ કરવાની તાલીમ મળે છે.

* **પ્રાર્થના સભાનું આયોજન :** સમૂહ પ્રાર્થનાગાન, પ્રતિજ્ઞાપત્ર, વક્તવ્ય, ક્વિઝ, સમાચાર વાચન જેવી પ્રવૃત્તિઓથી શ્રવણનો મહાવરો કરાવી શકાય છે.

* **સ્વાનુભવો રજૂ કરવાની તક :** પ્રવાસ વર્ણન, કોઈ મહાન વ્યક્તિની મુલાકાતો, કોઈ વ્યાવસાયિક સ્થળની મુલાકાત વગેરે અંગે વિદ્યાર્થીઓના સ્વાનુભવો રજૂ કરવાની તક આપવાથી વિદ્યાર્થીઓમાં સહાધ્યાયીઓને શાંતિ અને ધીરજથી સાંભળવાનું કૌશલ્ય વિકસે છે.

* **નિષ્ણાત વક્તાઓના પ્રવચનોનું આયોજન :** નિષ્ણાત વક્તાઓ, જે-તે ક્ષેત્રની નામાંકિત વ્યક્તિઓને શાળામાં પ્રવચન માટે આમંત્રિત કરવી જોઈએ. આવા વક્તાઓને સાંભળવાથી અર્થગ્રહણાત્મક કૌશલ્યનો સારો વિકાસ કરી શકાય છે.

આમ તો આ બધી બાબતો શિક્ષકની સૂઝ પર અવલંબે છે. તેઓ પોતાની રીતે વિદ્યાર્થીઓની વય કક્ષાને અનુરૂપ અવનવી પ્રવૃત્તિઓ વિકસાવી શકે અને અજમાવી શકે.

1.5 ઉપસંહાર :

ભાષામાં કેટલીક કહેવતો જીવાતા જીવનનો નિચોડ જણાવતી હોય છે. નીચેની કહેવતો શ્રવણ કૌશલ્યમાં લોકો કેવી મર્યાદાઓ દર્શાવે છે, તેનું અદ્‌ભુત વર્ણન કરે છે.

* આંધળે બહેરું કુટાવું - એકના બદલે બીજું સમજવું
* ભેંશ આગળ ભાગવત - બોલવાનો મિથ્યા પ્રયત્ન કરવો
* આંધળા આગળ રોઈએ એટલે પોતાની જ આંખો ખોઈએ- કદર ન કરી શકનાર માણસ આગળ પોતાની હકીકત જણાવવાથી લાભને બદલે ઊલટું નુકસાન થાય

શ્રવણ આપણા સહુના જીવનનો અવિભાજ્ય હિસ્સો છે, પણ આપણે જોઈએ તેવા સભાન નથી જ, કદાચ વ્યક્તિ તરીકે, એક શિક્ષક તરીકે કે એક વિદ્યાર્થી તરીકે શ્રવણના મહત્ત્વને અને તેની ગંભીરતાને આપણે સમજતા નથી. જો શિક્ષક વક્તા તરીકે અસરકારક નીવડે અને વિદ્યાર્થીઓ શ્રોતા તરીકે જાગ્રત નીવડે તો વર્ગને સ્વર્ગ બનતાં કોણ રોકી શકે ?

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) શ્રવણ એટલે શું ? શ્રવણનો અર્થ સમજાવી શ્રવણ કૌશલ્યનું મહત્ત્વ સમજાવો.

(2) શ્રવણ કૌશલ્યના વિવિધ પ્રકારો જણાવી ભેદપરખ શ્રવણ અને અર્થગ્રહણાત્મક શ્રવણની સવિસ્તર ચર્ચા કરો.

(3) શ્રવણ કૌશલ્ય વિકસાવવાની વિવિધ પ્રવૃત્તિઓ જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) નીચેનામાંથી ગમે તે બે પર ટૂંકનોંધ લખો.

(1) માહિતીલક્ષી શ્રવણ

(2) સમીક્ષાત્મક શ્રવણ

(3) ઉપચારાત્મક શ્રવણ

(2) "શ્રુતલેખન એ શ્રવણકૌશલ્ય કેળવવાનો અસરકારક ઉપાય છે." પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં શ્રુતલેખન એટલે શું, તે સમજાવી તેનું મહત્ત્વ સમજાવો.

(3) પસંદગીયુક્ત શ્રવણ એટલે શું ? તે શા માટે જરૂરી છે ?

પ્ર.3 નીચેના પ્રશ્નોના અતિ સંક્ષિપ્તમાં ઉત્તર આપો.

(1) શ્રવણ કૌશલ્ય એટલે શું ? તેની વ્યાખ્યા આપો.

(2) વિદ્યાર્થીઓના શ્રવણ કૌશલ્યના વિકાસ માટે પ્રાર્થનાસભાનું મહત્ત્વ સમજાવો.

પ્રકરણ 2

કથન

મુદ્દાઓ :

2.1	પ્રસ્તાવના
2.2	અર્થ
2.3	જરૂરિયાત
2.4	કથન કૌશલ્ય વિકસાવવાની પ્રયુક્તિઓ
2.5	ઉપસંહાર
) ※	સ્વાધ્યાય

2.1 પ્રસ્તાવના :

આપણે જ્યારે પણ ભાષા બોલીએ છીએ ત્યારે ભીતર એ જાણતા હોઈએ છીએ કે શબ્દમાં પોતાનામાં એ અર્થ નથી, તે તો જે વિચારવાનું છે, કે રજૂ કરવાનું છે, તે તેનું માધ્યમ અથવા ચિહ્ન છે. તે બાબતને કે શબ્દને તેની સાથે નિસ્બત નથી. 'મારે પાણી જોઈએ છે' આ વાક્ય જ્યાં સુધી પાણી મળે નહીં અને તરસ છીપાય નહીં ત્યાં સુધી અધૂરું જ રહે છે. 'પાણી' શબ્દ સ્વયં 'પાણી' નથી. 'પાણી' માટે ઉપયોગમાં લેવાતો શબ્દ છે. ભાષા માત્ર તેનો શાબ્દિક અર્થ નથી ધરાવતી પણ તેનાથી પરે તેના આગવા અને સંદર્ભગત અર્થો ધરાવે છે અને તે જ વિશેષ મહત્ત્વના છે, એ તરફ ચિંતન કરવા માટે જે બોલીએ કે કથન કરીએ છીએ તેને સમજવું પડે. આ પ્રકરણમાં તેના અર્થ, જરૂરિયાત અને તેને વિકસાવવાની પ્રયુક્તિઓ વિશે ચર્ચા કરીશું.

2.2 કથન કૌશલ્ય - અર્થ :

આપણું વિચાર વિશ્વ, લાગણી વિશ્વ, અનુભવ વિશ્વ ભાષાથી અલગ અને વધુ વિરાટ છે. બોલતી વખતે આવેલ વિચારને સીધેસીધો વ્યક્ત કરતા નથી

હોતા. વિચાર અને કથન વચ્ચે અંતર હોય છે. સામાજિક સંદર્ભ, વાતચીતનો સંદર્ભ અને પોતાના મગજમાં જેનું મહત્ત્વ છે, એ, એમ બધી બાબતોને ધ્યાનમાં લઈને આપણે શું કહેવું અને કેવી રીતે કહેવું એ નક્કી કરીએ છીએ. એક જ વાત કહેવા માટે ભાષા આપણને અનેક વિકલ્પો આપે છે અને ક્યારેક તો જે કહેવું હોય તે માટે યોગ્ય શબ્દો ન મળે એવી શક્યતાઓ ય હોય છે. આપણો સામાન્ય અનુભવ એવો રહ્યો છે કે આપણી ગહન લાગણીઓને આપણે રજૂ કરતા હોઈએ ત્યારે તે આપણને ઓછી જ લાગ્યા કરે. અને એવું જ લાગે, કે 'જે કહેવું છે તે પૂરેપૂરું કહેવાતું જ નથી.' છતાં કથન વગર ચાલવાનું તો નથી જ. છતાં આપણે જે કહેવું છે તેને પૂરેપૂરો ન્યાય આપી શકીએ તે માટે તેનો કથનનો અર્થ સમજવાનો પ્રયાસ કરીએ.

"પોતાના મનમાં પેદા થતા વિચારોને શુધ્ધ ભાષામાં પ્રસંગોચિત રીતે યોગ્ય ગતિ, લય, માધુર્ય, પ્રસન્નતા સાથે પ્રભાવજન્ય વાણી દ્વારા વ્યક્ત કરવું એટલે કથન કૌશલ્ય."

"મનમાં ઊઠતા વિચારોને માત્ર ધ્વનિ દ્વારા નહીં પણ, અન્યની સામે ઉચિત ભાષામાં અભિવ્યક્ત કરવા, સ્વાભાવિકતા, સ્પષ્ટતા, ગતિશીલતા, શિષ્ટતા, વ્યાવહારિકતા, મધુરતા, શુધ્ધતા અને પ્રભાવોત્પાદકતા જેવા ગુણોનો સમન્વય કરીને પોતાના વિચારો વાણી દ્વારા વ્યક્ત કરવું એટલે કથન કૌશલ્ય."

કથનમાં જે કહેવું હોય તે નક્કી થાય અને સાથે સાથે કેવી રીતે કહેવું એ પણ નક્કી થાય એ પછી બોલાય તો ગેરસમજ ઓછી થાય છે. જો કે સામાન્યપણે આપણે સહુ એવું કરતા હોઈએ છીએ કે થોડું બોલીએ, વળી પાછું મનમાં થોડું નક્કી કરીએ, વળી બોલવાનું શરૂ કરીએ, અને પાછાં બોલતી વખતે પછી શું બોલવાનું છે એ નક્કી કરતા જઈએ, અને એમ વાતચીત આગળ ચાલ્યા કરે. પણ વિચાર વગર કે વિચાર્યા વગર આપણે કશું જ બોલતા નથી. હા, એ વિચાર બરાબર ન હોય તેવું બની શકે. એટલે જે કહેવું હોય તે નક્કી થાય અને સાથે સાથે કેવી રીતે કહેવું એ પણ નક્કી થાય પછી જ બોલાય છે, અથવા એવું પણ થાય છે કે થોડું નક્કી થાય, બોલવાનું શરૂ થાય બોલતી વખતે પછી શું બોલવાનું છે એ નક્કી થતું જાય અને એમ વાત આગળ ચાલે. પણ વિચાર વગર કે વિચાર્યા વગર આપણે બોલતા નથી. બોલતા પહેલાં કે બોલતી વખતે આપણે શેનો શેનો વિચાર કરીએ છીએ એ જોઈએ :-

* શું કહેવાનું છે અને શું નથી કહેવાનું ?
* કેવી રીતે કહેવાનું છે ?
* કોની સાથે વાત થઈ રહી છે ?
* ક્યાં વાત થઈ રહી છે ?
* વાતચીતનું માધ્યમ શું છે ?
* વાતચીતનો હેતુ શો છે ?

બોલતી વખતે આ બધી બાબતોનું ધ્યાન સહજ રીતે રાખવામાં આવે છે. આપણને ખ્યાલ પણ નથી હોતો કે આપણે આ બધી બાબતોનું સતત ધ્યાન રાખીએ છીએ.

આ બધી બાબતોનું ધ્યાન સામાન્યપણે રખાતું જ હોય છે. જ્યારે ધ્યાન રખાતું નથી ત્યારે ગેરસમજ થાય કે કોઈનું અજાણતા અપમાન થાય એવું બને છે. સામાન્ય રીતે વાતચીત દરમિયાન વક્તા અને શ્રોતા એકબીજાને સમજીને અને સહકાર આપીને વાતચીત કરતા હોય છે. એવું જ્યારે ન થાય ત્યારે સંવાદને બદલે વિસંવાદ થાય છે એવો આપણો સામાન્ય અનુભવ છે. આપણે પ્રત્યાયન કૌશલ્ય વિશે વાત કરી હતી ત્યારે પણ વક્તા અને શ્રોતા વચ્ચે કેવી રીતે સંદેશાની આપ-લે થાય છે તે અંગે વિચાર્યું હતું. (એકમ - 1, પ્રકરણ - 3) કથન કૌશલ્યની શી જરૂરિયાત છે, તેની ચર્ચા કરીએ એટલે સમજાશે કે તે આપણા જીવનનો કેટલો અમૂલ્ય હિસ્સો છે.

2.3 જરૂરિયાત :

બોલતી વખતે બધું વિચાર્યું હોય તો પણ ક્યારેક ગરબડો થઈ થતી હોય છે. શબ્દ ખોટો પસંદ થઈ જાય, શબ્દોની ઊલટાસૂલટી થઈ જાય, ધ્વનિઓની ઊલટાસૂલટી થઈ જાય, જાહેરમાં બોલતી વખતે મન પર તાણ હોય તો એની અસર વાણી પર થાય. ગુસ્સામાં પણ વાણી પર અસર થાય. 'શું બોલવું છે' તેની સાથે ઉપરની છ બાબતોનું પાલન થાય તો જે કહેવું હોય તે શ્રોતાને પહોંચે

છે અને ધાર્યો પ્રતિભાવ મળે છે. નોકરીમાં ઇન્ટર્વ્યૂ આપતી વખતે આ જ બાબત સૌથી વધુ મહત્ત્વની બની જાય છે. માર્કેટિંગના ક્ષેત્રમાં કાર્ય કરતા કર્મચારીઓ માટે તેમ જ શિક્ષકો કથન કૌશલ્યની અસરકારતા પર એઓની સફળતાનો આધાર હોય છે. માટે અધ્યયન – અધ્યાપનની સાથે કથન કૌશલ્યનું જીવનમાં પણ ખૂબ જ મહત્ત્વ છે. **નીચેના મુદ્દાઓ પર વિચાર કરવાથી આ બાબત વધુ સ્પષ્ટ થશે.**

- રોજિંદા વ્યવહારમાં મહત્તમ ઉપયોગ
- વિચારો અને લાગણીઓની અભિવ્યક્તિનું સબળ માધ્યમ
- વ્યક્તિત્વનું મૂલ્યાંકન
- પ્રભાવશાળી વ્યક્તિત્વનો વિકાસ
- શિક્ષણ, રાજકારણ, વકીલાત જેવા વ્યવસાયમાં મુખ્ય ભૂમિકા
- જીવનના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા
- વ્યક્તિત્વ ઘડતરની તાલીમ

અન્ય કૌશલ્યોની અપેક્ષાએ કથન કૌશલ્યનો સૌથી વધુ ઉપયોગ થાય છે. આજે તો અસરકારક વક્તૃત્વ શક્તિ ખિલવવાની તાલીમ આપતાં વ્યાવસાયિક વર્ગો પણ ખૂબ જોરશોરથી ચાલે છે. પ્રત્યાયન કુશળતાને પણ કથન સાથે સીધો સંબંધ છે.

2.4 કથન કૌશલ્ય વિકસાવવાની પ્રયુક્તિઓ :

આપણા સહુનો શિક્ષણ – પ્રશિક્ષણની તાલીમ દરમ્યાન એક સામાન્ય અનુભવ કદાચ એ રહ્યો હશે કે, સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરીને આવ્યા પછી પણ તાલીમાર્થીઓ પ્રાર્થના સભા કે પ્રાયોગિક પાઠમાં અસરકારક કથન કૌશલ્ય પ્રદર્શિત કરવામાં ઊણા ઊતરે છે. તેઓ કથન અભિવ્યક્તિ કરવાની પહેલ તો નથી જ બતાવતા, બલ્કે એમ કરવાનું ટાળે પણ છે. એક રીતે તો તેઓ કથન કરવાના જ વ્યવસાયમાં પ્રવેશ્યા છે, છતાં કથન્ કરવાથી જ મુખ ફેરવી લે છે. બહુ ઓછા તાલીમાર્થીઓ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે છે. આના મૂળમાં જોઈએ તો શાળા/મહાશાળા કક્ષાએ બોલવાનો જોઈએ તેવો મહાવરો મળતો જ નથી. પરીક્ષા પણ લેખન કૌશલ્યથી લેવાતી હોય એટલે પણ બોલવાના વિકાસ પર ધ્યાન ઓછું

અપાય છે. વિડંબના તો એ જ છે કે શ્રવણથી ભણવાનું અને લેખનથી પરીક્ષા આપવાની અને જેવા જીવન કે વ્યાવસાયિક ક્ષેત્રમાં પ્રવેશ્યા કે કથનનું જ મહિમાગાન થવાનું. માટે જ શાળા કક્ષાએ શિક્ષકોએ કથન કૌશલ્ય વિકસાવવાની વિવિધ પ્રયુક્તિઓ અજમાવવી જોઈશે. આ પણ એક માત્ર ભાષાશિક્ષકની જવાબદારી નથી. સર્વ વિષય શિક્ષકોએ આ પ્રયુક્તિઓ સમય સમય પર અજમાવવી જોઈએ, જેથી વિદ્યાર્થીના કથન કૌશલ્યનો સુપેરે વિકાસ સાધી શકાય. **નીચેની પ્રયુક્તિઓ રસપ્રદ પણ છે અને આસાનીથી અજમાવી શકાય તેવી છે.**

- **વાર્તાકથન :** વાર્તા સહજ રીતે વિદ્યાર્થીને આકર્ષિત કરે છે અને બાળક ભાષા સાથે જોડાય છે. વાર્તાકથન કોઈ પણ ભાષા શીખવવા માટે રસપ્રદ પ્રયુક્તિ છે. વાર્તાઓ બાળકને સંભળાવવાથી બાળકને ભાષા સાંભળવાની તક મળશે અને શબ્દ ભંડોળ અને ભાષા પ્રેત્યેની રુચિ વધશે. ભાષા શીખવાની શરૂઆત પણ શ્રવણથી જ થાય છે ને !

  વિદ્યાર્થીને એ શીખવવાનું છે કે વાર્તા કહેતાં પહેલાં તેને આત્મસાત કરે. જે વાર્તા કહેવાની છે તે બે ત્રણ વાર વાંચી જવી. વાર્તા વાંચ્યા પછી જાતે નક્કી કરવું કે વાર્તા કહેતી વખતે કેવા પ્રકારની ભાષા, અવાજનો ઉતારચઢાવ, હાવભાવ, જરૂર હોય તો અભિનય કરવો. ક્યારેક વાર્તા પુસ્તકમાંથી વાંચીને કહી શકાય અને મોઢે પણ કહી શકાય, પરંતુ તેમાં પણ વિદ્યાર્થીઓને મજા પડે તે તત્ત્વ જરૂરી ખરું.

- **સંવાદ અને નાટક :** ભાષા એ ઉપયોગ કરીને જ શીખવાની બાબત છે. જેમ કે તમારે તરતા શીખવું હોય તો પાણીમાં ઉતરવું જ પડે. જો તમે કિનારે ઊભા રહીને વિચાર કરો કે "મને તરતા આવડી જાય પછી જ પાણીમાં ઉતરું !" તો એમ તો કોઈને ક્યારેય તરતા નહિ આવડે ! સંવાદ બે રીતે હોય છે. એક તો, જે તે પરિસ્થિતિને અનુરૂપ સંવાદ આપેલ હોય તે વાંચી-સાંભળીને સંવાદ કરવો અને બીજું આપેલ પરિસ્થિતિમાં કેવો સંવાદ થઇ શકે, તે વિચારી પોતાની રીતે સંવાદ કરવો.

વિદ્યાર્થીઓ પાસે સંવાદ કરાવતા પહેલાં - તે સંવાદને પ્રથમ શિક્ષક નમૂનારૂપે વિદ્યાર્થીઓને વાંચી સંભળાવે. ત્યારબાદ વિદ્યાર્થીના જૂથ બનાવી તેમને જે તે સંવાદને રજૂ કરવા માટે તૈયારીનો સમય આપવો જોઈએ. જયારે વિદ્યાર્થીઓ સંવાદ રજૂ કરતા હોય ત્યારે તેઓ કોઈ ભૂલ કરે તો તેને અટકાવવાને બદલે તેમને સંવાદ પૂરો કરવા પ્રોત્સાહિત કરવા જોઈએ. કેમકે લક્ષ્ય તેઓને ભાષાનો અર્થપૂર્ણ ઉપયોગ કરતાં શીખવવાનો છે.

સંવાદની જેમ જ ભાષામાં આવતાં કે અન્ય નાટકોને ભજવવાં જોઈએ. તેથી તેઓમાં અભિનય કરવાની સાથે ભાવને અનુરૂપ અભિવ્યક્તિ કરવાનું કૌશલ્ય ખિલશે.

❋ **મુખવાચન :** વિદ્યાર્થીને ભાષાના વિવિધ સાહિત્ય સ્વરૂપોનું મુખ પઠન કરાવવું જોઈએ. 'કન્યા વિદાય' 'લોહીની સગાઈ' 'ગોવિંદનું ખેતર' 'પાંચ દાણા' જેવા પાઠોનું મુખ પઠન કરાવવાથી ભાવને અનુરુપ યોગ્ય અવાજે અને યોગ્ય ગતિથી પઠન કરતાં શીખી શકશે. શબ્દ-વાક્ય કે ફકરામાં રહેલા હાર્દને સમજવું. તેનું અર્થગ્રહણ કરવું તથા તે દ્વારા પ્રાપ્ત કરેલ માહિતી-જ્ઞાનને વ્યવહારમાં પ્રયોજવું. વાંચન દ્વારા ભાષાનો સૌન્દર્ય બોધ માણવો. પુસ્તકમાં વાંચન માટેની સામગ્રીરૂપે- કેટલાક ફકરા, વાર્તાઓ, સંવાદો, સૂચનાઓ, કાવ્યો, વાસ્તવિક ઘટનાઓ, વર્ણનો આપેલાં છે. વર્ગખંડમાં વિદ્યાર્થી સમક્ષ પ્રથમ આદર્શ વાંચન કરો, ત્યારબાદ વિદ્યાર્થીઓ તેને વાંચે તે માટે પ્રેરો.

❋ **ચર્ચા-પરિસંવાદ :** કોઈ પણ પ્રશ્ન, સમસ્યા કે મુદ્દાને તેની દરેક બાજુએથી વિચારણા, અવલોકન અને પૃથક્કરણ કરવું એનું નામ ચર્ચા. દા.ત. ગુજરાતી ભાષા કે અન્ય કોઈ ભાષામાં 'સ્ત્રી શિક્ષણ અને સમસ્યાઓ' વિષય પર નિબંધ શીખવવાનો હોય, વિજ્ઞાન જેવા વિષયમાં 'ગ્લોબલ વૉર્મિંગ' એકમ ભણાવવાનો હોય કે સામાજિક વિજ્ઞાનમાં 'ભારતની સમસ્યાઓ અને ઉકેલ' જેવો એકમ ભણાવવાનો હોય તો ચર્ચા પદ્ધતિ વધુ અસરકારક નીવડે.

આ પ્રકારની પદ્ધતિ વિચારોનું અરસપરસ આદાન-પ્રદાન કરાવે છે. વર્ગમાં હાજર તમામ લોકોના વિચારો જાણવા મળે છે. સહિયારા ચિંતનનો લાભ મળે છે. વધુ માહિતી જાણવા મળે છે. બ્લૂમની ટેક્સોનૉમી અનુસાર બોધાત્મક સ્તરને પર જ્ઞાન, સમજ, ઉપયોગ, સંશ્લેષણ, વિશ્લેષણ અને મૂલ્યાંકનના સ્તર સુધી લઈ જવાની તક મળી શકે છે.

પરિસંવાદ માટે વિદ્યાર્થીઓએ પહેલેથી વિષયો આપીને પૂર્વ તૈયારી કરાવવી જોઈએ. પછી મંચ પરતી પોતાના મુદ્દાઓને આધારે મૌખિક રજૂઆત કરે અને ત્યારબાદ વિદ્યાર્થીઓ પ્રશ્નોત્તરી પણ કરે. ઉચ્ચ કક્ષાએ આ પ્રયુક્તિ વધુ અસરકારક નિવડી શકે.

❋ **પ્રશ્નોત્તરી :** પ્રશ્નો પૂછવા એ આમ તો પ્રત્યાયનનું એક સ્વાભાવિક લક્ષણ છે, પણ શિક્ષકો માટે પ્રશ્નો પૂછવા એ સૌથી મહત્ત્વનું સાધન છે. શિક્ષકો વર્ગખંડનું વ્યવસ્થાપન કઇ રીતે કરે છે, વિદ્યાર્થીઓને વિષયવસ્તુ સાથે કઈ રીતે જોડેલા રાખે છે, તેઓની સહભાગિતાને કેવી રીતે પ્રોત્સાહિત કરે છે, અને તેઓની સમજ-શક્તિને કેવી રીતે વધારે છે તે પર પ્રશ્નોત્તરીની મહત્તા છે.

'વિષયવસ્તુના સામગ્રીના વિવિધ પાસાંઓનો અર્થબોધ પ્રાપ્ત કરવા માટે તેની પ્રશ્નોત્તર દ્વારા છણાવટ કરવી એટલે પ્રશ્નોત્તર પદ્ધતિ.' આથી વિદ્યાર્થી સતેજ રહે છે. ત્વરિત રીતે વિચારવાની શક્તિ ખીલે છે, અને ઉત્તર આપવાથી તેના કથનનો વિકાસ થાય છે.

❋ **કવિસંમેલન :** વિદ્યાર્થીઓ સ્વરચિત કે અન્ય કવિઓની રચનાઓને રજૂ કરે, કૃતિનો આસ્વાદ કરાવે, જેથી તેઓમાં સર્જનશીલતાનો વિકાસ થાય. વિદ્યાર્થીઓને ઉત્તમ કવિસંમેલનો સાંભળવાનો લ્હાવો પણ આપવો જોઈએ. 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' આ કાવ્યનું પઠન કરતાં વિદ્યાર્થીઓમાં કથનની કળાનો વિકાસ કરાવી શકાય. ભાષા શીખવાની મજા તેના લય ઓળખી તેનો રસાસ્વાદ કરવામાં છે. અને ભાષાનું આવું સ્વરૂપ એટલે કાવ્ય !

આપણા પુસ્તકમાં બે પ્રકારે કાવ્યોનો સમાવેશ કરેલ છે. ફક્ત ગાવા માટે અને કાવ્યનું પઠન કરી તેનો આસ્વાદ માણવા માટે. તમે કાવ્યને વિદ્યાર્થીઓને ગાઈ સંભળાવો. જો ઉપલબ્ધ હોય તો તેનું સી.ડી. દ્વારા પણ શ્રવણ કરાવી શકાય. કાવ્યનું સમૂહગાન કે વ્યક્તિગત ગાન પણ કરાવી શકાય.

❋ **મુલાકાત અને અહેવાલ :** જ્ઞાનને જીવન સાથે જોડવા માટે જે-તે સ્થળની રૂબરૂ મુલાકાત એક મહત્ત્વનું અંગ છે. તેમાં વિદ્યાર્થી પોતાની જાતે શોધ-ખોળ કરે, સ્થળ મુલાકાત લે, જુદા જુદા વ્યક્તિઓને મળે, પુસ્તકાલય અને ઈન્ટરનેટનો ઉપયોગ કરે તે અભિપ્રેત છે. મુલાકાત પહેલાં તેની પૂર્વતૈયારી અને તેના હેતુઓનું સ્પષ્ટીકરણ ખૂબ જ અગત્યનું છે. વિદ્યાર્થીએ શું કરવાનું છે અને કેમ કરવાનું છે તે બંને બાબતો તેમને સમજાવવી જોઈએ. મુલાકાત બાદ તેનું અહેવાલ લેખન કરાય અને વર્ગખંડમાં તેની મૌખિક રજૂઆત થાય. આ પ્રયુક્તિમાં વિદ્યાર્થીએ સ્વયં અનુભવ કરેલો હોવાથી તેઓ ઝડપથી અને સાહજિકતાથી શીખી શકે છે.

❋ **ભાષાકીય રમતો :** રમવાનું કોને ના ગમે ? રમત વખતે વપરાતી ભાષા નૈસર્ગિક હોય છે. હવે તો પાઠ્યપુસ્તકોમાં જ દરેક પાઠને અંતે આવી રમતો આપેલ છે. જેમાં વિદ્યાર્થી ભાષાના કૌશલ્યોને અનાયાસે-અનૌપચારિક રીતે શીખે છે. આવી રમત કરાવતી વખતે રમવાની મજાની સાથે ભાષાના ઉદ્દેશ્યો પાર પડે તે જોવાની જવાબદારી શિક્ષકની છે. જોડકાં, શબ્દ શતરંજ, ખાલી ખાનાઓમાં ઉચિત શબ્દ મૂકવા.... વગેરે જેવી રમતોમાં વિદ્યાર્થીઓને ખૂબ રસ પડે છે.

❋ **પ્રાર્થના સભા :** શાળામાં પ્રાર્થના સભાનું નિયમિત આયોજન થતું હોય છે. પ્રાર્થના ગાન સાથે સમાચાર વાચન, સુવિચાર, પ્રેરક પ્રસંગની રજૂઆત, પુસ્તક પરિચય, વિશિષ્ટ દિનનો મહિમા કે વ્યક્તિ પરિચય જેવા મુદ્દાઓ પર રજૂઆત કરાવી શકાય.

❋ **વક્તૃત્વ સ્પર્ધા :** આ સ્પર્ધા કથન કૌશલ્યના વિકાસ માટે ખૂબ જ પ્રસિધ્ધ છે. અગાઉથી જ કેટલાક વિષયો આપીને કે શીઘ્ર વિષયો આપીને વિદ્યાર્થીઓને મૌખિક રજૂઆત કરવાનું કહેવામાં આવે છે. વિદ્યાર્થીઓ પોતાના વિચારોને અહીં વાચા આપી શકે છે.

❋ **અન્ય પ્રવૃત્તિઓ :** આમ તો શિક્ષકની આગવી સૂઝ અને સર્જનાત્મક શક્તિ અનેક પ્રવૃત્તિઓ કરાવી શકે. કદાચ તેની અંતિમ યાદી પણ ન બનાવી શકાય. છતાં અન્ય પ્રયુક્તિઓમાં ચિત્રવર્ણન, ચિત્ર આધારિત પ્રશ્નોત્તરી, સામગ્રીના ઉપયોગથી ચર્ચા, સંવાદો, કોયડા ઉકેલ, રોલ પ્લે વગેરેનો સમાવેશ કરેલ છે. આમ કરાવતી વખતે વિદ્યાર્થીઓમાં ભાષાની ચોકસાઇ નહીં પણ રજૂઆતની પ્રવાહિતા પર ભાર મૂકવો જોઈએ. એટલે કે તે પોતાની વાત અસ્ખલિત પણે કહેતો થાય તે જરૂરી છે. આ પ્રવૃત્તિઓ કરાવતી વખતે વિધાર્થીને પોતાની જાતે તે કરવાની સ્વતંત્રતા આપો. જરૂર જણાયે તેમને શબ્દો અને વાક્ય રચના સંદર્ભે મદદ કરી શકાય.

2.5 ઉપસંહાર :

શબ્દને આપણા શાસ્ત્રોમાં 'બ્રહ્મ' તરીકે ઓળખવામાં આવ્યો છે. કેમ કે શબ્દ એ માત્ર શબ્દ નથી પણ અર્થનું પોટલું છે, શબ્દ પોતે નિરર્થક નથી હોતો, એને સમજવાની આપણી સમજ સાર્થક નથી હોતી. કયો શબ્દ, કયે ઠેકાણે, કયો અર્થ પ્રગટાવશે, એની પરવા ન કરીએ ત્યારે આપણે અનેક અનર્થો સર્જી દઈએ. આ શબ્દમાં એટલી બધી શક્તિ છે કે વર્ષોના સંબંધોને ઘડીભરમાં તહસ નહસ કરી શકે છે અને વર્ષોના બગડેલા સંબંધોને જોડી પણ શકે છે. શબ્દમાં રહેલી આ તાકાતને આપણે આ પ્રકરણમાં કથન કૌશલ્યના સંદર્ભમાં સમજવાનો પ્રયાસ કર્યો. કેમ કે, આપણી સવાર, સાંજ અને સ્વપ્નની દુનિયા છેવટે તો ભાષાથી જ રંગાયેલી છે ને!

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) કથન કૌશલ્ય એટલે શું ? કથન કૌશલ્યની સંકલ્પના સમજાવી કથન કૌશલ્યનું મહત્ત્વ જણાવો.

(2) કથન કૌશલ્ય કેળવવાની મહત્ત્વની પ્રવૃત્તિઓ જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) કથન કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

(2) કથન કૌશલ્યમાં વક્તૃત્વ સ્પર્ધાનું મહત્ત્વ જણાવો.

પ્ર.3 નીચેના પ્રશ્નોના અતિ સંક્ષિપ્તમાં ઉત્તર આપો.

(1) કથન કૌશલ્ય એટલે શું ?

(2) 'તલવારના ઘા રુઝાય છે, વાણીના ઘા રુઝાતા નથી.' કથન કૌશલ્યના સંબંધમાં સમજાવો.

☆

પ્રકરણ 3

વાચન

મુદ્દાઓ :

3.1 પ્રસ્તાવના

3.2 વાચન - અર્થ અને પ્રકારો

3.3 વાચન કૌશલ્યની પ્રયુક્તિઓ

3.4 વિષયવસ્તુનાં માળખાં

3.5 વિવરણાત્મક વિષયવસ્તુ વિરુદ્ધ વર્ણનાત્મક વિષયવસ્તુનું સ્વરૂપ (Nature of Expository Texts V/s. Narrative Texts)

3.6 વ્યવહારલક્ષી વિરુદ્ધ પ્રતિક્ષિપ્ત વિષયવસ્તુનું સ્વરૂપ (Transactional V/s. Reflexive Texts)

3.7 ઉપસંહાર

)* સ્વાધ્યાય

3.1 પ્રસ્તાવના :

સાહિત્યકાર રા.વિ.પાઠકનો એક હાસ્યનિબંધ 'ખરાબ કરવાની કળા' અગાઉના અભ્યાસક્રમમાં ભણવામાં આવતો હતો. તેમાં જનમાનસની એક સાધારણ કુટેવ તરીકે એમણે પુસ્તકનું ઉદાહરણ લઈને પુસ્તક કઈ-કઈ રીતે ખરાબ કરી શકાય છે, એ વિશે પણ વિગતે ચર્ચા કરી છે. પોતાના જીવનમાં થયેલા વાસ્તવિક અનુભવોનું જ વર્ણન કરીને પુસ્તકને ખરાબ કરવાની લોકોની સર્વસામાન્ય કલાકારીઓની વાત કરતાં તેઓ કહે છે; "…..મારા એક મિત્ર કોઈ નવલકથા લાઈબ્રેરીમાંથી લઈને વાંચતા હતા અને હું જઈ ચઢ્યો. તેમાં અમુક જગાએ કોઈ

વાંચનારે લખેલું કે 'વાર્તાકાર ગધેડો છે.' તેની નીચે પછીના વાંચનારે લખેલું કે 'આ લખનાર ગધેડો છે.' મારો મિત્ર લખવા જતો હતો કે 'બન્ને ગધેડા છે' પણ મેં ના પાડી અને તેને સમજાવ્યો કે આમ કરવાથી માણસની સંખ્યા ઘટતી જશે અને જગતમાં ગધેડાની સંખ્યા વધતી જશે. એ મિત્ર મારું માની ગયો અને 'એ વાત એટલે રહી.'

આ ઉપરાંત પુસ્તક વાંચીને જેટલે સુધી વંચાયું હોય ત્યાં પેન કે પેન્સિલ મૂકી દેવાની લોકોની સર્વસામાન્ય કુટેવને લીધે દળદાર પુસ્તકોની બાંધણી તૂટી જતાં એની જે અવદશા થાય છે, એનું તથા N.B, I.M.P, VERY I.M.P, MOST I.M.P વગેરે જેવું લખાણ લખનારાઓને લીધે એ પુસ્તક અન્ય માટે વાંચવા યોગ્ય ન રહેતું હોવાની વાતના પ્રસંગો પણ એમણે અહીં ટાંક્યા છે.

".....એકવાર બીજા મિત્રને ત્યાં અમે બંને મળવા ગયેલા. ત્યાં તેનો નોકર એક ચોપડી લઈ કબાટમાં મૂકતો હતો. મારા મિત્રે તરત બૂમ પાડી કહ્યું કે : "એ મારી ચોપડી છે." મેં કહ્યું તમે કેમ જાણ્યું ? તેમણે કહ્યુ : તેનું પૂઠું જુઓ. મારે ઘેર ચોપડીના પૂંઠા ઉપર ચાના કપ મૂક્યાનાં દસ-બાર કૂંડાળા હોય જ છે. એ મારી જ ચોપડી છે. ત્યારે મને ખબર પડી કે ચોપડી ખરાબ કરવાની આ પણ એક અદ્‌ભુત કળા છે."

આ નિબંધ પરોક્ષ અર્થમાં સત્યનું જ વર્ણન કરે છે. વાચનની સાચી પ્રયુક્તિઓ અજમાવવાને બદલે તેને ખરાબ કેમ કરી શકાય તે દિશામાં મનની નબળાઈઓ વધુ કામ કરતી હોય છે. પણ આ પ્રકરણમાં આપણે વાચન તેનો અર્થ અને પ્રકારો તેમ જ વાચનની વિવિધ પ્રયુક્તિઓ અને વિષયવસ્તુઓના માળખાંમાં કેવી રીતે વાચન કરી શકાય તે વિશે સાચી દિશામાં ચિંતન કરવાનો પ્રયાસ કરીશું.

સ્વર્ણિમ્ ગુજરાતની ઉજવણી સમયે ગુજરાત સરકારે 'વાંચે ગુજરાત' દ્વારા વાચનનો ફેલાવો કરવાની અને વાચન વિદ્યાર્થીના જીવનનો એક હિસ્સો બને તેવી પહેલ કરી હતી.

3.2 વાચન - અર્થ અને પ્રકારો :

વાચન એક હેતુલક્ષી અને માનસિક પ્રક્રિયા છે. વાચક મુદ્રિત સામગ્રીનો અર્થ તારવાનો પ્રયાસ કરે છે. **કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.**

* વાચન એટલે સંજ્ઞાઓ અને અવાજનું પ્રત્યક્ષીકરણ સાધી તેનો અર્થ ઘટાવવાની શક્તિ.

- રૉબિન્સન

* વાચન એ અર્થ શોધવાની અને પ્રાપ્તિ કરવાની સક્રિય પ્રક્રિયા છે.

- ડેબ્રો

* વાચન એ માત્ર મુદ્રિત શબ્દોનું સ્પષ્ટ દર્શન કે સાચું ઉચ્ચારણ કે પ્રત્યેક શબ્દના અર્થની પ્રત્યભિજ્ઞા કરતાં પણ વિશેષ છે.

- રૂથ સ્ટ્રેન્ગ

* વાચન એ અર્થ મેળવવાની પ્રક્રિયા કરતાં અર્થ તારવવાની પ્રક્રિયા છે.

- ગુડમેન

વ્યાખ્યા પરથી આપણે તારવી શકીએ કે, લખાયેલા શબ્દો કે ધ્વનિઓના પ્રતીકોને ઓળખીને અર્થ તારવવાની પ્રક્રિયા એટલે વાચન. વાચનમાં કેટકેટલી માનસિક પ્રક્રિયાઓ ગૂંથાયેલી છે, તે આપણે આગળ જોઈશું.

વાચનના પ્રકારો : વાચનના પ્રકારોને ત્રણ રીતે ધ્યાનમાં લઈ શકાય; વાચન પ્રક્રિયા, વાચનનો હેતુ અને વાચન સામગ્રી.વાચન કઈ રીતે કરાય છે તે ધ્યાનમાં લઈએ તો નીચે મુજબ બે પ્રકારો પડે છે.

* **મુખવાચન - અર્થ :** મુદ્રિત સામગ્રીનું ધ્વનિ સંકેતમાં પ્રગટીકરણ કરવું એટલે મુખવાચન. પ્રાર્થના સભામાં સમાચાર વાચન કે અહેવાલ વાચન સમયે મુદ્રિત સામગ્રીનું સહુ શ્રોતાઓના શ્રવણ અર્થે મોટેથી બોલીને વાચન કરવામાં આવે ત્યારે તેને મુખવાચન કહે છે. ભાષાના અધ્યાપનમાં શિક્ષકે ગદ્ય/પદ્ય પાઠોનું મુખ પઠન

કરવાનું હોય છે. યોગ્ય અવાજે, ભાવવાહી રીતે અને ઉચિત આરોહ અવરોહ સાથે મુખપઠન કરવાનું કૌશલ્ય અનેક કુશળતા માંગી લે છે.

- **મૂકવાચન - અર્થ :** લિખિત સામગ્રીને ધ્વનિયુક્ત ઉચ્ચાર સિવાય મનમાં વાચવું એટલે મૂકવાચન. વાચક જ્યારે પોતાના માટે શાંત પઠન કરે ત્યારે આ પ્રકારનું વાચન થાય છે. આ વાચન કરતાં સમયે મન એકાગ્ર હોવું જોઈએ. ચિંતન માંટે, કોઈ બાબતને ઊંડાણપૂર્વક સમજવા માટે તેમજ પરીક્ષા માટે કરાતાં વાચનમાં શાંત વાચન વધુ અનુકૂળ રહે છે.

વાચન એ હેતુલક્ષી પ્રક્રિયા છે. વ્યક્તિ પોતાની જરૂરિયાત મુજબ, હેતુ પ્રમાણે વાંચન કરતો હોય છે. વાચક મનોરંજન માટે, સમય પસાર કરવા માટે, માહિતી પ્રાપ્ત કરવા માટે, અભ્યાસ માટે, કશુંક નવું કરવા માટે કે સમીક્ષા કરવાના હેતુસર વાચન કરતા હોય છે. આવા હેતુઓને ધ્યાનમાં રાખીને તેના ત્રણ મુખ્ય પ્રકારો ગણાવી શકાય.

- **માહિતીલક્ષી વાચન :** આ વાચનના નામ મુજબ તેનો હેતુ માહિતી પ્રાપ્ત કરવાનો છે. સમાચારપત્રો, સામયિકો, પાઠ્યપુસ્તકો, સંદર્ભ પુસ્તકો વગેરેનું વાચન વિશેષ માહિતી પ્રાપ્ત કરવાના હેતુસર થતું હોય છે.
- **સર્જનાત્મક વાચન :** સર્જનાત્મકતા એટલે કંઈક નવું કરવું. વાચનમાંથી પણ સર્જન કરી શકાય. સંશોધન કે કોઈ ક્ષેત્રમાં રચનાત્મક કાર્ય કરવાના હેતુસર કોઈપણ સામગ્રીનું પઠન થાય ત્યારે વાચનમાં સર્જનાત્મકતા પ્રવેશી જાય છે.
- **વિવેચનાત્મક વાચન :** વિવેચન એટલે કોઈ પણ એકમના વિધાયક અને નિષેધાત્મક પાસાંઓનો વિચાર કરીને વાચન કરવું. કોઈ પણ સામગ્રીનું પઠન કરતાં હોઈએ ત્યારે આ પ્રકારનું વાચન સહજ રીતે થઈ જ જતું હોય છે.

વાચનના હેતુઓ કોઈ ચુસ્ત પ્રકારમાં વિભાજિત ન કરી શકાય. વાચન કરતાં સમયે આ ત્રણેય હેતુ એક સાથે કાર્યરત હોય તેમ પણ બની શકે. આ એક માનસિક પ્રક્રિયા છે. જે સતત ચાલતી હોય છે અને તે પોતાના હેતુઓને પણ પરિવર્તિત કરતી રહેતી હોય છે.

વાચન-સામગ્રીની વાત કરીએ તો સાહિત્યનું વાચન, નકશાવાચન, આલેખ વાચન, સારણી વાચન, સમાચાર વાચન, પરિપત્રો, પત્રો વગેરેનું વાચન એવા પ્રકારો ગણાવી શકાય. આ પ્રકારોની વાત કરીએ ત્યારે સમજાય છે કે વાચન ધારીએ છીએ એટલું સહેલું નથી. રેલવે પ્લેટફૉર્મ પર ટ્રેનોની વિગત વાંચવા માટે કે બજેટ સમયે રજૂ થતા આલેખોને સમજવા માટેની એક દૃષ્ટિનો વિકાસ કરવો પડે છે. ફકરાઓનું વાચન કરીએ તેમ તેનું વાચન ન કરી શકાય. માટે જ વાચન કૌશલ્યોની પ્રયુક્તિઓ વિકસાવવાની જરૂરત ઊભી થાય છે.

3.3 વાચન કૌશલ્યની પ્રયુક્તિઓ :

ઉપરોકત ચર્ચાને આધારે એવો અહેસાસ જરૂર થાય કે વાચન એક એવો દરિયો છે, જે ઉલેચાતો નથી, અને સતત નવું નવું શીખવાની વાતને આગળ ધરે છે.

હવે તો વાચન કૌશલ્ય વિકસાવાના અનેક પુસ્તકો પણ ઉપલબ્ધ છે. પાશ્ચાત્ય દેશોમાં 'Reading Clinics'નું ચલણ છે, જેમાં વિદ્યાર્થી વાચનની વૈજ્ઞાનિક પ્રયુક્તિઓ શીખે છે. આપણે ત્યાં હજી આવો કોઈ ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો હોય તેવું જાણમાં નથી. પણ જે રીતે હવે વાચનનું મહત્ત્વ સ્વીકારાયું છે અને અભ્યાસક્રમમાં તેનો સમાવેશ થયો છે એ પછી એક વિધાયક બદલાવ જરૂર આવશે એવી આશા રાખી શકાય. શિક્ષણવિદો વાચન કરતાં સમયે નીચેની બાબતોને પ્રક્રિયા સાથે સાંકળી લેવાનાં સૂચનો કરે છે.

અર્થપૂર્ણ વાચન માટેનાં સૂચનો :

(1) વાચનના વિષયવસ્તુ સાથે સંયોજનો સ્થાપો. જાણીતી બાબતો સાથે તેને સાંકળો.

(2) સતત પ્રશ્નો પૂછો.

(3) કેટલીક બાબતોની મહત્તાને નિર્દેશિત કરો.

(4) વિષયવસ્તુ સંબંધિત કેટલીક બાબતો અંગે ધારણા અને આગાહી કરો.

(5) વાચન-સામગ્રીનો સાર તારવો.

(6) કેટલીક નિર્ધારિત પ્રયુક્તિઓની ટેવ પાડો.

The SQW 3R Method :

આ ઉપરાંત ઘણા વર્ષોથી એક સૂત્રાત્મક વ્યૂહરચના જાણીતી છે, તે 'The SQW 3R Method' તરીકે જાણીતી છે.

* **S**urvey – વિહંગાવલોકન – જે વાંચવાનું છે તેનો સમગ્ર ખ્યાલ મેળવી લો
* **Q**uestion – પ્રશ્નો પૂછો
* **W**riting – સાથે તમે જાતે તમારી ભાષામાં નોંધ બનાવતા જાઓ
* **R1** Reading – વાંચો, સમજ સાથેનું વાચન
* **R2** Recall – વાંચેલું યાદ કરો
* **R3** Review - જેનું વાચન કર્યું છે તેની તમે સમીક્ષા કરો.

અર્થપૂર્ણ વાચનની આ રીતો પ્રત્યેક વિષયને સમજવામાં ઉપયોગી નીવડે છે, પણ આ પ્રયુક્તિઓ ત્યારે ઉપયોગમાં લઈ શકાય જ્યારે આપણે જે તે વિષય-વસ્તુ ક્યા સ્વરૂપમાં રજૂ થયું છે તેના માળખાંને સમજી શકીએ. આ એક ગહન અને સૂક્ષ્મ વિષય છે. કેમ કે આપણને સહજ પ્રશ્ન એ થાય કે વાચન અને પાઠ્યપુસ્તકના વિષયવસ્તુ સાથે શી લેવાદેવા? અભ્યાસ સમયે શાળામાં કે કૉલેજમાં આપણે કોઇ વિષયનું અધ્યયન કરતા હોઈએ છીએ. નવલકથા વાંચીએ કે વિજ્ઞાનનો

કોઇ પ્રયોગ વાંચીએ તો બંને માનસિક પ્રક્રિયા અલગ થવાની અને આ સંદર્ભમાં જે-તે વિષયવસ્તુ કયો અર્થ અભિપ્રેત કરાવવા માંગે છે, તેને ધ્યાનમાં રાખીને તે લખાતું હોય છે. જૉકસ બોલવાની હોય અને લખવાની હોય તેમાં ફરક રહે. વાર્તાનું વિષયવસ્તુ અલગ રીતે લખાય, અને ગણિતના સિધ્ધાંતોની સમજૂતી અલગ રીતે રજૂ થાય, કેમ કે બંનેના અભ્યાસ કરવાનો હેતુ અલગ છે. જે-તે વિષયપધ્ધતિમાં પાઠ્યપુસ્તક કેવું હોવું જોઈએ, આદર્શ પાઠ્યપુસ્તકનાં લક્ષણો, પાઠ્યક્રમ સંરચનાના સિદ્ધાંતો પણ શીખીએ જ છીએ ને! ત્યાં સુધી કે વાર્તા કેવી હોવી જોઈએ, વિજ્ઞાનનો કોઇ પ્રયોગ કેવી રીતે લખાયેલો હોવો જોઈએ, દાખલાની રકમ કેવી રીતે લખાય, કોઇ માહિતીની સારણીનું સ્વરૂપ કેવું હોય વગેરે અનેક બાબતો અંગે આપણાં મનમાં ચોક્કસ માળખાં છે અને એને આધીન આપણે તેનું મૂલ્યાંકન કે સમીક્ષા કરીએ છીએ. આ સંદર્ભમાં હવે આપણે વિષયવસ્તુના માળખાં અને વિષયવસ્તુના ક્ષેત્રોના પાઠ્યપુસ્તકોનું પરીક્ષણ કરીએ.

3.4 વિષયવસ્તુનાં માળખાં :

જેમ મકાનને તેનું એક માળખું હોય છે, રચના કરવાની એક ચોક્કસ રીતિ હોય છે તેમ જે તે વિષયવસ્તુને રજૂ કરવાની એક રીત હોય છે. આપણે જન્માક્ષર જોઇએ તો એમાં ગ્રહોની સ્થિતિ દર્શાવતી કુંડળી એના માળખાંના સ્વરૂપમાં જ હોય છે તેમ સામાજિક વિજ્ઞાન, ગણિત કે ભાષાના પુસ્તકોનું વિષયવસ્તુ અલગ અલગ રીતે રજૂ થતાં હોય છે.

'વિષયવસ્તુમાં લેખકે માહિતીને કેવી રીતે ગૂંથી છે તે સમજવાની પ્રક્રિયા એટલે વિષયવસ્તુનું માળખું.' વિષયવસ્તુમાં જે માહિતી રજૂ થઇ છે તેમાંથી શું સમજવાનું છે, તેનું હાર્દ શું છે, તેનો મુખ્ય સંદેશ શું છે તેને સમજવાની પ્રક્રિયા એટલે વિષયવસ્તુના માળખાંને સમજવું.

એક ઉદાહરણથી સમજીએ.

આપણે કોઈ વાર્તાને વિષયવસ્તુના માળખાના સંદર્ભમાં સમજવી હોય તો નીચેની સારણીમાં જણાવેલી બાબતો સહાયરૂપ થાય અને એ મુદ્દાઓના સંદર્ભમાં આપણે એ વાર્તા કે ઐતિહાસિક ઘટનાઓને સમજવી જોઈએ.

વિષયવસ્તુનું માળખું	
વાર્તા	ઘટના
* વાર્તાનાં તત્ત્વો	* કાર્યકારણ સંબંધ
* પાત્રો	* ક્રમ
* કથાવસ્તુ	* સમસ્યા
* સમસ્યા	* વિવરણ
* ઉકેલ	* સરખામણી
* અંત	* તફાવત
* શીર્ષક	* શીર્ષક
* ઉદાહરણો	* સારણીઓ
* ફકરાઓની ગૂંથણી	* ફોટોગ્રાફ્સ
* શબ્દપસંદગી	* આલેખ
* ભાષાશૈલી	* શબ્દભંડોળ

એક અન્ય આકૃતિની મદદથી સમજીએ.



http://www.hoodriver.k12.or.us/cms/lib06/OR01000849/Centricity/Domain/873/LA_res_TxtStruc_ORS_Module%20copy.pdf.

ઉપરોક્ત આકૃતિને સમજીએ તો તે જણાવે છે કે, વાચક મુદ્રિત સામગ્રીમાંથી પ્રથમ સંકેતોને તારવીને તેને વિષયવસ્તુના અલગ અલગ માળખામાં તારવે છે અને તેમાંથી તે પોતાનું જ્ઞાન અર્જિત કરે છે. વાચક કોઈ પણ વિષયનું વિષયવસ્તુ વાંચે છે, તેમાંથી આપણે આગળ જોયું તે પ્રમાણે વિષયવસ્તુમાંથી તેના શાબ્દિક સંકેતોમાંથી તેનું માળખું તારવે છે અને તેમાંથી તે જ્ઞાન પ્રાપ્ત કરે છે. કોઈ વાર્તા, પ્રસંગો કે પ્રમેય વાંચતી વખતે તેમાંના શબ્દોમાંથી આપણે તેની માહિતી કે અર્થનું વર્ગીકરણ કરીએ છીએ અને એ શું કહેવા માંગે છે તેનું અર્થગ્રહણ કરીએ છીએ.

આપણને એવું લાગે છે કે પાઠ કે એકમ વાંચી લીધો એટલે સમજ પડી ગઈ. પણ 'સમજ' બહુ જ મોંઘું લક્ષણ છે. તે એકદમ હસ્તગત નથી થતું. 'ભગવદ્ ગીતા'નો રોજ પાઠ કરવાનો, કે ધાર્મિક સાહિત્યનું રોજ પઠન થવું જોઈએ, એ વાત એમને એમ આપણી સામે નથી આવી. જેટલી વાર વાંચીએ એટલી વાર નવો અર્થ સામે આવતો હોય છે. સાચા અર્થમાં તો 'પીત્ઝા', 'સેન્ડવીચ' 'કોઈ વ્યક્તિ' કે 'કપડાં' અંગે જેટલી સહેલાઈથી અભિપ્રાયો આપી દેતા હોઈએ છીએ તેટલી સહેલાઈથી વાચન નથી થતું. તે ખૂબ ગહન પ્રક્રિયા છે. એમાંય નવલકથા, ટૂંકીવાર્તા, વૈજ્ઞાનિક પ્રયોગ, પ્રમેય વિશે વાચન કરવાનું હોય તો તેનું વાચન કરવાની તરેહ બદલાય છે અને આ તરેહ સમજવાની છે.

વિષયવસ્તુને સમજવા માટે એક અન્ય માળખાનો પણ અભ્યાસ કરીએ.

સારણી 1 વિષયવસ્તુને સમજવાનું માળખું

વિષયવસ્તુ	વ્યાખ્યા	ચાવીરૂપ શબ્દો
વર્ણન	પાત્રો અને ઘટનાનું વિગતવાર વર્ણન	વિશેષણો, શું, કેવી રીતે આ રીતે, વગેરે
સમસ્યા અને ઉકેલ	સમસ્યા રજૂ કરે અને તેનો ઉકેલ જણાવે	હેતુ, પ્રશ્ન અને તેનો ઉકેલ, પરિણામ

સમય અને ક્રમિકતા	માહિતીને ક્રમબધ્ધ અને સમયાનુસાર રજૂ કરે	પ્રથમ, બીજા, ત્રીજા ક્રમે છેલ્લે, વગેરે
સરખામણી અને તફાવત	બે બાબતો વચ્ચેનો તફાવત કે સરખામણી રજૂ કરે	એના જેવું, લગભગ સરખું, વિપરીત, ભિન્ન
કાર્યકારણ	ઘટના વચ્ચેનો કાર્યકારણ સંબંધ રજૂ કરે.	કારણ કે, એના લીધે, એટલે, પરિણામે, એની અસરમાં

આમ તો જ્યારે પણ આપણે વાચન કરતા હોઈએ છીએ ત્યારે ઘટના, માહિતી કે બાબતોને તર્કબદ્ધ રીતે મુલવવાનો પ્રયત્ન કરતા જ હોઈએ છીએ. ઉપરની સારણીમાં દર્શાવ્યા પ્રમાણે આપણે શિક્ષક તરીકે વિદ્યાર્થીઓને કોઈ વિષયવસ્તુમાં માહિતીને વર્ગીકૃત કેવી રીતે કરી શકાય તે શીખવવાનું છે. વિષયવસ્તુના આ પ્રકારના માળખાને ધ્યાનમાં રાખવાથી સ્વાભાવિક રીતે જ વિદ્યાર્થીની તર્કશક્તિનો વિકાસ થશે, વિગતોને તે સારી રીતે સમજી શકશે, અને તેનો અર્થબોધ સઘન બનશે. શિક્ષક ભણાવતી વખતે ઉપર્યુક્ત માળખાને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરાવી શકે.

❑ **વિષયવસ્તુના ક્ષેત્રોના પાઠ્યપુસ્તકોનું પરીક્ષણ :**

શિક્ષક અધ્યાપન કરતી વખતે વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ વાંચવા માટે વિશિષ્ટ કૌશલ્યો શીખવી શકે.

જેમાં મુખ્ય ચાર બાબતોનો સમાવેશ થાય છે.

* શબ્દનો અર્થબોધ
* શબ્દભંડોળ
* પ્રત્યક્ષીકરણ
* અભ્યાસ કૌશલ્યો

જ્યારે આપણે પાઠ્યપુસ્તકનું કોઈ પ્રકરણ વાંચીએ છીએ ત્યારે તેમાં રહેલી માહિતીને ઉપર દર્શાવ્યા પ્રમાણે મૂલવવાનો પ્રયાસ કરીએ છીએ પણ જ્યારે સમગ્ર પાઠ્યપુસ્તકના મૂલ્યાંકનની વાત કરીએ છીએ ત્યારે એના બધાં પ્રકરણો અને તેની અરસપરસ ગૂંથણીનો સમગ્રતયા ખ્યાલ મનમાં બેસવો જોઈએ. બધાં જ પ્રકરણોના વિષયવસ્તુનું ચિંતન કરી લીધું પછી જ સમગ્રતાલક્ષી સિદ્ધાંત સમજાવે છે તેમ તેનું મૂલ્યાંકન કરવાની ક્ષમતા આવે. પણ વાસ્તવિકતા કદાચ એ છે કે આ કક્ષા સુધી આપણે પહોંચતા જ નથી. મોટેભાગે આખું પુસ્તક વંચાતું જ ન હોય તો તેનું સમગ્રતયા મૂલ્યાંકન કઈ રીતે થઇ શકે ? આપણે બી.એડ.ના અભ્યાસક્રમમાં પુસ્તકોની સમીક્ષા ભણીએ પણ છીએ. તેમાં બાહ્ય અને આંતરિક મૂલ્યાંકન પણ શીખીએ છીએ. વળી વિષય પધ્ધતિના પ્રશ્નપત્રમાં પણ પાઠ્યપુસ્તકની સમીક્ષા ભણવાની આવે છે. પણ આપણે કદાચ કોઈ ધોરણનું સમગ્ર પાઠ્યપુસ્તક વાંચ્યું હોતું નથી. જેમ આખી ફિલ્મ જોયા પછી જ તેની સમીક્ષા થાય તેમ પાઠ્યપુસ્તક માટે પણ એ જ બાબત લાગુ પડે. વિદ્યાર્થી એકે એક પ્રકરણને વિષયવસ્તુના માળખાંમાં સમજે, ત્યારપછી જ સમગ્ર પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન કરવા પ્રેરાય તે માટે શિક્ષકે કેટલા સજ્જ થવું પડશે તેનો સહજ ખ્યાલ મેળવી શકાય તેમ છે.

આ જ બાબતને હજી વધુ ઝીણવટપૂર્વક આગળ જોઈશું કે વાચનની પ્રયુક્તિઓ કઈ કઈ છે.

આપણે ગદ્ય સાહિત્યમાં ટૂંકી વાર્તા, નિબંધ, નવલકથા, આત્મકથા વાંચીએ, ત્યારે તેના સ્વરૂપને આધારે સાહિત્યના પ્રકાર પાડીએ છીએ. પદ્ય રચનાઓની વાત કરીએ તો ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, ગરબો, પાર્થના વગેરે સાહિત્યિક પ્રકારો પાડીએ છીએ. અખબારી સાહિત્યની વાત કરીએ તો તંત્રીલેખ, માહિતીલેખ, સમીક્ષા લેખ, વિવરણ વગેરે પ્રકારો પાડીએ છીએ. પણ એક બાબત ચોક્કસ છે કે જે કોઈ સાહિત્ય કે સામગ્રી આપણી સમક્ષ આવે છે તેનો અર્થબોધ કરવામાં વિષયવસ્તુનું સ્વરૂપ અગત્યની ભૂમિકા ભજવે છે. નિબંધના સ્વરૂપને માત્ર લઈએ તો નિબંધ ચિંતનાત્મક છે, લલિત નિબંધ છે, હાસ્ય નિબંધ છે કે વિવરણાત્મક નિબંધ છે તે પરથી એનો અર્થબોધ કરવાનું વધુ ચોક્કસ અને વધુ સુગમ પડે છે.

માળખાંના આ જ તંતુને વધુ ગહન રીતે સમજવાનો પ્રયાસ કરીએ તો વિષયવસ્તુનું સ્વરૂપ કેવું હોય તે પર દૃષ્ટિપાત કરવો પડે. આપણે ગદ્ય સાહિત્યમાં ટૂંકી વાર્તા, નિબંધ, નવલકથા, આત્મકથા વાંચીએ, ત્યારે તેના સ્વરૂપને આધારે સાહિત્યના પ્રકાર પાડીએ છીએ. પદ્ય રચનાઓની વાત કરીએ તો ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, ગરબો, પાર્થના વગેરે સાહિત્યિક પ્રકારો પાડીએ છીએ. અખબારી સાહિત્યની વાત કરીએ તો તંત્રીલેખ, માહિતીલેખ, સમીક્ષા લેખ, વિવરણ વગેરે પ્રકારો પાડીએ છીએ. પણ એક બાબત ચોક્કસ છે કે જે કોઇ સાહિત્ય કે સામગ્રી આપણી સમક્ષ આવે છે તેનો અર્થબોધ કરવામાં વિષયવસ્તુનું સ્વરૂપ અગત્યની ભૂમિકા ભજવે છે. નિબંધના સ્વરૂપને માત્ર લઈએ તો નિબંધ ચિંતનાત્મક છે, લલિત નિબંધ છે, હાસ્ય નિબંધ છે કે વિવરણાત્મક નિબંધ છે તે પરથી એનો અર્થબોધ કરવાનું વધુ ચોક્કસ અને વધુ સુગમ પડે છે. તેવી રીતે જુદા જુદા વિષયોમાં વિષયવસ્તુને કેવા સ્વરૂપમાં રજૂ કરવામાં આવે છે, તેને હવે સમજવાનો પ્રયાસ કરીશું.

3.5 વિવરણાત્મક વિષયવસ્તુ વિરુદ્ધ વર્ણનાત્મક વિષયવસ્તુનું સ્વરૂપ (Nature Expository Text V/s. Narrative Texts) :

કોઇપણ બાબત વિશે જ્યારે તટસ્થતાપૂર્વક માહિતીને લખવામાં આવે ત્યારે તે વિવરણાત્મક સ્વરૂપનું વિષયવસ્તુ બને છે.અને તેથી વિરુધ્ધ કોઇ બાબત વિશે કલ્પના કરીને સર્જનાત્મક રજૂઆત કરવામાં આવે ત્યારે તે વિષયવસ્તુ વર્ણનાત્મક સ્વરૂપ ધારણ કરે છે. કોઇ એકની વસ્તુને બંને સ્વરૂપ પણ આપી શકાય. આપણે સહુ અકબર બાદશાહથી પરિચિત છીએ. એમના સંબંધમાં અનેક વાર્તાઓ પણ વાંચવા મળે છે, અને સામાજિક વિજ્ઞાનમાં એમના વિશે ઐતિહાસિક દૃષ્ટિકોણથી ભણવાનું પણ બને છે. અકબર બાદશાહ વિશે ઇન્ટરનેટ પરથી એક વાર્તા અને એમના વિશે વિકિપિડિયામાં રજૂ થયેલી માહિતી વાંચીએ. તે પરથી સમજાશે કે વિવરણાત્મક અને વર્ણનાત્મક વિષયવસ્તુનું સ્વરૂપ એટલે શું ?

❋ **વાર્તા : 'કાર્ય ક્યારે ઉત્તમ બને ?' :**

બાદશાહ અકબર દરબાર ભરીને બેઠા હતા. તાનસેન હજી આવ્યા નહોતા. દરબારમાં અલકમલકની વાતો ચાલતી હતી. ત્યાં મધુર કંઠે ગવાતું ભજન સંભળાયું. ગાયકના સૂર, તાલ અને મીઠાશ એટલાં સરસ હતાં કે આખો દરબાર મંત્રમુગ્ધ થઈ સાંભળી રહ્યો. છેલ્લો અંતરો ગાયક ધીમા સ્વરમાં દોહરાવી રહ્યો હતો તે વખતે બાદશાહે ચાકરને હુકમ કર્યો, 'જાવ કોણ ગાઈ રહ્યું છે, તેની તપાસ કરી આવો.' ચાકરે અટારીમાં જઈ જોયું અને આવીને બાદશાહને કહ્યું કે, એક ફકીર ગાઈ રહ્યો છે. બાદશાહે હુકમ કર્યો કે, એ ફકીરને બોલાવી લાવો.

થોડીવારમાં તાનસેન આવ્યા. દરમિયાન ચાકર ફકીરને પણ બોલાવી લાવ્યો. તેને નીચે બેસાડી ચાકરે બાદશાહને જાણ કરી. પોતે એકલો બેઠો હતો એટલે ફકીરે બીજું ભજન ઉપાડ્યું. તાનસેન સહિત આખો દરબાર સાંભળી રહ્યો. ભજન પૂરું થતાં બાદશાહે તાનસેનને પૂછ્યું, 'તાનસેન, ગાનારની ગાયનકલા કેવી લાગી ?'

તાનસેને જવાબ આપ્યો, 'અદભુત! બાદશાહ જરા આગળ વધ્યા, 'તાનસેન, એક સામાન્ય ફકીર એ ગાઈ રહ્યો હતો. તમે ગાઓ છો ત્યારે પણ હું આટલો રસતરબોળ થઈ જતો નથી. શું તેઓ તમારા કરતાં ઊંચા ગાયક છે ?'

તાનસેને વિના સંકોચે કબૂલ કર્યું કે, 'અલબત્ત, તેઓ ઊંચા ગજાના ગાયક છે. તેઓના સૂર-તાલમાં ક્યાંય ચૂક નથી, ગળાની મીઠાશ અજબ છે અને એકાગ્રતા ઉત્તમ છે.'

બાદશાહે પૂછ્યું, 'તાનસેન, તમારી પાસે આટલી તાલીમ છે, રિયાઝ છે અને સાજ-સંગીત છે તો ય ફકીરનું ગાન ચડિયાતું કેમ ?'

તાનસેન થોડી વાર ચૂપ રહ્યા, પછી બોલ્યા, 'બાદશાહ સલામત, હું મારી શ્રેષ્ઠતા જાળવવા ગાઉં છું, મારામાં અહમ્ છે કે હું શ્રેષ્ઠ ગાયક છું, હું માણસોને પ્રસન્ન કરવા ગાઉં છું, તમારી તહેનાતમાં ગાઉં છું, ધન-કીર્તિ માટે ગાઉં છું. ફકીરમાં કોઈ અહમ્ નથી, ગાનની શ્રેષ્ઠતા કે ઉત્તમતાની એને કંઈ પડી નથી, તે માણસોને પ્રસન્ન કરવા કે કોઈની તહેનાતમાં ગાતો નથી. તે ઈશ્વરને પ્રસન્ન કરવા ગાય છે. તેના ગાવાનું કોઈ પ્રયોજન નથી, પ્રેમમાં તરબોળ થઈ તે ગાય છે. મારી સરખામણી તેની સાથે ન થઈ શકે. તેની આગળ હું તુચ્છ છું.'

તાનસેનનો જવાબ સાંભળી બાદશાહ અકબર અને બધા દરબારીઓ ચૂપ થઈ ગયા. ઈશ્વરના પ્રેમ ખાતર, નિઃપ્રયોજન કરેલું કામ ઉત્તમ છે. તેની સાથે બીજું કોઈ કામ બરોબરી ન કરી શકે...

https://www.facebook.com/permalink.php ? story_fbid = 644008255644114&id=29902718014225

(વાંચ્યા તારીખ 17-02-16)

વાર્તાનું આ સ્વરૂપ વર્ણનાત્મક છે. હવે અકબર બાદશાહ વિશે વિવરણાત્મક સ્વરૂપમાં વાચન કરીએ.

❋ **બાદશાહ અકબર :** અકબરના દાદા બાબરે ભારતના ઈતિહાસમાં મુગલ શાસનની સ્થાપના કરી અને ઈ.સ. 1527માં રાણા સંગ્રામ સિંહને હરાવી આગ્રા કબજે કર્યું અને પોતાની આત્મકથા 'તુઝ-કે-બાબરી' પણ લખી. તેઓ પોતે ભારતના ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. તેઓ અફઘાનિસ્તાનથી ભારત પહોંચ્યા હતા.

અકબરનો જન્મ : બાબરના મૃત્યુના દસ વર્ષમાં જ (સને 1530) તેમના પુત્ર હુમાયુના હાથમાંથી ગાદી સરકી ગઈ. તેઓ પોતાનો જીવ બચાવવા અહીં તહીં ભટકી રહ્યા હતા. તે દરમ્યાન

સને 1541માં હુમાયુના લગ્ન હમીદાબાનું સાથે થયા અને સને 1542માં અકબરનો જન્મ થયો. અકબરના માતાપિતા પોતાનો જીવ બચાવવા ઈરાન ભાગી ગયા અને અકબર પોતાના કાકાઓના સંરક્ષણમાં રહ્યા. પહેલા થોડાં દિવસો તે કંદહારમાં રહ્યા અને 1545 પછી કાબુલમાં રહ્યા.

સને 1545માં જ્યારે હુમાયુએ ફરીથી કાબુલ પર પોતાનો ઝંડો લહેરાવ્યો ત્યારે અકબર પોતાના પિતાના સંરક્ષણમાં પહોંચ્યા. પરંતુ 1545-1546ના ટૂંકા ગાળામાં અકબરના કાકા કમરાનએ કાબુલ પર પુનઃ અધિકાર જમાવી લીધો. માતા-પિતાએ અકબરને સારી શિક્ષા આપવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓ શિક્ષાથી વિમુખ જ રહ્યા. પરંપરાગત અભ્યાસમાં તેને બિલકુલ રસ ન હતો.

સને 1556માં રાજધાની દિલ્લીમાં હુમાયુનું મૃત્યુ થયું. ગુરદાસપુરના કલનૌર નામનાં સ્થાન પર જ્યારે અકબરનો રાજ્યાભિષેક થયો તે સમયે તેમની ઉંમર માત્ર ચૌદ વર્ષની હતી. તે સમયે મુગલ રાજ્ય માત્ર કાબુલથી દિલ્હી સુધી જ ફેલાયેલું હતું.

https://gu.wikipedia.org/wiki/% E0% AA% 85% E0% AA% 95% E0% AA% AC% E0% AA% B0

(વાંચ્યાં તારીખ 17-02-16)

વિષયવસ્તુનું આ સ્વરૂપ વિવરણાત્મક છે. હવે બંનેના અર્થ અને તફાવત વિશે સમજીએ.

❋ **વિષયવસ્તુનું વર્ણનાત્મક સ્વરૂપ :** વિષયવસ્તુનું વર્ણનાત્મક સ્વરૂપ વાચકના મનોરંજન માટે છે. તેની લેખન શૈલી કલ્પનાત્મક અને નિર્બંધ છે. તેમાં અભિવ્યક્તિને મુક્તિ અને સ્વતંત્રતા છે. કોઇ પણ વાર્તા વર્ણનાત્મક સ્વરુપનું ઉદાહરણ બની શકે.

જો કે કોઇ પોતાના સ્વાનુભવનું વર્ણન જ કથામાં કરે અથવા તો તેમાં કોઇ ઐતિહાસિક વિગતોનું પણ વર્ણન થાય તો

પણ તે વર્ણનાત્મક સ્વરૂપનું વિષયવસ્તુ બને છે. દા.ત. અકબર અને તાનસેનના જીવનનો ઉપરોક્ત પ્રસંગ સત્ય હોય, ઇતિહાસમાં તે ઘટના બની પણ હોય તો ય તેનું આ સ્વરૂપ વ્યક્તિલક્ષી કે આત્મલક્ષી છે.

તેના સ્વરૂપનાં લક્ષણોને તારવીએ તો :

* તે એક વાર્તાનું સ્વરૂપ છે.
* તેમાં પાત્રો હોય છે.
* કોઇ ચોક્કસ સમય અને સ્થળે કોઇ ઘટના બને છે.
* ઘટનાંને તેની શરૂઆત, મધ્ય અને અંત હોય છે.
* સામાન્ય રીતે કોઈ સમસ્યા સર્જાય છે.
* વાર્તાને અંતે તેનો કોઈ ઉકેલ આવે છે.
* વર્ણનાત્મક વિષયવસ્તુ સત્ય ઘટના અને કાલ્પનિક કથા રજૂ કરતી હોય છે.
* ચિત્રવાર્તાઓ, બોધ કથાઓ કે ટૂંકી વાર્તાઓ આ પ્રકારનું વિષયવસ્તુ છે.
* રજૂઆતનું કોઈ ચોક્કસ સ્વરૂપ ન હોય. ઘટનાઓનો ક્રમ આગળપાછળ પણ થઈ શકે.

* **વિષયવસ્તુના વિવરણાત્મક સ્વરૂપ :** વિષયવસ્તુના વિવરણાત્મક સ્વરૂપમાં આત્મલક્ષિતાને જરા પણ અવકાશ નથી. તેની રજૂઆત સાદી અને માહિતીપ્રધાન હોય છે. જે માહિતી અનિવાર્ય હોય તેની જ રજૂઆત કરવાનો હેતુ હોય છે. અલંકાર કે આકર્ષક રજૂઆતને અવકાશ નથી. તટસ્થતાપૂર્વક બને એટલી માહિતીનો સમાવેશ થાય તે જ હેતુ હોય છે.

વિષયવસ્તુના વિવરણાત્મક સ્વરૂપનાં લક્ષણો :

* કાઈ બાબત વિશે માહિતી આપવા માટે લખાય છે.

* તે કોઈ વિષય અંગે ચોક્કસ સમજૂતી આપે છે.
* તે લોકો, ઘટના કે કોઈ બાબા માટેની માહિતી પણ હોઈ શકે.
* વિષયવસ્તુનું આ સ્વરૂપ સત્ય હોય છે.
* તે તારીખ, સ્થળ વગેરે વિશે માહિતી આપે છે.
* વર્તમાનપત્રો, સામયિકો, શબ્દકોશો, વિશ્વકોશો, પાઠ્યપુસ્તકો આ પ્રકારનું સ્વરૂપ ધરાવે છે.

ટૂંકમાં, વિષયવસ્તુના વિવરણાત્મક અને વર્ણનાત્મક સ્વરૂપમાં લેખનશૈલીનો તફાવત છે. વર્ણનાત્મક સ્વરૂપમાં લેખકને સર્જનશીલ બનવાની તક છે, તે કથાને પોતાની મરજી પ્રમાણે ઢાળી શકે છે, જ્યારે વિવરણાત્મક સ્વરૂપ લેખકને નિર્ધારિત નિયમોને આધીન લખવાનું કહે છે. અધ્યયનમાં બંને સ્વરૂપનું આગવું મહત્ત્વ છે. બાળપણમાં રાજા-રાણી અને પરીઓની વાર્તા સાંભળીને મોટાં થયા પછી વાસ્તવિકતાઓ સમજાય એટલે આપોઆપ વિવરણ અને વર્ણન બંનેનો તાળો મળી જાય છે.

3.6 વિષયવસ્તુનું વ્યવહારલક્ષી વિરુદ્ધ પ્રતિક્ષિપ્ત સ્વરૂપ (Transactional V/s. Reflexive Texts) :

જ્યારે અરસ પરસ કોઇ બાબત કે માહિતી અંગે આપલે કરવાની થાય અને તેની એક શૃંખલા હોય તો એ વિષયવસ્તુનું સ્વરૂપ વ્યવહારલક્ષી બને છે અને જ્યારે કોઇ ઘટના કે બાબત પરત્વે વ્યક્તિ જે સંવેદનો અનુભવે તેનો વૈચારિક પડઘો પાડે તેને વિષયવસ્તુનું પ્રતિક્ષિપ્ત સ્વરૂપ કહેવાય. હવે પહેલાં ઉદાહરણો જોઇએ.

ધોરણ 7ના ગુજરાતી (પ્રથમ ભાષા) વિષયના પાઠ્યપુસ્તકમાં પૂ. ગાંધીજીની આત્મકથામાંથી 'હાઇસ્કૂલમાં' એ પ્રકરણ લેવામાં આવ્યું છે. એમાંથી એક ફકરાની નોંધ અહીં કરી છે, તેનું વાચન કરીએ.

'બીજો પ્રસંગ સાતમા ધોરણનો છે. તે વખતે દોરાબજી એદલજી ગીમી હેડમાસ્તર હતા. તે વિદ્યાર્થીપ્રિય હતા, કેમ કે તેઓ નિયમ જળવાવતા, પદ્ધતિસર કામ કરતા ને લેતા, તથા શિક્ષણ ઠીક આપતા. તેમણે ઉપલા ધોરણના વિદ્યાર્થીઓને સારુ કસરત ક્રિકેટ ફરજિયાત કર્યા હતાં. મને તેનો અણગમો હતો. ફરજ પડી તે પહેલાં તો હું કદી કસરત, ક્રિકેટ કે ફૂટબોલમાં ગયો જ નહોતો. ન જવામાં મારી શરમાળ પ્રકૃતિ પણ એક કારણ હતું. હવે હું જોઉં છું કે એ અણગમો મારી ભૂલ હતી. કસરતને શિક્ષણની સાથે સંબંધ ન હોય એવા ખોટા વિચાર તે વેળા હું ધરાવતો. પાછળથી સમજ્યો કે વ્યાયામને એટલે શારીરિક કેળવણીને માનસિકતા જેવું જ સ્થાન વિદ્યાભ્યાસમાં હોવું જોઈએ. છતાં કસરતમાં ન જવાથી મને નુકસાન ન થયું એમ મારે જણાવવું જોઈએ. તેનું કારણ એ કે, પુસ્તકોમાં ખુલ્લી હવા ખાવા ફરવા જવાની ભલામણ વાંચેલી તે મને ગમેલી, ને તેથી હાઈસ્કૂલનાં ઉપલાં ધોરણોથી જ ફરવા જવાની ટેવ મને પડી હતી. તે છેવટ લગી રહી. ફરવું એ પણ વ્યાયામ તો છે જ, તેથી મારું શરીર પ્રમાણમાં કસાયેલું બન્યું. અણગમાનું બીજું કારણ પિતાજીની સેવા કરવાની તીવ્ર ઇચ્છા હતું. નિશાળ બંધ થાય કે તરત ઘેર પહોંચી સેવામાં પડી જતો. જ્યારે કસરત ફરજિયાત થઈ ત્યારે આ સેવામાં વિઘ્ન પડયું. પિતાજીની સેવા કરવાને ખાતર કસરતની માફી મળવી જોઈએ એવી વિનંતી કરી. પણ ગીમી સાહેબ શાના માફી આપે ? એક શનિવારે નિશાળ સવારની હતી. સાંજે ચાર વાગ્યે કસરતમાં જવાનું હતું. મારી પાસે ઘડિયાળ નહોતી. આકાશમાં વાદળાં હતાં, તેથી વખતની કંઈ ખબર નહોતી. વાદળાંથી હું છેતરાયો. કસરતમાં પહોંચું ત્યાં તો બધા જતા રહ્યા હતા. બીજે દિવસે ગીમીસાહેબે હાજરી તપાસી તો હું ગેરહાજર નીકળ્યો. મને કારણ પૂછ્યું. મેં તો જે હતું તે કારણ બતાવ્યું. તેમણે તે સાચું ન માન્યું ને મારો એક આનો કે બે આના (કેટલો એ બરાબર યાદ નથી) દંડ થયો. હું ખોટો ઠર્યો ! મને અતિશય દુઃખ થયું. 'હું ખોટો નથી' એ કેમ સિદ્ધ કરું ? કશો ઉપાય ન રહ્યો. મનમાં ને મનમાં સમસમી રહ્યો. રોયો. સમજ્યો કે સાચું બોલનારે ને સાચું કરનારે ગાફેલ પણ ન રહેવું જોઈએ. આવી ગફલત મારા ભણતરના સમયમાં આ પહેલી અને છેલ્લી હતી. મને ઝાંખું સ્મરણ છે કે છેવટે હું એ દંડ માફ કરાવી શક્યો હતો. કસ[illegible]ો મુક્તિ

મેળવી જ. નિશાળમાં સમય પછી પોતે મારી હાજરી પોતાની સેવાને અર્થે ઇચ્છે છે એવો પિતાશ્રીનો કાગળ હેડમાસ્તરને મળવાથી મુક્તિ મળી. વ્યાયામને બદલે ફરવાનું રાખ્યું તેથી શરીરને વ્યાયામ ન કરાવ્યાની ભૂલને સારુ કદાચ મારે સજા નથી ભોગવવી પડી; પણ બીજી એક ભૂલની સજા હું આજ લગી ભોગવી રહ્યો છું. ભણતરમાં અક્ષર સારા લખવાની જરૂર નથી, એવો ખોટો ખ્યાલ મારામાં કયાંથી આવ્યો એ હું જાણતો નથી.'

આ ફકરામાં જે સજા થઈ તે માટે ગાંધીજીને જે જે લાગણીઓ થઈ તેનું વર્ણન એક પ્રતિભાવના સ્વરૂપમાં આપણને જોવા મળે છે. તેનાં કારણો, તે પછી એમાં મળેલી મુક્તિ બધાં વિશે એમને જે જે સંવેદનાઓ જન્મી તેનું સુંદર વર્ણન કર્યું છે, અને આપણી નજર સામે જાણે આ ઘટના અત્યારે જ બનતી હોય એવું લાગે.

હવે વિષયવસ્તુના વ્યવહારલક્ષી સ્વરૂપનું એક ઉદાહરણ જોઈએ. સરકારશ્રીએ બાળકોને પ્રાથમિક શાળામાં પ્રવેશ આપવા અંગે જે પરિપત્ર કર્યો હતો તેનું વાચન કરીએ.

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/2013/ક/1407-1469
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
ડૉ. જી.મ.ભવન, બ્લોક નં. 12/1,
ગુ.રા. ગાંધીનગર તા. 08/03/2013

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ (તમામ)
શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ, (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા (તમામ)

વિષય : પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વયમર્યાદા
સંદર્ભ : શિ.વિ.ના પત્રક્રમાંક : પીઆરઈ/122013/79519/ક તા. 1/3/2013

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, ગુજરાત બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણના અધિકારના નિયમ 2012માં પ્રાથમિક શાળામાં ધોરણ-1માં પ્રવેશ આપવા બાબતે નિયમ 3 (1)માં જોગવાઈ થયેલ છે.

ગુજરાત આર.ટી.ઈ.રૂલ્સ 2012ના 3 (1)ના નિયમ મુજબ જૂન 2013થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી પ્રવેશ આપવાનો રહેશે. નિયમમાં જણાવ્યા મુજબ 1લી જૂન 2013ના રોજ જે બાળકે 5 (પાંચ) વર્ષ પૂરા કર્યા હોય તેને જ પ્રવેશ આપવાનો રહેશે.

વધુમાં જણાવવાનું કે જૂન-2013થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે પ્રવેશ પાત્ર બાળકોનો સર્વે 30 મી એપ્રિલ સુધી પૂર્ણ કરવાનો રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક

ગુ.રા.ગાંધીનગર

નકલ સવિનય રવાના:

1. સ્ટેટ પ્રોજેકટ ડાયરેક્ટરશ્રી, સર્વ શિક્ષા અભિયાન, સેક્ટર-17, ગાંધીનગર તરફ જાણ સારું

http://www.rijadeja.com/for-teachers/gujarat-education-department-all-paripatra/109_school_age_limit.jpg (વાંચ્યાં તારીખ 17-02-16)

હવે તરત ફરક જણાશે કે પરિપત્રની ભાષાને તેનો કોઇ પૂર્વ સંદર્ભ હોય છે, અગાઉ બનેલી ઘટના કે બાબતનું અનુસંધાન સાધીને પછી વાત કરાય છે. હવે બંનેના અર્થને સમજીએ.

* **વિષયવસ્તુનું પ્રતિક્ષિપ્ત સ્વરૂપ :** પ્રતિક્ષિપ્ત લેખનમાં લેખક કોઇ વાસ્તવિક ઘટના, કે કાલ્પનિક વિચાર, મનમાંથી પસાર થતો કોઇ વિચાર, સ્મૃતિ, કોઇ દ્રશ્ય કે અન્ય કોઇ પણ બાબત અંગે પોતાની અંગત લાગણીઓ, વિચાર કે સંવેદનાને રજૂ કરે છે. તે મનમાં એવી પૃચ્છા કર્યા કરતો હોય છે કે એ ઘટના બની હતી ત્યારે મને શી લાગણી થઇ હતી, એ ઘટના થકી મારામાં શું પરિવર્તન આવ્યું, હું એ વખતે અલગ શું કરી શક્યો હોત, વગેરે વગેરે

અહીં માત્ર વર્ણન કરવાનો ઇરાદો નથી, પણ લેખક એ ઘટનાને ફરીફરીને ચકાસે છે, ફરી એ ઘટનાને પોતાની સ્મૃતિમાં તાજી કરે છે, એ લાગણીઓ ઉપર પોતાની પ્રતિક્રિયા આપે છે, અને એમાંથી પુનઃ શીખવાનો પ્રયાસ કરે છે. ઉપરાંત પોતાનામાં થયેલા રૂપાંતરણને એ ઘટના સાથે સાંકળે છે. આ બધી જ બાબતો આપણે ગાંધીજીના એક જ પ્રસંગના લેખનમાં અનુભવી શકીએ છીએ.

શિક્ષક, નર્સ, ડોક્ટર્સ, સામાજિક કાર્યકરો વગેરેના વ્યાવસાયિક જીવનમાં આ પ્રકારના લેખનનું ખૂબ મહત્ત્વ છે. આત્મકથાની જેમ રોજનીશીના સ્વરૂપમાં થતું લેખન પ્રતિક્ષિપ્ત સ્વરૂપનું કહી શકાય. આવા પ્રકારના લેખનથી વ્યક્તિનો વિકાસ થાય છે. આવા પ્રકારના લેખનને વાંચવા સાંભળવાથી વિદ્યાર્થીઓ પણ તેના પર ચિંતન કરતાં થાય છે.

* **વિષયવસ્તુનું વ્યવહારલક્ષી સ્વરૂપ :** વ્યવહારલક્ષી લેખનનું સ્વરૂપ એ પ્રત્યાયનની શૃંખલાના ભાગ સ્વરૂપે થતું, અને માહિતીની આપ-લે કરવા માટે થતું લેખન છે. સામાન્ય રીતે આ પ્રકારનું લેખન પત્રો, ઇ-મેઇલ કે પરિપત્રોના સ્વરૂપમાં હોય છે. ઉપરાંત કોઇ નોકરી માટે કરાતી અરજી તેમજ કોઇ કાર્ય માટે પ્રસ્તુત કરાતા પ્રસ્તાવો (Proposals)માં આ પ્રકારનું લેખન થતું હોય છે.

સામાન્ય રીતે તેનું લખાણ ટૂંકું હોય છે. આ પ્રકારના લેખનમાં પહેલાં તેનું માનસિક આયોજન થવું જોઈએ, પછી જ તેને લેખિત સ્વરૂપ આપવું જોઈએ. શરૂઆંતના ફકરામાં જેને ઉદ્દેશીને લખાયું હોય તેને ટૂંકમાં અગાઉની બાબત વિશે ભૂમિકાના સ્વરૂપમાં જણાવવામાં આવે છે. આ પ્રકારના પત્રો સામાન્ય રીતે બે ફકરામાં લખાઈ જતા હોય છે. એક વિષયની પૂર્વભૂમિકા બાંધવા માટે અને બીજા ફકરામાં તે બાબતની વિગતો દર્શાવવા માટે. આ પ્રકારના લેખનનો અંત એકદમ ઔપચારિક હોય છે.

અહીં સ્વાભાવિક રીતે જ અંગત લાગણીઓને સ્થાન નથી, વસ્તુલક્ષિતા તેનું પ્રાથમિક લક્ષણ છે.

આ પ્રકારનું લેખન કામ કરાવવા માટે, લોકો સુધી કેટલીક માહિતી પહોંચાડવા માટે, તેઓને કશુંક સમજાવવા માટે થતું હોય છે. ઉદ્યોગો, સરકારી કચેરીઓ, શાળા-મહાશાળાઓમાં આ પ્રકારના લેખનની જરૂરિયાત ઊભી થતી જ હોય છે, જેનો વહીવટી કાર્યમાં વિશેષ ઉપયોગ થાય છે.

ઉદાહરણો જોઈએ તો, વહીવટીપત્રો, મેમો, નોટિસ, સુપરત કરવાના કાર્યોના અહેવાલો, અન્ય સંસ્થાઓ સાથેના પત્રવ્યવહારો, વિવિધ કાર્યોનાં આયોજનો વગેરે.

3.7 ઉપસંહાર :

પ્રસ્તુત પ્રકરણમાં વાચન વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ કરવાનો પ્રયાસ કર્યો. વિષયવસ્તુના માળખાં અને સ્વરૂપ વિશે સમજ્યા. દરેક સ્વરૂપની પોતાની આગવી વિશેષતાઓ છે અને મહત્ત્વ પણ. શિક્ષક તરીકે આ સર્વ પ્રકારના સ્વરૂપો પર લેખન કરવાનું બને જ છે. એટલે વાચન કૌશલ્ય પણ વિકસાવવું પડે અને લેખન કૌશલ્ય પણ. વાચન વિશે આટલું જાણ્યા બાદ કહી શકાય કે વાચન એક વૈજ્ઞાનિક કળા છે, એને કેળવી શકાય છે અને એનો વિકાસ સાધી શકાય છે, વાચનની ગતિ ઝડપી બનાવી શકાય છે, અને સ્વવિકાસ અર્થે અગ્રેસર બની શકાય છે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) વાચન એટલે શું ? વાચનનો અર્થ આપી વાચન કૌશલ્યનું મહત્ત્વ સમજાવો.

(2) વાચનના વિવિધ પ્રકારોની સવિસ્તર ચર્ચા કરો.

3) વાચન કૌશલ્યની વિવિધ પ્રયુક્તિઓ સમજાવો.

(4) વિષયવસ્તુનું માળખું એટલે શું ? વિષયવસ્તુના માળખામાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવે છે ?

(5) વિષયવસ્તુના પાઠ્યપુસ્તકોના મૂલ્યાંકનં વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

(6) વિષયવસ્તુનું વર્ણનાત્મક સ્વરૂપ એટલે શું ? તેનાં વિવિધ લક્ષણો જણાવો.

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) વિષયવસ્તુનાં વ્યવહારલક્ષી સ્વરૂપનાં લક્ષણો જણાવો.

(2) વિષયવસ્તુનું પ્રતિક્ષિપ્ત સ્વરૂપ એટલે શું ? સમજાવો.

(3) વિષયવસ્તુનું વિવરણાત્મક સ્વરૂપ સમજાવો.

☆

પ્રકરણ 4

લેખન

મુદ્દાઓ :

4.1	પ્રસ્તાવના
4.2	અર્થ અને પ્રકારો
4.3	બાળકોના ખ્યાલો સમજવાના હેતુસર તેઓના લેખનકાર્યનું વિશ્લેષણ
4.4	હેતુની સમજ સાથે લેખન - અધ્યયન-માટે સમજ કેળવવા માટે લેખન
4.5	નોંધ અને શૈલીની સંકલ્પના (નોંધ બનાવે, સારાંશ લખે, વાંચન - લેખન જોડાણ બનાવવા, લેખનની પ્રક્રિયા)
4.6	ઉપસંહાર
) ※	સ્વાધ્યાય

4.1 પ્રસ્તાવના :

લખતાં આવડવું એ માણસ જાતની એક વિશિષ્ટ સિધ્ધિ ગણાઈ છે. લેખનનો સીધો ફાયદો એ છે કે જે કહેવું છે તેને બદલાઈ પણ જાય. જ્ઞાનને મૌખિક સ્વરૂપમાં એમને એમ ટકાવવું સહેલું નથી. યાદશક્તિ પર અવલંબન રહે છે. યાદ રાખનાર વ્યક્તિ એમાં સુધારા-વધારા પણ કરતી હોય. એટલે એની વિશ્વસનીયતા સ્વાભાવિક રીતે જ ઓછી થઈ જાય. લખેલી બાબતો વધુ વિશ્વસનીય બનવા માંડી. એને કાળની મર્યાદાઓ નડતી બંધ થઈ. આવા લખાણો સદીઓ સુધી ટક્યા અને જૂના જમાનામાં રાજાઓએ પથ્થર પર કોતરાવેલા સંદેશાઓ આજે સદીઓ બાદ પણ આપણે વાંચી શકીએ છીએ.

શિક્ષણમાં વિશેષ કરીને વિદ્યાર્થીની ગુણવત્તાનું મૂલ્યાંકન લેખિત સ્વરૂપમાં કરાય છે. લેખિત પરીક્ષા જ મૂલ્યાંકનનો મહત્ત્વનો આધાર છે. જાહેર પરીક્ષાનું સ્વરૂપ પણ મહદ્ અંશે તો લેખિત સ્વરૂપમાં જ છે. એટલે જીવન વ્યવહારમાં ભલે શ્રવણ અને કથનનો વધુ મહાવરો કે અનુભવ થતો હોય પણ જ્યાં અભ્યાસ અને તેના મૂલ્યાંકનની બાબત ઊભી થાય છે ત્યાં લેખન કૌશલ્ય જ મુખ્ય આધારસ્તંભ બની રહે છે. આ દૃષ્ટિએ લેખન એટલે શું, તેના વિવિધ સ્વરૂપો અને લેખન કાર્યનું વિશ્લેષણ, તેની શૈલી વગેરે વિશે વિસ્તારથી સમજવાનો પ્રયાસ કરીશું.

4.2 અર્થ અને પ્રકારો :

સાદી ભાષામાં કહીએ તો, આપણે જે બોલીએ છીએ તે વાણીને લિપિ દ્વારા લખવું એટલે લેખન. બોલીએ છીએ તે ધ્વનિસંકેતો છે. અને ક,ખ,ગ,ઘ વગેરે મૂળાક્ષરો અને સ્વરો એ વાચિક સંકેતો છે. જેમ વિવિધ ભાષાઓ છે તેમ એ બધી ભાષાઓની લિપિ એટલે કે વાચિક સંકેતો પણ અલગ છે.

* ભાષાના ધ્વનિ સંકેતોને ભાષાના દ્રશ્ય માધ્યમ દ્વારા ભાષકના વિચારો અને લાગણીઓની અભિવ્યક્તિ એટલે લેખન.
* જ્યારે વ્યક્તિ પોતાના વિચારો, લાગણીઓ, ઇચ્છા, જરૂરિયાત, અનુભવો વગેરેને વાચિક સંકેતો દ્વારા પ્રગટ કરે તેને લેખન કહે છે.

આ પણ મનોશારીરિક પ્રક્રિયા છે. જ્યારે આપણે આપણા વિચારો અને સંવેદનાઓને આંગળીઓ દ્વારા લખીને રજૂ કરીએ છીએ ત્યારે વાચક સુધી એ સંદેશો પહોંચાડવાનો છે તે હેતુ મનમાં હોય છે, પછી તે પત્ર હોય, એસ.એમ.એસ હોય, ઇ-મેઇલ હોય કે કોઇ કવિતા કે ટૂંકીવાર્તાનું સર્જન હોય.

લેખન કૌશલ્યના પ્રકારો : લેખન કૌશલ્યના પ્રકારો એટલે લેખિત અભિવ્યક્તિનાં વિવિધ સ્વરૂપો. લેખિત સ્વરૂપ નિબંધ છે કે વાર્તા, તેને આધારે તેની રજૂઆત બદલાય છે. અભ્યાસક્રમ અનુસાર ચોક્કસ પ્રકારનું લખાણ વિદ્યાર્થીને લખતાં આવડે એ અપેક્ષિત છે. સામાન્ય રીતે નીચેનાં લેખિત સ્વરૂપોનો શાળા કક્ષાએ સમાવેશ થતો હોય છે.

* પરિચ્છેદ સંરચના	* અનુવાદ
* નિબંધ	* મંતવ્ય
* આત્મકથા	* ચર્ચાપત્ર
* રસદર્શન	* અહેવાલ લેખન
* અનુલેખન, શ્રુતલેખન, શીઘ્રલેખન	* સંક્ષેપીકરણ
	* સંવાદલેખન
* વાર્તાલેખન	* વિચારવિસ્તાર
* ગદ્ય-પદ્ય સમીક્ષા	* પત્રલેખન

લેખન કાર્યથી લેખકના વિચારોનો ફેલાવો કરી શકાય, માહિતીનો સંગ્રહ થાય, જ્ઞાનની સાચવણી થઇ શકે, ટકાઉ, જાહેર અને અધિકૃત ભાષા વ્યવહાર થઇ શકે, વહીવટી સરળતા બની રહે અને દસ્તાવેજનું નિર્માણ કરી શકાય. લેખન સામગ્રી દૈનિક અને સામાજિક વ્યવહારમાં ખૂબ ઉપયોગી બની ગઈ છે. વ્યાવસાયિક વિકાસમાં તો તેનું આગવું મહત્ત્વ રહેલું જ છે, પણ વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન વિવિધ કક્ષાએ લેવાતી પરીક્ષાઓ, જર્નલ્સ્, નિબંધલેખન, પ્રયોગપોથી, નકશાપૂર્તિ અને સ્વાધ્યાય સોંપણી વખતે પણ આ કૌશલ્યનું એટલું જ મહત્ત્વ છે.

લેખન કૌશલ્યના વિકાસમાં કક્કો અને બારાક્ષરીનું જ્ઞાન, સુરેખ-હસ્તાક્ષર, હાંસિયો, પરિચ્છેદની રચના, વાક્યોનું બંધારણ અને ભાષાશૈલી અગત્યના આધારસ્તંભો છે. જેમ અન્ય કૌશલ્યોના વિકાસમાં કેટલીક બાબતોનું ધ્યાન રાખવાનું છે તેમ લેખન કૌશલ્ય પણ આવડત માંગી લે છે. ઘણી વખત એવું પણ જોવા મળે છે કે જે સરસ બોલી શકે છે, તે સરસ લખી શકતા નથી, અને જે સરસ લખી શકે છે, તે પ્રભાવશાળી બોલી શકતા નથી. એટલે જ કેટલીક વખત ઉત્તમ કવિ પણ અસરકારક નહીં બોલી શકવાને કારણે કવિસંમેલનમાં કંટાળો આપી શકે અને કોઇ અદ્ભુત વક્તા નબળી કવિતાને પણ એટલી સરસ રીતે રજૂ કરે કે શ્રોતાગણમાં વાહ વાહ થઈ જાય. બંને કૌશલ્યોમાં પ્રભુત્વ હોય તો સોનામાં સુગંધ ભળી જાય.

4.3 બાળકોના ખ્યાલો સમજવાના હેતુસર તેઓના લેખનકાર્યનું વિશ્લેષણ :

વિદ્યાર્થીના લેખનનું મૂલ્યાંકન કરીએ છીએ તે દ્વારા આપણે વિદ્યાર્થીની અભિવ્યક્ત થયેલી તર્કબધ્ધ વિચારશક્તિ અને વિશ્લેષણાત્મક શક્તિનું આકલન કરીએ છીએ. તે દ્વારા તે સંકુલ વિચારોને કેવી રીતે વાક્યોમાં રચે છે, કેવી રીતે દલીલો કરે છે, અને ચર્ચાને કેવી રીતે આગળ ધપાવે છે, તેનો ક્યાસ કાઢવાનો પ્રયાસ કરીએ છીએ. તેનાથી બાળક સમજની કઇ કક્ષાએ છે, તેનો ખ્યાલ મેળવી શકાય છે. ઘણીવાર આપણા અનુભવમાં આવ્યું હોય છે કે વર્ગખંડમાં પ્રશ્નોત્તરી દરમ્યાન કેટલાક બહિર્મુખી વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર આપતાં હોય અને તેઓ વિશે આપણા મનમાં કોઈ ખ્યાલ બંધાતો હોય, પણ જે વિદ્યાર્થીઓ બોલતા નથી, તેઓની સમજ વિશે આપણે કોઇ ખ્યાલ બાંધી શકતા નથી, અને ઘણી વખત તો એવું પણ જોવા મળે છે કે જે વિદ્યાર્થી વર્ગમાં બોલતો જ ન હોય તે પરીક્ષામાં બહુ ઊંચી ટકાવારી સાથે પરિણામ લાવે. એટલે અભ્યાસમાં તેની પ્રગતિના માપનનો આધાર માત્ર કથન અભિવ્યક્તિ દ્વારા જ ન મેળવી શકાય. કદાચ લેખન કાર્યનું વિશ્લેષણ તે વિદ્યાર્થી પ્રત્યેની આપણી માનસિકતાને બદલી પણ નાંખે.

મૂલ્યાંકનની આ પ્રક્રિયા વર્ષ દરમ્યાન ચાલતી જ હોય છે, જેમાં સામાન્ય રીતે નીચેનાં લેખન સ્વરૂપોનો સમાવેશ થાય છે.

* નિબંધલેખન
* જર્નલસ્
* સ્વાધ્યાય
* અહેવાલો
* પાઠ આયોજન
* પરીક્ષા

સામાન્ય રીતે આ કાર્ય જે ગંભીરતાથી થવું જોઇએ તે રીતે નથી થતું. વિદ્યાર્થીની અર્થગ્રહણ ક્ષમતાનો ખ્યાલ મેળવીને તેને વધુ વિકાસ તરફ જતો કરવાનો

છે. બી.એડ્.માં પાઠ આયોજન તપાસતી વખતે વિદ્યાર્થીની તર્કશક્તિ અને એકમનું ગ્રહણ કઇ કક્ષાએ થયું છે, તેનું આકલન કરી શકાય છે.

* **લેખનકાર્ય વિશ્લેષણના આધારસ્તંભો :** લેખનકાર્યનું વિશ્લેષણ કરતી વખતે મૂળે તો વાચન જ થતું હોય છે, પણ આ વાચન ખૂબ ઝડપથી કરાતું હોય છે. શિક્ષકનું વાચન દૃષ્ટિકલક વિશાળ હોય છે અને તેઓ ઝડપથી વિદ્યાર્થીના લેખન કાર્યનું આકલન કરી શકતા હોય છે. આ આકલનકાર્ય કરતી વખતે વિચારો ખૂબ ઝડપથી તેને વિવિધ ઘટકોને ધ્યાનમાં રાખીને તે કેટલું સારી રીતે લખાયું છે, તેનું મૂલ્યાંકન કરી શકે છે. બની શકે તો એક-બે વખત વિદ્યાર્થીની હાજરીમાં જ જો તેના લેખન કાર્યનું મૂલ્યાંકન કરવામાં આવે તો તેને તેની ભૂલો પ્રત્યે તરત જ માર્ગદર્શન આપી શકાય. જો એમ થાય તો વિદ્યાર્થીને કેવી રીતે લખવું જોઈએ, તેનો સ્પષ્ટ ખ્યાલ વિકસાવી શકાય છે. વાસ્તવમાં તો લેખન કૌશલ્ય વિકાસ કરવાના વિશેષ તાસોનું આયોજન થવું જોઈએ, પણ આમ બનતું નથી તે પ્રવર્તમાન શિક્ષણ વ્યવસ્થાની મોટી મર્યાદા છે.

  લેખનકાર્યના વિશ્લેષણમાં નીચેના આધારસ્તંભોનો સમાવેશ કરી શકાય.

સારણી - 1 લેખનકાર્યના વિશ્લેષણના આધારસ્તંભો

ક્રમ	આધારસ્તંભ	રીતિ / વિધિ
(1)	વિષયવસ્તુનું માળખું	જે હેતુસર સમગ્ર લેખનકાર્ય કરવાનું હતું તેનું સમગ્ર માળખું ઉચિત છે કે કેમ ? દા.ત. નિબંધ, પ્રયોગ, વાર્તા વગેરે
(2)	વાક્યરચના અને વ્યાકરણ	સાદી, સંયુક્ત કે સંકુલ વાક્યરચનાનો ઉપયોગ કેવી રીતે કર્યો છે ? તેમાં વ્યાકરણના નિયમોનું અનુસરણ થયું છે ?

(3)	શબ્દભંડોળ	શબ્દપસંદગી, વિષયને સંબંધિત શબ્દો, પારિભાષિક શબ્દોનો ઉપયોગ,
(4)	જોડણી	શબ્દોમાં માન્ય જોડણીનો ઉપયોગ અને ચોકસાઈ
(5)	વિરામચિહ્નો	ભાવને અનુરૂપ ઉચિત વિરામચિહ્નોનો ઉપયોગ થયો છે ?
(6)	સુવાચ્ય અક્ષરો	લખાણ સુવાચ્ય છે કે કેમ ? મરોડયુક્ત લખાણ, અક્ષરોના કદનું પ્રમાણ વગેરે
(7)	રજૂઆત	સમગ્ર લખાણનું કદ, પ્રવાહિતા, ફકરાનું સંયોજન, સમગ્ર પાન પર ઊભી થતી છાપ

ઉત્તરવહીઓ ચકાસતી વખતે પરીક્ષકની જે માનસિક હાલત થાય છે તે સમજી શકાય તેવી છે. એનું કારણ કદાચ એ છે કે આપણી અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં વાચન અને લેખન કૌશલ્યના વિકાસ તરફ જેટલું ધ્યાન અપાવવું જોઈએ તે નથી અપાતું. માટે જ શિક્ષક વિદ્યાર્થીઓને વાચન અને લેખનની સાથે તેને લેખનના હેતુની પણ સમજ આપે તે અપેક્ષિત છે. આના અનુસંધાનમાં આપણે આગળના મુદ્દાની ચર્ચા કરીએ.

4.4 હેતુની સમજ સાથે લેખન - અધ્યયન માટે અને સમજ કેળવવા માટે લેખન :

કશું જ એકાએક લખાતું નથી. જે માટે લેખન કરવાનું છે તેનો ચોક્કસ ઉદ્દેશ હોય છે, તે ઉદ્દેશ સમજાય તો લેખન કરવાની પ્રક્રિયા સરળ બની જાય છે. મુક્ત અને નિબંધ લખાણ કરવાનું હોય જેમ કે કાવ્ય લેખન કરવાનું હોય તો હેતુ બદલાઈ જાય છે. નિબંધલેખન, પરીક્ષામાં પ્રશ્નનો જવાબ નિશ્ચિત શબ્દોની સંખ્યામાં લખવાનો હોય તો વિચારની પ્રક્રિયા બદલાઈ જાય અને લખવાની શૈલી પણ બદલાઈ જાય. વિદ્યાર્થીઓને તમામ હેતુઓ સાથેનું લેખન કરતાં શીખવવાનું છે, કેમ કે આજના સમયમાં વિદ્યાર્થી પરીક્ષામાં કેટલા ટકા લાવ્યો તેના પર તેની

ગુણવત્તાનું મૂલ્યાંકન થાય છે. એટલે ઘણીવાર કોઈ સર્જનશીલ કે હોશિયાર વિદ્યાર્થી લેખનશૈલી ન જાણતો હોય તો પરિણામમાં ઓછા ટકા આવે તેવું પણ બનતું હોય છે.

લેખનકાર્ય વિશ્લેષણના આધારસ્તંભોની વિદ્યાર્થીઓને સ્પષ્ટ સમજ અપાવવી જોઈએ. જે જે સ્વરૂપોમાં લેખન કાર્ય કરવાનું છે તેનું સ્વરૂપ કેવું હોવું જોઈએ, તેનો હેતુ વિદ્યાર્થીના સ્પષ્ટ હોય તો જ તે સારી રીતે લખી શકે. પત્ર લેખન કરવાનું હોય તો તેનો હેતુ અલગ હોય, રસદર્શન કરવાનું હોય તો તેની રજૂઆત અલગ હોય, પ્રયોગ લખવાનો હોય તો તે શૈલી અલગ પડી જાય. આ બધા જ સ્વરૂપો હેતુની એક સ્પષ્ટસમજ માંગી લે છે. જો કે વિદ્યાર્થીઓમાં આવી સ્પષ્ટ સમજ બહુ ઓછી જોવા મળે છે, એટલે જ શિક્ષકે લેખન કરાવવા પર વિશેષ ધ્યાન આપવાની જરૂર છે. આ સંદર્ભમાં વિદ્યાર્થી જ્યારે વાચન કરતો હોય ત્યારે લેખન કૌશલ્યને તેની સાથે કેવી રીતે સાંકળી શકાય તે શીખવવું જોઈએ. બહુ ઓછા વિદ્યાર્થીઓ આ બંને કૌશલ્યોનો સાથે સાથે સમન્વય કરતા હોય છે. પરીક્ષાના માર્ગદર્શન આપતી વખતે એવી સલાહ અવારનવાર મળતી હોય છે કે લખીને તૈયારી કરવી જોઈએ. પણ વાચન અને લેખનને સાથે સાંકળીને જ શરૂઆતથી અભ્યાસ કરવાની ટેવ વિકસાવવી જોઈએ તે દિશામાં ભાગ્યે જ સાચું માર્ગદર્શન મળતું હોય છે. અહીં વાચનની સાથે લેખનને સાંકળીને અસરકારક અધ્યયનની ટેવ કેવી રીતે વિકસાવી શકાય તે અંગે શિક્ષણશાસ્ત્રીઓએ કેટલીક પ્રયુક્તિઓ વિકસાવી છે તે વિશે માત્ર સમજીએ જ નહીં, પણ તેનો અમલ પણ કરીએ.

4.5 નોંધ અને શૈલીની સંકલ્પના (નોંધ બનાવે, સારાંશ લખે, વાંચન-લેખન જોડાણ બનાવવા, પ્રક્રિયા લેખન) :

નિરંતર વાચનની સાથે લેખનની ટેવ બંને કૌશલ્યોનું પરિમાર્જન કર્યા કરે છે. વિદ્યાર્થી તરીકે વાચકે અને પરીક્ષાર્થી તરીકે નીચેની કેટલીક પ્રયુક્તિઓ વધુ સઘન અભ્યાસ માટે પ્રયોજવી જોઈએ. અભ્યાસક્રમ આધારિત નીચેના મુદ્દાઓને વિસ્તારથી સમજીએ.

* નોંધ બનાવે
* સારાંશ લખે
* વાંચન-લેખન જોડાણ બનાવવા

નોંધ બનાવે : વાચનની સાથે સાથે નોંધ બનાવવાની ટેવ વાચન પ્રક્રિયાને વધુ સઘન, સ્પષ્ટ, અને લાંબાં ગાળાની સ્મૃતિ માટે ફાયદાકારક બનાવે છે. નોંધ કરવા માટે નીચેનાં સૂચનો ધ્યાનમાં લેવા જેવાં છે.

(1) ફકરાનું બેથી ત્રણ વાર વાચન કરો અને એનો મુખ્ય વિચાર પ્રાપ્ત કરો.

(2) મુખ્ય મુદ્દાઓની નીચે લીટી દોરો.

(3) બિનજરૂરી શબ્દોને છોડી દો.

(4) લાંબા વાક્યોનું વિભાજન કરી તેને ટૂંકા બનાવો.

(5) એક અલગ કાગળ પર તેની ટૂંકી નોંધ બનાવો.

(6) ફકરાને એક અલગ શીર્ષક આપો.

(7) આવી નોંધ લગભગ બે વિભાગમાં બનાવો.

વાચન વખતે નોંધ કરવાની ટેવ સ્મૃતિના વિકાસ માટે પણ ખૂબ ઉપયોગી છે. નોંધ કરવાની તમે તમારી પોતાની રીત પણ વિકસાવી શકો. અહીં એક નમૂનારૂપ રજૂઆત મૂકી છે, તેનો ઉપયોગ કરવાથી વાચનના વિકાસમાં ખૂબ મદદ મળે છે.

સારણી - 1 વાચનની નોંધ કરવા માટેનું કાર્ય પત્રક

* પ્રકરણનું નામ * પાન નંબર	* નોંધ * માહિતીમાંથી તારવેલી એકદમ અગત્યની નોંધ * સૂત્રાત્મક વાક્યો	* વાચકની પોતાની પ્રતિક્રિયા અથવા મંતવ્ય

પાઠ્યપુસ્તકનાં પ્રકરણો વાંચતી વખતે જે-તે પ્રકરણની આવી નોંધ બનાવી દીધી હોય અને પછી તેને અવારનવાર વાંચીએ તો પરીક્ષા સમયે ફરી પાઠ્યપુસ્તક વાંચવાની જરૂરત ન રહે. જો નોંધ કરવાની સૂઝ વિકસી જાય તો 100 પાનાનું પાઠ્યપુસ્તક હોય તો તેની આવી નોંધ લગભગ 10 પાનાની થાય. હવે વિચારો કે, એક આખું પાઠ્યપુસ્તક 10 પાનામાં તમે તમારી જાતે સંગૃહિત કરી લીધું. માત્ર જરૂરી મુદ્દા તમારી નજર સામે રહ્યા. વળી એ પરથી તમારે આગળ લખવાનું હોય તો નાના મુદ્દાને તમે વિસ્તારથી લખો એટલે લેખનકૌશલ્યનો પણ સાથે સાથે વિકાસ થાય. બીજું જે નોંધ તમે કરો તે તમારી ભાષામાં સમજીને કરો એટલે તે હંમેશ માટે તમને યાદ રહે. ત્રીજી હારમાં તમને એ વખતે કોઇ સંદર્ભ સૂઝ્યો હોય અથવા કોઇ વાત યાદ આવી હોય અથવા કોઈ પ્રશ્ન થયો હોય તો તે લખી શકાય. પાન નંબર અને પ્રકરણ એટલા માટે લખવાના કે ફરીથી એ માહિતી ચકાસવી હોય તો તે તરત મળી જાય. નોંધ કરવામાં તમે ટૂંકાક્ષરી ચિહ્નોનો પણ ઉપયોગ કરી શકો. જેમ કે, ઉદા. (ઉદાહરણ), વ્યા. (વ્યાકરણ), નં. (નંબર), સા.વિ. (સામાજિક વિજ્ઞાન), વગેરે વગેરે. આવાં ચિહ્નો તમે પોતે તમારા માટે વિકસાવી પણ શકો.

દા.ત. ધોરણ 8ના પાઠ્યપુસ્તકમાંથી નીચેના વિષયવસ્તુની નોંધ કરવી હોય તો આ પ્રમાણે કરી શકાય. તમે તમારા અર્થબોધની સરળતા ખાતર તેમાં ફેરફાર કરી શકો. કેમ કે, આ વ્યક્તિગત હેતુ માટે કરાતી નોંધ છે.

* **વૈશ્વિકીકરણની અસરો :**
  * માહિતી ટેક્નોલોજીને કારણે સેવાક્ષેત્રમાં રોજગારીની નવી તકો ઊભી થઈ.
  * ફોન, ફેક્સ, મોબાઇલ, ઈ-મેઇલ, ઇન્ટરનેટ, વીડિયો, કોન્ફરન્સ જેવાં સાધનોથી માહિતી ઓછા ખર્ચે અને ઝડપથી પ્રાપ્ત થતા દેશના આર્થિક વિકાસની ગતિ વધી.

* બહુરાષ્ટ્રીય કંપનીઓ યજમાન દેશોની કંપનીઓ સાથે સંયુક્ત સાહસ કરવા લાગી જેનો ફાયદો યજમાન દેશને થયો. જેમ કે ભારતમાં વિદેશી ફોર્ડ મોટર્સ કંપની કારના યંત્રોનું ઉત્પાદન કરે છે. તે કેવળ ભારત માટે જ કારોનું નિર્માણ કર છે એવું નથી, પરંતુ વિશ્વના અન્ય દેશો માટે પણ કારનાં યંત્રોનું ઉત્પાદન કરે છે. જેનો લાભ યજમાન દેશ ભારતને મળે છે. એ જ રીતે ભારતની મોટી કંપનીઓએ પણ વિશ્વસ્તરનાં બજારોમાં પોતાનું સ્થાન જમાવ્યું છે. જેમ કે, ટાટા મોટર્સ, ઇન્ફોસિસ, એશિયન પેઇન્ટ્સ, પાર્લે વગેરે કંપનીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પોતાનું વેચાણ કરે છે.

* તીવ્ર સ્પર્ધાથી માલસામાનની ગુણવત્તા જળવાતાં ઓછી કિંમતે વધુ સારો માલસામાન ગ્રાહકોને મળવા લાગ્યો. જેમ કે, ભારતનાં બજારમાં ચીને પોતાનાં રમકડાં મૂક્યાં છે. ઓછી કિંમત અને નવીન ડિઝાઇનોને કારણે ચીની રમકડાં ભારતીય બજારોમાં વધારે લોકપ્રિય છે. એક જ વર્ષમાં 70% થી 80% દુકાનોમાં ભારતીય રમકડાંનું સ્થાન ચીની રમકડાંએ લઈ લીધું છે. હવે ભારતનાં બજારોમાં રમકડાં પહેલાંની તુલનામાં સસ્તાં છે. આ શું થઈ રહ્યું છે ? વિશ્વવેપારના કારણે ચીની રમકડાં ભારતના બજારોમાં આવ્યાં. ભારતીય અને ચીની રમકડાંની પ્રતિસ્પર્ધામાં ચીની રમકડાં વધારે સારાં સાબિત થયાં છે. ચીની રમકડાંને કારણે ભારતીય રમકડાંના ઉત્પાદકો અને ઉદ્યોગપતિઓને નુકસાન થાય છે. આ પ્રકારનો વારંવાર વિશ્વવ્યાપારને કારણે લઘુઉદ્યોગને નુકસાન થાય છે.

સારણી - 2 વાચનની નોંધ કરવા માટેના કાર્યપત્રકનું ઉદાહરણ

પ્રકરણનું નામ	મુખ્ય મુદ્દા	તમારી પોતાની પ્રતિક્રિયા અથવા મંતવ્ય
* આપણી અર્થવ્યવસ્થા * પાન નંબર 75	* વૈશ્વીકરણની અસરો * રોજગારીની તકો * આર્થિક વિકાસની ગતિ * બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથે સંયુક્ત સાહસો * તીવ્ર સ્પર્ધા-સસ્તા ભાવે ગુણવત્તાયુક્ત સામાન * લઘુ ઉદ્યોગને નુકસાન	* ભારત સસ્તા ભાવે રમકડાં કેમ નથી બનાવી શકતું ? * બીજા દેશની બનાવટની વસ્તુઓ ખરીદીએ તો ભારત દેશને નુકસાન થાય ?

નોંધ કરવાની આ રીત ખૂબ અસરકારક છે, અને પ્રાથમિક શાળાથી જ આવી ટેવ વિકસાવી હોય તો વાચન કૌશલ્ય આગળ જતાં ખૂબ સારી રીતે વિકસી શકે.

* **સારાંશ લખો :**

ઉપર્યુક્ત ફકરાનું સારાંશ લેખન કરવાનું હોય તો નીચે મુજબ લખી શકાય.

'શીર્ષક : વૈશ્વિકીકરણની અસરો' :

માહિતી ટેક્નોલોજીને કારણે રોજગારીની તકો વધી અને આર્થિક વિકાસમાં ગતિ આવી. બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથે સંયુક્ત સાહસો થવાથી આંતરરાષ્ટ્રીય બજારની ચીજ વસ્તુઓ ઉપલબ્ધ થવા લાગી. આપણા દેશની કંપનીઓએ પણ વિદેશોમાં સ્થાન જમાવ્યું. તીવ્ર સ્પર્ધાને કારણે ગુણવત્તાયુક્ત સામાન પણ સસ્તી

કિંમતે મળવા લાગ્યો. ચીને સસ્તાં રમકડાં આપીને ભારતીય બજારને 70 ટકા સુધી સર કરી લીધું. આનાથી લઘુ ઉદ્યોગોને નુકસાન પણ પહોંચે છે.'

આ ઉદાહરણ પરથી સારાંશ લેખન કોને કહેવાય, તે સ્પષ્ટ થઈ જ ગયું હશે.

અર્થ : 'સારાંશ લેખન એટલે વિષયવસ્તુના હાર્દ કે સારરૂપ મુખ્ય મુદ્દાઓને ટૂંકમાં લખવા.'

❋ **સારાંશ લેખનના ફાયદા :**

સારાંશ લખવાથી એક બાબત સમજાઈ હશે કે સમગ્ર વિષયવસ્તુનું હાર્દ સ્પષ્ટ થઈ જાય છે. **સારાંશ લખવાના ફાયદા નીચે પ્રમાણે જણાવી શકાય.**

- ❋ વિષયવસ્તુનો સાર શું છે, અથવા વિષયવસ્તુ શું કહેવા માંગે છે, તે આપણા મનમાં સરળતાથી સમજાઈ જાય છે.
- ❋ સારાંશ જાતે લખવાથી યાદ પણ ઝડપથી રહી જાય છે.
- ❋ આપણી પોતાની સમજ સ્પષ્ટ બને છે.
- ❋ સમયનો બચાવ થાય છે.
- ❋ લખવાને કારણે લેખન કૌશલ્યનો વિકાસ થાય છે.
- ❋ પરીક્ષાની તૈયારી કરવામાં સહાય મળે છે.
- ❋ સમજ સ્પષ્ટ થવાથી આત્મવિશ્વાસ વધે છે.

આમ, સારાંશ લેખન પણ વાચનને અર્થપૂર્ણ બનાવવાની અગત્યની વ્યૂહરચના છે. હવે એક ત્રીજી વ્યૂહરચના વિશે શીખીએ.

❋ **વાંચન-લેખન જોડાણ બનાવવા :**

વાચન અને લેખનનું જોડાણ શા માટે ? અને આ બધું શા માટે કરવાનું એવો સવાલ થાય? એટલા માટે કે એક વિદ્યાર્થી તરીકે આપણે પાઠ્યપુસ્તક મનોરંજન કરવા માટે વાંચતા નથી. અભ્યાસ કરવા માટે, વિષયવસ્તુને સમજવા માટે તેમ જ પરીક્ષા સમયે આપણે તેને અસરકારક સ્વરૂપમાં લખી શકીએ એટલા માટે વાંચીએ છીએ. આપણને એમ થાય કે વાંચીશું એટલે આવડી જશે એવું નથી. વાંચીને પછી લખવાનું પણ છે, માટે બંને કૌશલ્યોનો સમન્વય સાધવો પડે.

અર્થ : 'વાચન અને લેખનનું જોડાણ બનાવવું એટલે વિદ્યાર્થી જે વાંચે તેના સંદર્ભમાં લેખનકાર્ય પણ કરે.'

દા.ત. બોધકથાનો સાર લખે, પ્રયોગની રીત લખે, અન્ય દાખલા ગણી બતાવે, પ્રશ્નોના જવાબ લખે વગેરે.

પાઠ્યપુસ્તકને અંતે આપેલાં સ્વાધ્યાય વિદ્યાર્થીના વાચન અને લેખનને જોડવા માટે છે. વાચન અને લેખનને જોડવા માટેનું સૌથી મોટું કોઈ કારણ હોય તો વિદ્યાર્થી અભ્યાસ શ્રવણ અને વાચનથી કરે છે, પણ તેનું મૂલ્યાંકન મહદંશે (મૌખિક પરીક્ષા સિવાય) લેખન અભિવ્યક્તિથી થાય છે. એટલે વાચન અને લેખન અભ્યાસ સાથે સંકળાયેલા તો છે જ. પણ અહીં શિક્ષક પાસે વાચન કરાવવાની સાથે તેના લેખન કૌશલ્યનો વિકાસ થાય અને વાચન અને લેખન બંનેનું મૂલ્યાંકન કરવાની તક મળે છે. વિદ્યાર્થી પોતાના મનથી કોઈ નિબંધ લખે, અને કોઈ ટૂંકીવાર્તા વાંચીને તેનું રસદર્શન લખી બતાવે બંનેના મૂલ્યાંકનમાં તફાવત કહેવાય. નિબંધમાં તેના લેખન કૌશલ્યના વિવિધ ઘટકોમાં તેની ફાવટ કેટલી છે, તે તો જોઈ જ શકાય, પણ જ્યારે ટૂંકી વાર્તાના રસદર્શનનું મૂલ્યાંકન કરીએ ત્યારે તેનાં વાચન અર્થગ્રહણનો પણ ખ્યાલ આવે છે. એટલે વાચન અને લેખનનું જોડાણ બંને કૌશલ્યોમાં વિદ્યાર્થીની સિદ્ધિનું માપન કરવામાં સહાય કરે છે. હવે કેટલાંક પાઠ્યપુસ્તકો એવી રીતે પણ લખાય છે જેમાં વિદ્યાર્થીએ વાંચીને પ્રતિક્રિયા પણ આપવાની હોય. દા.ત. ધોરણ 8ના વિજ્ઞાન અને ટેકનોલૉજી પાઠ્યપુસ્તકનું પ્રકરણ – 8 'સૌર

ઉપકરણો'માંથી એક ઉદાહરણ જોઈએ. બધાં જ વિષયોમાં વાચન અને લેખન સંકળાયેલાં છે. અભ્યાસક્રમમાં તો વાચન અને લેખનનો સમન્વય થયેલો જ છે, પણ આપણે વર્ગખંડમાં તેને પુનર્જીવિત કરવાનો છે.

શું જોઈશે ? બે રકાબી, પાણી

શું કરીશું ?

* સૌપ્રથમ બંને રકાબીમાં થોડું-થોડું પાણી ભરો.
* તેમાંની એક રકાબીને તેના પર સતત તડકો પડતો હોય તેવી જગ્યાએ રાખો.
* બીજી રકાબીને તેના પર સહેજ પણ તડકો ન પડે તેવી જગ્યાએ રાખો.
* આશરે 45 મિનિટ સુધી બંને રકાબીને ત્યાં જ રહેવા દો.
* બંને રકાબીના પાણીને વારાફરતી અડકો અને અવલોકન નોંધો.



* કયું પાણી વધારે ગરમ છે ?

_____

_____

_____

* ગરમ હોવાનું કારણ આપો ?

_____

_____

_____

વિદ્યાર્થી આ પ્રશ્નોના જવાબ લખે તો વાચન અને લેખન બંનેની ચકાસણી કરી શકાય. આ પરથી, વાચન અને લેખનના જોડાણ સંદર્ભે નીચેની બાબતો નોંધી શકાય.

* વાચન અને લેખન એક સિક્કાની એ બાજુ જેવા અને સાથોસાથ ગતિ કરનારા કૌશલ્યો છે. વાચનની પ્રતિક્રિયા રૂપે કરાતાં લેખનમાં બે અલગ કૌશલ્યોનું સંયોજન થવાથી વિદ્યાર્થીની સમીક્ષાત્મક વિચારશક્તિ અને અર્થગ્રહણ શક્તિનો વિકાસ થાય છે.
* વાચન સમયે તેની પ્રતિક્રિયારૂપે વિદ્યાર્થી લેખન કરે તે વિષયવસ્તુના સંદર્ભમાં તેના વિચારોને સ્પષ્ટ કરવાની તક મળે છે. આમ કરવાથી વિદ્યાર્થી વિષયવસ્તુની સામગ્રી અને તેના પોતાના વિચારો વચ્ચે જોડાણો સ્થાપી શકે છે.
* આવા પ્રકારના લેખનથી શિક્ષક વિદ્યાર્થીની જે-તે વિષયવસ્તુમાં તેની સમજ કેટલી છે તેનો અંદાજ લગાવી શકે છે.
* જેમનું વાચન વિશાળ હોય તેઓ લેખન કૌશલ્ય વિકસાવી શકે છે અને લેખનની સાથે વાચન પણ સારું બને છે.
* વાચનમાં વધતી પ્રવાહિતા લેખનની પ્રવાહિતાને વધુ અસર કરે છે.

* વાચનમાં વિષયવસ્તુના વિવિધ સ્વરૂપો જેવા કે વિવરણાત્મક, વર્ણનાત્મક, વ્યવહારલક્ષી અને પ્રતિક્ષિપ્ત સ્વરૂપોને સમજીને વાંચે તેવી જ રીતે તેવા સ્વરૂપોમાં લેખન પણ કરે. આ પ્રક્રિયા તેના ચિંતનને વધુ ગહન બનાવશે.

આ પરથી આપણે કહી શકીએ કે, વાચન અને લેખન બંને સાથે ચાલતી પ્રક્રિયા જ છે. પણ શિક્ષણની સાંપ્રત પરિસ્થિતિની કરુણતા એ છે કે શિક્ષકો જે સ્વાધ્યાય આપે છે તેને વાચન-લેખનના જોડાણ સ્વરૂપે ચકાસતા નથી અને બીજી સૌથી મોટી કરુણતા બજારમાં મળતી માર્ગદર્શિકાઓ (ગાઇડ). પહેલા ધોરણથી જ બજારમાં પાઠ્યપુસ્તકોની ગાઇડ મળતી થઈ જાય છે. માતા- પિતા પણ પુસ્તક વંચાવવાને બદલે ગાઇડમાંથી જવાબ લખવાનું કહી દે છે, એટલે બાળક એ વખતે તો વાંચતો પણ નથી અને લખતો પણ નથી, માત્ર અનુકરણ કરીને એક કામ પૂરું કર્યાનો સંતોષ મેળવે છે. શાળામાં પણ સ્વાધ્યાય જોવાનું કામ વર્ગ પ્રતિનિધિ એટલે કે મૉનિટર કરી નાખતા હોય છે. નવલકથાની સમીક્ષા પણ ગાઇડ વાંચીને કરી હોય, મૂળ નવલકથાનું પુસ્તક તો જોયું પણ ન હોય, એવી ઘટનાઓ હવે સામાન્ય બનતી જાય છે. આ સંજોગોમાં વિદ્યાર્થીમાં વાચન અને લેખનનું કૌશલ્ય કેવી રીતે કેળવાય? વાચન અને લેખનનું જોડાણ કરવાનું હાર્દ જેમાં સમાયેલું છે, તે તો ક્યાંય દેખાતું જ નથી.

* લેખનની પ્રક્રિયા :

જેમ વાચન એક પ્રક્રિયા છે, તેમ લેખન પણ એક પ્રક્રિયા છે. લખતાં પહેલાં, લેખન દરમ્યાન અને લેખન બાદ પણ જે લખ્યું છે તે વિશે ચિંતન ચાલતું હોય છે. નિબંધ, પત્ર, પરીક્ષાનું પ્રશ્નપત્ર, કે કોઇ નોકરી માટે કરાતી અરજી-આ બધા જ પ્રકારનું લેખન એક માનસિક પ્રક્રિયામાંથી પસાર થાય છે.

લેખનની પ્રક્રિયાનાં પાંચ સોપાનો છે.

સારણી - 3 લેખનપ્રક્રિયાનાં સોપાનો

ક્રમ	સોપાન	રીતિ
1.	લેખનનું પૂર્વ આયોજન	શું લખવાનું છે તેની માનસિક તૈયારી કરવી, મનમાં એક રૂપરેખા તૈયાર કરવી શેના વિશે લખવાનું છે, કેટલા શબ્દોમાં, ક્યા મુદ્દાઓ આવરી લેવાના છે, વગેરે
2.	પ્રથમ લેખનની રૂપરેખા	અહીં લેખનની શરૂઆત થાય છે અને જે પૂર્વતૈયારી કરી હતી તેનું લેખન થાય છે. પણ આગળ જણાવ્યું તે પ્રમાણે આ પ્રક્રિયા હોવાથી તેમાં ફેરફાર કરવાનું બનતું હોય છે.
3.	લેખનને સુધારવું	પ્રથમ વખત લખી નાંખ્યા પછી તેમાં જે સુધારા-વધારા કરવાના હોય તે કરો.
4.	લેખનની ચકાસણી	લેખનને હજી એક વખત ચકાસી જાઓ, અને હજી પણ કોઈ સુધારા હોય તો કરો.
5.	લેખનની રજૂઆત અથવા સુપરત કરવું	અંતિમ સોપાન તેને સુપરત કરવાનું હોય અથવા વર્ગખંડમાં રજૂ કરવાનું હોય તો તેને બોલીને રજૂ પણ કરી શકાય

જો વિદ્યાર્થીમાં આ પ્રમાણેની પ્રક્રિયામાંથી પસાર કરાવીને લેખનની ટેવ પડાય તો તેનું લેખન કૌશલ્ય જરૂરથી વિકસાવી શકાય. આપણે મોટેભાગે કથન દ્વારા શીખવીએ છીએ, વિદ્યાર્થી શ્રવણ દ્વારા અને વાચન દ્વારા ભણે છે પણ મૂલ્યાંકન તો લેખન કાર્ય દ્વારા થાય છે. ચારેય કૌશલ્યોના ઘટકો અલગ-અલગ છે. એ સંદર્ભમાં વિદ્યાર્થીના લેખન કાર્યનું વિશ્લેષણ વધુ અર્થપૂર્ણ બની જાય છે.

4.6 ઉપસંહાર :

ઉપર એક નમૂનારુપ રજૂઆત મૂકી છે, તેનો ઉપયોગ કરવાથી વાચનના વિકાસમાં ખૂબ મદદ મળે છે અને બાળકોની આ આવડતો પરની પકડ શાળામાં (અને પછી જીવનમાં પણ) તેમની સફળતાની ચાવી છે. તુલના અને તફાવતની, તર્કની અને સ્મરણની, અટકળ અને અનુમાનની, સમજ અને મૂલ્યાંકનની વગેરે અનેક ક્ષમતા ભાષા સાથે જોડાયેલી છે.

ટૂંકમાં, વાચન અને લેખનની અસરકારક વ્યૂહરચનાઓનો યોગ્ય સમન્વય કરીને અધ્યયન-અધ્યાપન થાય તો શિક્ષણના ઉદ્દેશોને વધારે સારી રીતે અને સાચી દિશામાં સિધ્ધ કરી શકાશે, તેવું લાગે છે.

☆ સ્વાધ્યાય ☆

પ્ર.1 નીચેના પ્રશ્નોના સવિસ્તર ઉત્તર આપો.

(1) લેખન એટલે શું ? લેખનની સંકલ્પના સમજાવી, લેખનના વિવિધ પ્રકારો સમજાવો.

(2) "વાચન અને લેખન એક જ સિક્કાની બે બાજુઓ છે." પ્રસ્તુત વિધાનના સંદર્ભમાં વાચન અને લેખનનું જોડાણ બનાવવા વાચન સમયે કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?

પ્ર.2 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) લેખન પ્રક્રિયાનાં સોપાનો જણાવો.

(2) સારાંશ લેખન એટલે શું ? સારાંશ લેખનના ફાયદા જણાવો.

(3) વાચન કરતી વખતે તેની લેખિત નોંધ બનાવવા કયા મુદ્દાઓ ધ્યાનમાં લેવા જોઈએ ?

પ્ર.3 નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.

(1) વાચનનું કાર્યપત્રક બનાવો.

(2) વાચન વખતે લેખિત નોંધ શા માટે જરૂરી છે ?

☆

સંદર્ભ સૂચિ

file:///D:/mackenzie.pdf

file:///D: Teachers % 20literacy % 20beliefs % 20and % 20their % 20students % 20conceptions % 20about.pdf

http://anthropology.as.nyu.edu/docs/IO/17923 Language Power IdentitySyllabus.pdf

http://education.stateuniversity.com/pages/1916/Discourse.html

https://en.wikipedia.org/wiki/Michael_Halliday

http://jivantshixan.blogspot.in/2011/11/teach-in-english-speak-in-english.html#

http://mujournal.mewaruniversity.in/JIR%202-1/16.pdf

http://schools.nyc.gov/NR/rdonlyres/E4AE4518-BA8A-42E1-89C6-844A95C7B148/0 Oral Language Unpacked Lesauxand Russ Harris Brief_73015.pdf

http://webgurjari.in/2014/02/09/bhasha-olakh/

http://webgurjari.in/2014/09/11/knowing-the-language_7-mental-side-of-the-language/

http://webgurjari.in/2014/12/19/knowing-the-language_9-proficiency/

http://webgurjari.in/2015/02/17/knowing-the-langauage_10-existance-of-langauge/

http://www.kcgjournal.org/humanity/issue10/himmat.php

http://webgurjari.in/2013/05/07/bhashavishayak-3/

http://www.sahityasetu.co.in/issue1/himmat.html

http://www.ncert.nic.in/rightside/links/pdf/framework/english/nf2005.pdf

http://www.ncert.nic.in/new_ncert/rightside/links/pdf/focus_group/english.pdf

http://www.ncert.nic.in/departments/nie/dtee/activities/pdf/syllabus_bed.pdf

http://ncte-india.org/Curriculum%20Framework/B.Ed%20Curriculum.pdf

http://webgurjari.in/2015/03/17/knowing-the-langauage_11-the-langauge-and-the-script/

http://webgurjari.in/2015/07/20/mother-tongue-and-mathematics/

http://www.ask.com/education/deficit-theory-education-3322533fc557e281

http://www.decodedscience.com/first-language-acquisition-development-theories-nature-vs-nurture/7247

http://www.esc4.net/users/0223/docs/middle school _ type softextstructuresininformationaltexts.pdf

http://www.languageandlearning.in/pdfs/contents/Coping-with-Diversity-in-Primary-Education-in-India.pdf

http://www.northbendlibrary.com/the-main-differences-between-narrative-and-expository-essay.php

http://www.pgce.soton.ac.uk/IT/Teaching/Questioning/

http://www.preservearticles.com/2011082611895/what-are-the-functions-of-language.html

http://www.teachersastransformers.org/discussion-answer/Teacher/47

http://www.ttms.org/PDFs/06% 20 Writing % 20Across % 20the%20Curriculum%20v001%20(Full).pdf

http://www.washington.edu/teaching/teaching-resources/engaging-students-in-learning/leading-dynamic-discussions/

https://aggslanguage.wordpress.com/chomsky/

https://en.wikipedia.org/wiki/Language_acquisition

https://en.wikipedia.org/wiki/Metalinguistic_awareness

https://en.wikipedia.org/wiki/Natural_language

https://en.wikipedia.org/wiki/Origin_of_language

www.coe.int/t/dg4/linguistic/Source/Vollmer_LAC_EN.doc

https://www.teachingenglish.org.uk/article/asking-questions

https://www.pearsonhighered.com/assets/hip/us/hip_us_pearsonhighered/samplechapter/0132946572.pdf

https://public.wsu.edu/~kimander/languageorigins.html

https://mumbaigujarati.wordpress.com/page/2/

https://en.wikipedia.org/wiki/Writing_process

https://en.wikipedia.org/wiki/Rules_of_language

http://www.pgce.soton.ac.uk/IT/Teaching/Questioning/

http://www.massey.ac.nz/~alock/virtual/sherman.htm

http://languagedevelopment.tripod.com/id15.html

https://crentsiljas1.wordpress.com/2013/11/20/real-life-example-of-reflexive-writingcomprehension/

https://en.wikipedia.org/wiki/Rules_of_language

પટેલ ત્રિકમ(પરામર્શક), ૨૦૧૦, 'ગુજરાતી ભાષાસૌંદર્ય',

http://www.sycd.gujarat.gov.in/downloads/guj_bhasha_saundary_cd.pdf

http://www.sycd.gujarat.gov.in/downloads/bhasha_gaurav.pdf

વ્યાસ યોગેન્દ્ર, ૨૦૧૦, ચતુર્થ આવૃત્તિ,

'બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ',

યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ – ૬

પટેલ ત્રિકમ (પરામર્શક), 2010, 'ગુજરાતી ભાષાસૌંદર્ય', ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

----------, 2010, 'ભાષા ગૌરવ', ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

----------, 2010, 'ભાષા વિવેક', ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

વ્યાસ યોગેન્દ્ર, 2010, ચતુર્થ આવૃત્તિ, 'બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ', યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ – 6

વ્યાસ, કે. બી. પટેલ રજની, કોઠારી ઝેડ. વી., 'બાળ મનોવિજ્ઞાન' સી. જમનાદાસ કંપની, અમદાવાદ - 1.

http://www.kcgjournal.org/humanity/issue10/himmat.php

http://webgurjari.in/2013/05/07/bhashavishayak-3/

http://webgurjari.in/2015/03/17/knowing-the-langauage_11-the-langauge-and-the-script/

http://www.sahityasetu.co.in/issue1/himmat.html

http://www.ncert.nic.in/rightside/links/pdf/framework/english/nf2005.pdf

http://www.ncert.nic.in/new_ncert/ncert/rightside/links/pdf/focus_group/english.pdf

http://www.ncert.nic.in/departments/nie/dtee/activities/pdf/syllabus_bed.pdf

http://ncte-india.org/Curriculum%20Framework B.Ed% 20 Curriculum.pdf